શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ

## ઉપાધ્યાય શ્રી ઉમાસ્વાતિજી વિરચિત

# તત્ત્વાર્થાધિગમ સૂત્ર

## અધ્યાય પહેલો

**सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः ૧-૧**
**સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રાણિ મોક્ષમાર્ગઃ ૧-૧**
**સમ્યગ્-દર્શન-જ્ઞાન-ચારિત્રાણિ મોક્ષમાર્ગઃ ૧-૧**

**સૂત્રાર્થ : સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર આ ત્રણ ગુણોની પ્રાપ્તિ એ મુક્તિનો માર્ગ છે. ૧-૧.**

**ભાવાર્થ** : સર્વ કર્મોના ક્ષયથી આત્માના શુદ્ધ અવિચલિત સ્વરૂપની પ્રાપ્તિ થવી તે **મુક્તિ** કહેવાય છે. આવી મુક્તિ પ્રાપ્ત કરવા માટેનો ધોરીમાર્ગ તે છે કે ઉપરોક્ત ત્રણ ગુણોની પ્રાપ્તિ થવી. આ ત્રણ ગુણો રત્નતુલ્ય હોવાથી તે ત્રણ ગુણને **"રત્નત્રયી"** કહેવાય છે.

(૧) વીતરાગ સર્વજ્ઞ એવા તીર્થંકર ભગવન્તોએ બતાવેલા તત્ત્વો ઉપર રુચિ-પ્રીતિ-વિશ્વાસ કરવો. તે જ સંપૂર્ણ સત્ય છે. એમ માનવું તે સમ્યગ્દર્શન કહેવાય છે.



(૨) તેઓએ બતાવેલા જીવ-અજીવ આદિ તત્ત્વોનું શ્રદ્ધાપૂર્વક યથાર્થ જે જ્ઞાન કરવું, તે સમ્યગ્જ્ઞાન કહેવાય છે.

(૩) તેઓના વચનોને અનુસારે હેય વસ્તુના ત્યાગપૂર્વક અને આત્માને હિતકારી અને ઉપાદેય વસ્તુના સ્વીકારપૂર્વક જીવન પવિત્ર બનાવવું તે અર્થાત્ ભોગોને અસાર સમજી વૈરાગ્યપૂર્વક તેનો ત્યાગ કરવો તે સમ્યક્ચારિત્ર કહેવાય છે. આ ત્રણ આત્માના ગુણો છે. તે ગુણો કર્મોથી ઢંકાયેલા છે. કર્મોનો ઉપશમ-ક્ષયોપશમ અને ક્ષય કરવા દ્વારા તે ગુણોની પ્રાપ્તિ કરવી એ જ સાચો મુક્તિનો માર્ગ છે. મોક્ષે જવાનો **રાજમાર્ગ** છે. માટે આવા ગુણો મેળવવા પ્રયત્ન કરવો. ૧-૧.

**तत्त्वार्थश्रद्धानं सम्यग्दर्शनम् ૧-૨**
**તત્ત્વાર્થશ્રદ્ધાનં સમ્યગ્દર્શનમ્ ૧-૨**
**તત્ત્વ-અર્થ-શ્રદ્ધાનં સમ્યગ્દર્શનમ્ ૧-૨**

**સૂત્રાર્થ- તત્ત્વભૂત અર્થો (પદાર્થો) ઉપરની જે શ્રદ્ધા તે સમ્યગ્દર્શન. ૧-૨.**

**ભાવાર્થ**- આ સંસારમાં જાણવાલાયક વાસ્તવિક જે પદાર્થો છે, તેને **"તત્ત્વ"** કહેવાય છે. આવા પ્રકારના તત્ત્વભૂત એવા જીવ-પુદ્ગલ આદિ જે જે પદાર્થો છે. અને તે પદાર્થોનું વાસ્તવિક જે સ્વરૂપ છે. તે જાણીને તેના ઉપર રુચિ કરવી. પ્રીતિ કરવી. અર્થાત્ વિશ્વાસ કરવો. અથવા જાણકારી ન હોય તો પણ જાણકારની નિશ્રાએ રુચિ-પ્રીતિ-વિશ્વાસ થવો તે

સમ્યગ્દર્શન કહેવાય છે. દર્શનમોહનીયકર્મના ક્ષયોપશમાદિ રૂપ આન્તરિકકારણથી અને સત્સંગ, સ્વાધ્યાય, પ્રભુભક્તિ, આદિ બાહ્યકારણોથી આ સમ્યગ્દર્શન ગુણ પ્રગટ થાય છે. ૧-૨.

**तन्निसर्गादधिगमाद् वा १-३**
**તન્નિસર્ગાદધિગમાદ્ વા ૧-૩**
**તદ્-નિસર્ગાદ્-અધિગમાદ્ વા ૧-૩**

**સૂત્રાર્થ - તે સમ્યગ્દર્શન ગુણ નિસર્ગથી અથવા અધિગમથી પ્રાપ્ત થાય છે. ૧-૩.**

**ભાવાર્થ** - આવા પ્રકારનું આ સમ્યગ્દર્શન અનાદિકાલથી આ સંસારમાં પરિભ્રમણ કરતા જીવને (૧) **નિસર્ગથી** પણ થાય છે. અને (૨) **અધિગમ**થી પણ થાય છે. સમ્યગ્દર્શનને **સમ્યક્ત્વ** અને **સમકિત** પણ કહેવાય છે. આ સમ્યગ્દર્શન એ મુક્તિપ્રાપ્તિનું **પરમબીજ** છે આ સમ્યક્ત્વ આવવાથી સંસાર વધુમાં વધુ દેશોન અર્ધ પુદ્ગલ પરાવર્તન માત્ર જ બાકી રહે છે. એટલે કે પરિમિત થઈ જાય છે અને મુક્તિપ્રાપ્તિ નિશ્ચિત થઈ જાય છે. આવા પ્રકારના સમ્યગ્દર્શનની પ્રાપ્તિનાં મુખ્યત્વે બે કારણો છે. (૧) **નિસર્ગ** અને (૨) **અધિગમ.**

**નિસર્ગ** - એટલે જેમાં ગુરુનો ઉપદેશ કે પ્રતિમાનાં દર્શનાદિ જેવાં બાહ્ય કારણો-નિમિત્ત ન હોય. પરંતુ આત્માની પોતાની અંદરની જાગૃતિ વિશેષ જ કારણ હોય તે નિસર્ગ.

**અધિગમ** - એટલે બાહ્ય નિમિત્ત. જેમાં ગુરુનો ઉપદેશ



અથવા પ્રતિમાદિનાં દર્શન આદિ બાહ્યનિમિત્તો કારણ છે. આવાં બાહ્યનિમિત્તોથી જે સમ્યગ્દર્શન થાય છે. તે અધિગમ.

સ્વયંબુદ્ધ કે પ્રત્યેકબુદ્ધ જેવા મહાત્મા પુરુષોને આ સમ્યગ્દર્શન નિસર્ગથી થાય છે. અને બુદ્ધબોધિત જીવોને આ સમ્યગ્દર્શન અધિગમથી થાય છે. ૧-૩.

**जीवाजीवाश्रवबन्धसंवरनिर्जरामोक्षास्तत्त्वम् १-४**
**જીવાજીવાશ્રવબન્ધ સંવર નિર્જરા મોક્ષાસ્તત્ત્વમ્ ૧-૪**
**જીવ-અજીવ-આશ્રવ-બંધ-સંવર-નિર્જરા-મોક્ષાઃ તત્ત્વમ્ ૧-૪**

**સૂત્રાર્થ - આ સંસારમાં જીવ-અજીવ-આશ્રવ-બંધ-સંવર-નિર્જરા અને મોક્ષ એમ કુલ સાત તત્ત્વો છે. ૧-૪.**

**ભાવાર્થ** - જાણવા યોગ્ય જે ભાવો તેને તત્ત્વ કહેવાય છે. તત્ત્વ એટલે જ્ઞેયસ્વરૂપે સારભૂત પદાર્થ. આ સંસારમાં પારમાર્થિક-પણે બે જ તત્ત્વ છે. (૧) **જીવ** અને (૨) **અજીવ.** ચૈતન્ય (ચેતના) ગુણ જેમાં છે તે જીવ. અને ચૈતન્ય ગુણ જેમાં નથી તે અજીવ. અર્થાત્ ચેતન અને જડ. આ બે પ્રકારના પદાર્થોથી જ આ જગત ભરેલું છે. બાકીનાં આશ્રવ વગેરે પાંચ તત્ત્વો એ જીવનું બાધક-સાધક તથા સાધ્ય સ્વરૂપ છે. આશ્રવ અને બંધ એ બાધકસ્વરૂપ છે. સંવર-નિર્જરા એ સાધકસ્વરૂપ છે. અને મોક્ષ એ સાધ્ય સ્વરૂપ છે. અન્ય શાસ્ત્રોમાં પુણ્ય અને પાપ સાથે કુલ નવ તત્ત્વો પણ આવે છે. પરંતુ તે પુણ્ય-પાપનો આશ્રવમાં સમાવેશ કરવાથી અહીં સાત તત્ત્વો કહેલ છે.

**આશ્રવ** = આત્મામાં જેનાથી કર્મો આવે તે. અર્થાત્ કર્મો આવવાનાં જે દ્વારો. તે આશ્રવ.

**બંધ** = આશ્રવ દ્વારા આવેલાં કર્મપુદ્ગલોનો આત્મા સાથે એકમેક ભાવે જે સંબંધ થવો તે બંધ.

**સંવર** = આત્મામાં પ્રતિસમયે નવાં નવાં આવતાં કર્મોનું જે રોકવું તે સંવર.

**નિર્જરા** = જુનાં બંધાયેલાં કર્મોનું આત્માથી વિખેરાવું તે નિર્જરા.

**મોક્ષ** = સર્વકર્મોનો ક્ષય થવો. કર્મોના બંધનમાંથી આત્માનો છુટકારો થવો તે મોક્ષ. ૧-૪.

**नाम–स्थापना–द्रव्य–भावतस्तन्न्यासः ૧-૫**

**નામ-સ્થાપના-દ્રવ્ય-ભાવતસ્તન્ન્યાસઃ ૧-૫**

**નામ-સ્થાપના-દ્રવ્ય-ભાવતઃ તન્ન્યાસઃ ૧-૫**

**સૂત્રાર્થ - નામ-સ્થાપના-દ્રવ્ય અને ભાવ એમ આ ચાર પ્રકારના નિક્ષેપાઓથી જીવ-અજીવ આદિ તે સાતે તત્ત્વોનો ન્યાસ થાય છે. ૧-૫.**

**ભાવાર્થ** - જીવ-અજીવ આદિ સાતે તત્ત્વોને વધારે સૂક્ષ્મ રીતે જાણવા માટે, તેનું બારીકાઈથી જ્ઞાન મેળવવા માટે નામ-સ્થાપના-દ્રવ્ય અને ભાવ એમ ચાર નિક્ષેપા જૈનશાસ્ત્રોમાં પ્રસિદ્ધ છે. તેનાથી સાત તત્ત્વોનું જ્ઞાન પ્રાપ્ત કરવા જેવું છે.

**નામ** - વસ્તુને ઓળખવા માટે તેનું પ્રવર્તતું જે નામ તે.

**સ્થાપના**- વસ્તુને બરાબર જાણવા તેનો આકાર, તેનું ચિત્ર તે.



**દ્રવ્ય** - વસ્તુની વાસ્તવિક સ્થિતિથી પૂર્વાવસ્થા અને પશ્ચાદવસ્થા, આગળ-પાછળની અવસ્થા.

**ભાવ** - વસ્તુની વાસ્તવિક અવસ્થા.

આ ચાર નિક્ષેપા (વસ્તુને જાણવાના ઉપાયરૂપ) પ્રકારો છે. કોઈ પણ વસ્તુમાં ઉપરોક્ત ચાર નિક્ષેપા (પ્રકારો) હોય જ છે. આ ચાર નિક્ષેપાથી વસ્તુનું સ્વરૂપ વધારે વધારે સ્પષ્ટ જણાય છે. તીર્થંકર ભગવાન ઉપર આ ચાર નિક્ષેપાનો આપણે વિચાર કરીએ- (૧) કોઈ પણ પરમાત્માનું ઋષભદેવ. અજિતનાથ ઈત્યાદિ ઓળખવા રૂપે પાડેલું નામ તે **નામનિક્ષેપ.** (૨) તે ઋષભદેવાદિની પ્રતિમા, ચિત્ર કે આકૃતિ વગેરે તે **સ્થાપનાનિક્ષેપ.** (૩) ઋષભદેવાદિ તીર્થંકર ભગવંતોની કેવલી અવસ્થાની પૂર્વેની છદ્મસ્થાવસ્થા અથવા પાછળની સિદ્ધાવસ્થા તે **દ્રવ્યનિક્ષેપ** અને (૪) તેઓની કેવલીઅવસ્થા તે **ભાવનિક્ષેપ.** આ પ્રમાણે જીવ - અજીવ આદિ સાત તત્ત્વો પણ નામ-સ્થાપના આદિ ચારે નિક્ષેપે વિચારવાં. નિક્ષેપા એટલે વસ્તુને જાણવાના ઉપાય-પ્રકાર. ૧-૫.

**प्रमाणनयैरधिगमः ૧-૬**

**પ્રમાણનયૈરધિગમઃ ૧-૬**

**પ્રમાણ- નયૈઃ- અધિગમઃ ૧-૬**

**સૂત્રાર્થ - જીવ-અજીવ આદિ સાતે તત્ત્વોનો પ્રમાણ અને નયો વડે અભ્યાસ કરી શકાય છે. ૧-૬.**

**ભાવાર્થ** - જગતમાં રહેલા સર્વે પદાર્થોનું સ્થૂલ (ઉપર-છલ્લું) અને સૂક્ષ્મ(ઊંડું) જ્ઞાન પ્રમાણ અને નયો દ્વારા થાય છે. પ્રમાણ અને નય એ પણ એક પ્રકારનું જ્ઞાન જ છે. પ્રમાણ અને નયાત્મકજ્ઞાન એ વસ્તુતત્ત્વના જ્ઞાનના ઉપાય રૂપ છે. વસ્તુને જાણવાની- સમજવાની અને ચિંતન-મનન કરવાની એક પ્રકારની આ દૃષ્ટિ છે. **દૃષ્ટિને જ નય અને પ્રમાણ કહેવાય છે.**

(૧) વસ્તુતત્ત્વને સર્વ ધર્મથી જાણવાની જે દૃષ્ટિ તે દૃષ્ટિને **પ્રમાણ** કહેવાય છે અને વસ્તુતત્ત્વને કોઈ પણ એક ધર્મથી (ઉપકારક ધર્મથી) જાણવાની જે દૃષ્ટિ અને તેમાં બીજા ધર્મો હોવા છતાં પણ તે ધર્મોની ત્યાં ઉપકારકતા ન હોવાથી તેને ગૌણ કરવાવાળી જે દૃષ્ટિ તે **નય** કહેવાય છે. દા. ત. આ આત્મા નિત્યાનિત્ય છે એમ જાણવું તે પ્રમાણ, અને દ્રવ્યદૃષ્ટિએ નિત્ય છે. તથા પર્યાયદૃષ્ટિએ અનિત્ય છે. એમ ક્રમશઃ જાણવું તે નય, આ રીતે નયો તે પ્રમાણના અંશો-અવયવો રૂપ છે.

**પ્રમાણના બે ભેદ છે.** પ્રત્યક્ષ અને પરોક્ષ. ઈન્દ્રિયાદિ બાહ્ય આલંબન વિના આત્માને જે સાક્ષાત્ જ્ઞાન થાય તે **પ્રત્યક્ષ.** અને ઈન્દ્રિયાદિ બાહ્યઆલંબનથી જે જ્ઞાન થાય તે **પરોક્ષ.** પ્રત્યક્ષ પ્રમાણમાં અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન અને કેવલજ્ઞાન એમ ત્રણ જ્ઞાનો આવે છે. અને પરોક્ષ પ્રમાણમાં મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન એમ બે જ્ઞાનો આવે છે.

**નયોના પણ બે ભેદો છે.** દ્રવ્યાર્થિકનય અને પર્યાયાર્થિકનય. દ્રવ્ય તરફની દૃષ્ટિ પ્રધાન હોય તે **દ્રવ્યાર્થિકનય.** અને પર્યાય તરફની દૃષ્ટિ પ્રધાન હોય તે **પર્યાયાર્થિકનય.** ૧-૬.



**निर्देशस्वामित्वसाधनाधिकरणस्थितिविधानतः ॥ १-७**

**નિર્દેશસ્વામિત્વસાધનાધિકરણસ્થિતિવિધાનતઃ ૧-૭**

**નિર્દેશ-સ્વામિત્વ-સાધન-અધિકરણ-સ્થિતિ-વિધાનતઃ ૧-૭**

**સૂત્રાર્થ - નિર્દેશ-સ્વામિત્વ-સાધન-અધિકરણ-સ્થિતિ અને વિધાન એમ ૬ દ્વારોથી સમ્યગ્દર્શન જાણવા જેવું છે. ૧-૭.**

**ભાવાર્થ** - સમ્યગ્દર્શનાદિ ત્રણ ગુણો એ મુક્તિનો માર્ગ છે. એમ પ્રથમ સૂત્રમાં કહ્યું છે. ત્યાં સમ્યગ્દર્શન નામના પ્રથમ ગુણને વધારે સ્પષ્ટ સમજાવવા માટે આ સૂત્રમાં છ દ્વારો (વસ્તુ સ્થિતિ સમજવા માટેના છ પ્રકારો) જણાવ્યાં છે.

(૧) **નિર્દેશ એટલે વસ્તુનું સ્વરૂપ,** જે વસ્તુ જેવી હોય તે વસ્તુને તેવી જાણવી. અહીં સમ્યગ્દર્શનનું સ્વરૂપ રુચિ-પ્રીતિ-વિશ્વાસ છે. વીતરાગ પરમાત્માનાં વચનો નિર્દોષ અને પરમહિતકારક હોવાથી તેના ઉપર પ્રીતિ કરવી. વિશ્વાસ કરવો તે જ સાચાં છે એવી રુચિ કરવી તે.

(૨) **સ્વામિત્વ એટલે માલિકી.** આ સમ્યગ્દર્શનનો માલિક જીવ જ હોય છે. જીવને જ આ સમ્યગ્દર્શન થાય છે અજીવને થતું નથી માટે જીવ જ તેનો સ્વામી છે.

(૩) **સાધન- એટલે નિમિત્ત.** તે બે પ્રકારે છે બાહ્ય અને અભ્યન્તર. ગુરુનો ઉપદેશ, સત્સંગ, અને પ્રતિમાનાં દર્શનાદિ તે બાહ્યનિમિત્ત. અને દર્શનમોહનીયકર્મનો ક્ષય, ઉપશમ અને ક્ષયોપશમ તે અભ્યન્તર નિમિત્ત.

(૪) **અધિકરણ- એટલે આધાર,** પ્રાપ્ત થયેલું આ સમ્યગ્દર્શન ક્યાં વર્તે ? સમ્યગ્દર્શનનો આધાર કોણ? સમ્યગ્દર્શનનો આધાર સમ્યગ્દ્દષ્ટિ આત્મા જ હોય છે. ગુણનો આધાર ગુણી જ હોય છે. પ્રગટ થયેલું સમ્યગ્દર્શન જીવમાં જ વર્તે છે.

(૫) **સ્થિતિ - એટલે કાલમાન.** પ્રાપ્ત થયેલું સમ્યક્ત્વ કેટલો કાળ રહે ? જઘન્યથી અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી ક્ષાયોપશમિકની સાધિક છાસઠ સાગરોપમ પ્રમાણ સ્થિતિ જાણવી. ક્ષાયિકની સ્થિતિ સાદિ અનંત જાણવી. અને ઔપશમિકની સ્થિતિ અંતર્મુહૂર્ત જાણવી.

(૬) **વિધાન એટલે ભેદ,** સમ્યક્ત્વના ૩ ભેદ છે. (૧) ઔપશમિક, (૨) ક્ષાયોપશમિક અને (૩) ક્ષાયિક. આ પ્રમાણે સમ્યક્ત્વ ઉપર છ દ્વારો સંક્ષેપથી સમજાવ્યાં. ૧-૭.

**सत्संख्याक्षेत्रस्पर्शनकालान्तरभावाल्पबहुत्वैश्च ૧-૮**

**સત્સંખ્યાક્ષેત્ર સ્પર્શનકાલાન્તર ભાવાલ્પબહુત્વૈશ્ચ ૧-૮**

**સત્-સંખ્યા-ક્ષેત્ર-સ્પર્શન-કાલ-અન્તર-ભાવ-અલ્પબહુત્વૈ:ચ**

**સૂત્રાર્થ-સમ્યક્ત્વ ઉપર સત્-સંખ્યા આદિ બીજાં પણ આઠ દ્વારો જાણવા જેવાં છે. ૧-૮.**

**ભાવાર્થ** - સમ્યક્ત્વ ગુણને સારી રીતે સમજવા માટે સત્-સંખ્યા વગેરે નીચે મુજબ બીજાં આઠ દ્વારો પણ જાણવા જેવાં છે. આ આઠ દ્વારોથી સમ્યક્ત્વ સારી રીતે સમજાય છે.

(૧) **સત્** - એટલે હોવું. અર્થાત્ વિદ્યમાન, સમ્યક્ત્વગુણ



સંસારમાં છે કે નહીં ? અને જો છે તો મનુષ્યગતિ આદિ ચારે ગતિઓમાં ક્યાં ક્યાં છે? ઈત્યાદિ વિચારવું. સમ્યક્ત્વ એ આત્માનો ગુણ હોવાથી જગતમાં છે જ. અને તે ચારે ગતિમાં થઈ શકે છે. ફક્ત ક્ષાયિક સમ્યક્ત્વ (પ્રારંભની દૃષ્ટિએ) મનુષ્યગતિમાં જ પ્રાપ્ત કરી શકાય છે. આ રીતે જાતિ આદિ બીજી માર્ગણાઓમાં પણ વિચારવું.

(૨) **સંખ્યા** - આ સંસારમાં સમ્યગ્દર્શની જીવોની સંખ્યા કેટલી ? તે વિચારવું. ઉપશમ સમ્યક્ત્વી જીવો સંખ્યાતા અને ક્ષયોપશમ સમ્યક્ત્વી જીવો અસંખ્યાતા, અને ક્ષાયિક સમ્યક્ત્વી જીવો (સિદ્ધ ભગવંતોને સાથે ગણતાં) અનંતા હોય છે.

(૩) **ક્ષેત્ર** - સમ્યક્ત્વી જીવોને રહેવાનું ક્ષેત્ર કેટલું ? ચૌદ રાજલોક સ્વરૂપ લોકાકાશનો અસંખ્યાતમો ભાગ ક્ષેત્ર હોય છે. સમ્યક્ત્વી જીવો વાળું સર્વક્ષેત્ર ગણીએ તો પણ (સમુદ્ઘાત વિના) સંપૂર્ણ લોકનો અસં૦ભાગ જ થાય છે.

(૪) **સ્પર્શન** - સ્પર્શના એ ક્ષેત્ર કરતાં કંઈક અધિક હોય છે. જ્યાં વસ્તુ અવગાહીને રહે તે ક્ષેત્ર, અને તે તથા તેની આજુબાજુના ક્ષેત્રનો સ્પર્શ તે સ્પર્શના.

(૫) **કાલ**-સમય, સમ્યક્ત્વ પ્રાપ્ત કર્યા પછી જીવ તેમાં કેટલો કાલ વર્તે? જઘન્યથી અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી સાધિક છાસઠ સાગરોપમ અને ક્ષાયિકને આશ્રયી સાદિઅનંતકાલ માપજાણવું.

(૬) **અન્તર** - વિરહ, આવેલું સમ્યક્ત્વ ચાલ્યું જાય તો તે

ફરીથી ક્યારે પ્રાપ્ત થાય? એટલે કે સમ્યક્ત્વનો વિરહ કેટલો? જઘન્યથી અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી દેશોનઅર્ધ પુદ્ગલ પરાવર્તન. આટલા કાલ પછી જીવ અવશ્ય ફરીથી સમ્યક્ત્વ પામે જ છે.

(૭) **ભાવ** - ઉપશમાદિ પાંચ ભાવોમાંથી કયા ભાવે જીવને સમ્યક્ત્વ પ્રગટ થાય? ઉપશમ - ક્ષયોપશમ અને ક્ષાયિક એમ ત્રણ ભાવે જ સમ્યક્ત્વ થાય છે. ઔદાયિક અને પારિણામિક ભાવે સમ્યક્ત્વ થતું નથી

(૮) **અલ્પબહુત્વ** - ઉપરના ત્રણ સમ્યક્ત્વોમાંથી જીવો ક્યાં થોડા હોય અને ક્યાં વધારે હોય? ઉપશમમાં સૌથી થોડા હોય, તેનાથી ક્ષયોપશમમાં અધિક હોય, અને તેનાથી ક્ષાયિકમાં અધિક હોય છે. આ પ્રમાણે સમ્યક્ત્વ ઉપર આઠ દ્વારો સમજાવ્યાં. ૧-૮.

**સમ્યગ્દર્શન** સમજાવીને હવે **સમ્યગ્જ્ઞાન** સમજાવે છે-

**मतिश्रुतावधिमनःपर्यायकेवलानि ज्ञानम् १-९**
**મતિશ્રુતાવધિમનઃપર્યાયકેવલાનિ જ્ઞાનમ્ ૧-૯**
**મતિ-શ્રુત-અવધિ-મનઃપર્યાય-કેવલાનિ જ્ઞાનમ્ ૧-૯**

**સૂત્રાર્થ-મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન અને કેવલજ્ઞાન એમ પાંચ પ્રકારનું જ્ઞાન છે. ૧-૯.**

**ભાવાર્થ** - વસ્તુતત્ત્વનો જે વિશેષ બોધ-સમજ તે જ્ઞાન કહેવાય છે. તે જ્ઞાનના પાંચ ભેદો છે.



(૧) ઈન્દ્રિયો અને મન દ્વારા જે વસ્તુતત્ત્વનો બોધ થાય તે **મતિજ્ઞાન.**

(૨) ગુરુજી પાસે ભણવાથી અથવા શાસ્ત્રો સાંભળવાથી જે જ્ઞાન થાય તે **શ્રુતજ્ઞાન.**

(૩) ઈન્દ્રિયોની સહાય વિના આત્મસાક્ષીએ રૂપી દ્રવ્યોનું જે જ્ઞાન થાય તે **અવધિજ્ઞાન.**

(૪) અઢીદ્વીપમાં રહેલા સંજ્ઞી પંચેન્દ્રિય જીવોના મનોગત ભાવો જાણવાની આત્માની જે શક્તિ તે **મનઃપર્યવજ્ઞાન**. અને

(૫) લોકાલોકના સર્વદ્રવ્યોના સર્વપર્યાયોનું જે જ્ઞાન તે **કેવલજ્ઞાન.**

હવે તે પાંચે જ્ઞાનો કેટલા અને કયા પ્રમાણસ્વરૂપ છે? તે સમજાવે છે. ૧-૯.

| | | | |
|---|---|---|---|
| **तत्प्रमाणे** | **તત્પ્રમાણે** | **તત્ પ્રમાણે** | **૧-૧૦** |
| **आद्ये परोक्षम्** | **આદ્યે પરોક્ષમ્** | **આદ્યે પરોક્ષમ્** | **૧-૧૧** |
| **प्रत्यक्षमन्यत्** | **પ્રત્યક્ષમન્યત્** | **પ્રત્યક્ષમ્ અન્યત્** | **૧-૧૨** |

**સૂત્રાર્થ-તે પાંચે જ્ઞાનો બે પ્રમાણસ્વરૂપ છે. પ્રથમનાં બે જ્ઞાનો પરોક્ષ છે. અને બાકીનાં ત્રણ જ્ઞાનો પ્રત્યક્ષ છે. ૧-૧૦, ૧૧, ૧૨.**

**ભાવાર્થ** - જૈનદર્શનકારો **"જ્ઞાન"**ને જ **પ્રમાણ** જણાવે છે. કારણ કે જ્ઞાન જ આ જીવને ઈષ્ટાનિષ્ટમાં પ્રવર્તક-નિવર્તક છે. આ આમ્રફળ છે એવું જ્ઞાન થાય તો જીવ પ્રવૃત્તિ કરે છે. અને આ સર્પ છે એવું જ્ઞાન થાય તો જીવ નિવૃત્તિ કરે છે.

માટે જ્ઞાન જ હિતાહિતમાં પ્રવર્તક-નિવર્તક હોવાથી **પ્રમાણ** કહેવાય છે. *प्रमीयते वस्तुतत्त्वमनेनेति प्रमाणम् ।*

તે પાંચે જ્ઞાનો બે પ્રમાણમાં સમાઈ જાય છે. પ્રથમનાં બે જ્ઞાનો (મતિ અને શ્રુત) ઈન્દ્રિય સાપેક્ષ હોવાથી પરોક્ષ છે. અને છેલ્લાં ત્રણ જ્ઞાનો (અવધિ-મનઃપર્યવ અને કેવલ) ઈન્દ્રિય નિરપેક્ષ હોવાથી પ્રત્યક્ષ છે. ઈતરદર્શનકારો (નૈયાયિક-વૈશેષિકો) ઈન્દ્રિયસન્નિકર્ષને પણ પ્રમાણ માને છે. પરંતુ અજ્ઞાત વસ્તુને ચાખવામાં, સુંઘવામાં અને જોવામાં ઈન્દ્રિયસન્નિકર્ષ હોવા છતાં પણ જ્ઞાન થાય જ એવો નિયમ નથી. તેથી જ્યારે જ્ઞાન ન થાય ત્યારે ઈષ્ટાનિષ્ટમાં પ્રવૃત્તિ-નિવૃત્તિ થતી નથી. માટે ઈન્દ્રિયસન્નિકર્ષો તે **અસાધારણ કારણ ન હોવાથી** પ્રમાણ નથી. પરંતુ જ્ઞાન જ પ્રમાણ કહેવાય છે. હવે પાંચ જ્ઞાનમાંથી પ્રથમ મતિજ્ઞાન સમજાવે છે. ૧-૧૦-૧૧-૧૨.

**मतिस्मृतिसंज्ञाचिन्ताभिनिबोध इत्यनर्थान्तरम् १-१३**
**મતિસ્મૃતિસંજ્ઞાચિન્તાભિનિબોધ ઈત્યનર્થાન્તરમ્ ૧-૧૩**
**મતિ-સ્મૃતિ-સંજ્ઞા-ચિન્તા-અભિનિબોધ ઈતિ અનર્થાન્તરમ્**

**સૂત્રાર્થ- મતિ, સ્મૃતિ, સંજ્ઞા, ચિન્તા, અભિનિબોધ આ બધા શબ્દો એક જ અર્થવાળા છે. ૧-૧૩.**

**ભાવાર્થ**- હવે મતિજ્ઞાનને સમજાવવા તેના પર્યાયવાચી શબ્દો જણાવે છે. મતિ-સ્મૃતિ-સંજ્ઞા-ચિંતા અને અભિનિબોધ આ બધા શબ્દો એકજ અર્થવાળા છે. મનન કરવું તે **મતિ,** યાદ



કરવું તે **સ્મૃતિ,** વર્તમાનની વિચારણા કરવી તે **સંજ્ઞા,** ભાવિની વિચારણા કરવી તે **ચિન્તા,** ઈન્દ્રિયો દ્વારા જે બોધ થાય તે **અભિનિબોધ,** આ સર્વે શબ્દો મતિજ્ઞાનના જ વાચક છે. સામાન્યથી આ બધા જ શબ્દો ઈન્દ્રિયજન્ય બોધના વાચક છે માટે એકાર્થક છે. પરંતુ સૂક્ષ્મવિચારણા કરીએ તો સ્મૃતિ ભૂતકાળના વિષયનો બોધ કરાવે છે. ચિંતા ભાવિના વિષયનો બોધ કરાવે છે. સંજ્ઞા વર્તમાનકાળના વિષયનો બોધ કરાવે છે. મતિ એ મનન-ચિંતન સ્વરૂપ છે. એમ સૂક્ષ્મ રીતે કંઈક કંઈક ભિન્ન ભિન્ન અર્થના પણ વાચક છે. છતાં સામાન્યથી મતિજ્ઞાનના જ પર્યાયવાચક છે. ૧-૧૩.

**तदिन्द्रियानिन्द्रियनिमित्तम् १-१४**
**તદિન્દ્રિયાનિન્દ્રિયનિમિત્તમ્ ૧-૧૪**
**તદ્ ઈન્દ્રિય-અનિન્દ્રિય-નિમિત્તમ્ ૧-૧૪**

**સૂત્રાર્થ-તે મતિજ્ઞાન ઈન્દ્રિય અને અનિન્દ્રિયના નિમિત્તવાળું છે. ૧-૧૪.**

**ભાવાર્થ**- તે મતિજ્ઞાન શરીરમાં રહેલી પાંચ ઈન્દ્રિયો અને અનિન્દ્રિય એટલે મન એમ છ ના નિમિત્તથી થાય છે. શરીરના જે જે અવયવોથી જીવને જ્ઞાન થાય છે. તે તે અવયવોને **ઈન્દ્રિય** કહેવાય છે. શરીરમાં પાંચ જ અવયવો જ્ઞાન પ્રાપ્તિમાં નિમિત્તભૂત છે. (૧) સ્પર્શનેન્દ્રિય, (૨) રસનેન્દ્રિય, (૩) ઘ્રાણેન્દ્રિય, (૪) ચક્ષુરિન્દ્રિય, (૫) શ્રોત્રેન્દ્રિય. આ પાંચે ઈન્દ્રિયો શરીરમાં બહારના

ભાગમાં છે માટે તેને બાહ્યેન્દ્રિય કહેવાય છે. અને મન શરીરની અંદર છે. એટલે અભ્યન્તરેન્દ્રિય કહેવાય છે અથવા મન એ સ્પર્શનેન્દ્રિયાદિની જેવી **બાહ્યઇન્દ્રિયરૂપ નથી. માટે** અનિન્દ્રિય કહેવાય છે. આ છ ઈન્દ્રિયોથી જુદા-જુદા એક-એક વિષયનું જ માત્ર જ્ઞાન થાય છે.

(૧) સ્પર્શનેન્દ્રિય દ્વારા સ્પર્શનું જ્ઞાન થાય છે. તે **સ્પાર્શન** પ્રત્યક્ષ.
(૨) રસનેન્દ્રિય દ્વારા રસનું જ્ઞાન થાય છે તે **રાસન** પ્રત્યક્ષ.
(૩) ઘ્રાણેન્દ્રિય દ્વારા ગંધનું જ્ઞાન થાય છે તે **ઘ્રાણજ** પ્રત્યક્ષ.
(૪) ચક્ષુરિન્દ્રિય દ્વારા રૂપનું જ્ઞાન થાય છે તે **ચાક્ષુષ** પ્રત્યક્ષ.
(૫) શ્રોત્રેન્દ્રિય દ્વારા શબ્દનું જ્ઞાન થાય છે. તે **શ્રોત્રજ** પ્રત્યક્ષ.
(૬) મન દ્વારા ઉપરોક્ત પાંચે વિષયનું જ્ઞાન થાય છે. તે **માનસ** પ્રત્યક્ષ. ૧-૧૪.

**अवग्रहेहापायधारणाः ૧-૧૫**
**અવગ્રહેહાપાયધારણાઃ ૧-૧૫**
**અવગ્રહ-ઈહા-અપાય-ધારણાઃ ૧-૧૫**

**સૂત્રાર્થ - ઉપરોક્ત ઈન્દ્રિયોથી અને મનથી થતું તે મતિજ્ઞાન ક્રમશઃ થનારા અવગ્રહ-ઈહા-અપાય અને ધારણાના ભેદથી ચાર ચાર પ્રકારે છે. ૧-૧૫.**

**ભાવાર્થ** - બાહ્ય પાંચ અને અભ્યન્તર એક એમ કુલ છ ઈન્દ્રિયોથી થનારૂં આ મતિજ્ઞાન અવગ્રહ-ઇહા-અપાય અને ધારણારૂપે ચાર ચાર ભેદોવાળું છે. આ ચારે ભેદો **ક્રમશઃ બોધની વૃદ્ધિવાળા** અંશો છે.



**અવગ્રહ** - એટલે ''આ કંઈક છે'' એવું વસ્તુના અભિધાનાદિ વિશેષ નિર્દેશ વિનાનું સામાન્ય જ્ઞાન.

**ઈહા** - એટલે ''શું આ સર્પ હશે કે દોરડું ?'' અથવા ''સ્થાણુ હશે કે પુરુષ ?'' એવું **વિકલ્પોવાળું** જે જ્ઞાન.

**અપાય** - એટલે ''આ સર્પ જ છે'' ઈત્યાદિ નિર્ણયાત્મક જે જ્ઞાન.

**ધારણા** - એટલે નિર્ણયાત્મક થયેલા જ્ઞાનને દીર્ઘકાળ સુધી ધારી રાખવું તે. ધારણાના ત્રણ પેટા ભેદો છે.

આ પ્રમાણે છ ઈન્દ્રિયોથી ચાર ચાર ભેદોવાળું મતિજ્ઞાન થાય છે માટે ૬×૪=૨૪ ભેદો મતિજ્ઞાનના થાય છે. ૧-૧૫.

**बहुबहुविधक्षिप्रानिश्रितासंदिग्धध्रुवाणां सेतराणाम्१-१६**
**બહુબહુવિધક્ષિપ્રાનિશ્રિતાસંદિગ્ધધ્રુવાણાં સેતરાણામ્૧-૧૬**
**બહુ-બહુવિધ-ક્ષિપ્ર-અનિશ્રિત-અસંદિગ્ધ-ધ્રુવાણાં સેતરાણામ્**

**સૂત્રાર્થ - બહુ-બહુવિધ-ક્ષિપ્ર-અનિશ્રિત-અસંદિગ્ધ અને ધ્રુવ એ છ ભેદો તથા તે છ ભેદોના પ્રતિપક્ષી(વિરોધી) એવા બીજા છ ભેદ એમ કુલ બાર ભેદોના ઉપરોક્ત અવગ્રહ-ઈહા-અપાય અને ધારણા થાય છે. ૧-૧૬.**

**ભાવાર્થ**-પંદરમા સૂત્રમાં કહેલા મતિજ્ઞાનના છ ઈન્દ્રિય આશ્રયી અવગ્રહ-ઈહા-અપાય અને ધારણાના (૬×૪=)૨૪ ભેદોમાં એકેક ભેદ બહુ-બહુવિધ-ક્ષિપ્ર આદિ બાર બાર ભેદવાળો થાય છે. મતિજ્ઞાન ક્ષયોપશમ ભાવનું છે. અને ક્ષયોપશમભાવ ચિત્ર-વિચિત્ર અનેક પ્રકારનો હોય છે.

(૧) **બહુગ્રાહી** - ઈન્દ્રિય-ગોચર વિષયમાં જ્યાં દ્રવ્યનો ભેદ જણાય તે બહુગ્રાહી. જેમ કે વાજાં વાગતાં સાંભળીને તેના શબ્દને અનુસારે શરણાઈ, ઢોલ, નગારાં-પડઘમ અને ઝાલરને ભિન્ન-ભિન્ન વાજિંત્ર રૂપે જાણી શકે તે.

(૨) **અબહુગ્રાહી**-ઉપરોક્ત દ્રવ્યભેદ ન જાણે. પરંતુ માત્ર વાજાં વાગે છે એટલું જ જાણે, વધારે ન જાણે તે અબહુગ્રાહી.

(૩) **બહુવિધગ્રાહી** - દ્રવ્યના પર્યાયનો પણ ભેદ જાણે તે બહુવિધગ્રાહી. જેમ કે- આ શરણાઈ તાલમાં વાગે છે. આ બીન તાલમાં વાગે છે. આ ઢોલ સારૂં વાગે છે. આ ઢોલ ખોખરૂં વાગે છે. ઈત્યાદિ

(૪) **અબહુવિધગ્રાહી**-દ્રવ્યના એક-બે પર્યાયને જાણે પરંતુ વધારે પર્યાયને ન જાણે તે.

(૫) **ક્ષિપગ્રાહી** - ઈન્દ્રિય અને વિષયનો યોગ થતાં વિષયને તુરત જ જાણી શકે. વિલંબ ન લગાડે તે ક્ષિપ્રગ્રાહી.

(૬) **અક્ષિપ્રગ્રાહી** - ઈન્દ્રિય અને વિષયનો યોગ થયે છતે જે વિષયને ધીમેધીમે જાણે. પરંતુ તુરત ન જાણી શકે તે.

(૭) **અનિશ્રિતગ્રાહી** - બાહ્ય કોઈપણ પ્રકારના લિંગ વિના અનુભવબળે જાણે તે.

(૮) **નિશ્રિતગ્રાહી** - બાહ્ય કોઈપણ પ્રકારના લિંગ(ચિહ્ન)ના આધારે જાણે તે. જેમ કે ધજા દેખીને આ મંદિર છે એમ જાણવું તે.

(૯) **અસંદિગ્ધગ્રાહી** - જે કંઈ જાણે તેમાં સંદેહ ન હોય. નિર્ણયાત્મકભાવે જાણે તે.





(૧૦) **સંદિગ્ધગ્રાહી** - જે કંઈ જાણે તેમાં સંદેહ હોય. મને લાગે છે કે પેલું જે કાળું કાળું દેખાય છે તે સર્પ જ હોવો જોઈએ. પછી તો ભગવાન જાણે.

(૧૧) **ધ્રુવગ્રાહી** - જે કંઈ જાણ્યું તે લાંબો કાળ યાદ રહે તે.

(૧૨) **અધ્રુવગ્રાહી** - જે કંઈ જાણ્યું તે લાંબો કાળ યાદ ન રહે. જાણ્યા પછી તુરત ભૂલી જવાય તે.

આ પ્રમાણે મતિજ્ઞાનના એક એક ભેદમાં આવી સૂક્ષ્મતા અને હાનિ-વૃદ્ધિવાળો બોધ હોય છે. ૧-૧૬.

**अर्थस्य ૧-૧૭**
**અર્થસ્ય ૧-૧૭**
**અર્થસ્ય ૧-૧૭**

**व्यञ्जनस्यावग्रहः ૧-૧૮**
**વ્યંજનસ્યાવગ્રહઃ ૧-૧૮**
**વ્યંજનસ્ય અવગ્રહઃ ૧-૧૮**

**न चक्षुरनिन्द्रियाभ्याम् ૧-૧૯**
**ન ચક્ષુરનિન્દ્રિયાભ્યામ્ ૧-૧૯**
**ન ચક્ષુઃ-અનિન્દ્રિયાભ્યામ્ ૧-૧૯**

**સૂત્રાર્થ - અવગ્રહ-ઈહા-અપાય અને ધારણા આ ચારે ભેદો અર્થના હોય છે. તથા અવગ્રહ તો વ્યંજનનો પણ હોય છે. એટલે કે અર્થનો અને વ્યંજનનો એમ બન્નેનો હોય**

**છે. ફક્ત ચક્ષુ અને મનનો વ્યંજનવાળો અવગ્રહ હોતો નથી. ૧-૧૭-૧૮-૧૯.**

**ભાવાર્થ** - પંદરમા સૂત્રમાં જે અવગ્રહ, ઈહા, અપાય અને ધારણા એમ મતિજ્ઞાનના ચાર ભેદો કહ્યા છે, તે અર્થના થાય છે. તેમાંનો પ્રથમ ભેદ જે અવગ્રહ છે. તે વ્યંજનનો પણ થાય છે. છતાં તે વ્યંજનનો અવગ્રહ ચક્ષુ તથા મન ઈન્દ્રિયનો થતો નથી. **વ્યંજન એટલે ઈન્દ્રિય અને વિષયનો સંબંધ માત્ર.** આ વ્યંજનાગ્રહમાં ‘‘આ કંઈક છે’’ એવો સામાન્ય અર્થ બોધ પણ હોતો નથી.

‘‘આ કંઈક છે’’ ‘‘આ શું હશે ? સર્પ હશે કે રજ્જુ’’ ? ના, આ સર્પ નથી પરંતુ રજ્જુ જ છે. ઈત્યાદિ **અર્થનું** ચિંતન-મનન-વિચારણા જેમાં થાય છે, તેવા બોધને અર્થનો બોધ કહેવાય છે. તેથી અવગ્રહાદિ ચારે આવા ચિંતનાત્મક હોવાથી મનનાત્મક હોવાથી, **અર્થ બોધ રૂપ** હોવાથી અર્થાત્મક છે. પરંતુ તેમાંનો પ્રથમભેદ જે અવગ્રહ છે. તે અર્થનો પણ હોય છે. અને વ્યંજનનો પણ હોય છે. આવા ચિંતન-મનન વિના માત્ર ઈન્દ્રિયની સાથે વિષયનું જોડાણ તે વ્યંજન કહેવાય છે. નિદ્રાધીન માણસને ૮/૧૦ બુમો પાડી. છતાં જ્યાં સુધી તે માણસ જાગે નહીં ત્યાં સુધી શ્રોત્રેન્દ્રિય અને શબ્દ આ બન્નેનો સંબંધમાત્ર જ જે થાય છે. ચિંતન થતું નથી તે વ્યંજનનો (વિષયનો) અવગ્રહ કહેવાય છે. આવા પ્રકારનો વિષયસંબંધી ઈન્દ્રિય અને વિષયના સંબંધ માત્ર રૂપ અવગ્રહ સ્પર્શન-રસના-ઘ્રાણ અને શ્રોત્ર એમ



ચાર જ ઈન્દ્રિયોમાં હોય છે. ચક્ષુ અને મનનો વ્યંજનાવગ્રહ સંભવતો નથી. કારણ કે તે બન્ને ઈન્દ્રિયો વિષયની સાથે જોડાયા વિના જ વિષયબોધ કરે છે. ચક્ષુ અને મન અપ્રાપ્યકારી છે. જાણવા લાયક વિષય સાથે જોડાતી નથી. ચક્ષુથી અગ્નિ જોતાં દાહ થતો નથી. સર્પ જોતાં ડંખ થતો નથી. માટે તે બેમાં વ્યંજનાવગ્રહ નથી. મારૂ મન શત્રુંજયના દર્શનમાં વર્તે છે એમ જે કહેવાય છે તે ઉપચારમાત્ર છે. પરંતુ વાસ્તવિકપણે મન ત્યાં જતું નથી. આ પ્રમાણે મતિજ્ઞાનના ભેદો નીચે મુજબ થાય છે.

મતિજ્ઞાન

| અવગ્રહ | | ઈહા | અપાય | ધારણા |
|---|---|---|---|---|
| વ્યંજન | અર્થ | અર્થ જ | અર્થ જ | અર્થ જ |
| સ્પર્શનાદિ ૪ ઈન્દ્રિયો | સ્પર્શનાદિ ૬ ઈન્દ્રિયો | સ્પર્શનાદિ ૬ ઈન્દ્રિયો | સ્પર્શનાદિ ૬ ઈન્દ્રિયો | સ્પર્શનાદિ ૬ ઈન્દ્રિયો |
| × | × | × | × | × |
| બહુ વગેરે ૧૨ ભેદો | બહુ વગેરે ૧૨ ભેદો | બહુ વગેરે ૧૨ ભેદો | બહુ વગેરે ૧૨ ભેદો | બહુ વગેરે ૧૨ ભેદો |
| ૪૮ | ૭૨ | ૭૨ | ૭૨ | ૭૨=૩૩૬ |

આ પ્રમાણે મતિજ્ઞાનના ભેદ-પ્રભેદો ગણતાં કુલ ૩૩૬ ભેદો શ્રુતનિશ્રિત મતિજ્ઞાનના થાય છે. તેમાં અશ્રુતનિશ્રિતના ભેદરૂપ ઔત્પાતિકી વૈનયિકી આદિ ચાર પ્રકારની બુદ્ધિ

મેળવતાં મતિજ્ઞાનના ૩૪૦ ભેદો થાય છે. પૂર્વે સાંભળેલું હોય, પરંતુ પ્રયોગકાળે શ્રુતનું અનુસરણ ન હોય તે શ્રુતનિશ્રિત અને પૂર્વે સાંભળેલું જ ન હોય પરંતુ પોતાના બુદ્ધિબળમાત્રથી જ જે જાણે તે **અશ્રુતનિશ્રિત.** ઔત્પાતિકી, વૈનયિકી કાર્મિકી અને પારિણામિકી એમ ચાર બુદ્ધિ અશ્રુતનિશ્રિત છે. અકસ્માત્ (અચાનક) બુદ્ધિ થાય તે **ઔત્પાતિકી,** ગુરુજીનો વિનય કરવાથી જે બુદ્ધિ આવે તે **વૈનયિકી,** કામકાજ કરતાં કરતાં કળામાં જે પ્રવીણતા લાવે તે **કાર્મિકી**, અને ઉંમરના પરિપાકથી (વિશાળ અનુભવથી) જે બુદ્ધિ થાય તે **પારિણામિકી બુદ્ધિ** કહેવાય છે. ૧-૧૭-૧૮-૧૯.

**श्रुतं मतिपूर्वं द्व्यनेकद्वादशभेदम् १-२०**
**શ્રુતં મતિપૂર્વં દ્વ્યનેકદ્વાદશભેદમ્ ૧-૨૦**
**શ્રુતં મતિપૂર્વં દ્વિ-અનેક-દ્વાદશ-ભેદમ્ ૧-૨૦**

**સૂત્રાર્થ - શ્રુતજ્ઞાન મતિજ્ઞાનપૂર્વક જ હોય છે. તેના બે ભેદ છે. બન્ને ભેદોના અનુક્રમે અનેક અને બાર ભેદો છે. ૧-૨૦.**

**ભાવાર્થ** - મતિજ્ઞાન સમજાવીને હવે શ્રુતજ્ઞાન સમજાવે છે. ગુરુ પાસે ભણવાથી અથવા શાસ્ત્રોના શ્રવણ-મનનથી જે જ્ઞાન થાય છે તે શ્રુતજ્ઞાન કહેવાય છે. શ્રુતજ્ઞાન હંમેશાં મતિજ્ઞાન પૂર્વક જ થાય છે. પહેલાં ઈન્દ્રિયોથી જે શબ્દાદિ સંભળાય છે તે મતિજ્ઞાન છે. ત્યારબાદ તેનો જે ભાવાર્થ જણાય



છે. તે શ્રુતજ્ઞાન છે. મતિ જેને થાય તેને શ્રુત થાય જ એવો નિયમ નથી. પરંતુ જેને શ્રુત થાય તેને પૂર્વકાળમાં મતિ થાય જ છે. માટે શ્રુત એ મતિપૂર્વક જ થાય છે. તે શ્રુતજ્ઞાનના બે ભેદ છે. (૧) **અંગબાહ્ય,** (૨) **અંગપ્રવિષ્ટ.**

પરમાત્મા શ્રી વીતરાગદેવની ત્રિપદી સાંભળી અગાધ-જ્ઞાનના સ્વામી શ્રીગણધરભગવંતો જે શાસ્ત્રરચના કરે છે તે આચારાંગ આદિ બાર પ્રકારનાં જે શાસ્ત્રો તે **અંગપ્રવિષ્ટ.** તેના આચારાંગ-સૂત્રકૃતાંગ વગેરે ૧૨ ભેદો છે. તથા તે ૧૨ અંગના આધારે પૂર્વાચાર્યો નવા નવા ભિન્ન-ભિન્ન વિષય ઉપર જે નવાં નવાં શાસ્ત્રો બનાવે છે તે **અંગબાહ્ય.** તેના અનેક ભેદો છે. ૧-૨૦.

**द्विविधोऽवधिः १-२१**
**દ્વિવિધોવધિઃ ૧-૨૧**
**દ્વિવિધઃ અવધિઃ ૧-૨૧**

**भवप्रत्ययो नारकदेवानाम् १-२२**
**ભવપ્રત્યયો નારકદેવાનામ્ ૧-૨૨**
**ભવ-પ્રત્યયઃ નારકદેવાનામ્ ૧-૨૨**

**સૂત્રાર્થ- અવધિજ્ઞાન બે પ્રકારનું છે, તેમાં નારકી અને દેવોને ભવપ્રત્યયિક અવધિજ્ઞાન હોય છે. ૧-૨૧-૨૨.**

**ભાવાર્થ** - ઈન્દ્રિયોની મદદ વિના આત્મ-સાક્ષાત્ પણે રૂપી પદાર્થોનું જે જ્ઞાન થાય તે અવધિજ્ઞાન. તેના બે ભેદ છે. ૧

**ભવપ્રત્યયિક** અને ૨. **ગુણપ્રત્યયિક.** જે અવધિજ્ઞાનની ઉત્પત્તિમાં ભવ એ નિમિત્ત છે તે ભવપ્રત્યયિક. અને જે જ્ઞાનની ઉત્પત્તિમાં ગુણ એ નિમિત્ત છે તે ગુણપ્રત્યયિક. તે બન્ને ભેદોમાંથી જે ભવપ્રત્યયિક અવધિજ્ઞાન છે તે દેવ-નારકીને જ હોય છે. અને દેવ-નારકીને ભવપ્રત્યયિક જ હોય છે. તેથી દેવ-નારકીનો ભવ પ્રાપ્ત થતાં જ સમ્યગ્દૃષ્ટિ જીવ હોય કે મિથ્યાદૃષ્ટિ જીવ હોય પરંતુ આ અવધિજ્ઞાન પ્રાપ્ત થાય જ છે. માછલાને જેમ તરવાની કલા, પક્ષીને જેમ ઉડવાની કલા જન્મથી જ હોય છે તેમ દેવ-નારકીને આ અવધિજ્ઞાન જન્મથી જ થાય છે. આ અવધિજ્ઞાનને પ્રાપ્ત કરનાર જીવ સમ્યગ્દૃષ્ટિ હોય તો અવધિજ્ઞાન કહેવાય છે અને મિથ્યાદૃષ્ટિ હોય તો વિભંગજ્ઞાન કહેવાય છે. ૧-૨૧-૨૨.

**यथोक्तनिमित्तः षड्विकल्पः शेषाणाम् १-२३**
**યથોક્તનિમિત્તઃ ષડ્વિકલ્પઃ શેષાણામ્ ૧-૨૩**
**યથા ઉક્ત-નિમિત્તઃ ષડ્વિકલ્પઃ શેષાણામ્ ૧-૨૩**

**સૂત્રાર્થ-બાકીના તિર્યંચ-મનુષ્યોને ઉપરોક્ત નિમિત્ત-વાળું (ક્ષયોપશમ સ્વરૂપ ગુણના નિમિત્તવાળું) અવધિજ્ઞાન હોય છે. અને તે છ ભેદવાળું છે. ૧-૨૩.**

**ભાવાર્થ** - બાકીના જીવોને એટલે કે મનુષ્ય-તિર્યંચોને જે અવધિજ્ઞાન થાય છે, તે ક્ષયોપશમ સ્વરૂપ ગુણના નિમિત્તે થાય છે. માટે **ગુણપ્રત્યયિક** કહેવાય છે. અવધિજ્ઞાનાવરણીય નામનું જે કર્મ છે, તે કર્મના ક્ષયોપશમથી જ આ બન્ને પ્રકારનાં અવધિજ્ઞાને પ્રગટ



થાય છે. પરંતુ ભવ અને ગુણની પ્રધાનતા હોવાથી ભવ પ્રત્યયિક અને ગુણ પ્રત્યયિક કહેવાય છે. ભવપ્રત્યયિક અવધિજ્ઞાન જેમ સર્વે દેવ-નારકીને અવશ્ય હોય જ છે, તેમ ગુણપ્રત્યયિક અવધિજ્ઞાન સર્વ તિર્યંચ-મનુષ્યોને અવશ્ય હોતું નથી. પરંતુ કોઈકને જ હોય છે. તે ગુણપ્રત્યયિકના છ ભેદો આ પ્રમાણે છે.

(૧) જે અવધિજ્ઞાન જેને થયું હોય તેની સાથે ચક્ષુની જેમ સર્વત્ર રહે તે **અનુગામી.**
(૨) સાંકળે બાંધેલા દીપકની જેમ જે અવધિજ્ઞાન જેને થયું હોય તેની સાથે સર્વત્ર ન જાય. પરંતુ નિયતસ્થાને આવે ત્યારે જ બોધ કરાવે તે **અનનુગામી.**
(૩) પ્રગટ થયેલું જે અવધિજ્ઞાન દિન-પ્રતિદિન વધતું જાય તે **વર્ધમાન.**
(૪) પ્રગટ થયેલું જે અવધિજ્ઞાન દિન-પ્રતિદિન ઘટતું જાય તે **હીયમાન.**
(૫) પ્રગટ થયેલું જે અવધિજ્ઞાન સર્વથા ચાલ્યું જાય તે **પ્રતિપાતી.**
(૬) પ્રગટ થયેલું જે અવધિજ્ઞાન સર્વથા ચાલ્યું ન જાય. પરંતુ કેવલજ્ઞાન સુધી અથવા મરણપર્યંત જે અવશ્ય રહે જ તે **અપ્રતિપાતી.** ૧-૨૩.

**ऋजुविपुलमती मनःपर्यायः १-२४**
**ઋજુવિપુલમતી મનઃપર્યાયઃ ૧-૨૪**
**ઋજુ-વિપુલમતી મનઃપર્યાયઃ ૧-૨૪**

**સૂત્રાર્થ - ઋજુમતિ અને વિપુલમતિ એમ મનઃપર્યાય જ્ઞાનના બે ભેદ છે. ૧-૨૪.**

**ભાવાર્થ**-અઢીદ્વીપમાં રહેલા સંજ્ઞી પંચેન્દ્રિય જીવો વડે ગૃહીત મનોવર્ગણામાં રહેલા મનોગત ભાવો જેના દ્વારા જણાય તે મનઃપર્યાય (મનઃપર્યવ કે મનઃપર્યય) જ્ઞાન કહેવાય છે. મનના પર્યાયોને (ભાવોને) જાણવા તે મનઃપર્યાય જ્ઞાન. તેના બે ભેદ છે. (૧) **ઋજુમતિ.** (૨) **વિપુલમતિ.** વિપુલમતિ કરતાં કંઈક સામાન્યથી સરળપણે જે જાણે તે ઋજુમતિ અને વધારે વિશેષથી જાણે તે વિપુલમતિ. આ બન્ને ભેદોમાં બહુ તફાવત નથી. પ્રથમ ભેદવાળા મનઃપર્યવજ્ઞાન કરતાં બીજા ભેદવાળું મનઃપર્યવજ્ઞાન કંઈક વધારે (અઢી અંગુલ વધારે ક્ષેત્રાદિ) જાણે છે. અને વધારે સ્પષ્ટ જાણે છે. વસ્તુતઃ બન્ને ભેદો મનના બહુ ભાવોને વિશેષપણે જ જાણનારા છે. તેથી તેમાં દર્શન નામનો ભેદ નથી. ૧-૨૪.

**विशुद्ध्यप्रतिपाताभ्यां तद्विशेषः १-२५**
**विशुद्ध्यप्रतिपाताभ्यां तद्विशेषः १-२५**
**विशुद्धि-अप्रतिपाताभ्यां तद्‌विशेषः १-२५**

**સૂત્રાર્થ-ઋજુમતિ અને વિપુલમતિ એમ બન્ને મનઃ-પર્યવજ્ઞાનની વચ્ચે વિશુદ્ધિ દ્વારા અને અપ્રતિપાત દ્વારા એમ બે પ્રકારે વિશેષતા (ભેદ) છે. ૧-૨૫.**

**ભાવાર્થ**-ચોવીસમા સૂત્રમાં મનઃપર્યવજ્ઞાનના જે બે ભેદો કહ્યા છે તે બન્ને ભેદોની વચ્ચે વિશુદ્ધિ દ્વારા અને અપ્રતિ-



પાત દ્વારા વિશેષતા (ભેદ) છે. ઋજુમતિ કરતાં વિપુલમતિ વધારે વિશુદ્ધ છે. અને ઋજુમતિ આવેલું હોય તો ચાલ્યું પણ જાય છે માટે પ્રતિપાતી છે. જ્યારે વિપુલમતિ મનઃપર્યવ જ્ઞાન પ્રગટ થયું હોય તો પ્રાપ્ત થયા પછી જતું નથી માટે અપ્રતિપાતી છે. બન્ને ભેદોમાં આટલો તફાવત છે. ૧-૨૫.

**विशुद्धिक्षेत्रस्वामिविषयेभ्योवधिमनःपर्याययोः १-२६**
**विशुद्धिक्षेत्रस्वामिविषयेभ्योवधिमनःपर्याययोः १-२६**
**विशुद्धि-क्षेत्र-स्वामि-विषयेभ्यः अवधि-मनःपर्याययोः १-२६**

**સૂત્રાર્થ - અવધિજ્ઞાન અને મનઃપર્યાયજ્ઞાનની વચ્ચે વિશુદ્ધિ દ્વારા, ક્ષેત્ર દ્વારા, સ્વામિ દ્વારા, અને વિષય દ્વારા તફાવત છે. ૧-૨૬.**

**ભાવાર્થ**-ત્રીજા અવધિજ્ઞાન અને ચોથા મનઃપર્યવ-જ્ઞાનની વચ્ચે નીચે મુજબની ચાર પ્રક્રિયાથી તફાવત છે.

(૧) **વિશુદ્ધિઃ**- અવધિજ્ઞાન કરતાં મનઃપર્યાય જ્ઞાન વધારે વિશુદ્ધ છે. અવધિજ્ઞાન પોતાના વિષયને જેવો જોઈ શકે છે, તેના કરતાં મનઃપર્યવજ્ઞાનવાળા જીવો મનઃપર્યવ-જ્ઞાનથી પોતાના વિષયને વધારે સ્પષ્ટ દેખે છે. કારણક કે ઋજુમતિ અને વિપુલમતિવાળા આત્માની નિર્મળતા વધારે હોય છે.

(૨) **ક્ષેત્રઃ**- અવધિજ્ઞાનથી જાણવા લાયક ક્ષેત્ર (ક્ષેત્રગત રૂપી પદાર્થો) ચૌદ રાજલોક છે. અને અલોકમાં પણ લોક પ્રમાણ અસંખ્યાત ખંડુક જોવાની શક્તિ છે. જ્યારે

મનઃપર્યાય જ્ઞાનથી તો માત્ર અઢીદ્વીપ પ્રમાણ જ ક્ષેત્ર (તદ્ગત સંજ્ઞી પં. જીવોના મનોગતભાવો) દેખાય છે.

(૩) **સ્વામીઃ**- અવધિજ્ઞાન ચારેગતિના સંજ્ઞી પંચેન્દ્રિય જીવોને થઈ શકે છે. જ્યારે મનઃપર્યાયજ્ઞાન તો માત્ર ગર્ભજ મનુષ્યને જ થાય છે અને તે પણ સંયમી આત્માઓને અને તેમાં પણ કોઈક મહાત્મા મુનિને જ થાય છે.

(૪) **વિષયઃ**- અવધિજ્ઞાનનો વિષય સર્વરૂપી દ્રવ્યો છે. જ્યારે મનઃપર્યાય જ્ઞાનનો વિષય માત્ર મનોવર્ગણા જ છે અને તે પણ સંજ્ઞી પંચેન્દ્રિય જીવો વડે ગૃહીત થઈ મનસ્વરૂપે પરિણમાવેલી જ વર્ગણા.

આ પ્રમાણે આ બન્ને જ્ઞાનો વચ્ચે ચાર પ્રકારે તફાવત છે. ૧-૨૬.

**मतिश्रुतयोर्निबन्धः सर्वद्रव्येष्वसर्वपर्यायेषु १-२७**
**મતિશ્રુતયોર્નિબન્ધઃ સર્વદ્રવ્યેષ્વસર્વપર્યાયેષુ ૧-૨૭**
**મતિ-શ્રુતયોઃ નિબન્ધઃ સર્વદ્રવ્યેષુ અસર્વપર્યાયેષુ ૧-૨૭**

**સૂત્રાર્થ - મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનનો વિષય સર્વદ્રવ્યો છે. પરંતુ પર્યાયો અસર્વ (કેટલાક) જ જાણે છે. ૧-૨૭.**

**ભાવાર્થ** -મતિજ્ઞાનાદિ પાંચે જ્ઞાનોથી કેટલું કેટલું જાણી શકાય ? એમ હવે તેઓનો (પાંચે જ્ઞાનોનો) વિષય જણાવે છે. મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનથી કેવલી ભાષિત આગમોના આધારે



સર્વદ્રવ્યો જાણી શકાય છે. પરંતુ તેના સર્વપર્યાયો જાણી શકાતા નથી. કારણ કે આ બન્ને જ્ઞાનો ક્ષયોપશમ ભાવનાં છે. અને ક્ષયોપશમ ભાવ તે તે કર્મના ઉદય સાપેક્ષ હોવાથી કેટલુંક મતિ-શ્રુતજ્ઞાન અવરાયેલું પણ હોય જ છે. તેથી સર્વપર્યાયો જાણી શકાતા નથી.

**रूपिष्ववधेः १-२८**
**રૂપિષ્વવધેઃ ૧-૨૮**
**રૂપિષુ અવધેઃ ૧-૨૮**

**तदनन्तभागे मनःपर्यायस्य १-२९**
**તદનન્તભાગે મનઃપર્યાયસ્ય ૧-૨૯**
**તદ્-અનન્તભાગે મનઃપર્યાયસ્ય ૧-૨૯**

**સૂત્રાર્થ-અવધિજ્ઞાનનો વિષય રૂપિદ્રવ્યો છે. અને મનઃપર્યાય જ્ઞાનનો વિષય તેનાથી અનન્તમો ભાગ છે. ૧-૨૮-૨૯.**

**ભાવાર્થ**-વર્ણ-ગંધ-રસ અને સ્પર્શ જેમાં હોય તેને રૂપી કહેવાય છે. *रूपमस्ति यस्य स इति रूपी* અવધિજ્ઞાનથી (જ્યારે ઉત્કૃષ્ટ હોય ત્યારે) સમસ્ત રૂપી દ્રવ્યો જાણી શકાય છે. પુદ્ગલાસ્તિકાય એ રૂપી દ્રવ્ય છે. તેથી તે સમસ્ત પુદ્ગલ દ્રવ્ય જાણી શકાય છે. ઉત્કૃષ્ટ અવધિજ્ઞાનનો આ વિષય છે. મનઃપર્યવજ્ઞાનથી માત્ર મનોવર્ગણા જ જાણી શકાય છે. અને તે

પણ સંજ્ઞી પંચેન્દ્રિય જીવો વડે ગૃહીત અને મનપણે પરિણમાવેલ હોય તે જ. આ કારણે જ મનઃપર્યવજ્ઞાનનો વિષય અવધિજ્ઞાનના વિષય કરતાં અનંતમા ભાગે છે. છતાં વિશુદ્ધિમાં અધિક હોવાથી તેનો નંબર અવધિજ્ઞાન કરતાં આગળ છે. ૧-૨૮-૨૯.

**सर्वद्रव्यपर्यायेषु केवलस्य ૧-૩૦**
**સર્વદ્રવ્યપર્યાયેષુ કેવલસ્ય ૧-૩૦**
**સર્વ-દ્રવ્ય-પર્યાયેષુ કેવલસ્ય ૧-૩૦**

**સૂત્રાર્થ-કેવલજ્ઞાનનો વિષય સર્વદ્રવ્યો અને સર્વપર્યાયો છે. ૧-૩૦.**

**ભાવાર્થ**-ધર્માસ્તિકાયાદિ સમસ્ત દ્રવ્યો, લોક-અલોક સ્વરૂપ સમસ્ત ક્ષેત્ર, ભૂત-ભાવિ અને વર્તમાન એમ અનાદિ અનંતરૂપે સર્વકાલ, અને સર્વે દ્રવ્યોના સર્વપર્યાયો કેવલજ્ઞાની મહાત્માઓ કેવલજ્ઞાનથી જાણે છે. તેથી કેવલજ્ઞાનનો વિષય સર્વદ્રવ્યો અને સર્વ પર્યાયો કહેવાય છે. ૧-૩૦.

**एकादीनि भाज्यानि युगपदेकस्मिन्नाचतुर्भ्यः ૧-૩૧**
**એકાદીનિ ભાજ્યાનિ યુગપદેકસ્મિન્નાચતુર્ભ્યઃ ૧-૩૧**
**એકાદીનિ ભાજ્યાનિ યુગપદ્ એકસ્મિન્ આચતુર્ભ્યઃ૧-૩૧**

**સૂત્રાર્થ-એક જીવમાં એકી સાથે એકથી પ્રારંભીને વધુમાં વધુ ચાર સુધીનાં જ્ઞાનો ભજનાએ હોય છે. ૧-૩૧.**

**ભાવાર્થ**-એક જીવમાં એકી સાથે કેટલાં જ્ઞાન હોય ? તે



જણાવે છે. એક-બે-ત્રણ અને વધુમાં વધુ ચાર જ્ઞાન હોય છે. એક હોય તો કેવલજ્ઞાન હોય છે. કારણ કે કેવલજ્ઞાન થાય ત્યારે છાદ્મસ્થિક જ્ઞાનો નાશ પામે છે. અર્થાત્ તે ચાર જ્ઞાનો હોતાં નથી. જો બે જ્ઞાનો હોય તો મતિ અને શ્રુત એમ બે હોય છે. જો ત્રણ જ્ઞાનો હોય તો મતિ-શ્રુત-અવધિ, અથવા મતિ-શ્રુત-મનઃપર્યાય એમ ત્રણ જ્ઞાનો હોય છે. અને જો ચાર જ્ઞાનો હોય તો કેવલજ્ઞાન વિનાનાં શેષ ચાર જ્ઞાનો એકી સાથે એક જીવમાં હોય છે. પરંતુ એક જીવમાં એકી સાથે પાંચ જ્ઞાનો હોતાં નથી. કારણ કે ક્ષાયોપશમિક જ્ઞાન અને ક્ષાયિક જ્ઞાન સાથે હોતાં નથી. ૧-૩૧.

**मतिश्रुतावधयो विपर्ययश्च ૧-૩૨**
**મતિશ્રુતાવધયો વિપર્યયશ્ચ ૧-૩૨**
**મતિ-શ્રુત-અવધયઃ વિપર્યયઃ ચ ૧-૩૨**

**સૂત્રાર્થ-મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન એમ ત્રણ જ્ઞાનો વિપરીત પણ હોય છે. ૧-૩૨.**

**ભાવાર્થ**-મતિજ્ઞાન-શ્રુતજ્ઞાન અને અવધિજ્ઞાન આ ત્રણ જ્ઞાનો સમ્યગ્દૃષ્ટિને પણ થાય છે. અને મિથ્યાદૃષ્ટિને પણ થાય છે. જો સમ્યગ્દૃષ્ટિને થાય તો તે સમ્યગ્જ્ઞાન કહેવાય છે અને મિથ્યાદૃષ્ટિને થાય તો મિથ્યાજ્ઞાન (અર્થાત્ વિપર્યયવાળું જ્ઞાન) કહેવાય છે. પરંતુ મનઃપર્યાયજ્ઞાન અને કેવલજ્ઞાન તો ફક્ત સમ્યગ્દૃષ્ટિ જીવોને જ થાય છે. માટે તે બે જ્ઞાનોમાં વિપર્યયતા સંભવતી નથી. આવા પ્રકારનાં ઉચ્ચકોટિનાં જ્ઞાન તેઓને જ માત્ર થાય છે કે જેઓમાં સમ્યક્ત્વગુણ અવશ્ય આવેલો છે. ૧-૩૨.

**सदसतोरविशेषाद् यदृच्छोपलब्धेरुन्मत्तवत् १-३३**

**સદસતોરવિશેષાદ્ યદૃચ્છોપલબ્ધેરુન્મત્તવત્ ૧-૩૩**

**સદ્-અસતોઃઅવિશેષાદ્યદૃચ્છા-ઉપલબ્ધેઃઉન્મત્તવત્ ૧-૩૩**

**સૂત્રાર્થ - મિથ્યાદૃષ્ટિ જીવોને સત્ અને અસત્‌ની અવિશેષતા હોવાથી તથા પોતાની ઈચ્છા મુજબ શાસ્ત્રોનો અર્થબોધ કરતા હોવાથી ઉન્માદી અથવા ગાંડા માણસની જેમ તે જીવોનું જ્ઞાન તે અજ્ઞાન છે. ૧-૩૩.**

**ભાવાર્થ** - મિથ્યાદૃષ્ટિ જીવો એકાન્તવાદી હોય છે. જગતના તમામ પદાર્થો સ્વ-સ્વરૂપે સત્(અસ્તિ) હોય છે અને પરસ્વરૂપે અસત્ (નાસ્તિ) હોય છે. જેમ કે ઘટ એ ઘટરૂપે સત્ છે અને પટરૂપે અસત્ છે. છતાં મિથ્યાદૃષ્ટિ જીવો એકલું સત્ જ અથવા એકલું અસત્ જ માનતા હોવાથી તેમનું જ્ઞાન એ અજ્ઞાન છે. આ સર્વથા ઘટમાત્ર જ છે. એમ માનવાથી ઈતર એવા પટાદિના નાસ્તિત્વનો તથા મૃત્ત્વ, પુદ્‌ગલત્વ વગેરે બીજા અન્વય ધર્મોનો ઉચ્છેદ થઈ જાય છે. માટે તેઓનું જ્ઞાન તે અજ્ઞાન છે. તથા દરેક શાસ્ત્રોના અર્થ તેમને પોતાને અનુકૂલ પડે તે રીતે કરતા હોવાથી પણ તેમનું જ્ઞાન અજ્ઞાન છે. જેમ ગાંડા માણસનું જાણેલું અને બોલાયેલું વાક્ય મિથ્યા હોય છે. તેમ મિથ્યાદૃષ્ટિ જીવોનું જ્ઞાન એકાન્ત હોવાથી, સત્-અસત્‌ના વિવેક વિનાનું હોવાથી અને ઈચ્છા મુજબ અર્થબોધ કરતા હોવાથી અજ્ઞાન કહેવાય છે. ૧-૩૩.



**नैगमसंग्रहव्यवहारर्जुसूत्रशब्दा नयाः १-३४**

**નૈગમસંગ્રહવ્યવહારર્જુસૂત્રશબ્દા નયાઃ ૧-૩૪**

**નૈગમ-સંગ્રહ-વ્યવહાર-ઋજુસૂત્ર-શબ્દાઃ નયાઃ ૧-૩૪**

**સૂત્રાર્થ - નૈગમ-સંગ્રહ-વ્યવહાર-ઋજુસૂત્ર અને શબ્દ આ પાંચ નયો છે. ૧-૩૪.**

**ભાવાર્થ** - નય એટલે દૃષ્ટિ, નય એટલે અપેક્ષા, વસ્તુતત્ત્વ સમજવા માટે જુદી જુદી દૃષ્ટિઓથી વસ્તુઓનું સ્વરૂપ જોવામાં આવે છે. તેને **નય** કહેવાય છે. દ્રવ્યની પ્રધાનતાવાળી જે દૃષ્ટિ તે દ્રવ્યાર્થિક નય, અને પર્યાયની પ્રધાનતા વાળી જે દૃષ્ટિ તે પર્યાયાર્થિક નય.

દ્રવ્યદૃષ્ટિએ સર્વે વસ્તુઓ અનાદિથી છે. અને અનંતકાળ રહેવાવાળી છે. માટે ધ્રુવ છે. જ્યારે પર્યાયાર્થિક નયની દૃષ્ટિએ સર્વે વસ્તુઓ પ્રતિસમયે નવા નવા પર્યાયને પામતી પરિવર્તનવાળી છે. માટે ઉત્પાદ-વ્યયવાળી છે. તે બન્ને નયોના થઈને કુલ પાંચ પેટાભેદો છે. તથા પાંચના સાત ભેદ પણ થાય છે. પાંચ ભેદ આ પ્રમાણે -

**(૧) નૈગમનય** - જ્યાં વસ્તુનું સ્વરૂપ હોય નહી. પરંતુ ભાવિમાં આવવાનું હોય અથવા દૂર પણે કારણ બનતું હોય, અથવા સદૃશતા હોય એટલે ઉપચાર કરવામાં આવે તે. જેમકે મરીચિના ભવમાં મરીચિને ભગવાન્ મહાવીર કહેવા. વરસાદ વરસતો હોય તેને સોનું વરસે છે એમ કહેવું. તોફાને થયેલી નદીને ‘‘સમુદ્ર’’

થયો છે એમ કહેવું. ''આ રસ્તો ક્યાં જાય છે ?'' એમ કહેવું. આ બધાં વાક્યોમાં ઉપચારની પ્રધાનતા હોવાથી નૈગમ નય કહેવાય છે. **ઉપચાર પ્રધાનદૃષ્ટિ તે નૈગમનય.**

**(૨) સંગ્રહનય** - અનેક વસ્તુઓમાં એકીકરણની જે દૃષ્ટિ તે સંગ્રહનય. ત્રસ અને સ્થાવર જીવોને આ સર્વે જીવમાત્ર છે એમ જાણવું. સોના-રૂપા અને તાંબાના ઘટને આ સર્વે ઘટમાત્ર છે એમ જાણવું તે.

**(૩) વ્યવહારનય**-પૃથક્કરણ કરવાની જે દૃષ્ટિ તે વ્યવહાર નય. વિશેષધર્મ ગ્રહણ કરવાની જે દૃષ્ટિ તે વ્યવહારનય. નિકટના ભૂત-ભાવિ-વર્તમાન એમ ત્રણે કાળને ગ્રહણ કરનારની જે દૃષ્ટિ તે વ્યવહારનય. જેમ કે જીવોના બે ભેદ છે. ત્રસ અને સ્થાવર. સાકર મીઠી હોય છે, ગુલાબ સુગંધી હોય છે. શેઠના છોકરાને શેઠ કહેવો. રાજાના છોકરાને રાજા કહેવો ઈત્યાદિ.

**(૪) ઋજુસૂત્રનય** - વર્તમાનકાળને સ્વીકારે તે અથવા પોતાની વસ્તુને જ વસ્તુ માને તે ઋજુસૂત્ર નય. જેમ કે ભૂતકાળમાં કોઈ માણસ ધનવાન હોય પરંતુ વર્તમાનકાળે તે ધનરહિત હોય તો તેને ધનરહિત જ માનવો. તથા પોતાના ધનથી જ જીવને ધનવાન માનવો. પિતા કે પુત્રના ધનથી અથવા ભાઈના ધનથી પોતાને ધનવાન ન માનવો. તે ઋજુસૂત્ર નય.

**(૫) શબ્દનય**-શબ્દને પકડીને વાત કરે, બોલાયેલા શબ્દોની જેમાં પ્રધાનતા હોય તે શબ્દનય. જેમ કે શાન્તિ જેના





જીવનમાં હોય તેને શાન્તિલાલ કહેવાય. જેના જીવનમાં સમતા વસેલી હોય તેને જ સમતાબેન કહેવાય તે શબ્દનય.

નૈગમ, સંગ્રહ અને વ્યવહાર આ ત્રણ નયો દ્રવ્યાર્થિકનયના ભેદરૂપ છે. અને ઋજુસૂત્ર તથા શબ્દનય પર્યાયાર્થિકનયના ભેદરૂપ છે. આ પ્રમાણે બે નયના મુખ્યત્વે પાંચ નયો છે. ૧-૩૪.

**आद्यशब्दौ द्वित्रिभेदौ ૧-૩૫**

**આદ્યશબ્દૌ દ્વિત્રિભેદૌ ૧-૩૫**

**આદ્ય-શબ્દૌ દ્વિ-ત્રિ-ભેદૌ ૧-૩૫**

**સૂત્રાર્થ-પ્રથમનય (નૈગમનય)ના બે ભેદ છે અને છેલ્લા શબ્દ નયના ત્રણ ભેદ છે. ૧-૩૫.**

**ભાવાર્થ**-પ્રથમનય જે નૈગમનય, તેના બે ભેદ છે. સામાન્યગ્રાહી અને વિશેષગ્રાહી, જ્યારે ઘણા વિશાલભાગોનું એકીકરણ કરવા દ્વારા ઉપચાર કરવામાં આવે છે ત્યારે તે સામાન્યગ્રાહી નૈગમનય કહેવાય છે. જેમ કે ''હું હિન્દુસ્તાનમાં રહું છું'' અહીં પોતાનો વસવાટ હિન્દુસ્તાનના એક ગામમાં અને એક ઘરમાં હોવા છતાં પણ આખા હિન્દુસ્તાનમાં વિચાર્યો તે સામાન્યગ્રાહી નૈગમનય. અને મર્યાદિત ભાગમાં જ્યારે ઉપચાર કરાય ત્યારે વિશેષગ્રાહી નૈગમનય. જેમકે હું અમુક ગામમાં કે અમુક પોળમાં રહું છું એવું જે વિચારવું તે વિશેષગ્રાહી નૈગમનય.

શબ્દનયના પણ ત્રણ ભેદો છે. ૧. સાંપ્રત, ૨. સમભિરૂઢ અને ૩. એવંભૂત.

(૧) **સાંપ્રતશબ્દનય**-પ્રત્યેક શબ્દોમાં લિંગભેદ, વચનભેદ અને કાલભેદે અર્થનો ભેદ કરે તે સાંપ્રતશબ્દનય. જેમ કે ઘટ અને ઘટીનો તથા તટ અને તટીનો અર્થ જુદો કરે.

(૨) **સમભિરૂઢનય**-પ્રત્યેક શબ્દોનો વ્યુત્પત્તિ પ્રમાણે અર્થ કરે તે. જેમકે *नॄन् पातीति नृपः; भुवं पातीति भूपः;* મનુષ્યોનું રક્ષણ કરે તે નૃપ અને પૃથ્વીનું રક્ષણ કરે તે ભૂપ.

(૩) **એવંભૂતનય**-જે શબ્દનો જેવો અર્થ થતો હોય તેવો ક્રિયાકાલ હોય ત્યારે જ તે શબ્દનો પ્રયોગ કરે તે. જેમ કે રાજા જ્યારે લડાઈમાં ઉતર્યો હોય અને દેશ તથા મનુષ્યોનું રક્ષણ કરતો હોય તે કાળે જ નૃપ કે ભૂપ કહેવો તે.

નય એટલે વસ્તુને જાણવા-સમજવા માટેની આપેક્ષિક દૃષ્ટિ. જેમ કે એક જ પુરુષને તેના પિતા તેને પુત્ર તરીકે દેખે છે. તેનો પુત્ર તેને પિતા તરીકે દેખે છે. તેના મામા તેને ભાણેજ તરીકે, તેનો ભાણેજ તેને મામા તરીકે અને તેના સસરા તેને જમાઇ તરીકે દેખે છે. વાસ્તવિકપણે બધાજ ધર્મો તે પુરુષમાં છે. પરંતુ તે તે વ્યક્તિની અપેક્ષાએ જ છે. તેવી જ રીતે બાલ્ય, યુવા અને વૃદ્ધ અવસ્થા બદલાવા છતાં અને તે સ્વરૂપે ઉત્પાદ વ્યય હોવા છતાં પણ માનવ પણે ધ્રુવ છે. તથા જલપ્રવાહવાળી નદી જેમ નદી છે. તેમ નદીના કાંઠાને પણ નદી જ કહેવાય છે. છતાં નદીમાં જેવાં સ્નાન-પાન-વસ્ત્ર



ધોવણ આદિ કાર્યો થાય છે. તેવાં કાર્યો કાંઠા સ્વરૂપ નદીમાં થતાં નથી. તેથી એક ઉપચરિત નદી છે અને એક વાસ્તવિક નદી છે. આ બધી દૃષ્ટિઓ તે જ **નય** કહેવાય છે.

ઉપચારની પ્રધાનતાવાળી જે દૃષ્ટિ તે **નૈગમ**,
એકીકરણની પ્રધાનતાવાળી જે દૃષ્ટિ તે **સંગ્રહ**,
પૃથક્કરણની પ્રધાનતાવાળી જે દૃષ્ટિ તે **વ્યવહાર**,
વર્તમાનકાળની પ્રધાનતાવાળી જે દૃષ્ટિ તે **ઋજુસૂત્ર** અને
શબ્દના આગ્રહની પ્રધાનતાવાળી જે દૃષ્ટિ તે **શબ્દનય** કહેવાય છે.

આ પ્રમાણે મૂલનય ૨, પેટાભેદ ૫ અને પેટાભેદના ભેદ ૭ થાય છે. ૧-૩૫.




**પ્રથમ અધ્યાય સમાપ્ત**

# અધ્યાય બીજો

**औपशमिकक्षायिकौ भावौ मिश्रश्च-**
**जीवस्य स्वतत्त्वमौदयिकपारिणामिकौ च २-१**
**ઔપશમિકક્ષાયિકૌ ભાવૌ મિશ્રશ્ચ-**
**જીવસ્ય સ્વતત્ત્વમૌદયિકપારિણામિકૌ ચ ૨-૧**
**ઔપશમિક-ક્ષાયિકૌ ભાવૌ મિશ્રઃ ચ**
**જીવસ્ય સ્વતત્ત્વમ્ ઔદયિક-પારિણામિકૌ ચ ૨-૧**

**સૂત્રાર્થ - ઔપશમિક - ક્ષાયિક- અને મિશ્ર આ ત્રણ ભાવો જીવના સ્વરૂપાત્મક છે. અને બાકીના બે ઔદયિક અને પારિણામિક ભાવો જીવ-અજીવ બન્નેને હોય છે. ૨-૧.**

**ભાવાર્થ** - ભાવ એટલે વસ્તુનું સ્વરૂપ. આ સ્વરૂપ પાંચ પ્રકારે હોય છે તેથી ભાવોના પાંચ ભેદ છે. તેમાં પ્રથમ ત્રણ ભાવો માત્ર જીવને જ હોય છે. અને તે ત્રણ ભાવોથી જીવના આવૃત ગુણો પણ અનાવૃત બને છે માટે તે ત્રણ ભાવો **જીવસ્વરૂપ** છે. અને બાકીના બે ભાવો જીવને પણ હોય છે અને અજીવને પણ હોય છે. માટે જીવના સ્વરૂપાત્મક નથી. તે પાંચે ભાવોના અર્થ આ પ્રમાણે છે :

(૧) **ઔપશમિકભાવ** - મોહનીયકર્મને દબાવવાથી જીવને જે ગુણ પ્રાપ્ત થાય તે.



(૨) **ક્ષાયિકભાવ** - ચાર ઘાતીકર્મોના નાશથી જીવને જે ગુણ પ્રાપ્ત થાય તે.

(૩) **ક્ષાયોપશમિક ભાવ (મિશ્ર)** - ચાર ઘાતીકર્મોના ઉદયગત રસની તીવ્રતાને હણીને મંદ કરીને ભોગવવો. અને અનુદયાવસ્થાવાળા રસને એવો દબાવવો કે જેથી ઉદીરણા અને અપવર્તના આદિ કરણોથી પણ ઉદયમાં ન આવે તે.

(૪) **ઔદયિકભાવ** - પૂર્વબદ્ધ કર્મના ઉદયથી જીવને જે જે અવસ્થા પ્રાપ્ત થાય તે.

(૫) **પારિણામિકભાવ**-વસ્તુમાં રહેલું વસ્તુનું સ્વાભાવિક સ્વરૂપ. નિમિત્ત વિનાનું સહજ સ્વરૂપ તે.

ચોથો ઔદયિકભાવ પ્રધાનતાએ જીવને જ હોય છે. કારણ કે જીવે જ પૂર્વકાળમાં કર્મો બાંધેલાં છે. અજીવે બાંધ્યાં નથી. પરંતુ જીવના સંયોગે અજીવ એવા ઔદારિકાદિશરીરોને પણ ઔદયિકભાવ ઘટે છે. ચોથા કર્મગ્રંથમાં કહ્યું છે કે, **भावे खंधा उदइए वि** (ગાથા ૬૯) તથા પૂર્વબદ્ધ કર્મોના ઉદયથી જીવનું સ્વરૂપ આવૃત્ત થાય છે પણ પ્રગટ થતું નથી માટે ઔદયિકભાવ એ જીવનું સ્વરૂપ નથી.

આ પાંચે ભાવોના ભેદ-પ્રતિભેદો તથા તેના તે ભેદોના અર્થો હવે આવે જ છે.

**द्विनवाष्टादशैकविंशतित्रिभेदा यथाक्रमम् २-२**

C:/BG/BHARAT/TATVA-N. PM5 Dt. 10-3-2002 20 7-PROOF



**द्विनवाष्टादशैकविंशतित्रिभेदा यथाक्रमम् २-२**
**દ્વિ-નવ-અષ્ટાદશ-એકવિંશતિ-ત્રિભેદા યથાક્રમમ્ ૨-૨**

**સૂત્રાર્થ-ઉપરોક્ત પાંચ ભાવોના અનુક્રમે ૨-૯-૧૮-૨૧- અને ૩ ભેદો છે. ૨-૨.**

**ભાવાર્થ**-ઔપશમિકભાવના ૨, ક્ષાયિકભાવના ૯, ક્ષાયોપશમિકભાવના ૧૮, ઔદયિકભાવના ૨૧, અને પારિણામિકભાવના ૩ એમ અનુક્રમે ભેદો છે. આ સૂત્રમાં પાંચે ભાવોના ભેદની સંખ્યા માત્ર કહી છે. તે ભેદો કયા કયા છે? આ વાત હવે પછીના સૂત્રોમાં સમજાવાય જ છે. ૨-૨.

**सम्यक्त्वचारित्रे २-३**
**સમ્યક્ત્વચારિત્રે ૨-૩**
**સમ્યક્ત્વ-ચારિત્રે ૨-૩**

**સૂત્રાર્થ-(૧) સમ્યક્ત્વ અને (૨) ચારિત્ર એમ ઔપશમિકભાવના બે ભેદો છે. ૨-૩.**

**ભાવાર્થ**-સમ્યક્ત્વ ગુણને ઢાંકનાર મિથ્યાત્વને અથવા દર્શનમોહનીયકર્મ ૩, અને અનંતાનુબંધી કષાય ૪ એમ કુલ સાત કર્મપ્રકૃતિઓને ઉપશમાવવાથી આ આત્મામાં જે સમ્યક્ત્વગુણનો પ્રાદુર્ભાવ થાય છે. તે ઔપશમિક સમ્યક્ત્વ કહેવાય છે. અને ચારિત્ર મોહનીયકર્મની બાકીની ૨૧ પ્રકૃતિઓનો ઉપશમ કરવાથી આત્મામાં જે ગુણ પ્રગટ થાય છે તે ઔપશમિક ચારિત્ર. આ ઔપશમિકભાવ મોહનીયકર્મ માત્રનો જ હોય છે. મોહનીયકર્મના





૭ ભેદો ઉપશમાવવાથી સમ્યક્ત્વ આવે છે. અને મોહનીયકર્મના બાકીના ૨૧ ભેદો ઉપશમાવવાથી ચારિત્ર આવે છે.

ઉપશમસમ્યક્ત્વ ૪થી૧૧ સુધી હોય છે. અને ઉપશમચારિત્ર ૯થી૧૧માં હોય છે. ૨-૩.

**ज्ञानदर्शनदानलाभभोगोपभोगवीर्याणि च २-४**
**જ્ઞાનદર્શનદાનલાભભોગોપભોગવીર્યાણિ ચ ૨-૪**
**જ્ઞાન-દર્શન-દાન-લાભ-ભોગ-ઉપભોગ-વીર્યાણિ ચ ૨-૪**

**સૂત્રાર્થ- જ્ઞાન-દર્શન-દાન-લાભ-ભોગ-ઉપભોગ-વીર્ય અને સમ્યક્ત્વ તથા ચારિત્ર એમ ક્ષાયિકભાવના કુલ નવ ભેદો છે. ૨-૪.**

**ભાવાર્થ** - ચાર ઘાતીકર્મોનો સર્વથા ક્ષય થવાથી આત્મામાં જે ગુણ પ્રગટ થાય છે. તેને ક્ષાયિક ભાવ કહેવાય છે. તેના નવ ભેદો છે. આ નવભેદો ચાર ઘાતીકર્મોના ક્ષયથી પ્રગટ થાય છે. તે આ પ્રમાણે-

(૧) **કેવલજ્ઞાન** - જ્ઞાનાવરણીયકર્મના ક્ષયથી ઉત્પન્ન થાય છે.
(૨) **કેવલદર્શન** - દર્શનાવરણીયકર્મના ક્ષયથી ઉત્પન્ન થાય છે.
(૩) **દાનાદિ પાંચલબ્ધિ** - અંતરાયકર્મના ક્ષયથી ઉત્પન્ન થાય છે.
(૮) **ક્ષાયિકસમ્યક્ત્વ**-મિથ્યાત્વમોહનીયાદિ દર્શન સપ્તકના ક્ષયથી આ સમ્યક્ત્વ પ્રગટ થાય છે.
(૯) **ક્ષાયિકચારિત્ર**-ચારિત્રમોહનીયકર્મના ક્ષયથી ક્ષાયિકભાવનું ચારિત્ર આવે છે.

મૂલસૂત્રમાં સાતગુણોનો શબ્દથી ઉલ્લેખ કર્યો છે અને છેલ્લા બે ગુણો च શબ્દની ઉપરના સૂત્રમાંથી આકર્ષવાના છે.

આ પ્રમાણે ક્ષાયિકભાવના કુલ-૯ ભેદ છે. ૨-૪.

**ज्ञानाज्ञानदर्शनदानादिलब्धयश्चतुस्त्रित्रि-**
**पञ्चभेदाः सम्यक्त्वचारित्रसंयमासंयमाश्च ૨-૫**
**જ્ઞાનાજ્ઞાનદર્શનદાનાદિલબ્ધયશ્ચતુસ્ત્રિત્રિ-**
**પંચભેદાઃ સમ્યક્ત્વચારિત્રસંયમાસંયમાશ્ચ ૨-૫**
**જ્ઞાન-અજ્ઞાન-દર્શન-દાનાદિલબ્ધયઃચતુઃત્રિ-**
**ત્રિ પંચ ભેદાઃ- સમ્યક્ત્વ-ચારિત્ર-સંયમાસંયમાઃચ ૨-૫**

**સૂત્રાર્થ - જ્ઞાન ચાર ભેદે, અજ્ઞાન ત્રણ ભેદે, દર્શન ત્રણ ભેદે અને દાનાદિ લબ્ધિઓ પાંચ ભેદે ક્ષયોપશમભાવની છે તથા સમ્યક્ત્વ, ચારિત્ર અને સંયમાસંયમ એમ કુલ ૧૮ ભેદો ક્ષયોપશમ ભાવના છે. ૨-૫.**

**ભાવાર્થ** - ક્ષાયોપશમિક ભાવ ચાર ઘાતીકર્મોનો જ હોય છે. આ ચાર કર્મોનો જ ઉદિત એવો તીવ્ર રસ મંદ કરીને ઉદય સ્વરૂપે ભોગવીને આ જીવ ક્ષય કરે છે તથા અનુદિત રસને ઉપશમાવે છે (કે જે કર્મોનો રસ ઉદીરણાદિના બળે ઉદયમાં આવીને ગુણોને ઢાંકે તેવો હતો તેને ઉપશમાવે છે એટલે કે ઉદયમાં ન આવે તેવો કરે છે.) તેથી તરતમભાવે ગુણો પ્રગટ થાય છે. તેને ક્ષાયોપશમિક ભાવજન્ય ગુણો કહેવાય છે તેના ૧૮ ભેદો છે.



૧. **૪ જ્ઞાન અને ૩ અજ્ઞાન** જ્ઞાનાવરણીયકર્મના ક્ષયોપશમથી મતિ, શ્રુત, અવધિ અને મનઃપર્યવજ્ઞાન. આ ચારે જ્ઞાનો સમ્યગ્દષ્ટિમાં પ્રગટ થયા હોય તો ચારે જ્ઞાનો કહેવાય છે અને મિથ્યાત્વના ઉદયવાળો જીવ જો હોય તો આ ચારમાંથી પ્રથમનાં ત્રણ જ જ્ઞાનો થાય છે. અને તે પણ મિથ્યાત્વના ઉદય સહકૃત હોવાથી મિથ્યાજ્ઞાન અથવા અજ્ઞાન કહેવાય છે. મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન અને વિભંગજ્ઞાન.

૨. **૩ દર્શન** દર્શનાવરણીયકર્મના ક્ષયોપશમથી ચક્ષુદર્શન, અચક્ષુદર્શન અને અવધિદર્શન એમ ત્રણ દર્શનગુણ પ્રગટ થાય છે.

૩. **સમ્યક્ત્વ-સંયમાસંયમ અને સંયમ** =આ ત્રણ ગુણો મોહનીયકર્મના ક્ષયોપશમથી થાય છે. ત્યાં મોહનીયકર્મમાં દર્શનસપ્તકના (મિથ્યાત્વ-મિશ્ર-સમ્યક્ત્વ મોહનીય તથા અનંતાનુબંધી ૪ એમ સાતના) ક્ષયોપશમથી સમ્યક્ત્વ ગુણ પ્રગટે છે. અપ્રત્યાખ્યાનીય ચારકષાયના ક્ષયોપશમથી દેશવિરતિ (સંયમાસંયમ) ગુણ પ્રગટે છે. અને શેષ ૧૭ ચારિત્રમોહનીયકર્મની પ્રકૃતિઓના ક્ષયોપશમથી અને તેમાં મુખ્યત્વે પ્રત્યાખ્યાનાવરણ કષાયના ક્ષયોપશમથી સર્વવિરતિ ચારિત્ર ગુણ પ્રગટ થાય છે.

૪. **૫ લબ્ધિઓ** અંતરાય કર્મના ક્ષયોપશમથી દાનાદિ પાંચ લબ્ધિઓ પ્રગટ થાય છે. આ પ્રમાણે ચાર ઘાતીકર્મોના ક્ષયોપશમથી કુલ ૧૮ ગુણો જીવમાં પ્રગટ થાય છે. ૨-૫.

**गतिकषायलिङ्गमिथ्यादर्शनाज्ञानासंयता-**
**सिद्धत्वलेश्याश्चतुश्चतुस्त्र्येकैकैकैकषड्भेदाः ૨-૬**
**ગતિકષાયલિંગમિથ્યાદર્શનાજ્ઞાનાસંયતા-**
**સિદ્ધત્વલેશ્યાશ્ચતુશ્ચતુસ્ત્ર્યેકૈકૈકૈકષડ્‌ભેદાઃ ૨-૬**
**ગતિ-કષાય-લિંગ-મિથ્યાદર્શન-અજ્ઞાન-અસંયત-**
**અસિદ્ધત્વલેશ્યાઃ ચતુઃ ચતુઃ ત્રિ એક એક એક એકષડ્‌ભેદાઃ**

**સૂત્રાર્થ-ઔદયિકભાવના ૨૧ ભેદો છે. તે આ પ્રમાણે-ગતિ-કષાય-લિંગ-મિથ્યાદર્શન-અજ્ઞાન-અસંયમ-અસિદ્ધત્વ અને લેશ્યાના અનુક્રમે ૪+૪+૩+૧+૧+૧+૧+૬= કુલ ૨૧ ભેદો છે. ૨-૬.**

**ભાવાર્થ** - આ ઔદયિક ભાવ આઠે કર્મોનો હોય છે. તેથી તેના ૧૫૮ ભેદ પણ કહી શકાય છે. પરંતુ પૂર્વાચાર્યોએ પ્રસિદ્ધ એવા ૨૧ ભેદોનો જ પૂર્વશાસ્ત્રોમાં ઉલ્લેખ કરેલો છે. તેથી અહીં પણ ગ્રંથકારે ૨૧ ભેદો કહ્યા છે. તે આ પ્રમાણે-

મનુષ્ય, તિર્યંચ, દેવ અને નારકી એમ ચાર **ગતિ**. ક્રોધ, માન, માયા, લોભ એમ ચાર **કષાય**. સ્ત્રી, પુરુષ અને નપુંસક એ ત્રણ **લિંગ**. મિથ્યાદર્શન, અજ્ઞાન, અસંયમ, અસિદ્ધત્વ, અને કૃષ્ણ, નીલ, કાપોત, તેજો, પદ્મ, શુક્લ એમ ૬ પ્રકારની **લેશ્યા.** આ પ્રમાણે ૨૧ ભેદો છે. ચાર ગતિ એ ગતિનામકર્મના ઉદયથી થાય છે. ક્રોધાદિ ચારકષાયો મોહનીયકર્મના ઉદયથી થાય છે. ત્રણ લિંગ એ ત્રણ વેદ નામના નોકષાય મોહનીયના



ઉદયથી થાય છે. મિથ્યાદર્શન એ મિથ્યાત્વમોહનીયના ઉદયથી થાય છે. અજ્ઞાન એ જ્ઞાનાવરણીયકર્મના ઉદયથી થાય છે. અસંયતપણું એ ચારિત્રમોહનીયકર્મના ઉદયથી થાય છે. અસિદ્ધત્વ એ આઠે કર્મોના ઉદયથી થાય છે. તથા છ લેશ્યાઓ એ મોહનીય સહકૃત નામકર્મના ઉદયજન્ય છે. આ બધા ભાવો કર્મોના ઉદયજન્ય છે. માટે ઔદયિકભાવ કહેવાય છે. આ પ્રમાણે કર્મોના ઉદયથી આત્મામાં જે જે પરિસ્થિતિ પ્રાપ્ત થાય છે. તે સર્વે ઔદયિકભાવ કહેવાય છે. આ ઔદયિકભાવ પૂર્વે બાંધેલા આઠે કર્મોમાંથી યથાયોગ્ય તે તે કર્મના ઉદયથી થાય છે. અને આ કર્મો બાંધનાર જીવ છે તેથી આ ઔદાયિક ભાવના ભેદો જીવને જ હોઈ શકે છે. પરંતુ જીવના સહયોગથી અજીવને પણ ઔદયિકભાવ કહેવાય છે. એમ શાસ્ત્રકાર પુરુષો કહે છે. જેમ કૃષ્ણવર્ણ નામકર્મ બાંધ્યુ હોય છે જીવે, પરંતુ તેના ઉદયથી કાળા રંગ રૂપે પરિણામ પામવાપણું પુદ્‌ગલમાં અનુભવાય છે. આ રીતે અજીવને પણ ઔદયિકભાવ ઘટે છે. ચોથા કર્મગ્રંથમાં કહ્યું છે કે– *भावे खंधा उदइए वि.* ૨-૬.

**जीवभव्याभव्यत्वादीनि च ૨-૭**
**જીવભવ્યાભવ્યત્વાદીનિ ચ ૨-૭**
**જીવ-ભવ્ય-અભવ્યત્વ-આદીનિ ચ ૨-૭**

**સૂત્રાર્થ-જીવત્વ, ભવ્યત્વ અને અભવ્યત્વ વગેરે ભાવો પારિણામિક ભાવના ભેદો છે. ૨-૭.**

**ભાવાર્થ**-કર્મોની અપેક્ષા વિનાનો વસ્તુમાં રહેલો જે **સહજસ્વભાવ** તે પારિણામિકભાવ. જો કે આ પારિણામિકભાવ સર્વ દ્રવ્યોમાં છે. કારણ કે તે તે દ્રવ્યોમાં તેવો તેવો સહજસ્વભાવ છે જ. છતાં પૂર્વશાસ્ત્રોમાં કહ્યા પ્રમાણે અહીં જીવને આશ્રયી મુખ્યત્વે ત્રણ ભેદો કહેવાય છે. જીવત્વ, ભવ્યત્વ, અભવ્યત્વ. ચૈતન્યભાવવાળાપણું તે જીવત્વ, મુક્તિગમનની યોગ્યતાવાળાપણું તે ભવ્યત્વ, અને મુક્તિ-ગમનની અયોગ્યતાવાળાપણું તે અભવ્યત્વ. એમ મુખ્યત્વે પારિણામિકભાવના ત્રણ ભેદ છે છતાં સૂત્રમાં કહેલા આદિ શબ્દથી બીજા પણ પારિણામિકભાવના ઘણા ભેદો સમજી લેવા. જેમ કે અસંખ્યપ્રદેશિત્વ, પર્યાયિત્વ, અસ્તિત્વ તથા અજીવમાં અજીવત્વ, રૂપિત્વ, જડત્વ, પર્યાયવત્ત્વ અને દ્રવ્યત્વ વગેરે પારિણામિક ભાવના ઘણા ભેદો છે. એવી જ રીતે ધર્માસ્તિકાયાદિ દ્રવ્યોમાં પણ અસંખ્યપ્રદેશિત્વ, લોકાકાશવ્યાપિત્વ વગેરે પારિણામિક ભાવના ભેદો જાણવા. ૧-૭.

**उपयोगो लक्षणम्** ૨-૮
**ઉપયોગો લક્ષણમ્** ૨-૮
**ઉપયોગઃ લક્ષણમ્** ૨-૮

**स द्विविधोष्टचतुर्भेदः** ૨-૯
**સ દ્વિવિધોષ્ટચતુર્ભેદઃ** ૨-૯
**સઃ દ્વિવિધઃ અષ્ટ ચતુઃ ભેદઃ** ૨-૯



**સૂત્રાર્થ-ઉપયોગ એ જીવનું લક્ષણ છે. તે ઉપયોગ બે ભેદવાળો છે. પ્રથમ ભેદના આઠ અને દ્વિતીયભેદના ચાર પ્રભેદો છે. ૨-૮, ૯.**

**ભાવાર્થ** - આત્માનું જે લક્ષણ છે. તે આ સૂત્રમાં સમજાવે છે. ચૈતન્યશક્તિનો જે વપરાશ તેને **ઉપયોગ** કહેવાય છે. આ ઉપયોગ એ જીવનું લક્ષણ છે. કારણ કે આ ચૈતન્ય શક્તિ જીવદ્રવ્ય માત્રમાં જ છે. તે ઉપયોગના બે ભેદ છે. વસ્તુને સામાન્યથી જાણવી તે **સામાન્યોપયોગ.** અને વસ્તુને વિશેષે જાણવી તે **વિશેષોપયોગ.** વિશેષોપયોગને સાકારોપયોગ અથવા જ્ઞાનોપયોગ પણ કહેવાય છે. અને સામાન્યોપયોગને અનાકારોપયોગ અથવા દર્શનોપયોગ પણ કહેવાય છે. વિશેષોપયોગના આઠ ભેદ છે. અને સામાન્યોપયોગના ચાર ભેદ છે. પાંચજ્ઞાન અને ત્રણ અજ્ઞાન એમ આઠ ભેદ વિશેષોપયોગના છે. ચાર દર્શન એ સામાન્યોપયોગના ભેદ છે. ચૈતન્યશક્તિ જીવમાં જ હોય છે. ધર્માસ્તિકાયાદિ અજીવ દ્રવ્યોમાં હોતી નથી. તેથી ચૈતન્યશક્તિનું હોવું અને તેનો પ્રયોગ કરવો એ જીવનું લક્ષણ છે. ૧-૮-૯.

**संसारिणो मुक्ताश्च** ૨-૧૦
**સંસારિણો મુક્તાશ્ચ** ૨-૧૦
**સંસારિણઃ મુક્તાઃ ચ** ૨-૧૦

**समनस्कामनस्काः ૨-૧૧**

**સમનસ્કામનસ્કાઃ ૨-૧૧**

**સમનસ્ક-અમનસ્કાઃ ૨-૧૧**

**સૂત્રાર્થ-જીવોના બે ભેદ છે સંસારી અને મુક્ત. અથવા સમનસ્ક અને અમનસ્ક. ૨-૧૦, ૧૧.**

**ભાવાર્થ**-ચૈતન્યગુણ જેમાં હોય તેને જીવ કહેવાય છે. તે જીવદ્રવ્યના મુખ્યત્વે બે ભેદ છે. **સંસારી** અને **મુક્ત.** જન્મ-મરણવાળા જે જીવો એટલે કે કર્મવાળા જે જીવો તે સંસારી. અને જન્મમરણ વિનાના એટલે કે કર્મ વિનાના જે જીવો તે મુક્ત જીવ કહેવાય છે. અથવા ભૂત-ભાવિના વિચારો કરવાની મન સંજ્ઞાવાળા જે જીવો તે સમનસ્ક (સંજ્ઞી) અને વિચારક શક્તિ (મન) વિનાના જે જીવો તે અમનસ્ક જીવો કહેવાય છે. સારાંશ કે જીવોના સંસારી અને મુક્ત અથવા સમનસ્ક અને અમનસ્ક એમ બે રીતે બે બે ભેદો છે. ૨-૧૦-૧૧.

**संसारिणस्त्रसस्थावराः ૨-૧૨**

**સંસારિણસ્ત્રસસ્થાવરાઃ ૨-૧૨**

**સંસારિણઃ ત્રસ-સ્થાવરાઃ ૨-૧૨**

**સૂત્રાર્થ - સંસારી જીવોના બે ભેદ છે. ત્રસ અને સ્થાવર. ૨-૧૨.**

**ભાવાર્થ** - જન્મ-મરણવાળા સંસારી જીવોના બે ભેદ છે. ત્રસ અને સ્થાવર. સુખ અને દુઃખના ઈષ્ટ-અનિષ્ટ



સંજોગોમાં પોતાની ઈચ્છા પ્રમાણે જે જીવ પ્રવૃત્તિ-નિવૃત્તિ કરી શકે તે ત્રસ કહેવાય છે. અને તેવા સંજોગોમાં પોતાની ઈચ્છા પ્રમાણે જે જીવો પ્રવૃત્તિ-નિવૃત્તિ ન કરી શકે અને સ્થિર જ રહે તે સ્થાવર કહેવાય છે. ૨-૧૨.

**पृथ्व्यब्वनस्पतयः स्थावराः ૨-૧૩**

**પૃથ્વ્યબ્વનસ્પતયઃ સ્થાવરાઃ ૨-૧૩**

**પૃથ્વી-અપ્-વનસ્પતયઃ સ્થાવરાઃ ૨-૧૩**

**સૂત્રાર્થ-પૃથ્વીકાય-અપ્કાય અને વનસ્પતિકાય એમ ત્રણ પ્રકારે સ્થાવર જીવો છે. ૨-૧૩.**

**ભાવાર્થ**-પૃથ્વીપણે જેનું શરીર છે તે પૃથ્વીકાય, પાણીરૂપે જેનું શરીર છે તે અપ્કાય, અને વનસ્પતિરૂપે જેનું શરીર છે તે વનસ્પતિકાય. આ ત્રણ પ્રકારના જીવો સુખ દુઃખના સંજોગો આવવા છતાં પોતપોતાના સ્થાને સ્થિર રહેતા હોવાથી **સ્થાવર** કહેવાય છે. ૨-૧૩.

**तेजोवायू द्वीन्द्रियादयश्च त्रसाः ૨-૧૪**

**તેજોવાયૂ દ્વીન્દ્રિયાદયશ્ચ ત્રસાઃ ૨-૧૪**

**તેજો-વાયૂ દ્વિ-ઈન્દ્રિયાદયઃ ચ ત્રસાઃ ૨-૧૪**

**સૂત્રાર્થ - તેઉકાય, વાઉકાય અને બેઈન્દ્રિયાદિ જીવો એ ત્રસ કહેવાય છે. ૨-૧૪.**

**ભાવાર્થ** - અગ્નિ રૂપે જેનું શરીર છે તે અગ્નિકાય (તેઉકાય) અને પવનરૂપે જેનું શરીર છે તે વાયુકાય, તથા બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચઉરિન્દ્રિય અને પંચેન્દ્રિય આ બધા જીવો **ત્રસજીવ** કહેવાય છે.

સામાન્યથી જૈનશાસ્ત્રોમાં પૃથ્વી-અપ્-તેઉ-વાયુ અને વનસ્પતિ આ પાંચેને સ્થાવર કહ્યા છે. અને બેઈન્દ્રિયાદિને જ માત્ર ત્રસ કહ્યા છે. જ્યારે અહીં તેઉકાય અને વાઉકાયને સ્થાવરમાં ન કહેતાં ત્રસમાં કહ્યા છે. તેનું કારણ એ છે કે તેઉકાય અને વાયુકાય સ્વયં (બીજાની પ્રેરણા વિના પણ) ગતિશીલ છે. ગમન કરવાના સ્વભાવવાળા છે. ગમનાગમન કરનારા છે. માટે ત્રસ કહ્યા છે. પરમાર્થથી તો તેઉકાય અને વાઉકાયજીવો સ્થાવર નામકર્મના જ ઉદયવાળા હોવાથી સ્થાવર જ છે. સારાંશ કે તેઉકાય એટલે અગ્નિ આજુબાજુના ઝાડ આદિ દાહ્યપદાર્થોને પકડતી પકડતી ગતિ કરનાર હોવાથી અને વાઉકાય એક દિશામાંથી બીજીદિશામાં વાતો હોવાથી ગમન-આગમન શીલ છે. તેથી ગતિમાન છે. એમ સમજી **ગતિત્રસ** કહ્યા છે. પરંતુ ઈચ્છાપૂર્વકની પ્રવૃત્તિ-નિવૃત્તિ ન હોવાથી તથા સ્થાવર નામકર્મનો ઉદય હોવાથી પરમાર્થથી સ્થાવર જ છે. જો કે અપ્કાય પણ ગતિ કરે છે. પરંતુ તે ભૂમિના ઢાળના આધારે ગતિ કરે છે. સ્વયં ગતિ કરતો નથી વૃક્ષોની શાખાઓ પણ ગતિ કરે છે પરંતુ પવનના સહયોગથી ગતિ કરે છે. સ્વયં ગતિ કરતી નથી ઈત્યાદિ યુક્તિઓ સમજવી. અહીં વિવક્ષાભેદ માત્ર કારણ છે. પરંતુ મતભેદ કે મતાન્તર નથી. ૨-૧૪.





**पञ्चेन्द्रियाणि પંચેન્દ્રિયાણિ પંચ ઈન્દ્રિયાણિ ૨-૧૫**

**द्विविधानि દ્વિવિધાનિ દ્વિવિધાનિ ૨-૧૬**

**સૂત્રાર્થ-ઈન્દ્રિયો પાંચ છે. અને તે દરેક બે પ્રકારની છે. ૨-૧૬.**

**ભાવાર્થ** - જેનાથી જ્ઞાન થાય તેને ઈન્દ્રિય કહેવાય છે. આ શરીરમાં જીવ જીવે છે એમ જીવને ઓળખવાની જે નિશાની તે ઈન્દ્રિય, આ શરીરમાં એવા કુલ પાંચ અવયવો છે કે જેનાથી રૂપ-રસ-ગંધ-સ્પર્શ અને શબ્દનું જ્ઞાન થાય છે માટે શરીરમાં પાંચ જ ઈન્દ્રિયો છે. તેના દરેકના બે બે ભેદ છે. દ્રવ્યેન્દ્રિય અને ભાવેન્દ્રિય, પુદ્ગલની બનેલી જે ઈન્દ્રિય, પુદ્ગલોની રચના સ્વરૂપ જે ઈન્દ્રિય તે દ્રવ્યેન્દ્રિય, અને આત્મામાં રહેલી વિષય જાણવાની જે શક્તિ તે ભાવેન્દ્રિય. હવે દ્રવ્યેન્દ્રિયના અને ભાવેન્દ્રિયના બે બે ભેદો છે તે જણાવે છે. ૨-૧૫-૧૬.

**निर्वृत्त्युपकरणे द्रव्येन्द्रियम् ૨-૧૭**
**નિર્વૃત્ત્યુપકરણે દ્રવ્યેન્દ્રિયમ્ ૨-૧૭**
**નિર્વૃત્તિ-ઉપકરણે દ્રવ્યેન્દ્રિયમ્ ૨-૧૭**

**लब्ध्युपयोगौ भावेन्द्रियम् ૨-૧૮**
**લબ્ધ્યુપયોગૌ ભાવેન્દ્રિયમ્ ૨-૧૮**
**લબ્ધિ-ઉપયોગૌ ભાવેન્દ્રિયમ્ ૨-૧૮**

**સૂત્રાર્થ-નિર્વૃત્તિ અને ઉપકરણ એ દ્રવ્યેન્દ્રિયના બે ભેદ છે. તથા લબ્ધિ અને ઉપયોગ એ ભાવેન્દ્રિયના બે ભેદ છે. ૨-૧૭, ૧૮.**

**ભાવાર્થ** - જે પુદ્‌ગલોની બનેલી ઈન્દ્રિય છે તે દ્રવ્યેન્દ્રિય છે. તેના નિર્વૃત્તિ અને ઉપકરણ એમ બે ભેદ છે. જે પુદ્‌ગલોની રચના છે. પુદ્‌ગલોથી બનેલી આકૃતિ છે. તે નિર્વૃત્તિ કહેવાય છે. *નિર્વૃત્તિ*=રચના, આકાર. તેના પણ બે ભેદ છે. બાહ્ય અને અભ્યંતર. જે બહાર આકારો દેખાય છે તે બાહ્યનિર્વૃત્તિ, તે મ્યાન સમાન છે. જેમ મ્યાન તરવારનું રક્ષણ કરે છે પરંતુ છેદન ક્રિયા કરતું નથી તેમ બાહ્યનિર્વૃત્તિ તે અભ્યંતર નિર્વૃત્તિનું રક્ષણ કરે છે. પરંતુ વિષયનો બોધ કરતી નથી. તથા શરીરની અંદર કદંબપુષ્પાદિના આકારની અંગુલના અસંખ્યાતમા ભાગની જે ઈન્દ્રિય છે કે જે જીવને વિષય બોધ કરાવવામાં નિમિત્ત છે. તે અભ્યન્તરનિર્વૃત્તિ ઈન્દ્રિય. તે તરવાર સમાન છે. તથા અભ્યન્તર નિર્વૃત્તિ જે ઈન્દ્રિય છે તેમાં આત્માને વિષય જણાવવામાં સહાયક થવાની જે શક્તિ છે તે **શક્તિને** ઉપકરણ દ્રવ્યેન્દ્રિય કહેવાય છે. આ ઈન્દ્રિય તરવારમાં રહેલી ધારની સમાન છે. આ પ્રમાણે મ્યાન, તરવાર, અને ધારની સમાનતા આ બધી પુદ્‌ગલની બનેલી ઈન્દ્રિયોમાં હોવાથી તે સર્વે દ્રવ્યેન્દ્રિય કહેવાય છે. આત્મામાં વિષય જાણવાની જે જ્ઞાન શક્તિ છે તે લબ્ધિભાવેન્દ્રિય છે. તે તરવાર ચલાવવાની આવડત સમાન છે. અને તે શક્તિનો જે વપરાશ કરવો તે ઉપયોગભાવેન્દ્રિય છે. જે તરવાર ચલાવવાની આવડતનો વપરાશ કરવા તુલ્ય છે. આ રીતે દ્રવ્યેન્દ્રિય તથા ભાવેન્દ્રિય જાણવી. તે સર્વેનું ચિત્ર આ પ્રમાણે છે. ૨-૧૮.






**उपयोगः स्पर्शादिषु २-१९**
**ઉપયોગઃ સ્પર્શાદિષુ ૨-૧૯**
**ઉપયોગઃ સ્પર્શાદિષુ ૨-૧૯**

**સૂત્રાર્થ-આ પાંચે ઈન્દ્રિયોનો સ્પર્શાદિ વિષયો જાણવામાં ઉપયોગ થાય છે. ૨-૧૯.**

**ભાવાર્થ** - પાંચ ઈન્દ્રિયોનો વપરાશ સ્પર્શ વગેરે વિષયો જાણવામાં પ્રવર્તે છે. આ બાબત ગ્રન્થકારશ્રી પોતે જ હવે પછીના બે સૂત્રોમાં જણાવે છે.

**स्पर्शनरसनघ्राणचक्षुःश्रोत्राणि ૨-૨૦**
**સ્પર્શનરસનઘ્રાણચક્ષુઃશ્રોત્રાણિ ૨-૨૦**
**સ્પર્શન-રસન-ઘ્રાણ-ચક્ષુઃ-શ્રોત્રાણિ ૨-૨૦**

**स्पर्शरसगन्धवर्णशब्दास्तेषामर्थाः ૨-૨૧**
**સ્પર્શરસગંધવર્ણશબ્દાસ્તેષામર્થાઃ ૨-૨૧**
**સ્પર્શ-રસ-ગંધ-વર્ણ-શબ્દાઃ તેષામ્ અર્થાઃ ૨-૨૧**

**સૂત્રાર્થ-સ્પર્શન, રસન, ઘ્રાણ, ચક્ષુ અને શ્રોત્ર આ પાંચ ઈન્દ્રિયો છે. અને સ્પર્શ-રસ-ગંધ-વર્ણ અને શબ્દ આ પાંચ તેઓના વિષયો છે. ૨-૨૧, ૨૧.**

**ભાવાર્થ**-સ્પર્શનેન્દ્રિય, રસનેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય, ચક્ષુરિન્દ્રિય અને શ્રોત્રેન્દ્રિય એમ પાંચ ઈન્દ્રિયો છે. અને તેનાથી અનુક્રમે સ્પર્શ-રસ-ગંધ-વર્ણ અને શબ્દ આ પાંચ વિષયો જાણી શકાય છે. કોઈપણ એક ઈન્દ્રિય પોતાના પ્રતિનિયત ફક્ત ૧ વિષયને જ જાણવામાં સહાયક છે. બાકીના વિષયો તે ઈન્દ્રિય દ્વારા જાણી શકાતા નથી પરંતુ અનુમાન દ્વારા બીજા વિષયને આત્મા જાણે છે. જેમ કે ચક્ષુથી કેરીનું રૂપ જ દેખાય છે. પરંતુ વિશિષ્ટ રૂપ દેખવાથી આત્મા તે કેરીમાં મધુર રસનું અને સારી ગંધનું અનુમાન કરે છે. તેવી રીતે ઘ્રાણથી કેરીની ગંધ જ જણાય છે. પરંતુ અમુક પ્રકારની સુગંધ જાણવાથી આત્મા રસનું અનુમાન કરે છે. આ પ્રમાણે પાંચે ઇન્દ્રિયો પોતપોતાના પ્રતિનિયત વિષયને જ જાણવામાં સહાયક છે. પ્રતિનિયત વિષય જાણ્યા પછી બીજા ભાવો આત્મા અનુમાનથી જાણે છે. આ રીતે પાંચ ઈન્દ્રિયોથી ક્રમશઃ રૂપાદિ પાંચે ગુણો જ જણાય છે. દ્રવ્ય જણાતું નથી. પરંતુ ગુણો દ્રવ્યથી અભિન્ન છે. તેથી ગુણો જણાયે છતે દ્રવ્ય જણાયું જ કહેવાય છે. માટે દ્રવ્ય **પાંચે ઈન્દ્રિયોથી ગ્રાહ્ય**



છે. અને ગુણોથી દ્રવ્ય કથંચિદ્ ભિન્ન હોવાથી જો ભિન્ન માનીએ તો દ્રવ્ય **અતીન્દ્રિય** છે. પરંતુ નૈયાયિક-વૈશેષિકોએ માનેલું દ્વીન્દ્રિયગ્રાહ્યપણું સાચું નથી. ૨-૨૦-૨૧.

**श्रुतमनिन्द्रियस्य ૨-૨૨**
**શ્રુતમનિન્દ્રિયસ્ય ૨-૨૨**
**શ્રુતમ્ અનિન્દ્રિયસ્ય ૨-૨૨**

**સૂત્રાર્થ-શ્રુતજ્ઞાન એ અનિન્દ્રિયનો (મનનો) વિષય છે. ૨-૨૨.**

**ભાવાર્થ**-શ્રુતજ્ઞાન એ ચિંતન-મનન કે વિચારણા સ્વરૂપ છે. જેથી તે મન દ્વારા થાય છે. કોઈપણ બાહ્યેન્દ્રિયથી વિષયગ્રહણ કરાયા પછી ચિંતન-મનન અને વિચારણા આદિ કરવા વડે મન દ્વારા ગુરુગમના આધારે શાસ્ત્રાનુસારી વાચ્ય વાચક ભાવપૂર્વકનો જે બોધ થાય છે તે શ્રુતજ્ઞાન કહેવાય છે. અને તે મનનો વિષય છે. ૨-૨૨.

**वाय्वन्तानामेकम् ૨-૨૩**
**વાય્વન્તાનામેકમ્ ૨-૨૩**
**વાયુ-અન્તાનામ્ એકમ્ ૨-૨૩**

**સૂત્રાર્થ - વાયુ સુધીના જીવોને એક જ ઈન્દ્રિય હોય છે. ૨-૨૩.**

**ભાવાર્થ**-તત્ત્વાર્થાધિગમના આ જ બીજા અધ્યાયના

૧૩ અને ૧૪ મા સૂત્રમાં જીવોના જે ભેદો જણાવ્યા છે. તેમાં વાયુ સુધીના જે જીવો છે તેને ફક્ત એક સ્પર્શનેન્દ્રિય જ હોય છે. તેરમા સૂત્રમાં કહેલા પૃથ્વી-અપ્-અને વનસ્પતિ તથા ચૌદમા સૂત્રમાં કહેલા તેજો અને વાયુ એમ કુલ પાંચ પ્રકારના જીવોને એક સ્પર્શનેન્દ્રિય જ હોય છે. અને તેથી તે એકેન્દ્રિય કહેવાય છે. જો કે પૃથ્વી-અપ્-તેજો-વાયુ અને વનસ્પતિ એમ પાંચનો ક્રમ પ્રસિદ્ધ છે. એટલે સૂત્રકારના આશયને ન સમજનારને વનસ્પતિકાય રહી ગયા એમ લાગે, પરંતુ તેમ નથી કારણ કે અહીં સૂત્ર-૧૩-૧૪ના ક્રમે કથન હોવાથી વનસ્પતિકાય વચમાં જ આવી જાય છે. ૨-૨૩.

**कृमिपिपीलिकाभ्रमरमनुष्यादीनामेकैकवृद्धानि २-२४**
**કૃમિપિપીલિકાભ્રમરમનુષ્યાદીનામેકૈકવૃદ્ધાનિ ૨-૨૪**
**કૃમિ-પિપીલિકા-ભ્રમર-મનુષ્યાદીનામ્ એક-એક-વૃદ્ધાનિ**

**સૂત્રાર્થ - કૃમિ, કીડી, ભ્રમર અને મનુષ્યાદિ જીવોને એક એક ઈન્દ્રિય વધારે વધારે હોય છે. ૨-૨૪.**

**ભાવાર્થ**-પૃથ્વીકાય-અપ્કાય-તેઉકાય-વાઉકાય અને વનસ્પતિકાય એમ પાંચ પ્રકારના જીવોને એક સ્પર્શનેન્દ્રિય હોય છે. તથા કૃમિ (કરમીયા-શંખ-કોડા-અળસીયાં અને પોરા) વગેરે જીવોને સ્પર્શનેન્દ્રિય અને રસનેન્દ્રિય એમ બે ઈન્દ્રિયો હોય છે. તથા કીડી-જુ-લીખ-મકોડા-માંકડ-કાનખજુરા વગેરે જીવોને સ્પર્શન-રસન અને ઘ્રાણ એમ ત્રણ ઈન્દ્રિયો હોય છે. તથા



ભમરા-ભમરી-બગાઈ-વીંછી-તીડ-અને માખી વગેરે જીવોને ચક્ષુ સાથે ચાર ઈન્દ્રિયો હોય છે. તથા મનુષ્ય-તિર્યંચ-દેવ અને નારકજીવોને શ્રોત્ર સાથે કુલ પાંચે પાંચ ઈન્દ્રિયો હોય છે. મૂલસૂત્રમાં ઉદાહરણ તરીકે ફક્ત એક-એકનો ઉલ્લેખ છે. તથા આંધળા, બહેરા, બોબડા વગેરે વિક્લાંગ જીવોને પણ પંચેન્દ્રિય જ સમજવા. માત્ર દ્રવ્યેન્દ્રિયની ખામી જાણવી. ૨-૨૪.

**संज्ञिनः समनस्काः २-२५**
**સંજ્ઞિનઃ સમનસ્કાઃ ૨-૨૫**
**સંજ્ઞિનઃ સમનસ્કાઃ ૨-૨૫**

**સૂત્રાર્થ -સંજ્ઞી પંચેન્દ્રિય જીવો મનસહિત હોય છે. અથવા મનસહિત જે જીવો તે સંજ્ઞી કહેવાય છે. ૨-૨૫.**

**ભાવાર્થ**-ભૂત-ભાવિના અનુભવોના આધારે જે દીર્ઘકાલની વિચારણા કરવાની શક્તિ તે દીર્ઘકાલિકી સંજ્ઞા કહેવાય છે. આવી સંજ્ઞા જે જીવોને હોય છે તે સંજ્ઞી કહેવાય છે. આવા સંજ્ઞી જીવો હંમેશાં મનવાળા હોય છે. કારણ કે મન દ્વારા દીર્ઘકાળની ચિંતવણા-વિચારણા થાય છે. તેમાં પણ દેવ-નારકી અને ગર્ભજ-મનુષ્ય અને ગર્ભજ તિર્યંચોને જ સંજ્ઞી કહેવાય છે. બાકીના જીવો સંજ્ઞારહિત (મન વિનાના) હોવાથી અસંજ્ઞી કહેવાય છે. અસંજ્ઞી જીવો સંમૂર્છિમ જ હોય છે અને સંમૂર્છિમ જીવો અસંજ્ઞી જ હોય છે. ગર્ભજ તથા ઉપપાત જન્મવાળા જીવો જ સંજ્ઞી હોય છે. અને આ બે જન્મવાળા જીવો સંજ્ઞી જ હોય છે. ૨-૨૫.

**विग्रहगतौ कर्मयोगः ૨-૨૬**
**વિગ્રહગતૌ કર્મયોગઃ ૨-૨૬**
**વિગ્રહગતૌ કર્મયોગઃ ૨-૨૬**

**अनुश्रेणिगतिः ૨-૨૭**
**અનુશ્રેણિગતિઃ ૨-૨૭**
**અનુશ્રેણિ ગતિઃ ૨-૨૭**

**સૂત્રાર્થ - વિગ્રહગતિમાં કાર્મણ કાયયોગ હોય છે. અને પરભવમાં જતા જીવની ગતિ આકાશપ્રદેશોની પંક્તિ પ્રમાણે થાય છે. ૨-૨૬, ૨૭.**

**ભાવાર્થ** - એક ભવથી બીજા ભવમાં જતા જીવની જે ગતિ તે **વિગ્રહગતિ** કહેવાય છે. વચગાળાની જે ગતિ તે વિગ્રહગતિ. જ્યારે આ જીવ વિગ્રહગતિમાં વર્તતો હોય છે. ત્યારે તેને **કાર્મણકાયયોગ** માત્ર જ હોય છે. મન-વચન અને કાયાના યોગ કુલ ૧૫ પ્રકારના છે. મનના ચાર, વચનના ચાર અને કાયાના સાત એમ કુલ ૧૫ યોગમાંથી એક કાર્મણ કાયયોગ જ વિગ્રહ ગતિમાં હોય છે. કારણ કે ત્યાં પૂર્વભવનું શરીર છુટી ગયું છે, નવા ભવનું શરીર હજુ પ્રાપ્ત થયું નથી. તેથી શરીર સંબંધી ઔદારિક-વૈક્રિય અને આહારક યોગો સંભવતા નથી. તથા મન-વચન ત્યાં ન હોવાથી તે સંબંધી યોગો પણ હોતા નથી.

તથા આકાશ પ્રદેશોની પંક્તિના અનુસારે લાઈનસર ગતિ થાય છે. પરંતુ આડા-અવળી ગતિ થતી નથી. મૃત્યુ પછી જે દિશામાં ઉત્પન્ન થવાનું આયુષ્ય બાંધ્યું હોય તે દિશા તરફ



આકાશપ્રદેશોની પંક્તિ પ્રમાણે જ જીવ ગમન કરે છે. મૃત્યુ બાદ ચારદિશા અને ઉપર, નીચે એમ છ દિશામાંથી કોઈપણ એક દિશામાં બાંધેલા આયુષ્યના આધારે જીવનું ગમન થાય છે. ઘણા લોકો એમ સમજે છે કે જીવ મૃત્યુ પામે એવો તુરત જ એકવાર ઉપર જાય, અને પછી બાંધેલા આયુષ્ય પ્રમાણે જાય. પરંતુ આ વાત બરાબર નથી. કારણ કે કર્મોના બંધન વિનાનો જીવ નિયમા ઉર્ધ્વગતિ જ કરે છે. બાકીના જીવો કર્મોના બંધનને વશ હોવાથી આયુષ્યના આધારે ગતિ કરે છે. અન્યથા છઠ્ઠા કર્મગ્રંથના ભાંગાઓની પણ સંગતિ થતી નથી.૨-૨૬-૨૭.

**अविग्रहा जीवस्य ૨-૨૮**
**અવિગ્રહા જીવસ્ય ૨-૨૮**
**અવિગ્રહા જીવસ્ય ૨-૨૮**

**विग्रहवती च संसारिणः प्राक् चतुर्भ्यः ૨-૨૯**
**વિગ્રહવતી ચ સંસારિણઃ પ્રાક્ ચતુર્ભ્યઃ ૨-૨૯**
**વિગ્રહવતી ચ સંસારિણઃ પ્રાક્ ચતુર્ભ્યઃ ૨-૨૯**

**સૂત્રાર્થ - મુક્તિગામી જીવની ગતિ વક્રા વિનાની હોય છે. અને સંસારી જીવની ગતિ વક્રાવાળી અને વક્રા વિનાની એમ બન્ને જાતની હોય છે. અને વધુમાં વધુ ચારની પૂર્વે એટલે ત્રણ વક્રાવાળી ગતિ હોય છે. ૨-૨૮-૨૯.**

**ભાવાર્થ**-જ્યારે આ આત્મા સંસાર સમાપ્ત કરી, સર્વ કર્મ ક્ષય કરી શુદ્ધ-બુદ્ધ-નિરંજન-નિરાકાર થયો છતો મુક્તિગામી થાય છે. ત્યારે જ્યાં દેહત્યાગ કરે છે. તેના જ બરાબર લેવલમાં

ઉપર જાય છે. એક આકાશપ્રદેશ જેટલો પણ વાંકો થતો નથી. વક્રા કરતો નથી. એટલે અવિગ્રહા જ ગતિ હોય છે અને નિયમા ઊર્ધ્વગતિ જ હોય છે. પરંતુ સંસારી જીવ જ્યારે એક ભવ પૂર્ણ કરી બીજા ભવમાં ઉત્પન્ન થવા જાય છે, ત્યારે સીધો પણ જાય છે અને વળાંક લઈને (વક્રા કરીને) પણ જાય છે. કારણ કે પરભવના બાંધેલા આયુષ્ય પ્રમાણે તે જીવની ગતિ થાય છે. ઉત્પત્તિસ્થાન જે રીતે હોય તે રીતે ઋજુ અથવા વક્રાગતિ થાય છે. અને જો વક્રા કરે તો પણ એક-બે અને વધુમાં વધુ ત્રણ વક્રા કરે છે. ઉત્પત્તિસ્થાન બરાબર લાઈનમાં હોય તો વક્રા વિના સીધો જ જાય છે. અને એક-બે કે ત્રણ વક્રાથી ઉત્પત્તિસ્થાન આવતું હોય તો તે રીતે એક-બે- અને ત્રણ વક્રા કરે છે. ત્રણ વક્રાવાળી ગતિ ફક્ત એકેન્દ્રિય જીવોની જ હોય છે. બૃહત્સંગ્રહણી આદિ ગ્રંથોમાં ચાર વક્રાવાળી ગતિ પણ કહેલી છે. તે નીચે ત્રસનાડીની બહાર વિદિશામાં મરી ઉપર ત્રસનાડીની બહાર વિદિશામાં જન્મનાર એકેન્દ્રિયને આશ્રયી સંભવે છે.૨-૨૮-૨૯.

**एकसमयोऽविग्रहः ૨-૩૦**
**એકસમયોવિગ્રહઃ ૨-૩૦**
**એક સમયઃ અવિગ્રહઃ ૨-૩૦**

**एकं द्वौ वानाहारकः ૨-૩૧**
**એકં દ્વૌ વાનાહારકઃ ૨-૩૧**
**એકં દ્વૌ વા અનાહારકઃ ૨-૩૧**



**સૂત્રાર્થ- અવિગ્રહગતિ હંમેશાં એક સમયના કાળવાળી જ હોય છે. અને વિગ્રહગતિમાં જીવ એક અથવા બે સમય અણાહારી હોય છે. ૨-૩૧.**

**ભાવાર્થ** - જ્યારે જીવ મોક્ષે જાય છે ત્યારે વક્રા વિનાની જ ગતિ હોય છે અને તેમાં ફક્ત ૧ સમય જ કાળ થાય છે. સાતરાજ જેટલું ક્ષેત્ર કાપીને જતા આ જીવને માત્ર ૧ સમય જ કાળ લાગે છે. વાસ્તવિકપણે તો જે સમયે નિર્વાણ પામે છે તે સમયે જ સાત રાજ ક્ષેત્ર કાપીને લોકાન્તે પહોંચી જાય છે. એટલે સમયાન્તરને અણસ્પર્શ્યા જાય છે. એમ જાણવું. અને સમશ્રેણીએ ઉપર જઈને વસે છે. તથા સંસારમાં પણ જ્યારે એક ભવથી બીજા ભવમાં ઉત્પન્ન થતા જીવને જન્મ-મરણનું સ્થાન જો એક જ પંક્તિમાં આવતું હોય તો અવિગ્રહગતિ અને ૧ સમય જ કાળ લાગે છે. પરંતુ જો વક્રા કરવી પડે તો ૧ વક્રા કરવી પડે ત્યાં ૨ સમય, ૨ વક્રા કરવી પડે ત્યાં ૩ સમય, અને ૩ વક્રા કરવી પડે ત્યાં ૪ સમય કાળ લાગે છે. તેમાં મૃત્યુ પામીને નીકળે તે સમયે પૂર્વભવના શરીરથી આ જીવ આહાર લે છે અને છેલ્લા સમયે પરભવમાં પહોંચે ત્યારે તે ભવના શરીરથી આહાર લે છે. પરંતુ વચ્ચેના સમયોમાં આ જીવને ઔદારિકાદિ શરીર ન હોવાથી આહાર ગ્રહણ સંભવતું નથી. માટે અણાહારી હોય છે. તેથી અવિગ્રહગતિમાં કે ૧ વક્રાવાળી ગતિમાં જીવ આહારી જ છે. પરંતુ બે વક્રાવાળી ગતિમાં વચ્ચેનો ૧ સમય અણાહારી છે અને ત્રણ વક્રાવાળી ગતિમાં વચ્ચેના ૨ સમય આ જીવ

અણાહારી હોય છે. સંસારમાં જે આવી માન્યતાઓ પ્રવર્તે છે કે મૃત્યુ પામેલા જીવો અવગતિએ જાય છે. જ્યાં ત્યાં ભટકે છે. લોકો બારમું -તેરમું કરે ત્યારે ખાઇ-પીને જાય છે. ત્યાં સુધી ભૂતાત્માની જેમ ઘરોમાં છુપાઇ રહે છે. ઈત્યાદિ લોકવાયકાઓ ઉપરોક્ત શાસ્ત્રકથનથી મિથ્યા છે. એમ જાણવું. ૨-૩૦-૩૧.

| | કાલમાપ | વક્રા | અણાહારી |
|---|---|---|---|
| અવિગ્રહગતિમાં | ૧ સમય | × | × |
| ૧ વક્રાવાળી ગતિમાં | ૨ સમય | ૧ | × |
| ૨ વક્રાવાળી ગતિમાં | ૩ સમય | ૨ | ૧ સમય |
| ૩ વક્રાવાળી ગતિમાં | ૪ સમય | ૩ | ૨ સમય |

**सम्मूर्च्छनगर्भोपपाता जन्म ૨-૩૨**
**સમ્મૂર્ચ્છનગર્ભોપપાતા જન્મ ૨-૩૨**
**સમ્મૂર્ચ્છન-ગર્ભ-ઉપપાતાઃ જન્મ ૨-૩૨**

**સૂત્રાર્થ - સંમ્મૂર્ચ્છન, ગર્ભજ, અને ઉપપાત એમ જન્મ ત્રણ પ્રકારના છે. ૨-૩૨.**

**ભાવાર્થ**-આ જીવ એક ભવથી મૃત્યુ પામી જ્યારે બીજા ભવમાં પહોંચે છે ત્યારે તેનો તે બીજાભવમાં જે પ્રવેશ તે **જન્મ** કહેવાય છે. **અન્ય ભવરૂપે જે ઉત્પત્તિ તે જ જન્મ સમજવો.** તે જન્મના ત્રણ પ્રકારો છે. સમ્મૂર્ચ્છન, ગર્ભજ અને ઉપપાત. (૧) જે જન્મમાં માત-પિતાના સાંસારિક સંબંધની અપેક્ષા ન હોય, પરંતુ



તેવા પ્રકારના વર્ણ-ગંધાદિ બદલાવા દ્વારા ઉત્પત્તિસ્થાન (યોનિસ્થાન) બનતાં જીવો ઉત્પન્ન થાય **તે સમ્મૂર્ચ્છન**. જેમ કે દીવાની ચારે બાજુ ઉત્પન્ન થતાં પતંગીયાં. (૨) જે જન્મમાં માત-પિતાના સંસારિક સંબંધની અપેક્ષા અવશ્ય હોય જ છે. તેના દ્વારા જ (રુધિર અને શુક્રના મિશ્રણથી) જીવનો જે જન્મ થાય **તે ગર્ભજ જન્મ**. જેમ કે મનુષ્ય-પશુ વગેરે. (૩) જેના જન્મમાં સાંસારિક સંબંધ કારણ નથી. તથા અનિયતપણે ગમે ત્યાં જે જન્મતા પણ નથી. પરંતુ પોતાના ક્ષેત્રમાં નિયતસ્થાને (ફૂલની શય્યામાં અને કુંભીમાં) જે જન્મે છે. **તે ઉપપાત જન્મ**. આ જન્મ દેવ-નારકોને જ હોય છે. ૨-૩૨.

**सचित्तशीतसंवृताः सेतरा मिश्राश्चैकशस्तद्योनयः ૨-૩૩**
**સચિત્તશીતસંવૃતાઃ સેતરા મિશ્રાશ્ચૈકશસ્તદ્યોનયઃ ૨-૩૩**
**સચિત્ત-શીત-સંવૃતાઃ સેતરાઃ મિશ્રાઃ ચ એકશઃ તદ્યોનયઃ**

**સૂત્રાર્થ-સચિત્ત-શીત અને સંવૃત. આ ત્રણ તથા તેની પ્રતિપક્ષી ત્રણ, અને મિશ્ર ત્રણ એમ તે યોનિઓ એકેક ત્રણ-ત્રણ પ્રકારની છે. કુલ નવ પ્રકારની છે. ૨-૩૩.**

**ભાવાર્થ**-જીવોને ઉત્પન્ન થવાનું જે સ્થાન તે યોનિ કહેવાય છે. તે એકેક યોનિના ત્રણ-ત્રણ ભેદ હોય છે. સચિત્ત, શીત, સંવૃત. તેના પ્રતિપક્ષી ત્રણ અચિત્ત, ઉષ્ણ, વિવૃત. અને મિશ્ર પણ ત્રણ સચિત્તાચિત્ત. શીતોષ્ણ, સંવૃતવિવૃત. એમ ત્રણે યોનિઓ ત્રણ ત્રણ પ્રકારે છે. કુલ નવ પ્રકાર છે.

(૧) જે ઉત્પત્તિસ્થાન જીવોવાળું હોય તે સચિત્ત, (૨) જીવો વિનાનું ઉત્પત્તિસ્થાન હોય તે અચિત્ત, અને (૩) જીવ-અજીવ એમ ઉભયવાળું ઉત્પત્તિ સ્થાન હોય તે મિશ્ર. (૪) જે ઉત્પત્તિસ્થાન શીતળતાવાળું હોય તે શીત, (૫) ઉષ્ણતાવાળું હોય તે ઉષ્ણ અને (૬) શીતળતા-ઉષ્ણતા એમ બન્નેવાળું હોય તે મિશ્ર. (૭) જે ઉત્પત્તિસ્થાન ઢાંકેલું હોય તે સંવૃત, (૮) ખુલ્લું હોય તે વિવૃત. (૯) અને ગુપ્ત હોવા છતાં ઉદરવૃદ્ધિ આદિસ્વરૂપે જે જણાય તે મિશ્ર. એમ ત્રણના ત્રણ ત્રણ પ્રકાર જાણવા. ૨-૩૩.

**जराय्वण्डपोतजानां गर्भः ૨-૩૪**
**જરાય્વણ્ડપોતજાનાં ગર્ભઃ ૨-૩૪**
**જરાયુ-અંડ-પોતજાનાં ગર્ભઃ ૨-૩૪**

**नारकदेवानामुपपातः ૨-૩૫**
**નારકદેવાનામુપપાતઃ ૨-૩૫**
**નારક-દેવાનામ્ ઉપપાતઃ ૨-૩૫**

**સૂત્રાર્થ-જરાયુજ, અંડજ, અને પોતજ એમ ત્રણ પ્રકારના જીવોનો જે જન્મ છે. તે ગર્ભજ કહેવાય છે. નારકી અને દેવોનો જન્મ ઉપપાત હોય છે. ૨-૩૪-૩૫.**

**ભાવાર્થ**-હવે ગર્ભજ-ઉપપાત અને સમ્મૂર્છન જન્મ કોનો કોનો હોય છે? તે સમજાવે છે. જન્મ થતાં જે મલીન



પદાર્થ સાથે હોય છે કે જેમાં વીંટળાઈને આ જીવ જન્મે છે તેને ગુજરાતીમાં **ઓર** અને શાસ્ત્રમાં **જરાયુ** કહેવાય છે. તે જરાયુમાં વીંટળાયેલો જન્મ જેનો છે તે **જરાયુજ**. ઈંડા સ્વરૂપે જન્મ જેનો છે તે **અંડજ**. અને શુદ્ધ બચ્ચા સ્વરૂપે જન્મ જેનો છે તે **પોતજ**. આ ત્રણે પ્રકારના જન્મ ગર્ભજ કહેવાય છે. મનુષ્યો-ગાય-ભેંસ-બકરા આદિનો જન્મ જરાયુજ છે. ચકલી, મોર, પોપટ વગેરે પક્ષીઓનો જન્મ અંડજ છે. અને હાથી-સસલા વગેરેનો જન્મ પોતજ છે. આ ત્રણે પ્રકારો ગર્ભજ જન્મના છે. કારણ કે આ ત્રણે પ્રકારના જન્મમાં સ્ત્રી-પુરુષના સંબંધની અવશ્ય અપેક્ષા હોય છે.

નારકી અને દેવોનો જન્મ ઉપપાત જ હોય છે. અને આ ઉપપાત જન્મ નારકી-દેવોનો જ હોય છે. ઉત્પત્તિના ક્ષેત્રે નિયતસ્થાન તેઓનું જ છે. ૨-૩૪-૩૫.

**शेषाणां सम्मूर्छनम् ૨-૩૬**
**શેષાણાં સમ્મૂર્છનમ્ ૨-૩૬**
**શેષાણાં સમ્મૂર્છનમ્ ૨-૩૬**

**સૂત્રાર્થ - બાકીના જીવોનો સમ્મૂર્છન જન્મ હોય છે. ૨-૩૬.**

**ભાવાર્થ**- ગર્ભજ અને ઉપપાત જન્મ જેનો નથી એવા બાકીના સર્વે જીવોનો સમ્મૂર્છન જન્મ છે. તેથી એકેન્દ્રિય વિકલેન્દ્રિય. અસંજ્ઞી પંચેન્દ્રિય જીવોનો જન્મ સમ્મૂર્છન જ

કહેવાય છે. આ જીવો સ્ત્રી-પુરુષના સંસર્ગ વિના જ ઉત્પન્ન થાય છે. ૨-૩૬.

**औदारिकवैक्रियाहारकतैजसकार्मणानि शरीराणि २-३७**
**ઔદારિકવૈક્રિયાહારકતૈજસકાર્મણાનિ શરીરાણિ ૨-૩૭**
**ઔદારિક-વૈક્રિય-આહારક-તૈજસ-કાર્મણાનિ શરીરાણિ ૩૭**

**સૂત્રાર્થ- ઔદારિક-વૈક્રિય-આહારક-તૈજસ અને કાર્મણ એમ કુલ ૫ શરીરો છે. ૨-૩૭.**

**ભાવાર્થ**-કોઈપણ જીવ પરભવમાં ઉત્પન્ન થયા પછી સૌથી પ્રથમ આહાર ગ્રહણ કરે છે. અને તે આહારમાંથી જીવન જીવવાના આધારભૂત શરીર બનાવે છે. શરીર એટલે *शीर्यते यत् तद् शरीरम्=* **જે નાશ પામે તે શરીર.** તેના પાંચ ભેદ છે. હાડકાં-માંસ-ચરબી-રુધીર-આદિ સાત ધાતુઓનું બનેલું જે શરીર તે ઔદારિકશરીર. જે નાનું-મોટું થાય. પાણીમાં અને ભૂમિ ઉપર ચાલનારૂં બને, તથા દૃશ્ય-અદૃશ્ય થાય તે વૈક્રિયશરીર. ચૌદપૂર્વધર મહાપુરુષો તીર્થંકર પરમાત્માની ઋદ્ધિ આદિ જોવા માટે જે શરીર બનાવે તે આહારક શરીર. ભુક્ત આહારને પકાવનારૂં જે શરીર તે તૈજસશરીર. અને કર્મસ્વરૂપે જે શરીર તે કાર્મણશરીર. એમ શરીર પાંચ પ્રકારનું છે. ૨-૩૭.

**परं परं सूक्ष्मम् २-३८**
**પરં પરં સૂક્ષ્મમ્ ૨-૩૮**
**પરં પરં સૂક્ષ્મમ્ ૨-૩૮**





**प्रदेशतोऽसङ्ख्येयगुणं प्राक् तैजसात् २-३९**
**પ્રદેશતોઽસંખ્યેયગુણં પ્રાક્ તૈજસાત્ ૨-૩૯**
**પ્રદેશતઃ અસંખ્યેયગુણં પ્રાક્ તૈજસાત્ ૨-૩૯**

**સૂત્રાર્થ-પછી પછીનું શરીર સૂક્ષ્મ છે. અને પાંચ શરીરોમાં તૈજસની પૂર્વેનાં ત્રણ શરીરો પ્રદેશની અપેક્ષાએ અસંખ્યેયગુણાં છે. ૨-૩૮, ૩૯.**

**ભાવાર્થ**-ઔદારિક શરીરની અપેક્ષાએ વૈક્રિય સૂક્ષ્મ છે. એ પ્રમાણે વૈક્રિયશરીર કરતાં આહારક, આહારક શરીર કરતાં તૈજસ, અને તૈજસ કરતાં કાર્મણશરીર અત્યન્ત સૂક્ષ્મ છે. પ્રથમનાં ત્રણ શરીર ચક્ષુથી દૃશ્ય છે પાછળનાં બે અદૃશ્ય છે. પછી પછીનાં શરીરોની અવગાહના સૂક્ષ્મ હોવા છતાં પણ તૈજસની પહેલાનાં એટલે કે આહારક સુધીનાં ત્રણ શરીરો પ્રદેશોની અપેક્ષાએ અસંખ્યગુણા પ્રદેશોવાળાં છે. ઔદારિકશરીર કરતાં વૈક્રિયશરીરના પ્રદેશો અને વૈક્રિયશરીર કરતાં આહારક શરીરના પ્રદેશો અસંખ્યગુણા છે. પ્રદેશો વધારે વધારે છે. અને અવગાહના ઓછી ઓછી છે. તેનું કારણ એ છે કે તે તે શરીરના પુદ્ગલોના પિંડો વધારે વધારે ઘનીભૂત થતા જાય છે. જેથી પ્રદેશો વધારે વધારે હોવા છતાં પણ અવગાહના અલ્પ અલ્પ થાય છે. આમાં સ્કંધોની ઘનીભૂતતા એ જ કારણ છે. ૨-૩૮-૩૯.

**अनन्तगुणे परे २-४०**
**અનન્તગુણે પરે ૨-૪૦**
**અનન્તગુણે પરે ૨-૪૦**

**अप्रतिघाते २-४१**
**અપ્રતિઘાતે ૨-૪૧**
**અપ્રતિઘાતે ૨-૪૧**

**अनादिसम्बन्धे च २-४२**
**અનાદિસમ્બન્ધે ચ ૨-૪૨**
**અનાદિસમ્બન્ધે ચ ૨-૪૨**

**सर्वस्य २-४३**
**સર્વસ્ય ૨-૪૩**
**સર્વસ્ય ૨-૪૩**

**સૂત્રાર્થ-પાછળનાં બે શરીરો અનંતગુણા પ્રદેશોવાળાં, અપ્રતિઘાતી, અનાદિ-સંબંધવાળાં છે. અને સર્વ જીવોને હોય છે. ૨-૪૦-૪૧-૪૨-૪૩.**

**ભાવાર્થ**-*परे* શબ્દ નપુંસકલિંગ દ્વિવચન હોવાથી પરે એટલે પાછળનાં બે શરીરો તૈજસ અને કાર્મણ અનંતગુણા પ્રદેશવાળાં છે. એટલે આહારક શરીરના પ્રદેશો કરતાં તૈજસના અને તૈજસશરીર કરતાં કાર્મણ શરીરના પ્રદેશો અસંખ્યાતગુણા નથી. પરંતુ અનંતગુણા છે. તથા આ બન્ને શરીરો અપ્રતિઘાતી છે. ગમે તેવા પર્વત-નદી કે કઠણ પૃથ્વીમાંથી પસાર થવા છતાં આ બે શરીરોને કોઈ પણ જાતનો પ્રતિઘાત થતો નથી. (અથડામણ થતી નથી) તેમાંથી પસાર થઈ જાય છે. તથા આ



બન્ને શરીરો અનાદિકાલથી જીવની સાથે સંબંધવાળાં છે. ક્યારેય પણ આ જીવ ભૂતકાળમાં તૈજસ-કાર્મણ વિનાનો ન હતો. તથા આ બન્ને શરીરો સર્વ સંસારી જીવોને હોય જ છે. કારણ કે આ બે શરીરો જ સંસારનું મૂલ છે. માટે અનાદિકાલથી સર્વજીવોને આ બે શરીરો છે જ. ૨-૪૦-૪૧-૪૨-૪૩.

**तदादीनि भाज्यानि युगपदेकस्याचतुर्भ्यः २-४४**
**તદાદીનિ ભાજ્યાનિ યુગપદેકસ્યાચતુર્ભ્યઃ ૨-૪૪**
**તદ્-આદીનિ ભાજ્યાનિ યુગપદ્ એકસ્ય આચતુર્ભ્યઃ૨-૪૪**

**સૂત્રાર્થ-તે તૈજસકાર્મણ શરીરોને આદિમાં ગણીને એકી સાથે એક જીવને વધુમાં વધુ ચાર સુધીનાં શરીરો ભજનાએ હોય છે. ૨-૪૪.**

**ભાવાર્થ** - જો કે શરીરોનો ક્રમ ૩૭ સૂત્ર પ્રમાણે ઔદારિક, વૈક્રિય, આહારક, તૈજસ અને કાર્મણ છે. તો પણ તૈજસ-કાર્મણ શરીર આદિમાં ગણીને ૪૪મું સૂત્ર લગાડવું. એટલે કે તૈજસ, કાર્મણ, ઔદારિક, વૈક્રિય અને આહારક એવો ક્રમ લેવો. આ પ્રમાણેના નવા ક્રમમાંથી એક જીવને એકી સાથે બે, ત્રણ અને વધુમાં વધુ ચાર શરીરો હોય છે. જો બે હોય તો તૈજસ-કાર્મણ (વિગ્રહગતિમાં), જો ત્રણ હોય તો તૈજસ-કાર્મણ અને ઔદારિક, (મનુષ્ય-તિર્યંચોને) અથવા તૈજસ-કાર્મણ અને વૈક્રિય (દેવ-નારકીને). જો ચાર હોય તો તૈજસ-કાર્મણ-ઔદારિક-વૈક્રિય (વૈક્રિયની લબ્ધિવાળાને

વિકુર્વણાના કાળે) અથવા તૈજસ-કાર્મણ ઔદારિક અને આહારક (આહારક લબ્ધિવાળાને આહારકની વિકુર્વણાના કાળે), એમ એકી સાથે એક જીવને ૨-૩-૪ શરીરો હોય છે. પરંતુ એકી સાથે પાંચ શરીરો હોતાં નથી. કારણ કે વૈક્રિય શરીર તથા આહારક શરીરની રચના એક જીવમાં એક કાળે થતી નથી. ૨-૪૪.

**निरुपभोगमन्त्यम् ૨-૪૫**
**નિરુપભોગમન્ત્યમ્ ૨-૪૫**
**નિરુપભોગમ્ અન્ત્યમ્ ૨-૪૫**

**गर्भसम्मूर्छनजमाद्यम् ૨-૪૬**
**ગર્ભસમ્મૂર્છનજમાદ્યમ્ ૨-૪૬**
**ગર્ભસમ્મૂર્છનજમ્ આદ્યમ્ ૨-૪૬**

**સૂત્રાર્થ- અન્ત્યકાર્મણશરીર નિરુપભોગ હોય છે. પ્રથમ ઔદારિકશરીર ગર્ભજ અને સમ્મૂર્છન જન્મવાળાને હોય છે. ૨-૪૫-૪૬.**

**ભાવાર્થ**-ઔદારિક-વૈક્રિય અને આહારક શરીરોથી કવલાહાર દ્વારા અથવા લોમાહાર દ્વારા આહાર-પાણી લઈ શકાય છે. ગમનાગમન કરી શકાય છે. સુખ અને દુઃખનો ઉપભોગ કરી શકાય છે તેવો ઉપભોગ કાર્મણ શરીરથી કરી શકાતો નથી. તથા તૈજસ શરીરથી કોઈ બીજા મનુષ્ય ઉપર તેજોલેશ્યા અને શીતલેશ્યા મુકી શકાય છે. અને ભોજન



કરેલા આહારનું પાચન પણ તૈજસ શરીરથી થાય છે. તે રીતે તેનો પણ ઉપભોગ કરી શકાય છે. તેવો ઉપભોગ કાર્મણ શરીરથી થઈ શકતો નથી. માટે અન્ત્ય જે કાર્મણ શરીર છે, તે સાંસારિક સુખ-દુઃખ ભોગવવામાં નિરુપભોગ છે. અને બાકીનાં ચારે શરીરો ઉપર સમજાવ્યા મુજબ કોઈને કોઈ રીતિએ ઉપભોગ યોગ્ય છે. હવે આ પાંચે શરીરો કોને કોને હોય છે. તે સમજાવાય છે.

(૧) ઔદારિક શરીર ગર્ભજ જન્મવાળા તિર્યંચ અને મનુષ્યોને હોય છે. તથા સમ્મૂર્છન જન્મવાળા એકેન્દ્રિયાદિ જીવોને પણ આ ઔદારિકશરીર જ હોય છે. એટલે એકેન્દ્રિય-વિકલેન્દ્રિય અને પંચેન્દ્રિય તિર્યંચ-મનુષ્યોને સર્વને આ ઔદારિકશરીર હોય છે. એમ જાણવું. ૨-૪૫-૪૬.

**वैक्रियमौपपातिकम् ૨-૪૭**
**વૈક્રિયમૌપપાતિકમ્ ૨-૪૭**
**વૈક્રિયમ્ ઔપપાતિકમ્ ૨-૪૭**

**लब्धिप्रत्ययं च ૨-૪૮**
**લબ્ધિપ્રત્યયં ચ ૨-૪૮**
**લબ્ધિપ્રત્યયં ચ ૨-૪૮**

**સૂત્રાર્થ-ઉપપાત જન્મવાળા દેવો અને નારકીને વૈક્રિયશરીર હોય છે તથા લબ્ધિપ્રત્યયિક વૈક્રિયશરીર તિર્યંચ-મનુષ્યોને હોય છે. ૨-૪૭-૪૮.**

**ભાવાર્થ** - ઉપપાત જન્મવાળા દેવો તથા નારકીના સર્વે જીવોને વૈક્રિય શરીર હોય છે. જન્મથી મરણ પર્યન્ત વૈક્રિય શરીર જ હોય છે. તથા તિર્યંચ પંચેન્દ્રિયમાં અને ગર્ભજ મનુષ્યોમાં લબ્ધિના નિમિત્તવાળું (વિશિષ્ટ શ્રુત-ચારિત્ર અને તપોબલવાળા પં. તિર્યંચ અને મનુષ્યના જીવોને લબ્ધિપ્રત્યયિક) વૈક્રિય શરીર હોય છે. લબ્ધિ વિનાના તિર્યંચ-મનુષ્યોને વૈક્રિય શરીર હોતું નથી. દેવ-નારકીને આ વૈક્રિયશરીર ભવપ્રત્યયિક છે. અને પં. તિર્યંચ મનુષ્યોને આ શરીર લબ્ધિપ્રત્યયિક છે. વાયુકાયને જે વૈક્રિય શરીર છે. તે લબ્ધિપ્રત્યયિક જાણવું. કારણ કે ભવપ્રત્યયિક હોય તો સર્વે વાઉકાયને હોવું જોઈએ. અને ઔદારિકનો અભાવ જ જોઈએ પરંતુ તેમ નથી. માટે લબ્ધિપ્રત્યયિક જ છે. ૨-૪૭-૪૮.

**शुभं विशुद्धमव्याघाति चाहारकं चतुर्दशपूर्वधरस्यैव ४९**
**શુભં વિશુદ્ધમવ્યાઘાતિ ચાહારકં ચતુર્દશપૂર્વધરસ્યૈવ ૨-૪૯**
**શુભં વિશુદ્ધં અવ્યાઘાતિ ચ આહારકં ચતુર્દશપૂર્વધરસ્ય એવ**

**સૂત્રાર્થ-આહારક શરીર શુભ છે. વિશુદ્ધ છે. અવ્યાઘાતી છે અને ચૌદપૂર્વધર મુનિને જ હોય છે. ૨-૪૯.**

**ભાવાર્થ**-આહારક શરીર અત્યન્ત શુભ છે. કારણ કે હાડ-માંસ ચરબી-રુધિર આદિ ધાતુઓથી રહિત છે. અને ઉત્તમ વર્ણાદિ વાળા પુદ્‌ગલોનું બનેલું છે. માટે **શુભ** છે. દર્શન કરવાં અથવા ઋદ્ધિ જોવી ઈત્યાદિ ઉત્તમ આશયથી બનાવેલું છે. અને નિરવદ્ય છે. માટે **વિશુદ્ધ** છે. તથા ગમે તેટલી વેગવાળી ગતિથી



મહાવિદેહમાં જાય અને આવે પરંતુ માર્ગમાં ક્યાંય વ્યાઘાત પામતું નથી. તેથી **અવ્યાઘાતિ** છે. તથા આ શરીર ચૌદ પૂર્વધર મુનિ મહાત્માઓને જ હોય છે. તેવા પૂર્વધર વિનાના સામાન્ય મુનિ આદિને (સાધ્વીજીને, શ્રાવકને, શ્રાવિકાઓને તથા તિર્યંચાદિ જીવોને) હોતું નથી.૨-૪૯.

**नारकसम्मूर्छिनो नपुंसकानि २-५०**
**નારકસમ્મૂર્છિનો નપુંસકાનિ ૨-૫૦**
**નારકસમ્મૂર્છિનઃ નપુંસકાનિ ૨-૫૦**

**न देवाः २-५१ ન દેવાઃ ૨-૫૧ ન દેવાઃ ૨-૫૧**

**સૂત્રાર્થ-નારકી અને સમ્મૂર્છિમ જીવો નપુંસક વેદવાળા હોય છે. અને દેવો નપુંસકવેદવાળા નથી. ૨-૫૦-૫૧.**

**ભાવાર્થ** - શરીર પાંચ પ્રકારનાં વિસ્તારથી સમજાવ્યાં. શરીરની રચના થાય એટલે સ્ત્રી આકાર, પુરુષ આકાર કે ઉભય આકાર રૂપ ત્રણ પ્રકારના વેદોમાંથી કોઈને કોઈ આકારની રચનાનો પણ સંભવ થાય જ. માટે હવે આ બે સૂત્રોમાં વેદો જણાવે છે. સાતે નારકીના જીવો તથા એકેન્દ્રિય, વિકલેન્દ્રિય અને અસંજ્ઞી પંચેન્દ્રિય સ્વરૂપ સમ્મૂર્છિમ સર્વે જીવો માત્ર એક નપુંસકવેદવાળા જ હોય છે. એટલે ત્યાં સ્ત્રી-પુરુષ હોતા નથી. તથા દેવોમાં નપુંસકવેદ હોતો નથી, એટલે કે દેવ અને દેવી એમ સ્ત્રી અને પુરુષ એવા બે જ વેદ હોય છે. બાકીના ગર્ભજ મનુષ્ય તથા ગર્ભજ પંચેન્દ્રિય તિર્યંચોને ત્રણે વેદો હોય છે. આ પ્રમાણે વેદો કહ્યા. હવે શરીર ધારણ કરવાથી

તે તે ભવ શરૂ થાય છે. તેથી ભવમાં પ્રતિબંધ કરવા રૂપે પ્રાપ્ત થતું આયુષ્ય કેવું હોય છે? તે હવે સમજાવે છે. ૨-૫૦-૫૧.

**औपपातिकचरमदेहोत्तमपुरुषासङ्ख्येयवर्षायुषोनपवर्त्यायुषः**
**ઔપપાતિકચરમદેહોત્તમપુરુષાસંખ્યેયવર્ષાયુષોનપવર્ત્યાયુષઃ**
**ઔપપાતિક-ચરમદેહ-ઉત્તમપુરુષ-અસંખ્યેય-**
**વર્ષાયુષઃ અનપવર્ત્યાયુષઃ ૨-૫૨**

**સૂત્રાર્થ-ઉપપાતજન્મવાળા, ચરમશરીરી, ઉત્તમપુરુષ, અને અસંખ્યાત વર્ષના આયુષ્યવાળા જીવો અનપવર્તનીય આયુષ્યવાળા જ હોય છે. ૨-૫૨.**

**ભાવાર્થ**-કોઈપણ ભવનું જીવન આયુષ્યકર્મના આધારે જ હોય છે. આયુષ્યકર્મ એ ભવના આધારભૂત સ્તંભસમાન છે. તે આયુષ્ય બે પ્રકારનું છે. અપવર્તનીય અને અનપવર્તનીય. બાંધેલું જે આયુષ્ય નિમિત્તોના કારણે ટુકું થાય. ઘટાડો થાય. દોરડાના વાળેલા ગુંચળાની જેમ ભેગું થઈ જાય અને સાથે ભોગવાઈ જાય તે **અપવર્તનીય.** અને બાંધેલા આયુષ્યમાં આવા કોઈપણ ફેરફારો ન થાય. જેવું બાંધ્યું હોય તેવું જ ભોગવાય તે **અનપવર્તનીય** કહેવાય છે. નીચેના જીવોનું આયુષ્ય નિયમા **અનપવર્તનીય** જ હોય છે.

(૧) **ઉપપાત જન્મવાળા** સર્વે દેવો અને સર્વે નારકીના જીવો.
(૨) **ચરમશરીરી.** તે જ ભવે મોક્ષે જનારા. અન્તિમ શરીર-વાળા. તદ્‌ભવ મોક્ષગામી જીવો.
(૩) **ઉત્તમપુરુષ.** એટલે ત્રેસઠ શલાકાપુરુષો. (૨૪ તીર્થંકર



ભગવન્તો-૧૨ ચક્રવર્તીઓ, ૯ વાસુદેવો, ૯ બળદેવો, અને ૯ પ્રતિવાસુદેવો)
(૪) **અસંખ્યેયવર્ષાયુષ**-અસંખ્યાત વર્ષના આયુષ્યવાળા યુગલિક તિર્યંચો અને યુગલિક મનુષ્યો.

આ ચાર પ્રકારના જીવોનું આયુષ્ય નિયમા અનપવર્તનીય જ હોય છે. ગમે તેવા મરણાન્ત કષ્ટોથી પણ તુટતું નથી. શેષ જીવોનું આયુષ્ય કોઈનું અપવર્તનીય અને કોઈનું અનપવર્તનીય હોય છે. પરંતુ બહુધા અપવર્તનીય વધારે હોય છે. જે અનપર્વતનીય આયુષ્ય હોય છે તે નિરૂપક્રમ (મૃત્યુકાળે નિમિત્ત મળ્યા વિના સહજપણે પૂર્ણ થાય તેવું. જેમ કે તીર્થંકરાદિનું આયુષ્ય) તથા સોપક્રમ (મૃત્યુકાળે નિમિત્ત મળે તેવું, જેમ કે ગજસુકુમાલ અને ખંધકમુનિના શિષ્યોનું આયુષ્ય) એમ બે પ્રકારનું હોય છે. અને અપર્વતનીય આયુષ્ય નિયમા સોપક્રમ જ હોય છે. ૨-૫૨.




**દ્વિતીય અધ્યાય સમાપ્ત**

# અધ્યાય ત્રીજો

**रत्नशर्करावालुकापङ्कधूमतमोमहातमःप्रभा भूमयो घनाम्बुवाताकाशप्रतिष्ठाः सप्ताधोधः पृथुतराः ३-१**

**રત્નશર્કરાવાલુકા પંક ધૂમતમોમહાતમઃ પ્રભા ભૂમયો ઘનામ્બુવાતાકાશ પ્રતિષ્ઠાઃ સપ્તાધોધઃ પૃથુતરાઃ ૩-૧**

**રત્ન-શર્કરા-વાલુકા-પંક-ધૂમ-તમો-મહાતમઃપ્રભાઃ ભૂમયઃ ઘન-અમ્બુ-વાત-આકાશ-પ્રતિષ્ઠાઃ સપ્ત અધઃ અધઃ પૃથુતરાઃ**

**સૂત્રાર્થ- રત્નપ્રભા, શર્કરાપ્રભા, વાલુકાપ્રભા, પંકપ્રભા, ધૂમપ્રભા, તમઃપ્રભા, મહાતમઃપ્રભા એમ કુલ સાત નરક-પૃથ્વીઓ છે. તે ઘનોદધિ, વાયુ અને આકાશના આધારે રહેલી છે. તથા નીચે નીચે વધારે વધારે પહોળી પહોળી છે. ૩-૧.**

**ભાવાર્થ-** ચૌદ રાજલોક પ્રમાણ એવા આ લોકમાં નીચેના અધોલોકમાં કુલ સાત નારકપૃથ્વીઓ છે તેમાં પ્રથમ રત્નપ્રભા, બીજી શર્કરાપ્રભા, ત્રીજી વાલુકાપ્રભા, ચોથી પંકપ્રભા, પાંચમી ધૂમપ્રભા, છઠ્ઠી તમઃપ્રભા, અને સાતમી મહાતમઃપ્રભા એવા નામવાળી છે. આ એકેક નારકીની નીચે **ઘનોદધિ** (બરફની પાટ જેવું થીજું-જામેલું પાણી), **ઘનવાત** (ઘાટો બાદર વાયુ), **તનવાત** (પાતળો સૂક્ષ્મ વાયુ), અને **આકાશ** આવેલાં છે. નારકીના જીવોને રહેવા માટેનું માટી



પત્થર આદિનું બનેલું આ પ્રથમ નારકીનું દળ અને ઘનોદધિ આ બન્ને પદાર્થો વજનદાર હોવાથી નીચે બેસી જવાના સ્વભાવવાળાં છે. પરંતુ તેની નીચે રહેલો ઘનવાત અને તનવાત ઉછળવાના સ્વભાવવાળો હોવાથી તથા લોકાનુભાવથી આ જગત સ્થિર છે. ઉપર રહેલું પૃથ્વીનું દળ અને ઘનોદધિ બેસી જવાના સ્વભાવવાળાં હોવા છતાં નીચેના વાયુના પ્રેસરથી બેસી જતાં નથી તથા નીચે રહેલો વાયુ ઉછળવાના સ્વભાવવાળો હોવા છતાં પૃથ્વી અને ઘનોદધિના પ્રેસરથી ઉપર આવી શકતો નથી, તેથી તથા **જગત્સ્વભાવે** અને મહાત્માઓના પુણ્યપ્રભાવે જગત્ આ રીતે સ્થિર છે.

આ સાતે નારકીઓ નીચે નીચે પહોળી પહોળી છે. પહેલી નારકી ૧ રાજ પહોળી, બીજી નારકી બે રાજ પહોળી, ત્રીજી નારકી ત્રણ રાજ પહોળી એમ સાતમી નારકી સાતરાજ પહોળી છે. અસંખ્યાતા યોજનનો ૧ રાજ થાય છે. અને ચાર ગાઉનો ૧ યોજન થાય છે. પરંતુ આ પ્રમાણાંગુલના માપે માપ લેવાનું છે. અને પ્રમાણાંગુલ ઉત્સેધાંગુલથી ૪૦૦ ગણું મોટું હોય છે. તેથી ઉત્સેધાંગુલના માપવાળા ૧૬૦૦ ગાઉ અર્થાત્ ૩૨૦૦ માઈલનો ૧ યોજન અહીં ગણાય છે. ૩-૧.

**तासु नरकाः ३-२**

**તાસુ નરકાઃ ૩-૨**

**તાસુ નરકાઃ ૩-૨**

**સૂત્રાર્થ- તે સાતે નારકીમાં નરકના જીવો રહે છે. ૩-૨.**

**ભાવાર્થ-** રત્નપ્રભા-શર્કરાપ્રભા વગેરે નામવાળી નીચેની આ સાતે નારકીઓમાં જે જીવો વસે છે તેને નરક કહેવાય છે. અતિશય પાપ કરનારા પાપી જીવો પાપફલ ભોગવવા માટે જ જાણે ત્યાં ગયા હોય તેમ તેઓને નરક કહેવાય છે. *पापफलोपभोगार्थं नरान् कायन्तीति नरकाः, नर* શબ્દના ઉપલક્ષણથી તિર્યંચો પણ સમજી લેવા. ૩-૨.

**नित्याशुभतरलेश्यापरिणामदेहवेदनाविक्रियाः ३-३**
**નિત્યાશુભતરલેશ્યાપરિણામદેહવેદનાવિક્રિયાઃ ૩-૩**
**નિત્ય-અશુભતર-લેશ્યા-પરિણામ-દેહ-વેદના-વિક્રિયાઃ ૩**

**સૂત્રાર્થ-આ નારકી જીવો હંમેશાં અશુભતર લેશ્યા-પરિણામ-દેહ-વેદના અને વિક્રિયાવાળા હોય છે. ૩-૩.**

**ભાવાર્થ** - સાતે નરકમાં રહેનારા નારકી જીવો હંમેશાં અશુભતર લેશ્યાવાળા છે. પહેલી-બીજી નારકીમાં કાપોતલેશ્યા, ત્રીજી નારકીમાં કાપોત અને નીલ લેશ્યા, ચોથી નારકીમાં નીલલેશ્યા, પાંચમી નારકીમાં નીલ અને કૃષ્ણલેશ્યા તથા છઠ્ઠી-સાતમી નારકીમાં કૃષ્ણલેશ્યા હોય છે. તથા વધારે વધારે અશુભ વિચારવાળા આ જીવો હોય છે. લોમાહારથી લેવાતા આહારાદિ પણ અધિક અધિક અશુભરૂપે પરિણામ પામે છે. શરીર પણ વધારે વધારે દુર્ગંધવાળુ અને વધારે અશુચિમય હોય છે. શારીરિક આદિ પીડાઓ પણ વધારે વધારે હોય છે. તથા શરીરની રચનાદિ પણ વધારે વધારે વિકૃત-બીભત્સ-જોવી પણ ન ગમે તેવી હોય છે. ૩-૩.



**परस्परोदीरितदुःखाः ३-४**
**પરસ્પરોદીરિતદુઃખાઃ ૩-૪**
**પરસ્પર-ઉદીરિત-દુઃખાઃ ૩-૪**

**સૂત્રાર્થ-પરસ્પર ઉદીરણા કરાયેલા દુઃખોવાળા આ નારકી જીવો છે. ૩-૪.**

**ભાવાર્થ** - હવે નારકીના જીવોને દુઃખ (પીડા) કેટલા પ્રકારની હોય છે ? તે સમજાવે છે. કોઈપણ નારકીનો એક જીવ બીજા જીવને અરસપરસ પીડા કરનારો હોય છે. એક-બીજા અંદરોઅંદર ઘણું જ લડનારા હોય છે. તેઓ શસ્ત્રોથી પણ લડે છે અને વિના શસ્ત્રથી પણ લડે છે. તેથી પ્રહરણકૃત અને અપ્રહરણકૃત એમ બે પ્રકારની આ **પરસ્પરકૃત વેદના** હોય છે. હલકી કોમના માનવની જેમ અત્યંત લડવાના સ્વભાવવાળા આ જીવો હોય છે. ૩-૪.

**संक्लिष्टासुरोदीरितदुःखाश्च प्राक् चतुर्थ्याः ३-५**
**સંક્લિષ્ટાસુરોદીરિતદુઃખાશ્ચ પ્રાક્ચતુર્થ્યાઃ ૩-૫**
**સંક્લિષ્ટ-અસુર-ઉદીરિત-દુઃખાઃ ચ પ્રાક્ ચતુર્થ્યાઃ ૩-૫**

**સૂત્રાર્થ-સંકિલષ્ટ પરિણામી એવા અસુરો (પરમાધામી દેવો) વડે ઉદીરણા કરાયેલા દુઃખોવાળા જીવો ચોથી નારકીની પૂર્વે (ત્રીજી નારકી સુધીના જીવો) હોય છે. ૩-૫.**

**ભાવાર્થ**- હંમેશાં બીજા જીવોને દુઃખ આપવામાં જ મસ્ત રહેનારા, સંક્લિષ્ટ પરિણામવાળા, કષાયના આવેશોથી જ ભરેલા એવા જે દેવો છે તે પરમાધામી (પરમ અધર્મી) દેવો કહેવાય છે. તેઓ નારકીના જીવોને સતત દુઃખ જ આપતા હોય છે. ઘાણીમાં પીલવા દ્વારા, આકાશમાં ઉછાળવા દ્વારા, ભાલા આદિ શસ્ત્રોથી વિંધવા દ્વારા, આગમાં શેકવા દ્વારા એમ અનેક રીતે આ દેવો નારકીને દુઃખ આપે છે. પરંતુ આ પરમાધામી દેવો પ્રથમની ત્રણ નારકીના જીવોને જ પીડા કરવા જાય છે. ત્યારબાદ ચોથી-પાંચમી વગેરે નારકીઓનાં ક્ષેત્રો અત્યન્ત દુર્ગંધમય પદાર્થોથી ભરપૂર હોય છે. તેથી અત્યન્ત અસહ્ય વાતાવરણના કારણે દેવો ત્યાં જતા નથી. આ **પરમાધામી દેવકૃત વેદના** કહેવાય છે. આ પરમાધામી દેવકૃત વેદના પ્રથમની ત્રણ નરક સુધી જ છે. તેથી ચોથી આદિ નરકમાં ઓછુ દુઃખ છે. એમ ન સમજવું. પરંતુ ત્યાં પરસ્પરકૃત અને ક્ષેત્રકૃત વેદના અતિશય વધુ ભયંકર હોય છે. એમ સમજવું.

તથા સાતે નારકીમાં **ક્ષેત્રકૃત વેદના** ઘણી હોય છે. કાંટાવાળી ભૂમિની જેમ ત્યાંની ભૂમિ પણ દુઃખદાયી હોય છે. તથા શીતળતા-ઉષ્ણતા આદિ ભાવો પણ ક્ષેત્રનિમિત્તે વધુને વધુ દુઃખદાયી જ હોય છે. આ પ્રમાણે નારકીઓમાં કુલ ત્રણ પ્રકારની વેદના હોય છે. ૩-૫.

**तेष्वेकत्रिसप्तदशसप्तदशद्वाविंशति–**
**त्रयस्त्रिंशत्सागरोपमाः सत्त्वानां परा स्थितिः ३-६**



**તેષ્વેકત્રિસપ્તદશસપ્તદશદ્વાવિંશતિ-**
**ત્રયસ્ત્રિંશત્સાગરોપમાઃ સત્ત્વાનાં પરા સ્થિતિઃ ૩-૬**
**તેષુ એક-ત્રિ-સપ્ત-દશ-સપ્તદશ-દ્વાવિંશતિ-**
**ત્રયસ્ત્રિંશત્-સાગરોપમાઃ સત્ત્વાનાં પરા સ્થિતિઃ ૩-૬**

**સૂત્રાર્થ - તે સાતે નારકીમાં જીવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય અનુક્રમે ૧-૩-૭-૧૦-૧૭-૨૨ અને ૩૩ સાગરોપમનું હોય છે. ૩-૬.**

**ભાવાર્થ**-રત્નપ્રભા નારકીથી સાતે નારકીના જીવોનું ઉત્કૃષ્ટ (વધુમાં વધુ) આયુષ્ય નીચે મુજબ હોય છે. તથા જઘન્ય આયુષ્યનું માપ જો કે ચોથા અધ્યાયના ૪૩-૪૪ સૂત્રમાં આવવાનું છે. તો પણ આયુષ્યનો પ્રસંગ હોવાથી અમે અહીં લખીએ છીએ.

| નારકીનું નામ | ઉત્કૃષ્ટાયુષ્ય | જઘન્યાયુષ્ય |
|---|---|---|
| **૧ રત્નપ્રભા** | ૧ સાગરોપમ | દશ હજાર વર્ષ |
| **૨ શર્કરાપ્રભા** | ૩ સાગરોપમ | ૧ સાગરોપમ |
| **૩ વાલુકાપ્રભા** | ૭ સાગરોપમ | ૩ સાગરોપમ |
| **૪ પંકપ્રભા** | ૧૦ સાગરોપમ | ૭ સાગરોપમ |
| **૫ ધૂમપ્રભા** | ૧૭ સાગરોપમ | ૧૦ સાગરોપમ |
| **૬ તમઃપ્રભા** | ૨૨ સાગરોપમ | ૧૭ સાગરોપમ |
| **૭ મહાતમઃપ્રભા** | ૩૩ સાગરોપમ | ૨૨ સાગરોપમ |

C:/BG/BHARAT/TATVA-N. PM5 Dt. 10-3-2002 41 7-PROOF



આ પ્રમાણે અધોલોકવર્તી નારકજીવોનું વર્ણન અહીં પૂર્ણ થાય છે. હવે મધ્યલોકવર્તી મનુષ્ય-તિર્યંચોનું વર્ણન કરે છે. તેમાં પ્રથમ મનુષ્યોનું વર્ણન સમજાવે છે. ૩-૬.

**जम्बूद्वीपलवणादयः शुभनामानो द्वीपसमुद्राः ३-७**
**द्विर्द्विर्विष्कम्भाः पूर्वपूर्वपरिक्षेपिणो वलयाकृतयः ३-८**
**જંબૂદ્વીપલવણાદયઃ શુભનામાનો દ્વીપસમુદ્રાઃ ૩-૭**
**દ્વિર્દ્વિર્વિષ્કમ્ભાઃ પૂર્વપૂર્વપરિક્ષેપિણો વલયાકૃતયઃ ૩-૮**
**જંબૂદ્વીપ-લવણાદયઃ શુભનામાનઃ દ્વીપસમુદ્રાઃ ૩-૭**
**દ્વિઃ દ્વિઃ વિષ્કમ્ભાઃ પૂર્વ-પૂર્વ-પરિક્ષેપિણઃ વલયાકૃતયઃ ૩-૮**

**સૂત્રાર્થ-જંબૂદ્વીપ અને લવણસમુદ્ર વગેરે શુભ નામોવાળા અસંખ્ય દ્વીપ-સમુદ્રો છે. તે બધા ડબલ ડબલ વિસ્તારવાળા છે. અને પૂર્વ પૂર્વના દ્વીપ-સમુદ્રને વીંટળાઈને રહેલા છે. અને વલયના જેવી (ચૂડી જેવી) ગોળ આકૃતિવાળા છે. ૩-૭-૮.**




**ભાવાર્થ**-જંબૂદ્વીપ, લવણસમુદ્ર. ધાતકીખંડ. કાલોદધિ સમુદ્ર, પુષ્કરવરદ્વીપ વગેરે નામવાળા અસંખ્ય દ્વીપો અને અસંખ્ય સમુદ્રો છે. આ સંસારમાં વસ્તુઓનાં સારાં સારાં જેટલાં જેટલાં નામો છે. તે સર્વે નામવાળા આ દ્વીપ-સમુદ્રો છે.





એક પછી એક દ્વીપ-સમુદ્રને ગોળ ગોળ વીંટળાઈને આ દ્વીપ-સમુદ્રો આવેલા છે. તેથી જ પ્રથમ જંબૂદ્વીપ નામના દ્વીપને છોડીને બાકીના બધા જ દ્વીપ-સમુદ્રો બંગડીના જેવા ગોળ આકારના છે એટલે કે વલયાકૃતિવાળા છે. અને બમણા-બમણા વિસ્તારવાળા છે. દ્વીપને વીંટળાઈને સમુદ્ર છે. અને સમુદ્રને વીંટળાઈને દ્વીપ છે. એમ એક પછી એક દ્વીપ-સમુદ્ર છે. સૌથી પ્રથમ જંબૂદ્વીપ છે ત્યારપછી અનુક્રમે લવણસમુદ્ર, ધાતકીખંડ, કાલોદધિસમુદ્ર, પુષ્કરવરદ્વીપ એમ જુદા જુદા નામવાળા અસંખ્ય દ્વીપ-સમુદ્રો છે. અને સૌથી અન્તિમ સ્વયંભૂરમણસમુદ્ર છે. ૩-૭-૮.

**तन्मध्ये मेरुनाभिर्वृत्तो योजनशतसहस्रविष्कम्भो जम्बूद्वीपः**
**તન્મધ્યે મેરુનાભિર્વૃત્તો યોજનશતસહસ્રવિષ્કમ્ભો જમ્બૂદ્વીપઃ**
**તદ્ મધ્યે મેરુનાભિઃ વૃત્તઃ યોજનશતસહસ્રવિષ્કમ્ભઃ જંબૂદ્વીપઃ ૩-૯**

**સૂત્રાર્થ - મેરૂપર્વત છે નાભિ-ભાગે જેને એવો, થાળી જેવો ગોળ, એકલાખ યોજનની લંબાઈ પહોળાઈવાળો જંબૂદ્વીપ નામનો દ્વીપ છે. અને તે અસંખ્યદ્વીપ સમુદ્રોની બરાબર મધ્યભાગે છે. ૩-૯.**




**ભાવાર્થ** -તે અસંખ્યદ્વીપ સમુદ્રોની બરાબર મધ્યે સૌથી પ્રથમ જંબૂદ્વીપ નામનો દ્વીપ છે. તે જ જંબૂદ્વીપમાં આપણે બધા છીએ. તે જંબૂદ્વીપ કેવો છે ? તે સમજાવે છે.

(૧) જેની બરાબર નાભિભાગમાં (એટલે કે જે જંબૂદ્વીપના બરાબર વચ્ચે) મેરૂપર્વત આવેલો છે. (૨) તે જંબૂદ્વીપ થાળી જેવો ગોળ છે. (૩) અને એકલાખ યોજનની લંબાઈ-પહોળાઈવાળા વિસ્તારયુક્ત છે. આવો જંબૂદ્વીપ છે. જેનું ચિત્ર ૮૨મા પાને નીચે આપેલું છે. ૩-૯.

**तत्र भरतहैमवतहरिविदेहरम्यक्-**
**हैरण्यवतैरावतवर्षाः क्षेत्राणि ३-१०**
**તત્ર ભરતહૈમવતહરિવિદેહરમ્યક્-**
**હૈરણ્યવતૈરાવતવર્ષાઃ ક્ષેત્રાણિ ૩-૧૦**
**તત્ર ભરત-હૈમવત-હરિ-વિદેહ-રમ્યક્-**
**હૈરણ્યવત-ઐરાવતવર્ષાઃ ક્ષેત્રાણિ ૩-૧૦**

**સૂત્રાર્થ-તે જંબૂદ્વીપમાં ભરત, હૈમવત, હરિવર્ષ, મહાવિદેહ, રમ્યક્, હૈરણ્યવત અને ઐરાવત એ નામવાળાં તિર્યંચ-મનુષ્યોને રહેવાનાં સાત ક્ષેત્રો છે. ૩-૧૦.**

**ભાવાર્થ**-અસંખ્ય દ્વીપ, સમુદ્રોની બરાબર મધ્યે આવેલા આ જંબૂદ્વીપમાં દક્ષિણબાજુથી પહેલું ભરત, બીજું હૈમવત, ત્રીજું હરિવર્ષ, ચોથું મહાવિદેહ, પાંચમું રમ્યક્, છઠ્ઠું હૈરણ્યવત અને સાતમું ઐરાવત એમ કુલ સાત ક્ષેત્રો છે, કે જેમાં મનુષ્ય-તિર્યંચો વસે છે. તે સાત ક્ષેત્રોની વચ્ચે વચ્ચે બે ક્ષેત્રોને છુટા પાડનારા એવા છ પર્વતો આવેલા છે તેને **વર્ષધરપર્વત** કહેવાય છે. જેનું વર્ણન હવે પછીના સૂત્રમાં આવે છે. ૩-૧૦.





**तद्विभाजिनः पूर्वापरायता हिमवन्महाहिमवन्निषध-**
**नीलरुक्मिशिखरिणो वर्षधरपर्वताः ૩-૧૧**
**તદ્વિભાજિનઃ પૂર્વાપરાયતા હિમવન્મહાહિમવન્નિષધ-**
**નીલરુક્મિ-શિખરિણો વર્ષધરપર્વતાઃ ૩-૧૧**
**તદ્-વિભાજિનઃપૂર્વાપરાયતાઃહિમવત્-મહાહિમવત્-નિષધ**
**-નીલ-રુક્મિ-શિખરિણઃ વર્ષધરપર્વતાઃ ૩-૧૧**

**સૂત્રાર્થ-તે સાતે ક્ષેત્રોનો વિભાગ પાડનાર, પૂર્વ-પશ્ચિમ લાંબા, એવા હિમવંત, મહાહિમવંત, નિષધ, નીલવંત, રુક્મિ અને શિખરી એમ છ વર્ષધર પર્વતો છે. ૩-૧૧.**




**ભાવાર્થ**-જંબૂદ્વીપમાં મનુષ્યોને રહેવાનાં જે સાત ક્ષેત્રો દસમા સૂત્રમાં કહ્યાં છે, તે સાતે ક્ષેત્રોને જુદાં પાડનારા સાતે ક્ષેત્રોની જ બરાબર સીમાને અડીને રહેનારા છ પર્વતો છે. આ છએ પર્વતો સાતે ક્ષેત્રોની વર્ષને (સીમાને) ધારણ કરે છે માટે **વર્ષધર** કહેવાય છે. અને સાત ક્ષેત્રો મનુષ્યોના વસવાટને યોગ્ય હોવાથી **વાસક્ષેત્ર** કહેવાય છે. એક-બીજા ક્ષેત્રની વચ્ચે વચ્ચે એક એક પર્વત આવેલો છે. તે ક્ષેત્રો તથા પર્વતોનાં દક્ષિણ દિશાથી ઉત્તર

દિશા તરફ જવાના ક્રમે આ નામો બતાવ્યાં છે. તથા તે બધાં ક્ષેત્રો તથા પર્વતો મહાવિદેહક્ષેત્ર સુધી બમણા બમણા વિસ્તારવાળા હોય છે અને મહાવિદેહ પછી અર્ધ અર્ધ વિસ્તારવાળાં હોય છે. અને લંબાઈમાં અનિયત માપવાળા હોય છે. ભરતથી ડબલ વિસ્તાર હિમવંત-પર્વતનો છે. તેનાથી ડબલ વિસ્તાર હિમવંતક્ષેત્રનો છે તેનાથી ડબલ વિસ્તાર મહાહિમવંતપર્વતનો છે. તેનાથી ડબલ વિસ્તાર હરિવર્ષક્ષેત્રનો છે એમ આગળ આગળ જાણવું. ક્ષેત્રો અને પર્વતોના અસ્તિત્વ માટે ૮૪મા પાના ઉપરનું ચિત્ર જુઓ. ૩-૧૧.

**द्विर्धातकीखण्डे ३-१२**
**દ્વિર્ધાતકીખંડે ૩-૧૨**
**દ્વિઃ ધાતકીખંડે ૩-૧૨**

**पुष्करार्धे च ३-१३**
**પુષ્કરાર્ધે ચ ૩-૧૩**
**પુષ્કરાર્ધે ચ ૩-૧૩**

**प्राग्मानुषोत्तरान्मनुष्याः ३-१४**
**પ્રાગ્માનુષોત્તરાન્મનુષ્યાઃ ૩-૧૪**
**પ્રાગ્ માનુષોત્તરાત્ મનુષ્યાઃ ૩-૧૪**

**સૂત્રાર્થ- ધાતકીખંડમાં તથા પુષ્કરાર્ધમાં ડબલ ડબલ સંખ્યાવાળા આ દ્વીપ-સમુદ્રો હોય છે. તથા મનુષ્યો માનુષોત્તર પર્વતથી પૂર્વે જ (અંદરના જ ભાગમાં) હોય છે. ૩-૧૨.૧૩,૧૪.**



**ધાતકી ખંડ**




**ભાવાર્થ-** જંબૂદ્વીપમાં ૬ વર્ષધર પર્વતો અને ૭ વાસક્ષેત્રો આવેલાં છે. એમ સૂત્ર ૧૦-૧૧માં કહ્યું. તેવી જ રીતે વર્ષધર પર્વતો ને વાસક્ષેત્રો ધાતકી-ખંડમાં અને પુષ્કરાર્ધમાં પણ આવેલાં છે પરંતુ તે બમણી સંખ્યામાં છે. ધાતકી-ખંડ તથા પુષ્કરાર્ધમાં દક્ષિણ-ઉત્તર દિશામાં બે બે ઈષુકાર પર્વતો આવેલા છે. તે બે ઈષુકારપર્વતોથી ધાતકીખંડના તથા પુષ્કરાર્ધના પૂર્વ-પશ્ચિમ એવા બે બે ભાગ પડેલા છે. તે બન્ને બાજુના બે બે ભાગોમાં સાત ક્ષેત્રો અને છ પર્વતો હોવાથી જંબૂદ્વીપ કરતાં ધાતકીખંડમાં ડબલ પર્વતો અને ડબલ વાસક્ષેત્રો થાય છે. તથા પુષ્કરાર્ધમાં પણ જંબૂદ્વીપ કરતાં ડબલ અને ધાતકીખંડની સાથે સમાન વાસક્ષેત્રો અને પર્વતો થાય છે. આ પ્રમાણે ધાતકી ખંડમાં ૧૪ વાસક્ષેત્રો અને ૧૨ વર્ષધરપર્વતો હોય છે એ જ પ્રમાણે પુષ્કરાર્ધમાં પણ સમજી લેવું.

તથા પુષ્કરવરદ્વીપમાં બરાબર અર્ધાભાગ પછી ગામને ફરતા કોટની જેમ ચારે બાજુથી ગોળ વીંટળાયેલો ૧ પર્વત છે. તે પર્વતનું નામ માનુષોત્તર પર્વત છે. તેની પૂર્વે એટલે તેની અંદરના ભાગમાં જ મનુષ્યોની વસતિ છે.

બહારના અર્ધાભાગમાં મનુષ્યોની વસતિ નથી. તેથી ૧ જંબૂદ્વીપ, ૨ ધાતકીખંડ, ૩ અર્ધપુષ્કરવરદ્વીપ એમ આ અઢી-દ્વીપને **મનુષ્યક્ષેત્ર** કહેવાય છે. તથા આ જ ક્ષેત્રોમાં ચંદ્ર-સૂર્ય ગતિમાન હોવાથી તેનાથી થયેલા કાળને લીધે. આ જ અઢી દ્વીપને **સમયક્ષેત્ર** પણ કહેવાય છે. ૩-૧૨-૧૩-૧૪.

**आर्या म्लेच्छाश्च ૩-૧૫**
**આર્યા મ્લેચ્છાશ્ચ ૩-૧૫**
**આર્યાઃ મ્લેચ્છાઃ ચ ૩-૧૫**

**સૂત્રાર્થ-મનુષ્યો બે પ્રકારના છે. (૧) આર્ય અને (૨) મ્લેચ્છ. ૩-૧૫.**

**ભાવાર્થ**-મનુષ્યોના મુખ્યત્વે બે ભેદ છે. જે સંસ્કાર-વાળા છે. પૂર્વભવ-પરભવ-આત્મા-સ્વર્ગ-નરક-ઈશ્વર-મુક્તિ વગેરે પદાર્થોને માનવા વાળા છે. દયા-માનવતા-વિનય-વિવેક આદિના સંસ્કારયુક્ત છે. કૌટુંબિક-સામાજિક-શૈક્ષણિક આદિ સંસ્કારવાળા છે. તે **આર્ય** કહેવાય છે. અને આવા સંસ્કાર વિનાના જે હોય છે, તે **મ્લેચ્છ** કહેવાય છે. અથવા **આર્ય** અને **અનાર્ય** એમ પણ બે ભેદ છે. તેના જ બ્રાહ્મણ-ક્ષત્રિય-વૈશ્ય અને શૂદ્રાદિ બીજા અનેક પેટાભેદો પણ છે. ૩-૧૫.

**भरतैरावतविदेहाः कर्मभूमयोऽन्यत्र**
**देवकुरूत्तरकुरुभ्यः ૩-૧૬**



**ભરતૈરાવતવિદેહાઃ કર્મભૂમયોઽન્યત્ર**
**દેવકુરૂત્તરકુરુભ્યઃ ૩-૧૬**
**ભરત-ઐરાવત-વિદેહાઃ કર્મભૂમયઃ અન્યત્ર**
**દેવકુરુ-ઉત્તરકુરુભ્યઃ ૩-૧૬**

**સૂત્રાર્થ-ભરતક્ષેત્ર, ઐરાવતક્ષેત્ર તથા દેવકુરુ અને ઉત્તરકુરુ ક્ષેત્રને છોડીને બાકીનો મહાવિદેહક્ષેત્રનો ભાગ કર્મભૂમિ છે. ૩-૧૬.**

**ભાવાર્થ**-જંબૂદ્વીપના બરાબર મધ્યભાગમાં **મહાવિદેહ-ક્ષેત્ર** છે. તે મહાવિદેહની બરાબર મધ્યમાં **મેરુપર્વત** છે. તે મેરુપર્વતની દક્ષિણ દિશામાં અને ઉત્તર દિશામાં **દેવકુરુ** અને **ઉત્તરકુરુક્ષેત્ર** આવેલાં છે. તે દેવકુરુ અને ઉત્તરકુરુ ક્ષેત્ર વિનાના બાકીના મહાવિદેહક્ષેત્રને તથા ભરત-ઐરાવત ક્ષેત્રને કર્મભૂમિ કહેવાય છે. શેષક્ષેત્રોને અકર્મભૂમિ કહેવાય છે.

**અસિ** (છેદવાનાં સાધન), **મસિ** (લખવાનાં સાધન), અને **કૃષિ** (ખેતીનાં સાધન), જ્યાં હોય તે કર્મભૂમિ અને આ ત્રણ જ્યાં ન હોય તે અકર્મભૂમિ જાણવી. કર્મભૂમિમાં ધર્મ કરવાનાં કાર્યો કરનારા અને વધુ કર્મ બાંધવાનાં કાર્યો કરનારા જીવો હોય છે. તેથી ત્યાંથી જ (કર્મભૂમિમાંથી જ) ત્રીજા આદિ દેવલોકોમાં, મુક્તિમાં અને સાતે નરકમાં જવાય છે. અકર્મભૂમિના જીવો ધર્મ કરનારા પણ નથી અને વધુ કર્મ બાંધનારા પણ નથી. માટે બે દેવલોક સુધી જ જાય છે. અને મરીને નિયમા દેવલોકમાં જ જાય છે. ૩-૧૬.

**नृस्थिती परापरे त्रिपल्योपमान्तर्मुहूर्ते ३-१७**
**નૃસ્થિતી પરાપરે ત્રિપલ્યોપમાન્તર્મુહૂર્તે ૩-૧૭**
**નૃસ્થિતી પરાપરે ત્રિપલ્યોપમ-અન્તર્મુહૂર્તે ૩-૧૭**

**तिर्यग्योनीनां च ३-१८**
**તિર્યગ્યોનીનાં ચ ૩-૧૮**
**તિર્યગ્યોનીનાં ચ ૩-૧૮**

**સૂત્રાર્થ-મનુષ્ય તથા તિર્યંચોની ઉત્કૃષ્ટસ્થિતિ ત્રણ પલ્યોપમ અને જઘન્યસ્થિતિ અંતર્મુહૂર્ત હોય છે. ૧૭-૧૮.**

**ભાવાર્થ** - મનુષ્ય અને તિર્યંચોનું વધુમાં વધુ આયુષ્ય ત્રણ પલ્યોપમ હોય છે અને ઓછામાં ઓછુ આયુષ્ય અંતર્મુહૂર્ત હોય છે. આ બન્ને સૂત્રોમાં સૂચના માત્ર સ્વરૂપે આયુષ્ય જણાવ્યું છે. તેને અનુસારે ક્ષેત્રવાર અને આરા પ્રમાણે આયુષ્ય સ્વયં શાસ્ત્રાન્તરોથી જાણી લેવું.

દેવકુરુ અને ઉત્તરકુરુક્ષેત્રમાં હંમેશાં પહેલા આરા જેવો કાળ હોય છે. તેથી ૩ પલ્યોપમનું આયુષ્ય અને ત્રણ ગાઉનું શરીર હોય છે.

હરિવર્ષ અને રમ્યક્ક્ષેત્રમાં હંમેશાં બીજા આરા જેવો કાળ હોય છે. તેથી ૨ પલ્યોપમનું આયુષ્ય અને બે ગાઉનું શરીર હોય છે.

હિમવંત અને હૈરણ્યવંતમાં હંમેશાં ત્રીજા આરા જેવો કાળ છે. તેથી ૧ પલ્યોપમનું આયુષ્ય અને એક ગાઉનું શરીર હોય છે.

મહાવિદેહ ક્ષેત્રમાં સદા ચોથા આરા જેવો કાળ હોય છે. તેથી ૧ પૂર્વક્રોડ વર્ષનું આયુષ્ય અને ૫૦૦ ધનુષ્યનું શરીર હોય છે.



ભરત ઐરાવતમાં છએ આરા હોય છે તેમાં ૧ થી ૪આરામાં ઉપર લખ્યા મુજબ આયુષ્ય અને શરીરનું પ્રમાણ હોય છે. તથા પાંચમા આરામાં ૧૩૦ વર્ષનું આયુષ્ય તથા ૭ હાથનું શરીર અને છઠ્ઠા આરામાં ૨૦ વર્ષનું આયુષ્ય તથા ૨ હાથનું શરીર હોય છે. આ બધું ઉત્કૃષ્ટ (વધુમાં વધુ) આયુષ્ય હોય છે. એમ જાણવું.

| નામ | આયુષ્ય | નામ | ગર્ભજ | સમ્મૂર્છિમ |
|---|---|---|---|---|
| પૃથ્વીકાયનું આયુષ્ય | ૨૨૦૦૦ વર્ષ | જલચર | પૂર્વક્રોડ વર્ષ | પૂર્વક્રોડ વર્ષ |
| અપ્કાયનું આયુષ્ય | ૭૦૦૦ વર્ષ | ચતુષ્પદ | ૩ પલ્યોપમ | ૮૪૦૦૦ વર્ષ |
| તેઉકાયનું | ૩અહોરાત્ર | ઉરપરિસર્પ | પૂર્વક્રોડ વર્ષ | ૫૩૦૦૦ |
| વાઉકાયનું આયુષ્ય | ૩૦૦૦ વર્ષ | ભૂજપરિ-સર્પ | પૂર્વક્રોડ વર્ષ | ૪૨૦૦૦ |
| વનસ્પતિકાયનું આયુષ્ય | ૧૦૦૦૦ વર્ષ | ખેચર | પલ્યો.નો અસં. ભાગ | ૭૨૦૦૦ વર્ષ |

બેઇન્દ્રિયનું ૧૨ વર્ષ, તેઇન્દ્રિયનું ૪૯ દિવસ અને ચઉરિન્દ્રિયનું ૬ માસનું આયુષ્ય છે.

ઉપર જણાવેલું તમામ આયુષ્ય ઉત્કૃષ્ટ જાણવું. જઘન્ય આયુષ્ય સર્વ ઠેકાણે અન્તર્મુહૂર્ત જાણવું. મનુષ્ય-તિર્યંચોનું આયુષ્ય અપવર્તનીય (ઘટીને નાનું થઈ જાય તેવું) પણ હોય છે. અને અનપવર્તનીય (ઘટીને નાનું ન થાય

તેવું) પણ હોય છે દેવ-નારકીનું તથા તદ્ભવ-મોક્ષગામી જીવોનું, ૬૩ શલાકાપુરુષોનું અને યુગલિક-તિર્યંચ-મનુષ્યોનું આયુષ્ય નિયમા અનપવર્તનીય જ હોય છે.

મનુષ્યોનું જન્મ-મરણ ફક્ત ૨ા દ્વીપમાં જ થાય છે. તેથી તે ૨ા દ્વીપને નરક્ષેત્ર (મનુષ્યક્ષેત્ર) પણ કહેવાય છે. પરંતુ તિર્યંચોનું જન્મ-મરણ ૨ા દ્વીપની અંદર પણ હોય છે અને અઢી દ્વીપની બહાર પણ હોય છે. તિર્યંચો સર્વ દ્વીપ-સમુદ્રોમાં સર્વત્ર હોય છે. તથા વિદ્યાધર મનુષ્યો અને લબ્ધિધારી મનુષ્યો અઢીદ્વીપની બહાર પણ ગમનાગમન કરે છે. પરંતુ તેઓનો જન્મ અને તેઓનું મરણ તો અઢીદ્વીપમાં જ થાય છે.

આવા પ્રકારના એક એકને વીંટળાયેલા, ડબલ ડબલ માપવાળા, (જંબૂદ્વીપ વિનાના શેષ) બંગડીના જેવા આકારના અસંખ્ય દ્વીપસમુદ્રો છે. તેમાં આઠમો જે દ્વીપ છે તે નંદીશ્વરદ્વીપ છે. કે જેમાં ચારે દિશામાં ૧૩+૧૩ પર્વતો છે અને દરેક પર્વત ઉપર **તીર્થંકર પરમાત્માનું એક એક જિનભવન છે** એટલે કુલ **૫૨** જિનાલયો છે. તથા છેલ્લો સ્વયંભૂરમણ દ્વીપ અને સ્વયંભૂરમણસમુદ્ર છે. તેની પછી અલોક શરૂ થાય છે. આ પ્રમાણે આ અધ્યાયમાં પ્રથમ નારકીનું અને પછી તિર્યંચ-મનુષ્યોનું વર્ણન પૂર્ણ કર્યું, હવે ચોથા અધ્યાયમાં દેવોનું વર્ણન સમજાવીશું. ૩-૧૭-૧૮.

**તૃતીય અધ્યાય સમાપ્ત**



# અધ્યાય ચોથો

**देवाश्चतुर्निकायाः ४-१**
**દેવાશ્ચતુર્નિકાયાઃ ૪-૧**
**દેવાઃ ચતુર્નિકાયાઃ ૪-૧**

**तृतीयः पीतलेश्यः ४-२**
**તૃતીયઃ પીતલેશ્યઃ ૪-૨**
**તૃતીયઃ પીતલેશ્યઃ ૪-૨**

**સૂત્રાર્થ-દેવો ચાર પ્રકારના હોય છે. ત્રીજી નિકાયના દેવો પીત લેશ્યાવાળા હોય છે. ૪-૧.**

**ભાવાર્થ**-દેવો સાંસારિક સુખે બીજી ગતિઓના જીવો કરતાં વધારે સુખી છે. અવધિજ્ઞાન અને વૈક્રિયશરીરની લબ્ધિવાળા છે. અને દૈવિક ચમત્કૃતિવાળા છે. તેથી તેઓને **દેવ** કહેવાય છે. જૈનશાસ્ત્રોમાં તેવા પ્રકારના દેવોના ચાર ભેદ છે. તેને ચાર નિકાય કહેવાય છે. (૧) ભવનપતિ, (૨) વ્યંતર, (૩) જ્યોતિષ્ક, અને (૪) વૈમાનિક. આ ચારે નિકાયના દેવોનું વર્ણન ગ્રંથકાર પોતે જ આગળ સમજાવે છે. આ ચાર નિકાયમાંથી ત્રીજી નિકાયના જે દેવો છે કે જેને જ્યોતિષ્કદેવો કહેવાય છે. તે દેવો છ લેશ્યામાંથી

તેજોલેશ્યાવાળા હોય છે. આ દ્રવ્યલેશ્યા જાણવી. ભાવલેશ્યા અનિયત હોય છે. બાકીના દેવોની લેશ્યાનું વર્ણન સૂત્ર ૭, તથા ૨૩માં આવશે. ૪-૧, ૨.

**दशाष्टपञ्चद्वादशविकल्पाः कल्पोपपन्नपर्यन्ताः ४-३**
**દશાષ્ટ-પંચદ્વાદશ-વિકલ્પાઃ કલ્પોપપન્નપર્યન્તાઃ ૪-૩**
**દશ-અષ્ટ-પંચ-દ્વાદશ-વિકલ્પાઃ કલ્પોપપન્ન પર્યન્તાઃ ૪-૩**

**સૂત્રાર્થ - કલ્પોપપન્ન સુધીના દેવોના અનુક્રમે દશ-આઠ-પાંચ અને બાર ભેદો છે. એમ જાણવું. ૪-૨.**

**ભાવાર્થ** - સ્વામી-સેવક ભાવ, રાજા-પ્રજાપણું, ઈન્દ્ર-પબ્લીકપણું, એમ નાના-મોટાનો વિવેક વગેરે આચારો જ્યાં હોય અર્થાત્ જ્યાં સામાજિક બધી વ્યવસ્થા હોય છે. તે **કલ્પ** કહેવાય છે. આવા કલ્પ (આચાર)વાળા જે દેવો તે **કલ્પોપપન્ન** કહેવાય છે અને આવી વ્યવસ્થા વિનાના, બધા જ સમાન અર્થાત્ સમાનતાવાળા દેવો જે તે **કલ્પાતીત** કહેવાય છે. કલ્પોપપન્ન સુધીના ચારે નિકાયના દેવોના અનુક્રમે ૧૦-૮-૫-૧૨ ભેદો છે. ભવનપતિના ૧૦, વ્યંતરોના ૮, જ્યોતિષ્કના ૫, અને વૈમાનિકના ૧૨ ભેદો છે. તેનું વર્ણન હવે પછીના ૧૧મા સૂત્રથી ૨૦મા સૂત્ર સુધીનાં સૂત્રોમાં આવે જ છે. ૪-૩.

**इन्द्र-सामानिक-त्रायस्त्रिंश-पारिषद्यात्मरक्षकलोक-पालानीकप्रकीर्णकाभियोग्यकिल्बिषिकाश्चैकशः ४-४**



**ઈન્દ્રસામાનિકત્રાયસ્ત્રિંશ પારિષદ્યાત્મરક્ષકલોક-પાલાનીક-પ્રકીર્ણકાભિયોગ્ય-કિલ્બિષિકાશ્ચૈકશઃ ૪-૪**
**ઈન્દ્ર-સામાનિક-ત્રાયસ્ત્રિંશ-પારિષદ્ય-આત્મરક્ષક-લોક-પાલ-અનીક-પ્રકીર્ણક-આભિયોગ્ય-કિલ્બિષિકાઃ ચ એકશઃ૪-૪**

**સૂત્રાર્થ-એકે એક નિકાયમાં દશ પ્રકારની સામાજિક વ્યવસ્થાવાળા દેવો હોય છે. (૧) ઈન્દ્ર, (૨) સામાનિક, (૩) ત્રાયસ્ત્રિંશ, (૪) પારિષદ્ય, (૫) આત્મરક્ષક, (૬) લોકપાલ, (૭) અનીક, (૮) પ્રકીર્ણક, (૯) આભિયોગ્ય, (૧૦) કિલ્બિષિક. ૪-૪.**

**ભાવાર્થ** - ભવનપતિ-વ્યંતર-જ્યોતિષ્ક અને વૈમાનિક એમ ચાર નિકાયના દેવોમાં સામાજિક વ્યવસ્થા હોવાથી રાજા-પ્રજાની જેમ નીચે મુજબ ૧૦ પ્રકારની વ્યવસ્થા વાળા દેવો હોય છે. સ્વામી-સેવક-નોકર-ચાકર ઈત્યાદિ સામાજિક વ્યવસ્થા મનુષ્યોની જેમ ત્યાં પણ છે. તે સામાજિક વ્યવસ્થાવાળા ૧૦ પ્રકારના દેવોનાં નામો તથા અર્થો આ પ્રમાણે છે.

(૧) **ઈન્દ્ર**-સર્વે દેવોનો જે રાજાદેવ, મહારાજા, જેની આજ્ઞા બધા માને તે.
(૨) **સામાનિક** - ઈન્દ્રની સમાન ઋદ્ધિ-સમૃદ્ધિ હોય. પરંતુ ઈન્દ્રની પદવી ન હોય.
(૩) **ત્રાયસ્ત્રિંશ**-ઈન્દ્રને સલાહ આપનારા, મંત્રી સરખા. ગુરુસ્થાનીય.

(૪) **પારિષદ્ય**-પર્ષદાના દેવો, ઈન્દ્રની સભામાં બેસનારા, સભ્યદેવો.

(૫) **આત્મરક્ષક** - ઈન્દ્રના શરીરની રક્ષા કરનારા, કવચ અને શસ્ત્રધારી.

(૬) **લોકપાલદેવ** - ચારે દિશાઓનું રક્ષણ કરનારા સોમ-યમ, વરુણ-કુબેર.

(૭) **અનીકદેવ** - સૈન્યના દેવો, લડાઈનો સમય આવે તો યુદ્ધસજ્જ થનારા

(૮) **પ્રકીર્ણકદેવ** - પબ્લીક દેવો, પ્રજારૂપે રહેનારા દેવો.

(૯) **આભિયોગિક દેવ**- નોકરરૂપે કામ કરનારા, સ્વામીના વાહનરૂપે ચાલનારા.

(૧૦)**કિલ્બિષિકદેવો** - અત્યન્ત હલકું કામ કરનારા તુચ્છ દેવો. ૪-૪

**त्रायस्त्रिंशलोकपालवर्ज्या व्यन्तरज्योतिष्काः ४-५**
**ત્રાયસ્ત્રિંશલોકપાલવર્જ્યા વ્યન્તરજ્યોતિષ્કાઃ ૪-૫**
**ત્રાયસ્ત્રિંશ-લોકપાલ-વર્જ્યાઃ વ્યન્તરજ્યોતિષ્કાઃ ૪-૫**

**સૂત્રાર્થ-વ્યંતર અને જ્યોતિષ્કદેવોમાં ત્રાયસ્ત્રિંશ અને લોકપાલ દેવો સિવાયના બાકીના આઠ જાતિના દેવો સામાજિક વ્યવસ્થા રૂપે હોય છે. ૪-૫.**

**ભાવાર્થ**-દેવોની મુખ્યત્વે ચાર નિકાય છે. ભવનપતિ-વ્યંતર-જ્યોતિષ્ક અને વૈમાનિક. આ ચાર નિકાયમાંથી પહેલી ભવનપતિ નિકાય અને છેલ્લી વૈમાનિક નિકાય, આ બે



નિકાયમાં ઈન્દ્ર-સામાનિક વગેરે દશે જાતના દેવો હોય છે. પરંતુ બીજી વ્યંતર નિકાય અને ત્રીજી જ્યોતિષ્ક નિકાયમાં ત્રાયસ્ત્રિંશ અને લોકપાલ વિનાના ઈન્દ્ર-સામાનિક આદિ આઠ પ્રકારના દેવો હોય છે. ત્યાં ત્રાયસ્ત્રિંશ દેવો પણ નથી તથા લોકપાલ દેવો પણ નથી. ૪-૫.

**पूर्वयोर्द्वीन्द्राः ४-६**
**પૂર્વયોર્દ્વીન્દ્રાઃ ૪-૬**
**પૂર્વયોઃ દ્વિ-ઈન્દ્રાઃ ૪-૬**

**पीतान्तलेश्याः ४-७**
**પીતાન્તલેશ્યાઃ ૪-૭**
**પીત-અન્ત-લેશ્યાઃ ૪-૭**

**સૂત્રાર્થ-પ્રથમની બે નિકાયમાં બે બે ઈન્દ્રો છે. તથા તે પ્રથમની બે નિકાયમાં તેજો સુધીની ચાર લેશ્યાઓ હોય છે. ૪-૬, ૭.**

**ભાવાર્થ**-ભવનપતિ અને વ્યન્તર એ દેવોની પ્રથમની બે નિકાય કહેવાય છે. ભવનપતિના ૧૦ અને વ્યંતરના ૮ ભેદો છે. જે હમણાં સૂત્ર ૧૧-૧૨માં આવશે. તે દરેકમાં બે બે ઈન્દ્રો (રાજા દેવો) હોય છે. એક ઈન્દ્ર દક્ષિણદિશાના રાજ્યનો સ્વામી હોય છે. જ્યારે બીજો ઈન્દ્ર ઉત્તર દિશાના રાજ્યનો સ્વામી હોય છે. ભવનપતિ દેવો ૧૦ પ્રકારના છે. તેથી તે નિકાયમાં ૧૦×૨=૨૦

ઈન્દ્રો છે. વ્યંતર નિકાયમાં વ્યંતર અને વાણવ્યંતર એમ બે ભેદ છે. બન્નેના આઠ-આઠ ભેદ છે. તે દરેકમાં બે બે ઈન્દ્રો છે. એટલે ૮+૮=૧૬×૨=૩૨ ઈન્દ્રો વ્યંતરનિકાયમાં છે. તથા જ્યોતિષ્કમાં ૨, અને વૈમાનિકમાં ૧૦ ઇંદ્રો હોય છે. સર્વે મળીને ૨૦+૩૨+૨+૧૦=૬૪ ઇંદ્રો કહેવાય છે. જે ગામમાં, ઘરમાં, શૂન્યગૃહમાં અને ચોક આદિ નાગરિક સ્થાનોમાં રહેવાની પ્રીતિવાળા હોય તે વ્યંતર, અને જે જંગલમાં રહેવાની પ્રીતિવાળા હોય તે વાણવ્યંતર દેવો કહેવાય છે. ગાય, ભેંસ, ઘોડા, ગધેડાં, વાઘ, સિંહ, વરુ આ બધાં પશુ હોવા છતાં પ્રથમનાં ચાર ગામમાં રહેવાવાળાં છે અને પછીનાં અરણ્યમાં રહેવાવાળાં છે. તેમ અહીં જાણવું.

તથા આ બન્ને નિકાયોમાં (એટલે ૧૦ ભવનપતિદેવોમાં અને ૮ વ્યંતર-વાણવ્યંતર દેવોમાં કૃષ્ણ-નીલ-કાપોત અને તેજો સુધીની કુલ ચાર લેશ્યાઓ હોય છે. પદ્મ અને શુક્લ જેવી ઉજ્જવલલેશ્યા આ દેવોમાં હોતી નથી. ૪-૬, ૭.

**कायप्रवीचारा आ-ऐशानात् ४-८**
**કાયપ્રવીચારા આ-ઐશાનાત્ ૪-૮**
**કાયપ્રવીચારાઃ આ-ઐશાનાત્ ૪-૮**

**સૂત્રાર્થ -ઈશાન સુધીના દેવલોકના દેવો કાયાથી સંસારસુખ સેવનારા હોય છે. ૪-૮.**

**ભાવાર્થ**-ભવનપતિ-વ્યંતર-જ્યોતિષ્ક નિકાયના સર્વે દેવો તથા સૌધર્મ અને ઈશાન દેવલોક સુધીના સર્વે દેવો તિર્યંચ-





મનુષ્યની જેમ જ કાયાથી સંસારસુખ માણનારા હોય છે. તેઓને કાયસેવી કહેવાય છે. ઈશાન સુધીના આ સર્વે દેવો દેવીઓની સાથે અને દેવીઓ દેવોની સાથે શરીરના સર્વ અંગોથી સ્પર્શ કરવા દ્વારા ભોગજન્ય સુખને અનુભવવા વડે પ્રીતિને પામનારા હોય છે. મનુષ્યોની જેમ કામક્રીડા કરનારા હોય છે. ૪-૮.

**शेषाः स्पर्शरूपशब्दमनःप्रवीचारा द्वयोर्द्वयोः ४-९**
**શેષાઃ સ્પર્શરૂપશબ્દમનઃપ્રવીચારા દ્વયોર્દ્વયોઃ ૪-૯**
**શેષાઃ સ્પર્શ-રૂપ-શબ્દ-મનઃપ્રવીચારાઃ દ્વયોઃ દ્વયોઃ ૪-૯**

**સૂત્રાર્થ- બાકીના દેવલોકના દેવોમાં બે બે દેવલોકના દેવો અનુક્રમે સ્પર્શસેવી, રૂપસેવી, શબ્દસેવી અને મનઃસેવી હોય છે. ૪-૯.**

**ભાવાર્થ**-ત્રીજા દેવલોકથી ઉપરના સર્વે દેવોમાં બે બે દેવલોકના દેવો અનુક્રમે સ્પર્શ આદિ દ્વારા મૈથુનસુખ ભોગવનારા હોય છે. એટલે કે ત્રીજા-ચોથા દેવલોકના દેવો દેવીઓના શરીરના સ્પર્શમાત્રથી શાન્તવાસનાવાળા થાય છે. પાંચમા-છઠ્ઠા દેવલોકના દેવો સ્ત્રીના શરીરનું રૂપમાત્ર જોવાથી શાન્તવાસનાવાળા થાય છે. સાતમા-આઠમા દેવલોકના દેવો સ્ત્રીના શરીરથી કરાતાં સંગીતાદિ સાંભળવાથી જ સંતોષ પામનાર બને છે. નવથી બાર દેવલોકના દેવો મનમાં સ્ત્રીનું ચિન્તનમાત્ર કરવાથી શાન્તવાસનાવાળા થાય છે.

આ પ્રમાણે ઉપર-ઉપરના દેવો વિષયસુખની ઓછી ઓછી વાસનાવાળા હોય છે. ૪-૯.

**परेऽप्रवीचाराः ४-१०**
**પરેઽપ્રવીચારાઃ ૪-૧૦**
**પરે અપ્રવીચારાઃ ૪-૧૦**

**સૂત્રાર્થ-બારમા દેવલોકથી ઉપરના દેવો અપ્રવીચારી હોય છે. ૪-૧૦.**

**ભાવાર્થ**-બારમા દેવલોક પછીના દેવો એટલે કે ગ્રૈવેયક અને અનુત્તરવાસી દેવો સદા વિષયવાસના વિનાના હોય છે. અર્થાત્ સ્ત્રીની સાથે શરીરથી કે સ્પર્શાદિથી પણ વિષયસુખ ભોગવનારા હોતા નથી.

દેવલોકમાં દેવો સર્વત્ર હોય છે. પરંતુ દેવીઓ સર્વત્ર હોતી નથી. માત્ર ભવનપતિ-વ્યંતર-જ્યોતિષ્ક અને પ્રથમના બે દેવલોકમાં જ દેવીઓની ઉત્પત્તિ હોય છે. પ્રથમના બે દેવલોકમાં જે દેવીઓ છે તે બે પ્રકારની હોય છે. પરિગૃહીતા (નિયત પુરુષવાળી) અને અપરિગૃહીતા (અનિયત પુરુષવાળી). ત્યાં જે પ્રથમ દેવલોકમાં અપરિગૃહીતા દેવીઓ છે. તેની સાથે સંસારસુખ ત્રીજા-પાંચમા-સાતમા-નવમા અને અગિયારમા દેવલોકના દેવો ભોગવે છે. એવી જ રીતે બીજા દેવલોકમાં જે અપરિગૃહીતા દેવીઓ છે તેની સાથે ચોથા-છઠ્ઠા-આઠમા-દસમા અને બારમા દેવલોકના દેવો સંસારસુખ ભોગવે છે. જે દેવીઓનું આયુષ્ય વધારે વધારે છે તે દેવીઓની સાથે ઉપર ઉપરના દેવો સંસારસુખ માટેનો વ્યવહાર કરે છે.



દેવીઓ ઉપરના સ્નેહથી જો દેવીઓને દેવો ઉપરના દેવલોકમાં લઈ જાય તો આઠમા દેવલોક સુધી જ લઇ જાય છે. તેથી ત્યાં સુધી જ દેવીઓનું ગમનાગમન હોય છે અને મિત્રભાવના કારણે દેવોને જો ઉપરના દેવલોકમાં દેવો લઈ જાય તો બારમા દેવલોક સુધી લઇ જાય છે. તેથી દેવોનું ગમનાગમન બારમા દેવલોક સુધી હોય છે. પરંતુ દેવીઓની ઉત્પત્તિ તો ફક્ત બે દેવલોક સુધી જ હોય છે. ૪-૧૦.

**भवनवासिनोऽसुरनागविद्युत्सुपर्णाग्नि-वातस्तनितोदधिद्वीपदिक्कुमाराः ४-११**
**ભવનવાસિનોઽસુરનાગવિદ્યુત્સુપર્ણાગ્નિ-વાતસ્તનિતોદધિદ્વીપદિક્કુમારાઃ ૪-૧૧**
**ભવનવાસિનઃ અસુર-નાગ-વિદ્યુત્-સુપર્ણ-અગ્નિ-વાત-સ્તનિત-ઉદધિ-દ્વીપ-દિક્-કુમારાઃ ૪-૧૧**

**સૂત્રાર્થ - ભવનપતિ દેવોના ૧૦ ભેદ છે તેઓનાં નામ આ પ્રમાણે છે. (૧) અસુરકુમાર, (૨) નાગકુમાર, (૩) વિદ્યુત્કુમાર, (૪) સુપર્ણકુમાર, (૫) અગ્નિકુમાર, (૬) વાયુકુમાર, (૭) સ્તનિતકુમાર, (૮) ઉદધિકુમાર, (૯) દ્વીપકુમાર અને (૧૦) દિક્કુમાર. ૪-૧૧.**

**ભાવાર્થ**-ભવનપતિ દેવોના ઉપરોક્ત ૧૦ ભેદો છે. દરેક ભેદમાં બે બે ઈન્દ્રો છે. એક દક્ષિણ દિશાના રાજ્યનો સ્વામી છે અને બીજો ઉત્તર દિશાના રાજ્યનો સ્વામી છે. આ

દેવો રાજકુમારની જેમ રમતીયાળ આનંદી, અને હાસ્ય-વિનોદ યુક્ત છે.તેથી તેઓને **કુમાર** કહેવાય છે. ૪-૧૧.

**व्यन्तराः किन्नरकिम्पुरुषमहोरग–**
**गन्धर्वयक्षराक्षसभूतपिशाचाः ४-१२**
**વ્યન્તરાઃ કિન્નરકિમ્પુરુષમહોરગ-**
**ગન્ધર્વયક્ષરાક્ષસ-ભૂતપિશાચાઃ ૪-૧૨**
**વ્યન્તરાઃ કિન્નર-કિંપુરુષ-મહોરગ-**
**ગન્ધર્વ-યક્ષ-રાક્ષસ-ભૂત-પિશાચાઃ ૪-૧૨**

**સૂત્રાર્થ - વ્યન્તરદેવોના ૮ ભેદ છે. તેઓનાં નામ આ પ્રમાણે છે. (૧) કિન્નર, (૨) કિમ્પુરુષ, (૩) મહોરગ, (૪) ગન્ધર્વ, (૫) યક્ષ, (૬) રાક્ષસ, (૭) ભૂત અને (૮) પિશાચ. ૪-૧૨.**

**ભાવાર્થ**-વ્યન્તરદેવોના ૮ ભેદ છે. જેઓનાં નામ ઉપર પ્રમાણે છે. તેઓના બે બે ઈન્દ્રો છે. એક દક્ષિણાદિશાના રાજ્યનો અને બીજો ઉત્તર દિશાના રાજ્યનો સ્વામી છે. આવી જ રીતે અણપન્ની પણપન્ની ઈસીવાદી ભૂતવાદી વગેરે **વાણવ્યંતરદેવો** પણ આઠ પ્રકારના છે. તથા તે દરેકના પણ બે બે ઈન્દ્રો છે. તેઓનાં નામો બૃહત્સંગ્રહણીમાં છે. ૪-૧૨.

**ज्योतिष्काः सूर्याश्चन्द्रमसो ग्रहनक्षत्रप्रकीर्णतारकाश्च**
**જ્યોતિષ્કાઃ સૂર્યાશ્ચન્દ્રમસો ગ્રહનક્ષત્રપ્રકીર્ણતારકાશ્ચ**



**જ્યોતિષ્કાઃ સૂર્યાઃ ચન્દ્રમસઃ ગ્રહ-નક્ષત્ર-પ્રકીર્ણતારકાઃ ચ ૪-૧૩**

**સૂત્રાર્થ-જ્યોતિષ્ક દેવોના પાંચ ભેદો છે. (૧) સૂર્ય, (૨) ચંદ્ર, (૩) ગ્રહ, (૪) નક્ષત્રો અને (૫) છુટા-છવાયા અનેક તારાઓ. ૪-૧૩.**

**ભાવાર્થ**-જ્યોતિષ્કદેવોના પણ ઉપર કહ્યા મુજબ પાંચ ભેદો છે. તેમાં સૂર્ય અને ચંદ્ર આ બે ઈન્દ્રો છે. શેષ દેવો તઓની પ્રજાસ્વરૂપ છે. જો કે મધ્યલોકમાં અસંખ્ય દ્વીપ-સમુદ્રોમાં અસંખ્ય સૂર્ય અને અસંખ્ય ચંદ્રો છે. તો પણ જાતિની વિવક્ષાથી એક સૂર્ય અને એક ચંદ્રને ઈન્દ્ર તરીકે ગણવામાં આવ્યા છે. ૪-૧૩.

**मेरुप्रदक्षिणा नित्यगतयो नृलोके ४-१४**
**મેરુપ્રદક્ષિણા નિત્યગતયોઃ નૃલોકે ૪-૧૪**
**મેરુપ્રદક્ષિણાઃ નિત્યગતયઃ નૃલોકે ૪-૧૪**

**સૂત્રાર્થ-ઉપરોક્ત પાંચે જ્યોતિષ્ક દેવો મેરુપર્વતને પ્રદક્ષિણા કરતા છતા હંમેશાં ગતિક્રિયા કરનારા છે. આ પ્રમાણે અઢીદ્વીપના જ્યોતિષ્કદેવો ચલ (ગતિમાન) છે. ૪-૧૪.**

**ભાવાર્થ**- અઢીદ્વીપમાં જે સૂર્ય-ચંદ્ર-ગ્રહ-નક્ષત્ર અને તારાઓ છે તે જંબૂદ્વીપમાં રહેલા મેરૂપર્વતની ચારે બાજુ પ્રદક્ષિણાના આકારે સદા ગતિશીલ છે. જંબૂદ્વીપમાં ૨ સૂર્ય અને ૨ ચંદ્ર છે. લવણસમુદ્રમાં ૪ સૂર્ય અને ૪ ચંદ્ર છે. ધાતકીખંડમાં

૧૨ સૂર્ય અને ૧૨ ચંદ્ર છે. કાલોદધિ સમુદ્રમાં ૪૨ સૂર્ય અને ૪૨ ચંદ્ર છે. અને અર્ધપુષ્કરવરદ્વીપમાં ૭૨ સૂર્ય અને ૭૨ ચંદ્રો છે. એમ કુલ ૨+૪+૧૨+૪૨+૭૨=૧૩૨, એકસો બત્રીસ સૂર્યો અને ૧૩૨ ચંદ્રો છે. તે ૬૬-૬૬ની બે પંક્તિબદ્ધ રહ્યા છતા જંબૂદ્વીપના મેરુપર્વતને પ્રદક્ષિણાકારે ફરતા સદા ગતિમાન છે. જંબૂદ્વીપના સૂર્ય-ચંદ્રો અન્ય સૂર્ય-ચંદ્ર કરતાં ધીમા ચાલે છે. અને પછી પછીના સૂર્ય-ચંદ્રો વેગથી ચાલે છે. પુષ્કરના સૂર્ય-ચંદ્રો અતિશય વેગથી ચાલે છે. ૪-૧૪.






**तत्कृतः कालविभागः ४-१५**

**તત્કૃતઃ કાલવિભાગઃ ૪-૧૫**

**તત્કૃતઃ કાલવિભાગઃ ૪-૧૫**

**સૂત્રાર્થ-તે સૂર્ય અને ચંદ્રની ગતિક્રિયા દ્વારા જ અઢીદ્વીપમાં કાલનો વિભાગ કરાયેલો છે. ૪-૧૫.**

**ભાવાર્થ** - અઢીદ્વીપમાં રહેલા સર્વે સૂર્યો અને સર્વે ચંદ્રો જંબૂદ્વીપના મેરુપર્વતની ચારે તરફ પ્રદક્ષિણાના આકારે સતત ચાલ્યા જ કરે છે, તેથી જ્યાં જ્યાં સૂર્યનું આગમન હોય ત્યાં ત્યાં પ્રકાશ થવાથી દિવસ થાય છે. અને જ્યાં જ્યાં સૂર્યનો અભાવ હોય છે ત્યાં ત્યાં ચંદ્ર હોય તો પણ અને ચંદ્ર ન હોય તો પણ રાત્રિ થાય છે. દિવસ-રાત્રિનો વ્યવહાર સૂર્યના હોવા અને ન હોવાથી થાય છે. અને એકમ-બીજ-ત્રીજ આદિ તિથિઓનો વ્યવહાર ચંદ્રથી થાય છે. રાત્રિ-દિવસના કારણે પંદર દિવસનું પખવાડીયું. ત્રીસ દિવસનો માસ ઈત્યાદિ કાલવિભાગ બને છે. જો સૂર્ય-ચંદ્ર સ્થિર જ હોત તો આ કાલવિભાગ ન બનત. માટે સૂર્ય-ચંદ્રાદિ અઢીદ્વીપની અંદર ચલિત સ્થિતિવાળા છે અને આ જ કારણે અઢીદ્વીપના અંદર જ રાત્રિ-દિવસવાળો કાળવિભાગ છે. આજે કેટલાક વૈજ્ઞાનિકાદિ લોકો ચંદ્ર-સૂર્ય સ્થિર છે અને પૃથ્વી ફરે છે. એમ માને છે. પરંતુ સૂત્રકારના આ વિધાનથી તે માન્યતા મિથ્યા છે. એમ સિદ્ધ થાય છે. ૪-૧૫.

**बहिरवस्थिताः ४-१६**
**બહિરવસ્થિતાઃ ૪-૧૬**
**બહિઃ અવસ્થિતાઃ ૪-૧૬**

**સૂત્રાર્થ-અઢીદ્વીપની બહાર સૂર્ય-ચંદ્રાદિ સર્વે જ્યોતિષ્કદેવો સ્થિર છે. ૪-૧૬.**

**ભાવાર્થ**-અઢીદ્વીપની બહાર આ સર્વે જ્યોતિષ્ક દેવો સ્થિર માત્ર જ છે. તેથી રાત્રિ-દિવસ ઈત્યાદિ કાલવિભાગ નથી. સૂર્ય અતિશય તાપવાન નથી. ચંદ્ર અતિશય શીતલ નથી. પચાસ પચાસ હજાર યોજનના આંતરે સૂર્ય-ચંદ્ર સ્થિરપણે ગોઠવાયેલા છે. એક સૂર્યથી પચાસ હજાર યોજન દૂર ચંદ્ર છે. તે ચંદ્રથી બીજા પચાસ હજાર યોજનને આંતરે સૂર્ય છે. એમ સર્વત્ર જાણવું.

સૂર્યના પ્રકાશનું હોવું અને ન હોવું, તેના કારણે જ દિવસ-રાત્રિનો વ્યવહાર છે પરંતુ દિવસ-રાત-માસ-પક્ષ આદિ નામનું છઠ્ઠું જુદું કાલદ્રવ્ય નથી. તેથી જ આ જ ગ્રંથના પાંચમા અધ્યાયના પ્રથમસૂત્રમાં **અજીવદ્રવ્યના** ચાર જ ભેદ કહ્યા છે. કાલનો ભેદ કહ્યો નથી. તેથી કાલ એ જીવ અને અજીવનો વર્તના રૂપ પર્યાય માત્ર છે. સ્વતંત્ર દ્રવ્ય નથી, પર્યાયમાં દ્રવ્યનો ઉપચાર કરીને ઔપચારિક દ્રવ્ય કહેવાય છે. આવી માન્યતા શ્વેતાંબર આમ્નાયની છે. દિગંબરામ્નાયમાં કાલાણુ નામનું છઠ્ઠું સ્વતંત્ર કાલદ્રવ્ય માનેલું છે. ૪-૧૬.



**वैमानिकाः ४-१७**
**વૈમાનિકાઃ ૪-૧૭**
**વૈમાનિકાઃ ૪-૧૭**

**कल्पोपपन्नाः कल्पातीताश्च ४-१८**
**કલ્પોપપન્નાઃ કલ્પાતીતાશ્ચ ૪-૧૮**
**કલ્પ-ઉપપન્નાઃ કલ્પ-અતીતાઃ ચ ૪-૧૮**

**સૂત્રાર્થ - હવે વૈમાન્તિક દેવોનું સ્વરૂપ સમજાવાય છે. તેના બે ભેદ છે. એક કલ્પોપપન્ન અને બીજો ભેદ કલ્પાતીત. ૪-૧૭, ૧૮.**

**ભાવાર્થ**-ઊર્ધ્વલોકમાં રહેનારા જે દેવો છે. તે વૈમાનિક કહેવાય છે. વિમાનના જેવા આકારવાળાં ઘરો હોવાથી પણ તે વૈમાનિક કહેવાય છે. તેના મુખ્યત્વે બે ભેદ છે. સ્વામી-સેવક, રાજા-પ્રજા, શેઠ-નોકર ઈત્યાદિ સામાજિક વ્યવસ્થા જ્યાં છે તે કલ્પોપપન્ન દેવો કહેવાય છે. બાર દેવલોક સુધીના દેવો કલ્પોપપન્ન કહેવાય છે. આવી સામાજિક વ્યવસ્થા વિનાના જે દેવો તે કલ્પાતીત કહેવાય છે. ગ્રૈવેયક અને અનુત્તરવાસી દેવો કલ્પાતીત છે. ૪-૧૭, ૧૮.

**उपर्युपरि ४-१९**
**ઉપર્યુપરિ ૪-૧૯**
**ઉપરિ-ઉપરિ ૪-૧૯**

**सौधर्मैशानसनत्कुमारमाहेन्द्रब्रह्मलोकलान्तकमहाशुक्र-सहस्त्रारेष्वानतप्राणतयोरारणाच्युतयोर्नवसु ग्रैवेयकेषु विजयवैजयन्तजयन्तापराजितेषु सर्वार्थसिद्धे च ૪-૨૦**

**સૌધર્મૈશાનસનત્કુમારમાહેન્દ્ર બ્રહ્મલોક લાન્તક મહાશુક્ર સહસ્રારેષ્વાનત પ્રાણતયોરારણાચ્યુતયોર્નવસુ ગ્રૈવેયકેષુ વિજય વૈજયન્ત જયન્તાપરાજિતેષુ સર્વાર્થસિદ્ધે ચ ૪-૨૦**

**સૌધર્મ ઐશાન સનત્કુમાર માહેન્દ્ર બ્રહ્મલોક લાન્તક મહાશુક્ર સહસ્રારેષુ આનતપ્રાણતયોઃ આરણાચ્યુતયોઃ નવસુ ગ્રૈવેયકેષુ વિજય વૈજયન્ત જયન્ત અપરાજિતેષુ સર્વાર્થસિદ્ધે ચ ૪-૨૦**

**સૂત્રાર્થ - નીચે મુજબના નામવાળા દેવલોકો ઉપર ઉપર આવેલા છે. (૧) સૌધર્મ, (૨) ઐશાન, (૩) સનત્કુમાર, (૪) માહેન્દ્ર, (૫) બ્રહ્મલોક, (૬) લાન્તક, (૭) મહાશુક્ર, (૮) સહસ્રાર, (૯) આનત, (૧૦) પ્રાણત, (૧૧) આરણ, (૧૨) અચ્યુત, તથા નવ ગ્રૈવેયક તથા વિજય, વૈજયન્ત, જયન્ત, અપરાજિત તથા સર્વાર્થસિદ્ધ નામના વિમાનોમાં વૈમાનિકદેવો વસે છે. ૪-૨૦.**

**ભાવાર્થ** - વૈમાનિક દેવલોકમાં ૧૨ દેવલોક વગેરે છે. તે સર્વે ઉપર ઉપર આવેલા છે. પ્રથમ સૌધર્મ દેવલોક દક્ષિણ દિશામાં છે. બીજો ઐશાન દેવલોક ઉત્તર દિશામાં છે. એટલે સામસામા છે. ત્રીજો દેવલોક પહેલા દેવલોકની ઉપર દક્ષિણ દિશામાં છે ચોથો દેવલોક બીજા દેવલોકની ઉપર ઉત્તરમાં આવેલ છે. પાંચમો






બ્રહ્મદેવલોક, છઠ્ઠો લાન્તક, સાતમો મહાશુક્ર, અને આઠમો સહસ્રાર એમ ૫થી૮ સુધીના ચાર દેવલોક ઉપર ઉપર આવેલા છે. નવમો આનત દક્ષિણમાં અને દસમો પ્રાણત ઉત્તરમાં આવેલ છે. અગિયારમો આરણ દક્ષિણમાં અને બારમો અચ્યુત ઉત્તરમાં આવેલ છે. તેની ઉપર નવગ્રૈવેયક ઉપરાઉપર આવેલ છે. તેની ઉપર વિજય, વિજયંત, જયંત અને અપરાજિત આ ચાર વિમાનો ચારે દિશામાં આવેલાં છે અને સર્વાર્થસિદ્ધ બરાબર વચ્ચે આવેલ છે. તેનું ચિત્ર ઉપર દર્શાવ્યા પ્રમાણે છે. દિગંબરામ્નાય ૧૨ દેવલોકને બદલે ૧૬ દેવલોક છે. એમ માને છે. તેથી સૂત્રરચના પણ ૧૬ દેવલોકને જણાવનારી કરે છે. ૪-૨૦.

**स्थितिप्रभावसुखद्युतिलेश्याविशुद्धी-न्द्रियावधिविषयतोऽधिकाः ૪-૨૧**

**સ્થિતિ-પ્રભાવ-સુખદ્યુતિલેશ્યાવિશુદ્ધી-ન્દ્રિયાવધિવિષયતોધિકાઃ ૪-૨૧**

**સ્થિતિ-પ્રભાવ-સુખ-દ્યુતિ-લેશ્યા-વિશુદ્ધિ-ઈન્દ્રિય-અવધિ વિષયતઃ અધિકાઃ ૪-૨૧**

**સૂત્રાર્થ-ઉપર ઉપરના દેવલોકના દેવો સ્થિતિ-પ્રભાવ સુખ-કાન્તિ-લેશ્યા-વિશુદ્ધિ ઇન્દ્રિયનો વિષય અને અવધિના વિષય દ્વારા અધિક-અધિક છે. ૪-૨૧.**

**ભાવાર્થ**- વૈમાનિક દેવલોકમાં ઉપર-ઉપરના દેવલોકના દેવો સ્થિતિ એટલે આયુષ્ય દ્વારા અધિક અધિક છે. પછી પછીના દેવલોકના દેવોનું આયુષ્ય વધારે વધારે છે. જે હમણાં જ સૂત્ર ૨૯થી૪૨ સુધીમાં સમજાવવામાં આવશે. તથા પ્રભાવ પણ વધારે વધારે છે. એવી જ રીતે સાંસારિક સુખ તથા સુખનાં સાધનો, શારીરિક કાન્તિ, મનના અધ્યવસાય રૂપ લેશ્યા, જ્ઞાનાદિ ગુણો દ્વારા અને મોહની મંદતા દ્વારા આત્માની વિશુદ્ધિ, પાંચ ઈન્દ્રિયો દ્વારા જાણવાની જ્ઞાન શક્તિ, અને અવધિજ્ઞાનનો વિષય આ બધું ઉપર ઉપરના દેવલોકોમાં અધિક-અધિક હોય છે. સારાંશ કે શ્રેષ્ઠભાવો અધિક અધિક છે. ૪-૨૧.

**गतिशरीरपरिग्रहाभिमानतो हीनाः ૪-૨૨**
**ગતિ-શરીર-પરિગ્રહાભિમાનતો હીનાઃ ૪-૨૨**
**ગતિ-શરીર-પરિગ્રહ-અભિમાનતઃ હીનાઃ ૪-૨૨**

**સૂત્રાર્થ - ઉપર-ઉપરના દેવલોકના દેવો ગતિ-શરીર-પરિગ્રહ અને અભિમાનની અપેક્ષાએ હીનતાવાળા (ઓછાશ વાળા) હોય છે. ૪-૨૨.**

**ભાવાર્થ**-ઉપર-ઉપરના દેવલોકના દેવો જેમ સ્થિતિ-પ્રભાવથી વધારે વધારે હોય છે. તેમ ગતિ-શરીરાદિને આશ્રયી



હીન-હીનતર હોય છે. ગમનાગમન ઓછું ઓછું કરનારા છે. શરીરની લંબાઈ (અવગાહના) ઓછી ઓછી છે. પરિગ્રહ (મમતા-મૂર્છા) હીન હીન છે અને અભિમાન મોટાઈ વગેરે કષાયોની માત્રા પણ ઓછી ઓછી છે. કનિષ્ટભાવો હીન-હીનતર છે. ૪-૨૨.

**पीतपद्मशुक्ललेश्या द्वित्रिशेषेषु ૪-૨૩**
**પીતપદ્મશુક્લલેશ્યા દ્વિત્રિશેષેષુ ૪-૨૩**
**પીત-પદ્મ-શુક્લલેશ્યાઃ દ્વિ-ત્રિ-શેષેષુ ૪-૨૩**

**સૂત્રાર્થ-બે દેવલોકમાં તેજોલેશ્યા, ત્રણ દેવલોકમાં પદ્મલેશ્યા, અને બાકીના સર્વ દેવલોકમાં શુક્લલેશ્યા હોય છે. ૪-૨૩.**

**ભાવાર્થ**-સૌધર્મ અને ઈશાન નામના પ્રથમ બે દેવલોકમાં ફક્ત ૧ તેજોલેશ્યા હોય છે. સનત્કુમાર, માહેન્દ્ર અને બ્રહ્મલોક નામના ત્રીજા, ચોથા અને પાંચમા દેવલોકમાં પદ્મલેશ્યા હોય છે. અને લાન્તકાદિ છઠ્ઠા દેવલોકથી ઉપરના તમામ દેવલોકોમાં માત્ર એક શુક્લલેશ્યા જ હોય છે. આ બધી દ્રવ્યલેશ્યા જાણવી. ભાવલેશ્યા અનિયત છે. તેથી જ સંગમદેવ વૈમાનિક હોવાથી દ્રવ્યથી તેજોલેશ્યા વાળો હોવા છતાં ભાવથી કૃષ્ણાદિ લેશ્યાના કારણે ભગવાનને ઉપસર્ગ કરનાર બને છે અને સાતમી નારકીના જીવો દ્રવ્યથી કૃષ્ણલેશ્યાવાળા હોવા છતાં ભાવથી શુભ લેશ્યાવાળા બનવાથી સમ્યક્ત્વ પામનાર બને છે. માટે દેવ-નારકીમાં દ્રવ્યલેશ્યા નિયત છે અને ભાવલેશ્યા અનિયત છે. ૪-૨૩.

**प्राग्गैवेयकेभ्यः कल्पाः ४-२४**

**પ્રાગ્ગ્રૈવેયકેભ્યઃ કલ્પાઃ ૪-૨૪**

**પ્રાગ્ ગ્રૈવેયકેભ્યઃ કલ્પાઃ ૪-૨૪**

**સૂત્રાર્થ - ગ્રૈવેયક નામના દેવોની પૂર્વેના સર્વે દેવો કલ્પવાળા કહેવાય છે. ૪-૨૪.**

**ભાવાર્થ**-દેવોના કલ્પોપપન્ન અને કલ્પાતીત એમ બે ભેદ કહેવાય છે. તેમાં ગ્રૈવેયકની પૂર્વેના સમસ્ત દેવો કલ્પવાળા એટલે સ્વામી-સેવકની મર્યાદાવાળા કહેવાય છે. ભવનપતિ-વ્યંતર-જ્યોતિષ્ક દેવો અને પહેલા દેવલોકથી બાર દેવલોક સુધીના વૈમાનિક દેવો કલ્પોપપન્ન છે અને બાકીના ગ્રૈવેયક તથા અનુત્તરવાસી દેવો કલ્પાતીત કહેવાય છે. એટલે ત્યાં સ્વામી-સેવકભાવ રૂપ સામાજિકવ્યવસ્થા નથી. પરંતુ ત્યાં સર્વે દેવો અહમિન્દ્ર સમાન મોભાવાળા છે. આવા ઉંચાસ્થાનોમાં જન્મે અને પછી ત્યાં કચરો જ વાળવો પડે કે ઘરઘાટીનું જ કામ કરવું પડે તે ઉચિત નથી. માટે ત્યાં કચરા આદિ હોતા નથી તેથી આવી વ્યવસ્થા નથી. ૪-૨૪.

**ब्रह्मलोकालया लोकान्तिकाः ४-२५**

**બ્રહ્મલોકાલયા લોકાન્તિકાઃ ૪-૨૫**

**બ્રહ્મલોક-આલયાઃ લોકાન્તિકાઃ ૪-૨૫**

**સૂત્રાર્થ- લોકાન્તિકદેવો બ્રહ્મલોકની પાસે જ (એટલે બ્રહ્મલોકની અંતે-છેવાડે) રહેનારા છે. ૪-૨૫.**



**ભાવાર્થ**-નવ પ્રકારના લોકાન્તિક દેવો છે. જેને ફક્ત ૧ ભવ (૧ લોક) જ બાકી છે તે લોકાન્તિક કહેવાય છે. આ દેવો બ્રહ્મલોક નામના પાંચમા દેવલોકને છેડે રહેનારા છે. જો કે એક જ ભવ માત્ર બાકી હોવાથી ઘણા ઉચ્ચકોટિના આ દેવો છે. તેથી તેઓનું સ્થાન ઉપર સર્વાર્થસિદ્ધ પાસે હોવું જોઈએ, પરંતુ તેઓનું શરીર-આયુષ્ય-બળ-અવધિજ્ઞાન વગેરે દૈવિક ભાવો પાંચમા દેવલોકની તુલ્ય છે. તેથી તેમનું સ્થાન પાંચમા દેવલોકની પાસે છે. ૪-૨૫.

**सारस्वतादित्यवह्न्यरुणगर्दतोय-**
**तुषिताव्याबाधमरुतोऽरिष्टाश्च ४-२६**

**સારસ્વતાદિત્યવહ્ન્યરુણગર્દતોય-**
**તુષિતાવ્યાબાધમરુતોરિષ્ટાશ્ચ ૪-૨૬**

**સારસ્વત-આદિત્ય-વહ્નિ-અરુણ-ગર્દતોય-**
**તુષિત-અવ્યાબાધ-મરુતઃ-અરિષ્ટાઃ ચ ૪-૨૬**

**સૂત્રાર્થ-તે નવ લોકાન્તિક દેવોનાં નામો આ પ્રમાણે છે-સારસ્વત-આદિત્ય-વહ્નિ-અરુણ-ગર્દતોય-તુષિત-અવ્યાબાધ, મરુત અને અરિષ્ટ. ૪-૨૬.**

**ભાવાર્થ**-બ્રહ્મલોકની બાજુમાં વસનારા નવ પ્રકારના આ નવ લોકાન્તિક દેવોનાં સારસ્વત વગેરે અનુક્રમે નવ નામો સૂત્રમાં કહ્યાં છે. તેઓમાં રહેનારા દેવો એકાવતારી અને પરમપવિત્ર હોય છે. તથા તીર્થંકર ભગવન્તોને જ્યારે જ્યારે

દીક્ષા લેવાનો અવસર થાય છે અને તીર્થંકર ભગવંતો દીક્ષા લેવાનો સંકલ્પ કરે છે. ત્યારે ત્યારે આ જ દેવો આવીને પરમાત્માને નમસ્કાર કરીને વિનંતિ કરે છે કે હે ભગવાન! આપ પ્રવ્રજ્યા ગ્રહણ કરો અને શાસન પ્રવર્તાવો. આવી વિનંતિ કરવાનો આચાર આ દેવોનો છે અહીં સારસ્વત ઇશાનમાં, આદિત્ય પૂર્વમાં, વહ્નિ અગ્નિખુણામાં, એમ આઠ જાતના દેવો ક્રમશઃ ચારદિશા અને ચાર વિદિશામાં છે. અને અરિષ્ટ નામના નવમા પ્રકારના દેવો મધ્યમાં છે. ૪-૨૬.

**विजयादिषु द्विचरमाः ૪-૨૭**

**વિજયાદિષુ દ્વિચરમાઃ ૪-૨૭**

**વિજયાદિષુ દ્વિચરમાઃ ૪-૨૭**

**સૂત્રાર્થ-વિજયાદિમાં જન્મ પામનારા દેવો દ્વિચરમાવતારી હોય છે. ૪-૨૭.**

**ભાવાર્થ**-વિજય-વિજયંત-જયંત અને અપરાજિતમાં જન્મનારા દેવો બે ભવ માત્ર કરનારા હોય છે. એટલે કે વિજયાદિ ચારમાંથી ગમે તે એક વિમાનમાં જન્મ પામેલા દેવો ત્યાંથી ચ્યવી મનુષ્યભવ-વિજયાદિભવ-મનુષ્યભવ એમ વિજયાદિથી અન્તરિત એવા મનુષ્યના બે ભવ કરી સિદ્ધિપદ પામે છે. અને સર્વાર્થસિદ્ધના દેવો મનુષ્યનો એક ભવ કરી સિદ્ધિપદ પામે છે. ૪-૨૭.





**औपपातिकमनुष्येभ्यः शेषास्तिर्यग्योनयः ૪-૨૮**

**ઔપપાતિકમનુષ્યેભ્યઃ શેષાસ્તિર્યગ્યોનયઃ ૪-૨૮**

**ઔપપાતિક-મનુષ્યેભ્યઃ શેષાઃ તિર્યગ્યોનયઃ ૪-૨૮**

**સૂત્રાર્થ - ઉપપાત જન્મવાળા (દેવ-નારકીના) જીવો તથા મનુષ્યોથી જે શેષ જીવો સંસારમાં છે તે સર્વે તિર્યગ્યોનિવાળા (તિર્યંચો) કહેવાય છે. ૪-૨૮.**

**ભાવાર્થ**- *ઔપપાતિક*=ઉપપાત જન્મવાળા એવો જે શબ્દ છે તેનાથી દેવ-નારકી સમજવા. *મનુષ્યેભ્યઃ* એવો જે શબ્દ છે તેનાથી મનુષ્યો સમજવા. એટલે દેવ-નારકી અને મનુષ્યોથી જેટલા જીવો આ સંસારમાં શેષ છે તે સર્વે જીવોને તિર્યંચયોનિવાળા અર્થાત્ તિર્યંચ કહેવાય છે. એટલે એકેન્દ્રિય, વિકલેન્દ્રિય અને અસંજ્ઞી પંચેન્દ્રિય જીવો તો સર્વે તિર્યંચ જ કહેવાય છે. તથા સંજ્ઞી પંચેન્દ્રિયમાં પણ સર્વે પક્ષીઓ (ખેચર) અને મત્સ્યાદિ જલચર અને ગાય, ભેંસ, ઘોડા, હાથી, સર્પ, વાનર વગેરે સ્થલચર જીવો તિર્યંચ કહેવાય છે આ પ્રમાણે ત્રીજા અધ્યાયના ૧થી૬ સૂત્રોમાં નરકગતિ, ૭થી૧૮ સૂત્રોમાં મનુષ્યગતિ, ચોથા અધ્યાયના ૧ સૂત્રથી ૨૭ સૂત્રોમાં દેવગતિ અને આ ૨૮મા સૂત્રમાં તિર્યંચગતિ એમ સંસારની આ ચાર ગતિ સમજાવી. (એટલે ચારગતિમાં રહેનારા જીવોનું વર્ણન સમજાવ્યું કારણ કે આ જીવતત્ત્વ ચાલે છે.) ૪-૨૮.

**સ્થિતિઃ ૪-૨૯ સ્થિતિઃ ૪-૨૯ સ્થિતિઃ ૪-૨૯**

**સૂત્રાર્થ-હવે સર્વે દેવોનું આયુષ્ય જણાવાય છે. ૪-૨૯.**

**भवनेषु दक्षिणार्धाधिपतीनां पल्योपममध्यर्धम् ४-३०**
**ભવનેષુ દક્ષિણાર્ધાધિપતીનાં પલ્યોપમમધ્યર્ધમ્ ૪-૩૦**
**ભવનેષુ દક્ષિણ-અર્ધ-અધિપતીનાં પલ્યોપમમ્ અધ્યર્ધમ્**

**शेषाणां पादोने ४-३१**
**શેષાણાં પાદોને ૪-૩૧**
**શેષાણાં પાદ-ઉને ૪-૩૧**

**असुरेन्द्रयोः सागरोपममधिकं च ४-३२**
**અસુરેન્દ્રયોઃ સાગરોપમમધિકં ચ ૪-૩૨**
**અસુરેન્દ્રયોઃ સાગરોપમમ્ અધિકં ચ ૪-૩૨**

**સૂત્રાર્થ-ભવનપતિ દેવોમાં દક્ષિણદિશાના ઈન્દ્રોનું આયુષ્ય દોઢ પલ્યોપમ છે. શેષ (ઉત્તરદિશાના) ઈન્દ્રોનું આયુષ્ય પોણા બે પલ્યોપમ છે. અસુરકુમારના દક્ષિણ-ઉત્તર દિશાના ઈન્દ્રનું આયુષ્ય અનુક્રમે એક સાગરોપમ અને એકસાગરોપમથી અધિક છે. ૪-૩૦, ૩૧, ૩૨.**

**ભાવાર્થ**-અસુરકુમાર આદિ દશ ભવનપતિ દેવો છે. તેમાં પ્રથમ નિકાયના અસુરકુમારને છોડીને બાકીના નાગકુમારાદિ નવ નિકાયના દક્ષિણ દિશાના ભવનપતિ ઈન્દ્રોનું આયુષ્ય ૧ાા



(દોઢ) પલ્યોપમ છે. અને ઉત્તર દિશાના ઈન્દ્રોનું ૧ાાા (પોણા બે) પલ્યોપમ છે. જ્યારે પ્રથમ નિકાયના અસુરકુમારના દક્ષિણેન્દ્રનું આયુષ્ય ૧ સાગરોપમ અને ઉત્તરેન્દ્રનું આયુષ્ય ૧ સાગરોપમથી કંઈક અધિક છે. ત્રીસમા સૂત્રમાં **અધ્યર્ધમ્** જે શબ્દ છે તેનો અર્થ અર્ધ પલ્યોપમથી અધિક એવું એક પલ્યોપમ. એમ અર્થ થવાથી દોઢ પલ્યોપમ સમજવું. તથા એકત્રીસમા સૂત્રમાં **પાદોને** જે પદ છે. તેનો અર્થ પાદ (એટલે ૧ પલ્યોપમનો ચોથો ભાગ અર્થાત્ ૦ા પલ્યોપમ) ન્યૂન એવાં બે પલ્યોપમ. એટલે પોણા બે પલ્યોપમ એવો અર્થ થાય છે. **પાદ + ऊने** આ પાઠમાં ઊને શબ્દ દ્વિવચનવાળો હોવાથી બે પલ્યોપમ સમજવાં. તેમાં ચોથો ભાગ ઓછો. ૪-૩૦, ૩૧, ૩૨.

**सौधर्मादिषु यथाक्रमम् ४-३३**
**સૌધર્માદિષુ યથાક્રમમ્ ૪-૩૩**
**સૌધર્માદિષુ યથાક્રમમ્ ૪-૩૩**

**सागरोपमे ४-३४**
**સાગરોપમે ૪-૩૪**
**સાગરોપમે ૪-૩૪**

**अधिके च ४-३५**
**અધિકે ચ ૪-૩૫**
**અધિકે ચ ૪-૩૫**

**સૂત્રાર્થ- સૌધર્મ આદિ દેવલોકમાં હવે અનુક્રમે આયુષ્ય કહે છે સૌધર્મમાં બે સાગરોપમ અને ઈશાન દેવલોકમાં બે સાગરોપમથી અધિક આયુષ્ય હોય છે. ૪-૩૩, ૩૪, ૩૫.**

**ભાવાર્થ**-સૌધર્મ વગેરે ૧૨ દેવલોક અને નવ ગ્રૈવેયક તથા પાંચ અનુત્તરવાસી દેવોનું આયુષ્ય અનુક્રમે હવે કહીએ છીએ. ત્યાં સૌ પ્રથમ સૌધર્મ નામના પ્રથમ દેવલોકનું આયુષ્ય બે સાગરોપમ છે અને ઈશાન નામના બીજા દેવલોકનું આયુષ્ય બે સાગરોપમથી કંઈક અધિક છે. અહીં **सागरोपमे** શબ્દ તથા **अधिके** શબ્દ સંસ્કૃતભાષામાં દ્વિવચનવાળો છે તેથી બે સાગરોપમ અને તેથી અધિક એવો અર્થ થઇ શકે છે. ૪-૩૩, ૩૪, ૩૫.

**सप्त सनत्कुमारे ૪-૩૬**
**સપ્ત સનત્કુમારે ૪-૩૬**
**સપ્ત સનત્કુમારે ૪-૩૬**

**સૂત્રાર્થ - સનત્કુમાર નામના ત્રીજા દેવલોકમાં સાત સાગરોપમનું આયુષ્ય હોય છે. ૪-૩૬.**

**ભાવાર્થ**-સુગમ છે. સનત્કુમાર નામના ત્રીજા દેવ-લોકમાં રહેનારા દેવોનું આયુષ્ય સાત સાગરોપમ છે. અત્યારે સર્વ ઠેકાણે આ ઉત્કૃષ્ટ આયુષ્ય કહેવાય છે. ૪-૩૬.

**विशेषत्रिसप्तदशैकादशत्रयोदश-**
**पञ्चदशभिरधिकानि च ૪-૩૭**
**વિશેષત્રિસપ્તદશૈકાદશત્રયોદશ-**
**પંચદશભિરધિકાનિ ચ ૪-૩૭**
**વિશેષ-ત્રિ-સપ્ત-દશ-એકાદશ-ત્રયોદશ-**
**પંચદશભિઃ અધિકાનિ ચ ૪-૩૭**





**સૂત્રાર્થ - સનત્કુમારના આયુષ્યમાં વિશેષાધિક-ત્રણ-સાત-દશ-અગિયાર તેર અને પંદર ઉમેરવાથી બાકીના દેવલોકોના દેવોનું આયુષ્ય આવે છે. ૪-૩૭.**

**ભાવાર્થ** - સનત્કુમાર નામના ત્રીજા દેવલોકનું આયુષ્ય સાત સાગરોપમ છે તેમાં આ સૂત્રમાં કહેલી સંખ્યા ઉમેરવાથી ચોથા-પાંચમા આદિ દેવલોકનું આયુષ્ય થાય છે. ત્રીજા દેવલોકનું આયુષ્ય ૭ સાગરોપમ છે.

| ચોથા દેવલોકનું આયુ૦ | ૭ સા૦થી | વિશેષાધિક |
|---|---|---|
| પાંચમા દેવલોકનું આયુ૦ | ૭ સા૦થી *त्रि=* | ૩ અધિક = ૧૦ સા૦ |
| છઠ્ઠા દેવલોકનું આયુ૦ | ૭ સા૦થી *सप्त=* | ૭ અધિક = ૧૪ સા૦ |
| સાતમા દેવલોકનું આયુ૦ | ૭ સા૦થી *दश=* | ૧૦ અધિક = ૧૭ સા૦ |
| આઠમા દેવલોકનું આયુ૦ | ૭ સા૦થી *एकादश=* | ૧૧ અધિક = ૧૮ સા૦ |
| નવ-દશ દેવલોકનું | ૭ સા૦થી *त्रयोदश=* | ૧૩ અધિક = ૨૦ સા૦ |
| અગિયારમા-બારમા દેવલોકનું આયુ૦ | ૭ સા૦થી *पञ्चदश=* | ૧૫ અધિક = ૨૨ સા૦ |

આ પ્રમાણે બાર દેવલોક સુધીના દેવોનું આ ઉત્કૃષ્ટ આયુષ્ય જાણવું. ૪-૩૭.

**आरणाच्युतादूर्ध्वमेकैकेन नवसु**
**ग्रैवेयकेषु विजयादिषु सर्वार्थसिद्धे च ૪-૩૮**
**આરણાચ્યુતાદૂર્ધ્વમેકૈકેન નવસુ**
**ગ્રૈવેયકેષુ વિજયાદિષુ સર્વાર્થસિદ્ધે ચ ૪-૩૮**

**આરણ-અચ્યુતાદ્ ઊર્ધ્વમ્ એકૈકેન નવસુ ગ્રૈવેયકેષુ વિજયાદિષુ સર્વાર્થસિદ્ધે ચ ૪-૩૮**

**સૂત્રાર્થ-આરણ અને અચ્યુતથી ઉપર નવ ગ્રૈવેયકોમાં, વિજયાદિ ચારમાં અને સર્વાર્થસિદ્ધમાં એક-એક સાગરોપમની વૃદ્ધિ જાણવી. ૪-૩૮.**

**ભાવાર્થ**-ઉપરના સૂત્ર પ્રમાણે અગિયારમા - બારમા, આરણ અને અચ્યુત નામના દેવલોકમાં અનુક્રમે ૨૨ સાગરોપમનું આયુષ્ય છે. ત્યારબાદ નવ ગ્રૈવેયકમાં, વિજયાદિ ચારમાં અને સર્વાર્થસિદ્ધમાં એક-એક સાગરોપમ વધારે વધારે આયુષ્ય જાણવું. પહેલી ગ્રૈવેયકમાં ૨૩ સાગરોપમ, બીજી ગ્રૈવેયકમાં ૨૪ સાગરોપમ, ત્રીજી ગ્રૈવેયકમાં ૨૫ સાગરોપમ એમ નવમી ગ્રૈવેયકમાં ૩૧ સાગરોપમ, વિજ્યાદિ ચાર વિમાનમાં ૩૨ સાગરોપમ, અને સર્વાર્થસિદ્ધ વિમાનમાં ૩૩ સાગરોપમનું આયુષ્ય છે. સર્વાર્થસિદ્ધનું આ આયુષ્ય અજઘન્યોત્કૃષ્ટ હોય છે. ૪-૩૮.

**अपरा पल्योपममधिकं च ४-३९**
**અપરા પલ્યોપમમધિકં ચ ૪-૩૯**
**અપરા પલ્યોપમમ્ અધિકં ચ ૪-૩૯**

**सागरोपमे ૪-૪૦**
**સાગરોપમે ૪-૪૦**
**સાગરોપમે ૪-૪૦**

**अधिके च ૪-૪૧**
**અધિકે ચ ૪-૪૧**
**અધિકે ચ ૪-૪૧**



**સૂત્રાર્થ-હવે બાર દેવલોકનું જઘન્ય આયુષ્ય કહે છે. પલ્યોપમ, તથા પલ્યોપમથી અધિક, બે સાગરોપમ તથા બે સાગરોપમથી અધિક આયુષ્ય છે. ૪-૩૯, ૪૦, ૪૧.**

**ભાવાર્થ**-વૈમાનિક દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય કહીને હવે જઘન્ય આયુષ્ય સમજાવે છે. સૌધર્મ નામના પ્રથમ દેવલોકનું જઘન્ય આયુષ્ય ૧ પલ્યોપમ છે. ઈશાન નામના બીજા દેવલોકનું જઘન્ય આયુષ્ય ૧ પલ્યોપમથી અધિક છે સનત્કુમાર નામના ત્રીજા દેવલોકનું જઘન્ય આયુષ્ય બે સાગરોપમ છે. અને માહેન્દ્ર નામના ચોથા દેવલોકનું જઘન્ય આયુષ્ય બે સાગરોપમથી અધિક છે. આ જઘન્ય આયુષ્ય જાણવું આ પ્રમાણે ૧થી૪ દેવલોકનું જઘન્ય આયુષ્ય કહ્યું. ૪-૩૯, ૪૦, ૪૧.

**परतः परतः पूर्वापूर्वानन्तरा ૪-૪૨**
**પરતઃ પરતઃ પૂર્વાપૂર્વાનન્તરા ૪-૪૨**
**પરતઃ પરતઃ પૂર્વા પૂર્વા અનન્તરા ૪-૪૨**

**સૂત્રાર્થ-પછી પછીના દેવલોકની જઘન્યસ્થિતિ અનન્તર અનન્તર પૂર્વપૂર્વ દેવલોકની ઉત્કૃષ્ટસ્થિતિ પ્રમાણે જાણવી. ૪-૪૨.**

**ભાવાર્થ**-ચોથા દેવલોકનું જે ઉત્કૃષ્ટ આયુષ્ય છે. તે જ પાંચમા દેવલોકનું જઘન્ય આયુષ્ય છે. પાંચમા દેવલોકનું જે ઉત્કૃષ્ટ આયુષ્ય છે તે જ છઠ્ઠા દેવલોકનું જઘન્ય આયુ૦ છે. એમ આગળ-આગળ જાણવું. આ પ્રમાણે જઘન્ય આયુષ્ય હોવાથી-

| | | | |
|---|---|---|---|
| ૫મા | દેવલોકનું | જઘન્ય આયુષ્ય | ૭ સા૦થી અધિક |
| ૬ઠ્ઠા | દેવલોકનું | જઘન્ય આયુષ્ય | ૧૦ સાગરોપમ |
| ૭મા | દેવલોકનું | જઘન્ય આયુષ્ય | ૧૪ સાગરોપમ |
| ૮મા | દેવલોકનું | જઘન્ય આયુષ્ય | ૧૭ સાગરોપમ |
| ૯-૧૦મા | દેવલોકનું | જઘન્ય આયુષ્ય | ૧૯ સાગરોપમ |
| ૧૧-૧૨મા | દેવલોકનું | જઘન્ય આયુષ્ય | ૨૧ સાગરોપમ |
| નવ | ગ્રૈવેયકનું | જઘન્ય આયુષ્ય | ૨૨થી૩૦ સાગરોપમ |
| | વિજયાદિનું | જઘન્ય આયુ૦ | ૩૧ સા૦. ૪-૪૨ |

**नारकाणां च द्वितीयादिषु ૪-૪૩**
**નારકાણાં ચ દ્વિતીયાદિષુ ૪-૪૩**
**નારકાણાં ચ દ્વિતીયાદિષુ ૪-૪૩**

**સૂત્રાર્થ- નારકીઓના જઘન્ય આયુષ્યની રીત ઉપર મુજબ બીજી આદિ નરકથી જાણવી. ૪-૪૩.**

**ભાવાર્થ** - ત્રીજા અધ્યાયના છઠ્ઠા સૂત્રમાં સાત નારકી જીવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય કહ્યું છે. પરંતુ જઘન્ય આયુષ્ય ત્યાં કહ્યું નથી. અહીં અત્યારે જઘન્ય આયુષ્યનો પ્રસંગ ચાલે છે. તેથી સાત નારકીનું પણ જઘન્ય આયુષ્ય જણાવે છે કે-

નારકીઓમાં પૂર્વ-પૂર્વ નારકીનું જે ઉત્કૃષ્ટ આયુષ્ય છે તે જ તેની અનન્તર પછી, પછીની નારકીનું જઘન્ય આયુષ્ય જાણવું.



પહેલી નારકીનું જે ૧ સાગરોપમ ઉત્કૃષ્ટ આયુષ્ય છે. તે જ બીજી નારકીનું જઘન્ય આયુષ્ય છે. બીજી નારકીનું જે ત્રણ સાગરોપમનું ઉત્કૃષ્ટ આયુષ્ય છે. તે જ ત્રીજી નારકીનું જઘન્ય આયુષ્ય જાણવું. એમ સર્વઠેકાણે સમજવું. માત્ર પહેલી નારકીનું જઘન્ય આયુષ્ય બાકી રહે છે. તે હવે પછીના આગળના સૂત્રમાં સમજાવવામાં આવશે. ૪-૪૩.

**दशवर्षसहस्राणि प्रथमायाम् ૪-૪૪**
**દશવર્ષસહસ્રાણિ પ્રથમાયામ્ ૪-૪૪**
**દશવર્ષસહસ્રાણિ પ્રથમાયામ્ ૪-૪૪**

**સૂત્રાર્થ-પ્રથમ નારકીનું જઘન્ય આયુષ્ય દશહજાર વર્ષનું છે. સુગમ હોવાથી ભાવાર્થ નથી. ૪-૪૪.**

**भवनेषु च ૪-૪૫** **व्यन्तराणाञ्च ૪-૪૬**
**ભવનેષુ ચ ૪-૪૫** **વ્યન્તરાણાં ચ ૪-૪૬**
**ભવનેષુ ચ ૪-૪૫** **વ્યન્તરાણાં ચ ૪-૪૬**

**परा पल्योपमम् ૪-૪૭**
**પરા પલ્યોપમમ્ ૪-૪૭**
**પરા પલ્યોપમમ્ ૪-૪૭**

**સૂત્રાર્થ - દશે પ્રકારના ભવનપતિ દેવોનું તથા આઠે પ્રકારના વ્યન્તરદેવોનું જઘન્ય આયુષ્ય દશ હજાર વર્ષ છે. આઠે પ્રકારના વ્યંતરનિકાય દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય ૧ પલ્યોપમ છે. ૪-૪૫, ૪૬, ૪૭.**

**ज्योतिष्काणामधिकम् ४-४८**
**જ્યોતિષ્કાણામધિકમ્ ૪-૪૮**
**જ્યોતિષ્કાણાં અધિકમ્ ૪-૪૮**

**ग्रहाणामेकम् ४-४९**
**ગ્રહાણામેકમ્ ૪-૪૯**
**ગ્રહાણાં એકમ્ ૪-૪૯**

**नक्षत्राणामर्धम् ४-५०**
**નક્ષત્રાણામર્ધમ્ ૪-૫૦**
**નક્ષત્રાણાં અર્ધમ્ ૪-૫૦**

**तारकाणां चतुर्भागः ४-५१**
**તારકાણાંચતુર્ભાગઃ ૪-૫૧**
**તારકાણાં ચતુર્ભાગઃ ૪-૫૧**

**जधन्या त्वष्टभागः ४-५२**
**જધન્યાત્વષ્ટભાગઃ ૪-૫૨**
**જધન્યા તુ અષ્ટભાગઃ ૪-૫૨**

**चतुर्भागः शेषाणाम् ४-५३**
**ચતુર્ભાગઃ શેષાણામ્ ૪-૫૩**
**ચતુર્ભાગઃ શેષાણામ્ ૪-૫૩**

**સૂત્રાર્થ-જ્યોતિષ્કદેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય એક પલ્યોપમથી કંઈક અધિક હોય છે. પરંતુ ગ્રહોનું એક પલ્યોપમ, નક્ષત્રોનું અર્ધપલ્યોપમ, અને તારાઓનું ઉત્કૃષ્ટ આયુષ્ય પલ્યોપમનો ચોથો ભાગ જાણવું. તથા તે તારાઓનું**



**જઘન્ય આયુષ્ય પલ્યોપમનો આઠમો ભાગ હોય છે બાકીના જ્યોતિષ્કોનું જઘન્ય આયુષ્ય પલ્યોપમનો ચોથો ભાગ હોય છે. ૪-૪૮, ૪૯, ૫૦, ૫૧, ૫૨, ૫૩.**

**ભાવાર્થ**-આ છ સૂત્રોમાં જ્યોતિષ્કદેવોનું જઘન્ય તથા ઉત્કૃષ્ટ આયુષ્ય જણાવેલું છે. જે નીચેના ચિત્રથી જ સારી રીતે સમજાઈ જાય છે. ૪-૪૮, ૪૯, ૫૦, ૫૧, ૫૨, ૫૩.

## જ્યોતિષ્કદેવોનું આયુષ્ય

| દેવનુ નામ | ઉત્કૃષ્ટાયુષ્ય | જઘન્યાયુષ્ય |
|---|---|---|
| સૂર્યદેવ | ૧ પલ્યોપમ ૧ લાખ વર્ષ | પલ્યોપમનો ચોથો ભાગ |
| ચંદ્ર દેવ | ૧ પલ્યોપમ ૧ હજાર વર્ષ | પલ્યોપમનો ચોથો ભાગ |
| ગ્રહો | ૧ પલ્યોપમ | પલ્યોપમનો ચોથો ભાગ |
| નક્ષત્રો | ૦ાા પલ્યોપમ | પલ્યોપમનો ચોથો ભાગ |
| તારાઓ | ૦ા પલ્યોપમ | પલ્યોપમનો આઠમો ભાગ |

આ પ્રમાણે ચોથા અધ્યાયમાં દેવોનું વર્ણન પૂર્ણ થયું. અહીં બીજા-ત્રીજા અને ચોથા અધ્યાયમાં **જીવતત્ત્વ** સમજાવ્યું. હવે પાંચમા અધ્યાયમાં **અજીવતત્ત્વ** સમજાવાશે.

**ચતુર્થ અધ્યાય સમાપ્ત**

# અધ્યાય પાંચમો

**अजीवकाया धर्माधर्माकाशपुद्गलाः ५-१**
**અજીવકાયા ધર્માધર્માકાશપુદ્ગલાઃ ૫-૧**
**અજીવકાયાઃ ધર્મ-અધર્મ-આકાશ-પુદ્ગલાઃ ૫-૧**

**સૂત્રાર્થ - ધર્મ, અધર્મ, આકાશ અને પુદ્ગલ એમ કુલ ચાર અજીવકાય છે. ૫-૧.**

**ભાવાર્થ**-જેનામાં ચૈતન્ય (જ્ઞાન) ન હોય તે અજીવકાય કહેવાય છે. ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, અને પુદ્ગલાસ્તિકાય એમ કુલ ચાર અજીવકાય છે. *અસ્તિ* એટલે પ્રદેશોનો (અંશોનો) *કાય* એટલે સમૂહ, આ ચારે દ્રવ્યો પ્રદેશોના સમૂહાત્મક છે. ધર્માસ્તિકાય અને અધાર્મસ્તિકાયના અસંખ્ય પ્રદેશો છે. આકાશાસ્તિકાયના અનંત પ્રદેશો છે. અને પુદ્ગલાસ્તિકાયના સંખ્યાત-અસંખ્યાત-અને અનંત પ્રદેશો હોય છે. આ પ્રમાણે પ્રદેશોનો સમૂહ હોવાથી આ ચાર દ્રવ્યોને **અસ્તિકાય** કહેવાય છે. દિગંબરામ્નાયમાં **''પ્રદેશપ્રચય''** પણ કહેવાય છે. અને ચૈતન્ય ન હોવાથી **અજીવ** કહેવાય છે. કાળ એ જીવાદિ પાંચે દ્રવ્યોના વર્તના સ્વરૂપ પર્યાયાત્મક હોવાથી દ્રવ્ય તરીકે ગણેલ નથી. કોઈપણ પર્યાયમાં જીવ અને અજીવનું જે વર્તવું. તે વર્તના પર્યાય જ



ગણનાત્મક હોવાથી કાળ કહેવાય છે. પરંતુ કાળ નામનું સ્વતંત્ર છઠ્ઠું દ્રવ્ય શ્વેતાંબરામ્નાયમાં નથી. ૫-૧.

**द्रव्याणि जीवाश्च ५-२**
**દ્રવ્યાણિ જીવાશ્ચ ૫-૨**
**દ્રવ્યાણિ જીવાઃ ચ ૫-૨**

**સૂત્રાર્થ- ઉપરોક્ત ચાર અજીવકાય તથા જીવદ્રવ્ય એમ કુલ પાંચ દ્રવ્યો છે. ૫-૨.**

**ભાવાર્થ**-ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, તથા પુદ્ગલાસ્તિકાય આ ચાર અજીવદ્રવ્યો (ચૈતન્યરહિત દ્રવ્યો) છે અને પાંચમું જીવદ્રવ્ય ચૈતન્યવાળું દ્રવ્ય છે. એમ આ સંસારમાં કુલ પાંચ દ્રવ્યો છે. ''દ્રવ્ય'' એ સામાન્યજાતિ છે. અને ધર્મ-અધર્મ-આકાશ આદિ તેની વિશેષ જાતિ છે. જેમ ''વૃક્ષ'' એ સામાન્યજાતિ છે. અને આંબો-લીંબડો-બાવળ ઈત્યાદિ વિશેષજાતિ છે કુલ પાંચ દ્રવ્યો છે. *द्रवति=अपूर्वापूर्वपर्यायान् प्राप्नोतीति द्रव्यम्*=જે નવા નવા પર્યાયોને પામે તે અનુસ્યૂત (અંદર વણાયેલા મૂલભૂત) પદાર્થને દ્રવ્ય કહેવાય છે. ૫-૨.

**नित्यावस्थितान्यरूपाणि ५-३**
**નિત્યાવસ્થિતાન્યરૂપાણિ ૫-૩**
**નિત્ય-અવસ્થિતાનિ-અરૂપાણિ ૫-૩**

**સૂત્રાર્થ- ઉપરોક્ત પાંચે દ્રવ્યો નિત્ય છે. અવસ્થિત છે અને અરૂપી છે. ૫-૩.**

**ભાવાર્થ-** ધર્માસ્તિકાયાદિ પાંચે દ્રવ્યો નિત્ય છે. જે દ્રવ્યોની આદિ નથી. અને અંત પણ નથી. જેઓનો કોઈ કર્તા કે સંહર્તા નથી. તેથી તે નિત્ય છે અર્થાત્ અનાદિ અનંત છે. તે દ્રવ્યો સદાકાળથી છે અને સદાકાળ રહેવાનાં જ છે તેથી તેને **નિત્ય** કહેવાય છે. તથા આ પાંચે દ્રવ્યો અવસ્થિત છે એટલે કે બીજા દ્રવ્યોની સાથે એકમેક થઈને રહે છે છતાં પણ તે બીજા દ્રવ્યરૂપે બની જતાં નથી. પોતાના દ્રવ્યપણામાં જ અવસ્થિત-સદા રહેનારાં છે. તેને અવસ્થિત કહેવાય છે તથા અરૂપી છે. વર્ણ-ગંધ-રસ અને સ્પર્શ વિનાનાં છે. જો કે અરૂપીનું વિધાન સામાન્યપણે હોવાથી પાંચે દ્રવ્યો જેમ નિત્ય અને અવસ્થિત છે તેમ પાંચે દ્રવ્યો અરૂપી છે એમ અર્થ સમજાય છે. તો પણ ચોથા સૂત્રમાં પુદ્ગલાસ્તિકાયને રૂપી કહેવાનો છે. તેથી પુદ્ગલાસ્તિકાય વિના બાકીનાં ચાર જ દ્રવ્યો અરૂપી છે. એમ સમજવું. ૫-૩.

**रूपिणः पुद्गलाः ५-४**
**રૂપિણઃ પુદ્ગલાઃ ૫-૪**
**રૂપિણઃ પુદ્ગલાઃ ૫-૪**

**સૂત્રાર્થ-પુદ્ગલાસ્તિકાય સમસ્ત રૂપી હોય છે. ૫-૪.**

**ભાવાર્થ**-વર્ણ-ગંધ-રસ અને સ્પર્શવાળાપણું એ જ



પુદ્ગલાસ્તિકાયનું લક્ષણ છે. અને વર્ણાદિ જેને હોય તેને જ રૂપી કહેવાય છે. માટે પરમાણુથી માંડીને સમસ્ત પુદ્ગલાસ્તિકાય દ્રવ્ય વર્ણાદિવાળો છે તેથી રૂપી છે. વર્ણાદિવાળું જે દ્રવ્ય હોય તે રૂપી અને વર્ણાદિ રહિત જે દ્રવ્ય હોય તે અરૂપી આ વ્યાખ્યા નિશ્ચયનયથી છે. પરંતુ વ્યવહાર નયથી ચક્ષુર્ગોચર હોય તે રૂપી અને ચક્ષુથી અગ્રાહ્ય હોય તે અરૂપી એવી વ્યાખ્યા પણ છે. તેથી જ દ્રવ્યગુણ પર્યાયના રાસની ઢાળ ૧૧/૧૨માં પુદ્ગલાસ્તિકાયમાં અમૂર્તતા (અરૂપિતા) પણ કહી છે. પરમાણુ-દ્વ્યણુક ત્ર્યણુક આદિ પુદ્ગલદ્રવ્ય ભલે ચક્ષુથી અગોચર હોય એટલે વ્યવહારથી અરૂપી હોય. તો પણ વર્ણ ગંધ રસ અને સ્પર્શવાળું છે. માટે અહીં રૂપી કહેલ છે. ૫-૪.

**आकाशादेकद्रव्याणि ५-५**
**આકાશાદેકદ્રવ્યાણિ ૫-૫**
**આ આકાશાત્ એક દ્રવ્યાણિ ૫-૫**

**निष्क्रियाणि च ५-६**
**નિષ્ક્રિયાણિ ચ ૫-૬**
**નિષ્ક્રિયાણિ ચ ૫-૬**

**સૂત્રાર્થ-આકાશાસ્તિકાય સુધીનાં ત્રણ દ્રવ્યો એક-એક છે અને નિષ્ક્રિય છે. ૫-૫, ૬.**

**ભાવાર્થ**-પાંચમા અધ્યાયના પ્રથમ સૂત્રમાં કુલ ચાર અજીવદ્રવ્યો કહ્યાં છે. અને બીજા સૂત્રમાં કહેલ જીવદ્રવ્ય ઉમેરતાં

કુલ પાંચ દ્રવ્યો થાય છે તે પાંચ દ્રવ્યોમાં પ્રથમનાં ત્રણ દ્રવ્યો (ધર્માસ્તિકાય-અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાય આ ત્રણ દ્રવ્યો) આ સંસારમાં એક એક જ છે અર્થાત્ આ ત્રણ દ્રવ્યોમાંથી કોઈ પણ દ્રવ્ય એકથી અધિક નથી. ધર્મ-અધર્મ આ બે દ્રવ્યો સમસ્ત ચૌદ રાજલોકવ્યાપી, અસંખ્ય પ્રદેશોના પિંડાત્મક, ગતિ-સ્થિતિમાં સહાયક એક-એક અખંડ દ્રવ્ય છે. અને આકાશાસ્તિકાય લોક અને અલોકમાં સર્વત્ર વ્યાપકપણે એક દ્રવ્ય છે. તે લોકાલોકવ્યાપી હોવાથી અનંતપ્રદેશી છે અને અવગાહસહાયક છે. આ ત્રણ દ્રવ્યો સંખ્યામાં એક છે એમ કહેવાથી બાકીનાં બે દ્રવ્યો (પુદ્ગલ અને જીવ આ બે દ્રવ્યો) અનંત-અનંત છે. એમ સ્વયં સમજી લેવું. શ્વેતાંબર આમ્નાય પ્રમાણે કાળ એ જીવ અને અજીવના પર્યાયાત્મક છે પરંતુ દ્રવ્યસ્વરૂપ નથી. અને દિગમ્બરામ્નાય પ્રમાણે કાળાણુ નામનું દ્રવ્ય છે અને તે લોકાકાશ પ્રદેશ પ્રમાણ અસંખ્ય છે માત્ર ડબ્બામાં ભરેલા રાઈના દાણા સમાન છે. એટલે પિંડાત્મક નથી. તેથી અસ્તિકાય નથી.

તથા આ ત્રણે દ્રવ્યો નિષ્ક્રિય છે. ગમનાગમન ક્રિયા વિનાનાં છે. જેમ પુદ્ગલ અને જીવ એક સ્થાનથી બીજા સ્થાને ગમનાગમન ક્રિયા કરે છે, તેવી ક્રિયા આ ત્રણ દ્રવ્યોમાં નથી. માટે નિષ્ક્રિય છે પરંતુ ગતિસહાયકતા, સ્થિતિસહાયકતા અને અવગાહ સહાયકતાની ક્રિયા તો અવશ્ય કરે જ છે. તેથી ગમનાગમન આદિ લોકગમ્ય સ્થૂલ ક્રિયાની અપેક્ષાએ જ નિષ્ક્રિય છે એમ જાણવું. ૫-૫, ૬.





**असङ्ख्येयाः प्रदेशा धर्माधर्मयोः ५-७**

**અસંખ્યેયાઃ પ્રદેશા ધર્માધર્મયોઃ ૫-૭**

**અસંખ્યેયાઃ પ્રદેશાઃ ધર્મ-અધર્મયોઃ ૫-૭**

**સૂત્રાર્થ-ધર્મ અને અધર્મના પ્રદેશો અસંખ્ય છે. ૫-૭.**

**ભાવાર્થ**-ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય આ બે દ્રવ્યો સમસ્ત લોકવ્યાપી છે. દ્રવ્યનો નાનામાં નાનો ભાગ કે જે ભાગના કેવલી ભગવાનના જ્ઞાનથી પણ બે અંશ ન થાય તે **પ્રદેશ** કહેવાય છે. આખી વસ્તુથી આ પ્રદેશ જો છુટો પડે તો તેને જ **પરમાણુ** કહેવાય છે. પરંતુ ધર્મ, અધર્મ, આકાશ અને જીવ આ ચાર દ્રવ્યોમાંથી કોઈ પણ દ્રવ્યનો એક પણ પ્રદેશ કદાપિ છુટો પડ્યો નથી, છુટો પડતો નથી અને છુટો પડશે પણ નહીં. માત્ર પુદ્ગલાસ્તિકાયમાં જ પ્રદેશો છુટા પડે છે. તેથી તેમાં જ પરમાણુ નામનો ચોથો ભેદ સંભવે છે. ધર્મ, અધર્મ આ બે દ્રવ્યોના આવા નિરંશ (નિર્વિભાજ્ય) પ્રદેશો અસંખ્ય છે. ૫-૭.

**जीवस्य च ५-८ आकाशस्यानन्ताः ५-९**

**જીવસ્ય ચ ૫-૮ આકાશસ્યાનન્તાઃ ૫-૯**

**જીવસ્ય ચ ૫-૮ આકાશસ્ય અનન્તાઃ ૫-૯**

**સૂત્રાર્થ-એક જીવદ્રવ્યના પણ પ્રદેશો અસંખ્ય છે. અને આકાશના પ્રદેશો અનંતા છે. ૫-૮-૯.**

**ભાવાર્થ**-સંસારમાં કુલ જીવો અનંતા છે. પરંતુ એક એક જીવના પ્રદેશો અસંખ્ય જ છે. ધર્મ-અધર્મ-લોકાકાશ અને એક જીવદ્રવ્ય એમ કુલ આ ચાર દ્રવ્યોના અસંખ્ય પ્રદેશો છે અને માંહોમાંહે સમાન છે. કોઈના પણ પ્રદેશો ઓછા વધારે નથી. તેથી જ કેવલીભગવાન જ્યારે કેવલી સમુદ્ઘાત કરે છે. ત્યારે તે ભગવાનના એક જ આત્માનો એક એક આત્મપ્રદેશ એક એક આકાશ પ્રદેશમાં વ્યાપ્ત થાય છે. જેથી કેવલી ભગવાનનો આત્મા સમસ્ત લોકવ્યાપી બને છે.

આકાશાસ્તિકાય લોક-અલોક એમ બન્નેમાં વ્યાપ્ત છે. તેથી તેના પ્રદેશો અનંતા છે. લોકવ્યાપી આકાશના પ્રદેશો અસંખ્ય છે. પરંતુ અલોક અનંત હોવાથી અલોકવ્યાપી આકાશના પ્રદેશો અનંતા છે માટે લોકાલોકવ્યાપી આકાશના પ્રદેશો નિયમા અનંતા છે. હકીકતથી વિચારીએ તો **આકાશદ્રવ્ય એક જ છે.** લોકાકાશ કે અલોકાકાશ જેવા કોઇ ભાગો જ નથી. પરંતુ ધર્માસ્તિકાય આદિ શેષ ચાર દ્રવ્યોના સંયોગવાળા આકાશને લોક અને શેષ આકાશને અલોક કહેવાય છે એમ પર દ્રવ્યના સંયોગ-અસંયોગને લીધે એક જ આકાશ દ્રવ્ય બે ભેદે છે. ૫-૮, ૯.

**सङ्ख्येयासङ्ख्येयाश्च पुद्गलानाम् ५-१०**
**સંખ્યેયાસંખ્યેયાશ્ચ પુદ્ગલાનામ્ ૫-૧૦**
**સંખ્યેય-અસંખ્યેયાઃ ચ પુદ્ગલાનામ્ ૫-૧૦**



**સૂત્રાર્થ - પુદ્ગલાસ્તિકાયના પ્રદેશો સંખ્યાતા-અસંખ્યાતા અને અનંતા (પણ) છે. ૫-૧૦.**

**ભાવાર્થ**-પુદ્ગલાસ્તિકાય એક એવું દ્રવ્ય છે કે જેમાં પ્રદેશો જોડાય પણ છે અને વિખેરાય પણ છે. એટલે પ્રદેશો વિખેરાતા જાય, છુટા પડતા જાય તો ઓછામાં ઓછા ૧ સ્કંધમાં બે પ્રદેશો પણ હોય છે જેને દ્વ્યણુક કહેવાય છે. ત્રણ પ્રદેશો હોય તેને ત્ર્યણુક કહેવાય છે. ચાર પ્રદેશો હોય તેને ચતુરણુક કહેવાય છે. એમ સંખ્યાતા પ્રદેશોના પણ સ્કંધો હોય છે. અસંખ્યાતા પ્રદેશોના પણ સ્કંધો હોય છે. અને અનંતા તથા અનંતાનંત પ્રદેશોના સ્કંધો પણ હોય છે ચક્ષુથી ગોચર જે સ્કંધો છે તે નિયમા અનંતાનંત પ્રદેશોવાળા જ હોય છે. મૂલસૂત્રમાં સંખ્યાત-અસંખ્યાત લખ્યું છે. અને ચ શબ્દથી **અનંતા** ઉપરના સૂત્રમાંથી લાવવાનું છે. તથા વિખેરાતાં વિખેરાતાં જ્યારે એક એક પ્રદેશ છૂટો પડી જાય છે. ત્યારે તે જ પ્રદેશને **''પરમાણુ''** કહેવાય છે. પ્રદેશ કહેવાતો નથી. કારણ કે મોટાની સાથે હોય તો નાનાને નાનો કહેવાય છે. પરંતુ નાનો ભાગ પણ જો જુદો રહે તો તે સ્વતંત્ર દ્રવ્ય થવાથી નાનો ભાગ કહેવાતો નથી. અને પ્રદેશ એટલે અત્યન્ત નાનો ભાગ. ૫-૧૦.

**नाणोः ५-११ નાણોઃ ૫-૧૧ ન અણોઃ ૫-૧૧**

**સૂત્રાર્થ-માત્ર પરમાણુને પ્રદેશો હોતા નથી. ૫-૧૧.**

ભાવાર્થ-**''પરમાણુ''** એટલે પરમ અણુ. અત્યન્ત

છેલ્લી કોટીનો સૂક્ષ્મમાં સૂક્ષ્મ જે અણુ તે પરમાણુ. આ છેલ્લો અણુ હોવાથી તેને પ્રદેશો સંભવતા નથી. જો તેને પણ પ્રદેશો હોય છે એમ માનીએ તો આ પરમાણુને પ્રદેશો હોવાથી સ્કંધ જ માનવો પડે. માટે આ અન્તિમ પરમાણુ એ પરમાણુ જ માત્ર છે. તેને પ્રદેશો નથી. ૫-૧૧.

**लोकाकाशेऽवगाहः ५-१२**
**લોકાકાશે અવગાહઃ ૫-૧૨**
**લોક-આકાશે અવગાહઃ ૫-૧૨**

**સૂત્રાર્થ-ઉપરોક્ત સર્વ દ્રવ્યો લોકાકાશમાં જ અવ-ગાહીને રહ્યાં છે. ૫-૧૨.**

**ભાવાર્થ**-ધર્મ-અધર્મ-આકાશ-પુદ્ગલ અને જીવ એમ કુલ જે પાંચ દ્રવ્યો છે તેમાંથી આકાશ વિના શેષ ચાર દ્રવ્યો ફક્ત લોકાકાશમાં જ અવગાહીને રહ્યાં છે. અને જે આકાશદ્રવ્ય છે તે લોક-અલોક એમ ઉભયમાં વ્યાપ્ત છે. અલોકાકાશમાં કોઈપણ જીવ પુદ્ગલ કે ધર્મ-અધર્મ દ્રવ્ય નથી. તેથી જ મોક્ષ પામેલા જીવો પણ સિદ્ધશિલાથી એક યોજન ઉપર લોકને છેડે પરંતુ લોકની અંદરના ક્ષેત્રમાં જ હોય છે. ધર્મ-અધર્મ દ્રવ્યની સહાયકતા ન હોવાથી ઉપર અલોકમાં જતા નથી. બીજા કોઈપણ દ્રવ્યનો એક પણ પ્રદેશ અલોકમાં વર્તતો નથી. ૫-૧૨.



**धर्माधर्मयोः कृत्स्ने ५-१३**
**ધર્માધર્મયોઃ કૃત્સ્ને ૫-૧૩**
**ધર્મ - અધર્મયોઃ કૃત્સ્ને ૫-૧૩**

**સૂત્રાર્થ-ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય સમસ્ત ચૌદે રાજલોકમાં વ્યાપ્ત છે. ૫-૧૩.**

**ભાવાર્થ**-ધર્મ-અધર્મ-જીવ અને પુદ્ગલ આ ચાર દ્રવ્યો લોકમાં જ માત્ર છે. અલોકમાં નથી એમ ઉપર બારમા સૂત્રમાં સમજાવવામાં આવ્યું છે. પરંતુ લોકમાં પણ સર્વત્ર છે કે લોકના એક ભાગમાં? તે વાત અહીં સ્પષ્ટ કરે છે કે ધર્મ-અધર્મ આ બે દ્રવ્યો સમસ્ત ચૌદે રાજલોકમાં આકાશના પ્રદેશે પ્રદેશે રહેલ છે. લોકાકાશનો કોઈપણ ભાગ એવો નથી કે જ્યાં આ બે દ્રવ્યો ન હોય. માટે સમસ્તલોકવ્યાપી છે. અન્ય એવાં જીવ અને પુદ્ગલ દ્રવ્યોમાં સમસ્ત લોકવ્યાપીપણાની ભજના જાણવી. જે હવે પછીના સૂત્રોમાં સમજાવાય છે. ૫-૧૩.

**एकप्रदेशादिषु भाज्यः पुद्गलानाम् ५-१४**
**એકપ્રદેશાદિષુ ભાજ્યઃ પુદ્ગલાનામ્ ૫-૧૪**
**એક-પ્રદેશ-આદિષુ ભાજ્યઃ પુદ્ગલાનામ્ ૫-૧૪**

**સૂત્રાર્થ-પુદ્ગલોની અવગાહના એક આકાશપ્રદેશ વગેરેમાં ભજનાએ હોય છે. ૫-૧૪.**

**ભાવાર્થ**-પુદ્ગલાસ્તિકાયમાં એક એક પરમાણુ પણ હોય છે અને દ્વયુણુક-ત્ર્યણુક-ચતુરણુક વગેરે સ્કંધો પણ હોય છે. ત્યાં ૧ પરમાણુસ્વરૂપ જે પુદ્ગલદ્રવ્ય છે. તે અત્યન્ત સૂક્ષ્મ હોવાથી એક જ આકાશપ્રદેશમાં વર્તે છે. તેના વસવાટ માટે બે આકાશપ્રદેશોની જરૂરિયાત નથી. દ્વયણુકસ્કંધ એક આકાશ-પ્રદેશમાં પણ રહી શકે છે અને બે આકાશપ્રદેશમાં પણ રહી શકે છે. ત્ર્યણુકસ્કંધ એક આકાશપ્રદેશમાં, બે આકાશપ્રદેશમાં અને ત્રણ આકાશપ્રદેશમાં પણ રહે છે. એવી રીતે સંખ્યાત-પ્રદેશી સ્કંધો એકપ્રદેશથી યાવત સંખ્યાત પ્રદેશોમાં વર્તે છે. અસંખ્યાતપ્રદેશી સ્કંધો એક આકાશપ્રદેશથી અસંખ્યાત આકાશ-પ્રદેશમાં વર્તે છે. પરંતુ અનંતપ્રદેશી સ્કંધો કે અનંતાનંતપ્રદેશી સ્કંધો એક આકાશપ્રદેશમાં, બે આકાશપ્રદેશમાં એમ વધુમાં વધુ અસંખ્યાત આકાશપ્રદેશમાં જ વર્તે છે. પરંતુ અનંત આકાશપ્રદેશમાં વર્તતા નથી. કારણ કે સમસ્ત ચૌદરાજલોકના આકાશપ્રદેશો અસંખ્યાતા જ છે. અનંતા નથી. અને તેમાં જ સમસ્ત પુદ્ગલદ્રવ્ય સમાયેલુ છે. ૫-૧૪.

**असङ्ख्येयभागादिषु जीवानाम् ५-१५**
**અસંખ્યેયભાગાદિષુ જીવાનામ્ ૫-૧૫**
**અસંખ્યેય ભાગ આદિષુ જીવાનામ્ ૫-૧૫**

**સૂત્રાર્થ-જીવોની અવગાહના લોકના અસંખ્યાતમા ભાગ આદિમાં હોય છે. ૫-૧૫.**





**ભાવાર્થ**-સર્વે જીવોની સાથે મળીને અવગાહના ચૌદે રાજલોકમાં છે. કારણ કે ચૌદે રાજલોકમાં જીવો ઠાંસી ઠાંસીને ભરેલા છે. પરંતુ એકેક જીવની અવગાહના કેટલી ? તે અહીં લખે છે. કોઈપણ એક જીવની જઘન્ય અવગાહના લોકના અસંખ્યાતમા ભાગની છે. કારણ કે અતિશય નાની અવગાહના સૂક્ષ્મ નિગોદીયા જીવની હોય છે અને તે અંગુલના અસંખ્યાતમા ભાગની છે. કારણ કે નાનામાં નાનુ શરીર આટલું જ હોય છે. આ જે અંગુલના અસંખ્યાતમા ભાગની અવગાહના કહી છે તે લોકનો પણ અસંખ્યાતમો ભાગ જ કહેવાય છે. તેનાથી આગળ શરીરની અવગાહના જેમ જેમ મોટી હોય તેમ તેમ તે તે જીવની અવગાહના પણ વધારે વધારે હોય છે. એમ કરતાં કેવલી સમુદ્ઘાતકાલે એક જીવની અવગાહના સમસ્ત લોકવ્યાપી પણ હોય છે. જીવ દીપકના પ્રકાશની જેમ સંકોચ અને વિસ્તાર પામતો હોવાથી નાની અને મોટી એમ બન્ને જાતની અવગાહના ઘટે છે. તેથી લોકના અસંખ્યાતમા ભાગથી માંડીને સમસ્ત લોક સુધીની ચિત્ર વિચિત્ર અવગાહના એક જીવની હોય છે. ૫-૧૫.

**प्रदेशसंहार-विसर्गाभ्यां प्रदीपवत् ५-१६**
**પ્રદેશસંહાર-વિસર્ગાભ્યાં પ્રદીપવત્ ૫-૧૬**
**પ્રદેશ સંહાર વિસર્ગાભ્યાં પ્રદીપવત્ ૫-૧૬**

**સૂત્રાર્થ-આત્માના પ્રદેશોનો સંહાર (સંકોચ) અને વિસર્ગ (વિસ્તાર) દીપકના પ્રકાશની જેમ થાય છે. ૫-૧૬.**

**ભાવાર્થ**-આત્માના પ્રદેશો સંકોચ અને વિસ્તાર પામવાના સ્વભાવવાળા છે. તેથી જેમ દીપકનો પ્રકાશ નાના ઓરડામાં હોય તો ત્યાં જ વ્યાપે છે. મોટા ઓરડામાં હોય તો ત્યાં જ વ્યાપે છે. અને ચોકમાં હોય તો ચોકમાં વ્યાપે છે. તેમ આ આત્માના પ્રદેશો પણ આવા જ પ્રકારે સંકોચ અને વિસ્તાર પામવાના સ્વભાવવાળા છે. તેથી કીડીનો આત્મા મૃત્યુ પામી હાથીમાં જન્મે તો હાથીની કાયા જેટલો વિસ્તૃત પણ થાય છે. અને હાથીનો આત્મા મૃત્યુ પામી કીડીમાં જન્મે તો કીડીની કાયા જેટલો સંકોચ થવાના સ્વભાવવાળો પણ છે. નિગોદમાં જાય ત્યારે જે અંગુલના અસંખ્યાતમા ભાગમાં રહે છે તે જ જીવ માનવ થઈને કેવલી સમુદ્ઘાત કરે ત્યારે સમસ્ત લોકવ્યાપી પણ થાય છે. કોઈપણ બાળક જન્મે ત્યારે સામાન્યથી એક ફુટ પ્રમાણ શરીર હોવાથી આત્માની અવગાહના પણ તેટલી જ હોય છે. પરંતુ જ્યારે તે યુવાન બને છે અને ૬/૭ ફુટની કાયા બને છે ત્યારે આત્મા પણ તેટલા જ વિસ્તારવાળો બને છે. ૫-૧૬

**गतिस्थित्युपग्रहो धर्माधर्मयोरुपकारः ५-१७**
**ગતિસ્થિત્યુપગ્રહો ધર્માધર્મયોરુપકારઃ ૫-૧૭**
**ગતિ-સ્થિતિ-ઉપગ્રહઃ ધર્મ-અધર્મયોઃ ઉપકારઃ ૫-૧૭**

**સૂત્રાર્થ-ગતિમાં અને સ્થિતિમાં સહાયકતા એ જ ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાયનો ઉપકાર છે. ૫-૧૭.**



**ભાવાર્થ**-ચૌદ રાજલોકમાં રહેલો ધર્માસ્તિકાય સ્વયં પોતાના ભાવે ગતિ પરિણામ પામેલા જીવ-પુદ્ગલને ગતિમાં સહાયક છે. જેમ માછલાને તરવામાં પાણી, પંખીને ઉડવામાં આકાશ (હવા) સહાયક છે તેવી રીતે સ્વયં ગતિભાવે પરિણામ પામેલા એવા જીવ-પુદ્ગલોને ધર્માસ્તિકાય દ્રવ્ય ગતિમાં અપેક્ષાકારણ રૂપે સહાયક છે. તથા રસ્તે ચાલતા મુસાફર લોકોને રસ્તાની બન્ને બાજુના વૃક્ષોની છાયા સ્વયં પોતાની ઊભા રહેવાની ઈચ્છા હોય તો જેમ ઉભા રાખવામાં સહાયક છે. તેમ સ્વયં સ્થિતિ પરિણામ પામેલા જીવ-પુદ્ગલ દ્રવ્યોને અધર્માસ્તિકાય સ્થિતિમાં અપેક્ષાકારણ છે. પરંતુ સ્વયં ગતિ-સ્થિતિ પર્યાયને ન પામેલા જીવ પુદ્ગલને આ ધર્મ-અધર્મ દ્રવ્યો બળાત્કારે ગતિ સ્થિતિ કરાવતા નથી. ૫-૧૭.

**आकाशस्यावगाहः ५-१८**
**આકાશસ્યાવગાહઃ ૫-૧૮**
**આકાશસ્ય અવગાહઃ ૫-૧૮**

**સૂત્રાર્થ-અવગાહ આપવો એ આકાશાસ્તિકાયનો ઉપકાર છે. ૫-૧૮.**

**ભાવાર્થ**-અવગાહ (જગ્યા-) લેવાની વૃત્તિવાળા જીવ-પુદ્ગલોને અવગાહ(જગ્યા) આપવાનું કામ, તેમાં સહાયક થવાનું કામ કરવામાં આકાશાસ્તિકાય અપેક્ષા કારણ છે. આકાશાસ્તિકાય બધાં દ્રવ્યોને અવગાહ આપે છે અને બધાં

દ્રવ્યો તેમાં અવગાહીને રહે છે. તેથી આકાશ એ આધાર દ્રવ્ય છે. અને શેષ ચારે આધેય દ્રવ્યો છે. ૫-૧૮.

**शरीरवाङ्मनःप्राणापानाः पुद्गलानाम् ५-१९**
**શરીરવાઙ્મનઃપ્રાણાપાનાઃ પુદ્ગલાનામ્ ૫-૧૯**
**શરીર-વાઙ્-મનઃ-પ્રાણ-અપાનાઃ પુદ્ગલાનામ્ ૫-૧૯**

**સૂત્રાર્થ-શરીર-વાચા-મન-પ્રાણ અને અપાન એ પુદ્ગલાસ્તિકાયનો ઉપકાર છે. ૫-૧૯.**

**ભાવાર્થ**-જીવોને પ્રાપ્ત થતી ઔદારિકાદિ શરીરની રચના એ પુદ્ગલોનો ઉપકાર છે. વાચા રૂપે (ભાષા રૂપે) મન રૂપે અને શ્વાસઉચ્છ્વાસ રૂપે આ જીવ પુદ્ગલોનું ગ્રહણ-મોચન જે કરે છે. તે સર્વે પુદ્ગલાસ્તિકાયનો ઉપકાર છે. જો પુદ્ગલોની આવી સહાય ન હોત તો આ જીવ સંસારીજીવન જીવી શકત જ નહીં. કારણ કે પુદ્ગલોની સહાય દ્વારા જ આ સર્વે કાર્યો થાય છે. શરીર, ઈન્દ્રિયો, ભાષા, મન, અને શ્વાસોચ્છ્વાસ આ સર્વ સામગ્રી પુદ્ગલસ્વરૂપ છે. અને તેની સહાયતાથી જ સંસારી જીવન જીવાય છે.

કોઈપણ કાર્ય કરવામાં બે જાતનાં કારણો હોય છે. ઉપાદાનકારણ અને નિમિત્તકારણ. જે કારણ પોતે જ કાર્યરૂપે પરિણામ પામે તે ઉપાદાનકારણ. જેમ કે ઘટ બનાવવામાં માટી. અને જે કારણો કાર્ય કરીને નિવૃત્તિ પામે તે નિમિત્તકારણ. જેમ કે ઘટ બનાવવામાં દંડ, ચક્ર, કુલાલાદિ.



અહીં શરીર-ભાષા-મન-પ્રાણ-અપાન વગેરેરૂપે જે પુદ્ગલોની સહાય આ જીવને છે. તે સર્વે નિમિત્ત કારણો છે. ૫-૧૯.

**सुखदुःखजीवितमरणोपग्रहाश्च ५-२०**
**સુખદુઃખજીવિતમરણોપગ્રહાશ્ચ ૫-૨૦**
**સુખ-દુઃખ-જીવિત-મરણ-ઉપગ્રહાઃ ચ ૫-૨૦**

**સૂત્રાર્થ-સુખ-દુઃખ-જીવન-અને મરણમાં પણ પુદ્ગલો નિમિત્ત બને છે. ૫-૨૦.**

**ભાવાર્થ**-સાંસારિક સુખ-દુઃખ-જીવન અને મરણાદિ કાર્યોમાં પણ પુદ્ગલોની જ સહાયકતા છે. સંસારી સારું-નરસું તમામ જીવન પુદ્ગલોની સહાય ઉપર જ ગોઠવાયેલું છે.

ગાડી-વાડી-બંગલા-મેવા-મીઠાઈ-અલંકારો-વસ્ત્રો ઈત્યાદિ પુદ્ગલો સુખમાં સહાયક છે. પત્થર વાગવો, ઠેસ વાગવી, ગાડી વગેરેની સાથે અથડામણ થવી, અપથ્ય ભોજન ઈત્યાદિ પુદ્ગલો દુઃખમાં સહાયક છે. જીવન જીવવામાં આહાર-પાણી-વસ્ત્ર-પાત્ર ઈત્યાદિ પુદ્ગલ દ્રવ્યો સહાયક છે. ઝેર પીવું અથવા દુષ્ટ વ્યસનો એ મૃત્યુમાં સહાયક છે. આ રીતે જીવને સુખ-દુઃખમાં પુદ્ગલોની ઉપકારકતા છે. ઓગણીસમા સૂત્રમાં કહેલી પુદ્ગલોની ઉપકારકતા આત્મપ્રદેશોની સાથે એકમેક થઈને છે. અને વીસમા સૂત્રમાં કહેલી પુદ્ગલોની ઉપકારકતા આત્મપ્રદેશોથી ભિન્ન રહીને છે. એક ઉપકારકતા અભેદરૂપે છે જ્યારે બીજી ઉપકારકતા ભેદરૂપે છે. તેથી જ પુદ્ગલાસ્તિકાયની ઉપકારકતા માટે ગ્રંથકારે બે સૂત્રો જુદાં કર્યાં છે. ૫-૨૦.

**परस्परोपग्रहो जीवानाम् ५-२१**
**પરસ્પરોપગ્રહો જીવાનામ્ ૫-૨૧**
**પરસ્પર-ઉપગ્રહઃ જીવાનામ્ ૫-૨૧**

**સૂત્રાર્થ-એક જીવને બીજા જીવો પરસ્પર ઉપગ્રહ (દુઃખ-સુખમાં નિમિત્તભૂત) થનાર છે. ૫-૨૧.**

**ભાવાર્થ**-જીવો એક-બીજાને પરસ્પર ઉપકારક-સહાયક છે. પિતા પોતે પુત્રાદિ પરિવારનું પાલન-પોષણ કરવા રૂપે ઉપકારક છે. અને પુત્રાદિ પરિવાર પિતાદિનું વિનયપૂર્વક સેવા-ભક્તિ કામકાજ કરવા દ્વારા ઉપકાર કરે છે. શેઠ પોતે સેવકોને પગાર આપવા દ્વારા ઉપકાર કરે છે. અને સેવકો શેઠનું કામકાજ કરવા દ્વારા ઉપકાર કરે છે. આ જ રીતે મિત્રમંડલીમાં, ગુરુશિષ્યમાં, સગાંસ્નેહીઓમાં તથા સાંસારિક તમામ સંબંધોમાં પરસ્પર ઉપકારકતા જાણવી. ૫-૨૧.

**वर्तनापरिणामक्रियापरत्वापरत्वे च कालस्य ५-२२**
**વર્તનાપરિણામક્રિયા-પરત્વાપરત્વે ચ કાલસ્ય ૫-૨૨**
**વર્તના-પરિણામ-ક્રિયા-પરત્વ-અપરત્વે ચ કાલસ્ય ૫-૨૨**

**સૂત્રાર્થ-વર્તના, પરિણામ, ક્રિયા, પરત્વ અને અપરત્વ આ સર્વે કાલદ્રવ્યનો ઉપકાર છે. ૫-૨૨.**

**ભાવાર્થ**-ગ્રંથકારશ્રીનો આશય એવો છે કે ધર્મ-અધર્મ-જીવ-પુદ્ગલ અને આકાશ એ પાંચ જ દ્રવ્યો છે કાલ એ દ્રવ્ય



નથી. કાલ એ તો જીવ, પુદ્ગલોના પર્યાયરૂપ છે. દ્રવ્યો તો માત્ર પાંચ જ છે. પરંતુ બીજા કેટલાક આચાર્યો કાલને પણ દ્રવ્ય માને છે. જે આગળ આડત્રીસમા સૂત્રમાં કહેવામાં આવશે. તેથી ઔપચારિક એવા કાલદ્રવ્યનો પણ ઉપકાર આ પ્રસંગે સમજાવે છે. વર્તના-પરિણામ-ક્રિયા ઈત્યાદિ ભાવોમાં ઔપચારિક કાલદ્રવ્યની ઉપકારકતા છે.

**વર્તના**-વર્તવું. કોઈ પણ દ્રવ્ય વિવક્ષિત પર્યાયમાં વર્તે છે. એમ જે કહેવાય છે. તે કાલની સહાયકતા છે. જેમ કે ''અમે મનુષ્ય છીએ'' એટલે કે ''મનુષ્યપણાની વર્તના'' એ કાલથી જ મપાય છે. ''હું સામાયિકમાં છું.'' સમતાભાવનો પર્યાય એ પણ ૪૮ મીનીટમાં કાલથી જ મપાય છે. આ રીતે કોઈપણ **પર્યાયમાં વર્તવા સ્વરૂપ વર્તના** બતાવવી એ કાલ-દ્રવ્યની ઉપકારકતા જાણવી.

**પરિણામ**-પર્યાય, પરિવર્તન, દરેક દ્રવ્યોનાં પરિવર્તનો થવામાં પણ કાલ એ ઉપકારક છે. ઠંડી શીયાળામાં જ પડે, ગરમી ઉનાળામાં જ પડે, આંબા ગરમીમાં જ પાકે, વરસાદ ચોમાસામાં જ આવે. આ બધા જગતના ભાવોના પરિવર્તન સ્વરૂપ પરિણામોમાં કાલદ્રવ્યનો ઉપકાર છે.

**ક્રિયા**-ગમનાગમનાદિ કોઈપણ ક્રિયા કરવામાં જેટલો સમય જાય છે. તે કાલની સહાયકતા છે.

**પરત્વાપરત્વ**-નાના-મોટાપણું એ પણ કાલની અપેક્ષાએ કહેવાય છે. પંદર વર્ષની ઉંમરવાળા કરતાં ૨૦ વર્ષની

ઉંમરવાળો મોટો છે. અને ૨૦ વર્ષની ઉંમરવાળા કરતાં ૧૫ વર્ષની ઉંમરવાળો નાનો છે. એવી જ રીતે આ વસ્તુ જુની છે અને આ વસ્તુ નવી છે ઈત્યાદિમાં કાલની અપેક્ષા રહેલી છે.

આ પ્રમાણે ક્ષેત્રકૃત અને પ્રશંસાકૃત પરત્વ-અપરત્વ છોડીને શેષ પરત્વાપરત્વમાં કાલ દ્રવ્યની ઉપકારક્તા જાણવી.

આ રીતે મૂલ પાંચ દ્રવ્યોની તથા છઠ્ઠા ઉપચરિત કાલદ્રવ્યની ઉપકારકતા સમજાવી. ૫-૨૨.

**स्पर्शरसगन्धवर्णवन्तः पुद्गलाः ५-२३**
**સ્પર્શરસગન્ધવર્ણવન્તઃ પુદ્ગલાઃ ૫-૨૩**
**સ્પર્શ-રસ-ગન્ધ-વર્ણવન્તઃ પુદ્ગલાઃ ૫-૨૩**

**સૂત્રાર્થ-પુદ્ગલો વર્ણ-ગંધ રસ અને સ્પર્શવાળાં છે. ૫-૨૩.**

**ભાવાર્થ**-કોઈ પણ પુદ્ગલ દ્રવ્યમાત્ર વર્ણ-ગંધ-રસ અને સ્પર્શવાળું જ હોય છે. પરમાણુથી માંડીને અનંતાનંતપ્રદેશી સ્કંધો સુધીનું સમસ્ત પુદ્ગલ દ્રવ્ય આ ચાર ગુણો યુક્ત જ છે. તેથી પુદ્ગલદ્રવ્ય રૂપી છે. આ વર્ણાદિવાળાપણું પરમાણુએ પરમાણુએ હોવાથી **સ્વાભાવિકલક્ષણ** છે. કોઈપણ પુદ્ગલદ્રવ્ય એવું નથી કે જેમાં વર્ણાદિ ચાર ગુણો ન હોય. તથા વર્ણાદિ ગુણો પણ પુદ્ગલદ્રવ્યમાં જ હોય છે. અન્ય દ્રવ્યોમાં વર્ણાદિ ગુણો હોતા નથી. એમ અન્વય-વ્યતિરેકથી આ લક્ષણ જાણવું. જેથી તે **સ્વાભાવિક લક્ષણ** કહેવાય છે. પરંતુ નૈયાયિક આદિ દર્શનકારો વાયુમાં ફક્ત એક ૧ સ્પર્શ, તેજમાં રૂપ અને સ્પર્શ એમ ૨,



જળમાં રૂપ, રસ અને સ્પર્શ એમ ૩ અને પૃથ્વીમાં રૂપાદિ ૪, ગુણો માને છે તે બરાબર નથી. ૫-૨૩.

**शब्द-बन्ध-सौक्ष्म्यस्थौल्यसंस्थान-**
**भेदतमश्छायातपोद्योतवन्तश्च ५-२४**
**શબ્દબંધસૌક્ષ્મ્યસ્થૌલ્યસંસ્થાન-**
**ભેદતમશ્છાયાતપોદ્યોતવન્તશ્ચ ૫-૨૪**
**શબ્દ-બંધ-સૌક્ષ્મ્ય-સ્થૌલ્ય-સંસ્થાન-**
**ભેદ-તમઃ-છાયા-આતપ-ઉદ્યોતવન્તઃચ ૫-૨૪**

**સૂત્રાર્થ-શબ્દ-બંધ-સૌક્ષ્મ્ય-સ્થૌલ્ય-સંસ્થાન-ભેદ-અંધકાર-છાયા-આતપ અને ઉદ્યોતધર્મવાળાં પણ પુદ્ગલો જ હોય છે. ૫-૨૪.**

**ભાવાર્થ**-પુદ્ગલાસ્તિકાય દ્રવ્ય શબ્દાદિ પરિણામવાળું છે. જે શબ્દ, બંધ, સૂક્ષ્મતા અને **સ્થૂલ**તા વગેરે પરિણામો દેખાય છે તે પરિણામો પુદ્ગલદ્રવ્યમાં જ હોય છે. પુદ્ગલદ્રવ્ય જ તે તે ભાવે પરિણામ પામે છે. આ **વૈભાવિક લક્ષણ** છે કારણ કે કોઈક પુદ્ગલસ્કંધો શબ્દરૂપે, કોઈક પુદ્ગલસ્કંધો સૂક્ષ્મરૂપે, અને કોઈક પુદ્ગલસ્કંધો સ્થૂલરૂપે પરિણામ પામે છે. અને તે પણ અમુક કાલ સુધી જ તે રૂપે હોય છે. સદા તે રૂપે હોતા નથી. આ રીતે સર્વપુદ્ગલ દ્રવ્યોમાં વ્યાપ્ત ન હોવાથી અને સર્વકાલવર્તી ન હોવાથી આ વૈભાવિક લક્ષણ છે. ૨૩મા સૂત્રમાં **સ્વાભાવિક લક્ષણ છે.** અને ૨૪મા સૂત્રમાં **વૈભાવિક લક્ષણ** છે.

**શબ્દ-** ભાષારૂપે બોલાતાં પુદ્ગલો. વાજીંત્રનો અવાજ, ગર્જારવ ઈત્યાદિ પુદ્ગલનો ધર્મ છે. પરંતુ કેટલાક આકાશનો ગુણ માને છે. તે બરાબર નથી.
તે શબ્દ તત, વિતત, ઘન, શુષિર, સંઘર્ષ અને ભાષા એમ છ પ્રકારે હોય છે.

**બંધ -** પરસ્પર ચોંટી જવું, જોડાવું, બંધાઈ જવું, એકમેક થઈને પિંડરૂપે બનવું. જેમ કે રોટલીનો બાંધેલો લોટ, લાડવો ઈત્યાદિ. પ્રયોગજન્ય, વિશ્રસા અને મિશ્ર એમ આ બંધ ત્રણ પ્રકારે છે.

**સૌક્ષ્મ્ય -** સૂક્ષ્મપણું-નાનાપણું-એ પણ પુદ્ગલધર્મ છે. જેમ કે માટલી કરતાં ઘટ નાનો, ઘટ કરતાં લોટો નાનો, લોટા કરતાં ગ્લાસ, ગ્લાસ કરતાં બોર અને બોર કરતાં રજકણ નાનો છે. આ નાનાપણું પુદ્ગલનો ધર્મ છે. આ સૂક્ષ્મતા અન્ત્ય અને આપેક્ષિત એમ બે પ્રકારની છે. અન્ત્ય-સૂક્ષ્મતા પરમાણુમાં અને આપેક્ષિકસૂક્ષ્મતા દ્વ્યણુકાદિમાં હોય છે.

**સ્થૌલ્ય -** મોટાપણું એ પણ પુદ્ગલનો ધર્મ છે. ઉપરનું જ દૃષ્ટાન્ત ઉલટી રીતે જોડવાથી મોટાપણું સમજાય છે. આવી સૂક્ષ્મતા અને સ્થૂલતા પુદ્ગલ દ્રવ્યમાં જ હોય છે. સ્થૂલતા પણ ઉપર મુજબ અન્ત્ય અને આપેક્ષિક એમ બે પ્રકારની છે.

**સંસ્થાન-** આકાર-ગોળ-ત્રિકોણ-ચતુષ્કોણ ઈત્યાદિ આકારો





પણ પુદ્ગલમાં જ હોય છે. અને તે અનેક પ્રકારના હોય છે.

**ભેદ-** તુટવું, ભાંગવું, ચિરા થવા, વિખેરાઈ જવું આ પણ પુદ્ગલમાં જ બને છે. તે ઔત્કારિક, ચૌર્ણિક, ખંડ, પ્રતર અને અનુતટ એમ પાંચ પ્રકારે છે.

**અંધકાર-** અંધારૂં એ પણ કૃષ્ણવર્ણવાળાં પુદ્ગલો જ છે. પરંતુ તેજના અભાવ માત્ર રૂપ આ અંધકાર નથી.

**છાયા -** પડછાયો-પ્રતિબિંબ-ફોટો એ પણ પુદ્ગલદ્રવ્ય જ છે.

**આતપ -** સૂર્યનો પ્રકાશ. તેજ-તડકો એ પણ પુદ્ગલનો ધર્મ છે.

**ઉદ્યોત -** ચંદ્રનો પ્રકાશ. ચાંદની કે જે આહ્લાદજનક અને શીતળ છે. એ પણ પુદ્ગલપરિણામ છે.

ઉપરોક્ત સર્વે ભાવો પુદ્ગલદ્રવ્યના જ છે. પુદ્ગલ-દ્રવ્ય જ તે તે ભાવે પરિણામ પામે છે. ત્રેવીસમા સૂત્રમાં કહેલા સ્પર્શાદિ ગુણો પરમાણુઓમાં અને સ્કંધોમાં એમ બન્નેમાં હોય છે. અને સદા સ્વતઃ જ હોય છે. એટલે પારિણામિક ભાવવાળા છે. જ્યારે ચોવીસમા સૂત્રમાં કહેલા શબ્દાદિ ભાવો સ્કંધોમાં જ હોય છે. અનિયતકાળે હોય છે. અને અનેક નિમિત્તોથી બને છે, માટે નૈમિત્તિકભાવવાળા છે. ૫-૨૪.

**अणवः स्कन्धाश्च ५-२५**

**અણવઃ સ્કન્ધાશ્ચ ૫-૨૫**

**અણવઃ સ્કન્ધાઃ ચ ૫-૨૫**

**સૂત્રાર્થ-અણુઓ અને સ્કન્ધો એમ પુદ્ગલદ્રવ્યના બે ભેદ છે. ૫-૨૫.**

**ભાવાર્થ**-પુદ્ગલાસ્તિકાય દ્રવ્યના મુખ્યત્વે બે ભેદ છે. **અણુ** અને **સ્કંધ.** છેલ્લામાં છેલ્લો જે નિરંશ એવો અંશ. છેલ્લો અણુ, કે જેના બે ટુકડા જ ન થાય તે **પરમાણુ** કહેવાય છે. બાકીના સર્વે દ્વ્યણુક- ત્ર્યણુક-ચતુરણુક ઈત્યાદિ સ્કંધો કહેવાય છે. ઘણા પ્રદેશોનો પિંડ તે **સ્કંધ** કહેવાય છે. પરમાણુ સિવાયના બાકીના શેષ સર્વે નાના-મોટા સ્કંધો જાણવા. નવતત્ત્વાદિ પ્રાકરણિક ગ્રંથોમાં સ્કંધ-દેશ-પ્રદેશ અને પરમાણુ એમ જે ચાર ભેદ આવે છે. તેમાં દેશ તથા પ્રદેશ નામના જે બે ભેદો છે તે માત્ર અપેક્ષાકૃત છે. વાસ્તવિક નથી. સ્કંધની સાથે રહેલો સવિભાજ્ય ભાગ તે દેશ અને નિર્વિભાજ્ય ભાગ તે પ્રદેશ કહેવાય છે. ૫-૨૫.

**संघातभेदेभ्यः उत्पद्यन्ते ५-२६**
**સંઘાતભેદેભ્યઃ ઉત્પદ્યન્તે ૫-૨૬**
**સંઘાત-ભેદેભ્યઃ ઉત્પદ્યન્તે ૫-૨૬**

**भेदादणुः ૫-૨૭**
**ભેદાદણુઃ ૫-૨૭**
**ભેદાદ્ અણુઃ ૫-૨૭**

**સૂત્રાર્થ-પુદ્ગલોના સ્કંધો સંઘાત, ભેદ, તથા સંઘાત અને ભેદથી થાય છે. પરંતુ અણુઓ તો માત્ર ભેદથી જ થાય છે. ૫-૨૬, ૨૭.**



**ભાવાર્થ**-પુદ્ગલાસ્તિકાય દ્રવ્યમાં જે જે સ્કંધો બને છે. તે તે પ્રદેશોના મીલનથી પણ થાય છે. અને પ્રદેશોના છુટા પડવાથી પણ થાય છે બે પરમાણુઓ ભેગા થઈને જે દ્વ્યણુક બને તે સંઘાતથી સ્કંધ બન્યો કહેવાય. અને મોટા સ્કંધો વિખરાઈને જે નાના નાના સ્કંધો બને તે ભેદથી સ્કંધો બન્યા કહેવાય. જેમ કે અનેક સ્પેરપાર્ટો જોડવાથી ગાડી બને તે સંઘાત. હાથમાંથી કાચનો ગ્લાસ પડી જવાથી કાચના નાના નાના ટુકડા થાય તે ભેદ. અને મૂલસૂત્રમાં બહુવચન હોવાથી સંઘાત-ભેદ બન્ને સાથે પણ હોય, જેમ કે એક ટેબલ બનાવ્યું તેમાં સ્પેરપાર્ટ જોડ્યા તે સંઘાત અને લાકડુ છોલીને કે કાપીને જુદું પાડ્યું તે ભેદ. એમ ઉભયક્રિયા પણ હોય છે. એટલે (૧) સંઘાતથી, (૨) ભેદથી, અને (૩) સંઘાત-ભેદ એમ ઉભયથી આ રીતે ત્રણ પ્રકારે સ્કંધો બને છે. એમ ત્રિવિધતા જણાવવા માટે મૂલસૂત્રમાં બહુવચન છે. પરંતુ અણુઓ તો હંમેશાં મોટા સ્કંધમાંથી વિખેરાવાથી જ બને છે. જોડાવાથી બનતા નથી. કારણ કે અણુથી નાના અણુ નથી કે જેના જોડાવાથી પરમાણુ બને. નૈયાયિક-વૈશેષિકો કેવળ સંઘાતથી જ સ્કંધની ઉત્પત્તિ માને છે. તે બરાબર નથી. ૫-૨૬, ૨૭.

**भेदसंघाताभ्यां चाक्षुषाः ५-२८**
**ભેદસંઘાતાભ્યાં ચાક્ષુષાઃ ૫-૨૮**
**ભેદ - સંઘાતાભ્યાં ચાક્ષુષાઃ ૫-૨૮**

**સૂત્રાર્થ-ચાક્ષુષ સ્કંધો ભેદ અને સંઘાત એમ ઉભયવડે જ બને છે. ૫-૨૮.**

**ભાવાર્થ**-આ અધ્યાયના ૨૬મા સૂત્રમાં પુદ્‌ગલાસ્તિ-કાયના કોઈ સ્કંધો ભેદથી, કોઈ સ્કંધો સંઘાતથી અને કોઈ સ્કંધો ઉભયથી થાય છે. એમ ત્રણ પ્રકારે સ્કંધો થાય છે. એવું કહ્યું છે. તેમાં વિશેષતા અહીં સમજાવે છે કે જે જે ચક્ષુર્ગોચર સ્કંધો છે તે તે સ્કંધો ભેદ અને સંઘાત એમ બન્ને વડે જ બને છે. એકલા ભેદથી કે એકલા સંઘાતથી બનતા નથી. કારણ કે ચાક્ષુષ સ્કંધો બાદરપરિણામી જ હોવાથી અનંતાનંત પ્રદેશોના જ બનેલા છે. તેથી કોઈ પ્રદેશોનો ભેદ અને કોઈ પ્રદેશોનો સંઘાત પ્રતિસમયે થયા જ કરે છે. તેથી ચાક્ષુષ સ્કંધો નિયમા **ઉભયનિષ્પન્ન** જ હોય છે. ૫-૨૮.

**उत्पादव्ययध्रौव्ययुक्तं सत्   ५-२९**
**ઉત્પાદવ્યયધ્રૌવ્યયુક્તં સત્   ૫-૨૯**
**ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય-યુક્તં સત્   ૫-૨૯**

**સૂત્રાર્થ-જે ઉત્પત્તિ, વ્યય અને ધ્રૌવ્ય ધર્મથી યુક્ત હોય છે તે સત્ કહેવાય છે. ૫-૨૯.**

**ભાવાર્થ**-જગતના સર્વે પદાર્થો દ્રવ્યથી અનાદિ કાળથી છે અને અનંતકાળ રહેવાવાળા જ છે. કોઈપણ દ્રવ્યનો ક્યારે પણ નાશ નથી અને ક્યારે પણ ઉત્પત્તિ નથી માટે દ્રવ્યની અપેક્ષાએ સર્વે દ્રવ્યો અનાદિ અનંત છે. અર્થાત્ ધ્રૌવ્ય છે. જેમ



કે આ જીવદ્રવ્ય દેવ-મનુષ્ય-તિર્યંચ અને નારકી આદિ પર્યાયો ભલે પામે. પરંતુ તેમાં રહેલું જીવદ્રવ્ય કદાપિ ઉત્પન્ન થયું પણ નથી અને કદાપિ નાશ પામનાર પણ નથી. અનાદિ-અનંત-ધ્રુવ છે. છતાં તે કુટસ્થ નિત્ય નથી. અર્થાત્ એકાન્તે નિત્ય નથી. કારણ કે નવા નવા પર્યાયો પામે જ છે. જુના પર્યાયોને ત્યજે જ છે. જેમ કે એક બાલક બાલ્ય ભાવને ત્યજીને યુવાભાવને પામે છે. યુવાભાવને ત્યજીને વૃદ્ધભાવને પામે છે. સોનાનો એક હાર ભંગાવી કુંડલ બનાવતાં તે સુવર્ણ હારભાવને ત્યજે છે અને કુંડલભાવે ઉત્પન્ન થાય છે. છતાં સુવર્ણ પણે ધ્રુવ પણ રહે છે. આ પ્રમાણે પ્રતિસમયે પ્રત્યેક દ્રવ્યોમાં જુના પર્યાયરૂપે નાશ, નવા પર્યાયરૂપે ઉત્પાદ અને દ્રવ્યપણે ધ્રૌવ્ય વર્તે છે. જે આવા ત્રણ ધર્મયુક્ત હોય છે તે જ સત્ છે. અને જે સત્ છે તે ઉપરોક્ત ત્રણે ધર્મોથી અવશ્ય યુક્ત જ હોય છે. એકાન્તે એકલું નિત્ય કે એકાન્તે એકલું અનિત્ય કોઇ જ દ્રવ્ય નથી. ૫-૨૯.

**तद्भावाव्ययं नित्यम्   ५-३०**
**તદ્‌ભાવાવ્યયં નિત્યમ્   ૫-૩૦**
**તદ્-ભાવ-અવ્યયં નિત્યમ્   ૫-૩૦**

**સૂત્રાર્થ-તેવા સત્ ભાવથી યુક્ત જે છે તે નિત્ય છે. ૫-૩૦.**

**ભાવાર્થ**-ન્યાય-વૈશેષિક અને સાંખ્યાદિ અન્ય દર્શનકારો આત્મા આદિ પદાર્થોને એકાન્તે નિત્ય, એટલે કે

કુટસ્થ નિત્ય માને છે. પરંતુ જગત્ પરિવર્તનશીલ પણ છે જ. માટે તેઓની તે માન્યતાની સામે જૈનદર્શનકાર નિત્યની વ્યાખ્યા સમજાવે છે કે ઉત્પત્તિ, વ્યય અને ધ્રૌવ્ય, આ ત્રણે ધર્મથી યુક્ત જે પદાર્થ હોય છે તે સત્ કહેવાય છે. અને આવા પ્રકારનો સત્પણાનો ભાવ જેમાં છે એટલે કે સત્ પણાના ભાવથી જે ચ્યુત થતું નથી, વ્યય પામતું નથી તે જ નિત્ય કહેવાય છે. પૂર્વપર્યાયથી વ્યય, ઉત્તરપર્યાયથી ઉત્પાદ અને દ્રવ્યપણે ધ્રૌવ્ય આ ત્રણે ગુણવત્તાવાળું સત્પણું જેમાં છે તે નિત્ય કહેવાય છે. એમ સમજવું પરંતુ ઉત્પત્તિ અને વિનાશ વિનાનું સર્વથા સ્થિર=એક રૂપવાળું જે હોય તે નિત્ય કહેવાય છે. એમ ન સમજવું. ૫-૩૦.

**अर्पितानर्पितसिद्धेः ५-३१**
**અર્પિતાનર્પિતસિદ્ધેઃ ૫-૩૧**
**અર્પિત-અનર્પિત-સિદ્ધેઃ ૫-૩૧**

**સૂત્રાર્થ-પ્રધાનતા અને ગૌણતાની વિવક્ષાથી ઉત્પાદાદિ ત્રણે ધર્મોની સિદ્ધિ થાય છે. ૫-૩૧.**

**ભાવાર્થ**-ઉત્પત્તિ અને વ્યય એ પરિવર્તનાત્મક છે. અને ધ્રૌવ્ય એ સ્થિરતાત્મક છે. એટલે બન્ને પરસ્પર વિરોધી ધર્મો છે. તથા ઉત્પાદ અને વ્યય પણ પરસ્પર વિરોધી ધર્મો છે. તેથી એક જ દ્રવ્યમાં પ્રતિસમયે વિરોધી એવા આ ત્રણ ધર્મો કેમ ઘટી શકે ? તેનો ઉત્તર આ સૂત્રમાં છે કે- જ્યારે



પર્યાયની અર્પણા (પ્રધાનતા-વિવક્ષા) કરવામાં આવે છે અને દ્રવ્યની અનર્પણા (ગૌણતા-અવિવક્ષા) કરવામાં આવે છે ત્યારે તે સર્વે દ્રવ્યો ઉત્પાદ-વ્યય વાળાં જ દેખાય છે. અને જ્યારે દ્રવ્યની અર્પણા (વિવક્ષા-પ્રધાનતા) કરવામાં આવે છે અને પર્યાયોની અનર્પણા (ગૌણતા-અવિવક્ષા) કરવામાં આવે છે ત્યારે તે પ્રત્યેક દ્રવ્યો ધ્રૌવ્ય જ દેખાય છે. અર્પણા અને અનર્પણાથી આ વાત સ્પષ્ટ સમજાય તેવી છે. સુવર્ણ દ્રવ્યનું બનાવેલું કડું ભાંગીને પુનઃ કુંડલ બનાવીએ તેમાં કડા-કુંડલપણે જોઈએ તો ઉત્પાદ-વ્યય છે અને સુવર્ણપણે જોઈએ તો ધ્રૌવ્ય છે. અને આ સમસ્ત સંસારમાં સર્વે દ્રવ્યો ઉપરોક્ત સ્વરૂપવાળાં જ છે. ૫-૩૧.

**स्निग्धरुक्षत्वाद् बन्धः ५-३२**
**સ્નિગ્ધરુક્ષત્વાદ્ બન્ધઃ ૫-૩૨**
**સ્નિગ્ધ-રુક્ષત્વાદ્ બંધઃ ૫-૩૨**

**न जघन्यगुणानाम् ५-३३**
**ન જઘન્યગુણાનામ્ ૫-૩૩**
**ન જઘન્ય-ગુણાનામ્ ૫-૩૩**

**સૂત્રાર્થ- સ્નિગ્ધતા અને રુક્ષતાથી પુદ્ગલોનો પરસ્પર બંધ થાય છે. પરંતુ જઘન્યગુણવાળા પુદ્ગલોનો પરસ્પર બંધ થતો નથી. ૫-૩૨, ૩૩.**

**ભાવાર્થ**- કોઈપણ પ્રકારનાં પુદ્ગલો બીજા પુદ્ગલોની

સાથે પરસ્પર જે જોડાય છે તેને બંધ કહેવાય છે. જેમ કે રોટલીનો લોટ કે પુરીનો લોટ પિંડરૂપે જે બને છે તેને બંધ કહેવાય છે. તે બંધ થવામાં સ્નિગ્ધતા અને રુક્ષતા કારણ છે. પુદ્‌ગલોમાં રહેલી સ્નિગ્ધતા અને રુક્ષતાના કારણે તેઓનો પરસ્પર સંબંધ થાય છે. અને સ્કંધો બને છે. આ સ્નિગ્ધતા અને રુક્ષતા દરેક પુદ્‌ગલ પરમાણુઓમાં ઓછી-વધતી હોય છે. અર્થાત્ હીનાધિકપણે તરતમતાવાળી હોય છે. જેમકે (૧) પાણી, (૨) બકરીનું દૂધ, અને (૩) ભેંસનું દૂધ અધિક અધિક સ્નિગ્ધતાવાળું છે. એવી જ રીતે ધૂળ-ફોતરાં અને રેતીમાં અધિક અધિક રુક્ષતા હોય છે. આ પ્રમાણે સર્વ પુદ્‌ગલોમાં જાણવું.

ઓછામાં ઓછી સ્નિગ્ધતાને **જઘન્યસ્નિગ્ધતા** કહેવાય છે. અર્થાત્ **એકગુણ-સ્નિગ્ધતા** પણ કહેવાય છે. એવી જ રીતે ઓછામાં ઓછી રુક્ષતાને **જઘન્યરુક્ષતા** કહેવાય છે. અર્થાત્ **એકગુણરુક્ષતા** કહેવાય છે. આવા પ્રકારની જઘન્ય સ્નિગ્ધતા અને જઘન્યરુક્ષતા ગુણવાળાં પુદ્‌ગલોનો કોઈ પણ પુદ્‌ગલો સાથે બંધ થતો નથી. કારણ કે બંધ થવામાં જેટલી સ્નિગ્ધતા અને જેટલી રુક્ષતા જોઈએ તેટલી તેમાં નથી. માટે જઘન્ય સ્નિગ્ધતા અને જઘન્યરુક્ષતા ગુણવાળાં પુદ્‌ગલોનો કોઈની પણ સાથે બંધ થતો નથી. પરંતુ અધિક સ્નિગ્ધતા અને અધિક રુક્ષતાવાળા પુદ્‌ગલોનો જ પરસ્પર બંધ થાય છે. ૫-૩૨, ૩૩.



**गुणसाम्ये सदृशानाम् ५-३४**
**ગુણસામ્યે સદૃશાનામ્ ૫-૩૪**
**ગુણ-સામ્યે સદૃશાનામ્ ૫-૩૪**

**द्व्यधिकादिगुणानां तु ५-३५**
**દ્વ્યધિકાદિગુણાનાં તુ ૫-૩૫**
**દ્વિ-અધિક-આદિ-ગુણાનાં તુ ૫-૩૫**

**સૂત્રાર્થ - સમાન ગુણ હોતે છતે સદૃશ પુદ્‌ગલોનો બંધ થતો નથી પરંતુ સદૃશપુદ્‌ગલોમાં બે અધિક આદિમાં બંધ થાય છે. ૫-૩૪-૩૫.**

**ભાવાર્થ**-સ્નિગ્ધતા ગુણ કે રુક્ષતા ગુણની સામ્યતા (સમાનતા) હોતે છતે સદૃશ પુદ્‌ગલોનો પરસ્પર બંધ થતો નથી. જે પુદ્‌ગલોમાં જેટલી સ્નિગ્ધતા હોય તેટલી જ સ્નિગ્ધતાવાળાં પુદ્‌ગલો જો સામે આવે તો તે બન્ને સમાન સ્નિગ્ધતાવાળાં પુદ્‌ગલોનો પરસ્પર બંધ થતો નથી. એવી જ રીતે સમાનરુક્ષતા ગુણવાળા પુદ્‌ગલોનો સમાનરુક્ષતા ગુણવાળા પુદ્‌ગલો સાથે બંધ થતો નથી. જેમકે ૧૦ ગુણ સ્નિગ્ધતા ગુણવાળા પુદ્‌ગલોનો ૧૦ ગુણ સ્નિગ્ધતાવાળા પુદ્‌ગલોની સાથે બંધ થતો નથી. એવી જ રીતે રુક્ષપુદ્‌ગલોનો સમાન રુક્ષતાવાળા પુદ્‌ગલો સાથે બંધ થતો નથી. પરંતુ ૧૦ ગુણ સ્નિગ્ધતાવાળા પુદ્‌ગલોનો ૧૦ ગુણ રુક્ષતાવાળા પુદ્‌ગલોની સાથે ગુણની સામ્યતા હોવા છતાં પણ સદૃશપુદ્‌ગલો ન હોવાથી અર્થાત્ વિજાતીય હોવાથી બંધ થાય જ છે.

એવી જ રીતે સદશપુદ્ગલોમાં બે અધિક આદિ ગુણોવાળાં પુદ્ગલો હોય તો અવશ્ય બંધ થાય છે. જે પુદ્ગલોમાં ગુણ સદશતા (રુક્ષની સામે રુક્ષ, અને સ્નિગ્ધની સામે સ્નિગ્ધ પુદ્ગલો) છે. ત્યાં બે ગુણથી અધિક હોય તો જ બંધ થાય છે. એક ગુણ અધિક હોય કે સમાનતા હોય તો બંધ થતો નથી. એટલે કે સમાન હોય તો બંધ થતો નથી એ વાત ૩૪મા સૂત્રમાં કહી જ છે પરંતુ એક ગુણ અધિક હોય તો પણ બંધ થતો નથી એ વાત આ ૩૫મા સૂત્રમાંથી નીકળે છે. બે-ત્રણ-ચાર-પાંચ અધિક હોય તો જ બંધ થાય છે. જેમકે ૧૦ ગુણ સ્નિગ્ધતાવાળાનો ૧૦ ગુણ સ્નિગ્ધતાવાળા સાથે કે ૧૧-૯ ગુણ સ્નિગ્ધતાવાળા સાથે બંધ થતો નથી. પણ ૧૨ ગુણ અધિક, ૧૩ ગુણ અધિક, ૧૪ ગુણ અધિક સ્નિગ્ધતાવાળા સાથે બંધ થાય છે. એવી જ રીતે ૧૦ ગુણ રુક્ષતાવાળા પુદ્ગલોનો ૧૦ ગુણ કે ૧૧ ગુણ કે ૯ ગુણ રુક્ષતાવાળા પુદ્ગલો સાથે બંધ થતો નથી. પરંતુ ૧૨-૧૩-૧૪-૧૫ આદિ ગુણ રુક્ષતાવાળા પુદ્ગલો સાથે જ બંધ થાય છે. આ રીતે સમાનમાં અને એકાધિકમાં બંધ ન થાય પરંતુ બે-ત્રણ-ચાર અધિકમાં બંધ થાય છે. પરંતુ આ નિયમ **સદશ પુદ્ગલોમાં** જ લાગે છે. પરંતુ વિજાતીય પુદ્ગલો હોય ત્યાં આ નિયમ લાગુ પડતો નથી. એટલે રુક્ષની સામે સ્નિગ્ધ અને સ્નિગ્ધની સામે રુક્ષ પુદ્ગલો જો હોય તો ૧૦ ગુણવાળાનો ૧૦ ગુણવાળા સાથે પણ બંધ થાય અને ૧૦ ગુણવાળાનો ૧૧ ગુણવાળા સાથે પણ બંધ થાય છે. માટે ઉપરના નિયમો સદશમાં જ સમજવા. *सद्दशानाम्* આ શબ્દની અનુવૃત્તિ ૩૫મા સૂત્રમાં પણ લઇ જવી ૫-૩૪, ૩૫.



**बन्धे समाधिकौ पारिणामिकौ ૫-૩૬**

**બન્ધે સમાધિકૌ પારિણામિકૌ ૫-૩૬**

**બન્ધે સમ-અધિકૌ પારિણામિકૌ ૫-૩૬**

**સૂત્રાર્થ-પુદ્ગલોનો પરસ્પર બંધ થયે છતે સમાન અથવા જે અધિક પરિણામ હોય તે ગુણ વ્યાપ્ત બને છે. ૫-૩૬.**

**ભાવાર્થ**-પુદ્ગલોનો પરસ્પર બંધ થયા પછી આખા સ્કંધમાં સમાન અથવા અધિક જે ગુણ હોય તે ગુણનો પરિણામ વ્યાપ્ત બને છે. જેમકે એક સ્કંધ ત્રિગુણસ્નિગ્ધતાવાળો હોય અને બીજો સ્કંધ પંચગુણ ષડ્ગુણ-સપ્તગુણ સ્નિગ્ધતાવાળો હોય તો બંધ થયા પછી આખા સ્કંધમાં પંચગુણ-ષડ્ગુણ-સપ્તગુણ સ્નિગ્ધતા વ્યાપે છે. એટલે કે સમાન ગુણમાં (સ્નિગ્ધની સામે સ્નિગ્ધમાં અને રુક્ષની સામે રુક્ષમાં) જે અધિક ગુણ હોય છે તે જ ગુણ હીનસ્નિગ્ધતાવાળામાં અને હીનરુક્ષતા વાળામાં પણ વ્યાપે છે. એવી જ રીતે ત્રિગુણરુક્ષતા વાળાનો બંધ પંચ-ષડ્ ગુણાદિવાળા રુક્ષની સાથે થાય તો આખા સ્કંધમાં પંચ-ષડ્ગુણવાળી રુક્ષતા વ્યાપે છે.

હવે સ્નિગ્ધનો રુક્ષની સાથે અને રુક્ષનો સ્નિગ્ધની સાથે એમ જો બંધ થાય તો જે અધિક હોય તે પરિણામ થાય છે. જો રુક્ષતા અધિક હોય તો સ્નિગ્ધગુણવાળા પરમાણુઓ રુક્ષતાવાળા બને છે અને સ્નિગ્ધતા જો અધિક હોય તો રુક્ષગુણવાળા પરમાણુઓ સ્નિગ્ધગુણવાળા બને છે. આ પ્રમાણે

પુદ્‌ગલોના બંધનું સ્વરૂપ સમજાવ્યું. ૨૫મા સૂત્રમાં અણુ અને સ્કંધ કહ્યા છે. તેથી અણુઓના મીલનથી સ્કંધ બને છે. તેમાં સ્નિગ્ધતા અને રુક્ષતા કારણ છે. તેથી સ્નિગ્ધતા અને રુક્ષતાનું આ વર્ણન કર્યું છે. એમ જાણવું. ૫-૩૬.

**गुणपर्यायवद् द्रव्यम् ५-३७**
**ગુણપર્યાયવદ્ દ્રવ્યમ્ ૫-૩૭**
**ગુણ-પર્યાયવદ્ દ્રવ્યમ્ ૫-૩૭**

**સૂત્રાર્થ-ગુણ અને પર્યાયવાળો જે પદાર્થ છે. તે દ્રવ્ય કહેવાય છે. ૫-૩૭.**

**ભાવાર્થ**-દ્રવ્યની સાથે સદા રહે તે ગુણ, અને દ્રવ્યમાં આવે અને જાય તે પર્યાય. એટલે કે સહવર્તી ધર્મ તે ગુણ અને ક્રમવર્તી ધર્મ તે પર્યાય. સહભાવિત્વ એ ગુણનું અને ક્રમભાવિત્વ એ પર્યાયનું લક્ષણ છે. જેમ કે જ્ઞાન-દર્શન-ચારિત્રાદિ જે છે તે ગુણ. અને દેવ-નરક-તિર્યંચાદિ જે અવસ્થા છે તે પર્યાય. આ જીવના ગુણપર્યાય કહ્યા. એવી જ રીતે વર્ણ-ગંધ-રસ અને સ્પર્શ એ પુદ્‌ગલના ગુણ. અને પૂરણ - ગલન અથવા ઘટ-પટ અવસ્થા તે પર્યાય સમજવા. આ ગુણ અને પર્યાયો જેમાં વર્તે છે તે દ્રવ્ય કહેવાય છે. ગુણ અને પર્યાયોનો જે આધાર છે તે ધર્માદિ પાંચ દ્રવ્ય કહેવાય છે. ૫-૩૭.

**कालश्चेत्येके ५-३८**
**કાલશ્ચેત્યેકે ૫-૩૮**



**કાલઃ ચ ઈતિ એકે ૫-૩૮**

**સૂત્રાર્થ-કાલ એ પણ દ્રવ્ય છે એમ કેટલાક આચાર્યો માને છે. ૫-૩૮.**

**ભાવાર્થ**-ગુણ અને પર્યાયવાળો જે પદાર્થ, અર્થાત્ તે બન્નેના આધારભૂત જે પદાર્થ તે જ દ્રવ્ય કહેવાય છે. આવું દ્રવ્યનું લક્ષણ ૩૭મા સૂત્રમાં કરવામાં આવ્યું છે. તે લક્ષણ ધર્મ-અધર્મ-આકાશ-જીવ અને પુદ્‌ગલ એમ પાંચ દ્રવ્યમાં લાગુ પડે છે. પરંતુ કાળ દ્રવ્યમાં આ લક્ષણ લાગુ પડતું નથી માટે કાલ નામનું દ્રવ્ય નથી. તેથી ગ્રંથકાર શ્રી જણાવે છે કે **કાલ એ પણ દ્રવ્ય છે** એમ બીજા કેટલાક આચાર્યો માને છે. શાસ્ત્રોમાં છ દ્રવ્યો કહ્યાં છે તે સંખ્યાની પૂર્તિ અર્થે અન્ય આચાર્યો કાલને પણ દ્રવ્ય માને છે. વાસ્તવિકપણે જીવ અને અજીવના વર્તના આદિ જે પર્યાયો છે તે કાલ છે. જેમ કે જીવનું ''મનુષ્યપણે વર્તવું'' તે વર્તનાને કાલ કહેવાય છે. તે વર્તનાને માપવા માટે સૂર્ય-ચંદ્રની ગતિજન્ય રાત્રિ-દિવસ એ સાધન માત્ર છે. જીવ-અજીવના પર્યાય સ્વરૂપ કાલમાં દ્રવ્યનો ઉપચાર કરવામાં આવે છે. તેથી કાલ એ **ઉપચરિત દ્રવ્ય** છે. પારમાર્થિક સ્વતંત્ર દ્રવ્ય નથી. આવો ગ્રંથકારશ્રીનો અભિપ્રાય છે. આ સૂત્ર-રચના શ્વેતામ્બર આમ્નાયતા સિદ્ધ કરે છે. ૫-૩૮.

**सोऽनन्तसमयः ५-३९**
**સોનન્તસમયઃ ૫-૩૯**

## सः अनन्तसमयः ५-३९

**સૂત્રાર્થ-તે કાલદ્રવ્ય અનન્તસમય પ્રમાણ છે. ૫-૩૯.**

**ભાવાર્થ**-ભૂતકાલ અનન્તો ગયો છે. ભવિષ્યકાલ અનન્તો આવવાનો છે તે તમામ કાલના જો અવિભાજ્ય અંશો કરવામાં આવે તો અનન્તા થાય છે. તે અનંતા અવિભાજ્ય અંશોને જ **સમય** કહેવાય છે. આંખના એક પલકારામાં પણ આવા અસંખ્ય સમયો પસાર થાય છે. તો ત્રણે કાલના મળીને અનંતા સમયો થાય તેમાં શું આશ્ચર્ય ? ભાલાથી સો કમલને વિંધવાના દૃષ્ટાંતથી, વસ્ત્રને તુરત ફાડવામાં તન્તુને તુટવાના દૃષ્ટાંતથી, અને પ્લેનની ૧ ફૂટ અને ૧ઈંચની ગતિના ઉદાહરણથી કાલના (એક સેકંડના) પણ ઘણા ભાગો થાય છે તે આપણે સ્વયં સમજી શકીએ તેમ છીએ. ૫-૩૯.

## द्रव्याश्रया निर्गुणा गुणाः ५-४०
## દ્રવ્યાશ્રયા નિર્ગુણા ગુણાઃ ૫-૪૦
## દ્રવ્ય-આશ્રયાઃ નિર્ગુણાઃ ગુણાઃ ૫-૪૦

**સૂત્રાર્થ-દ્રવ્યના આશ્રયે જે રહે અને સ્વયં પોતે નિર્ગુણ હોય તે ગુણ કહેવાય છે. ૫-૪૦.**

**ભાવાર્થ**-સૂત્ર-૩૭માં દ્રવ્યનું લક્ષણ કરીને હવે આ ૪૦મા સૂત્રમાં ગુણનું અને ૪૧મા સૂત્રમાં પર્યાયનું લક્ષણ કહે છે. ગુણો હંમેશાં દ્રવ્યોમાં જ વર્તે છે. દ્રવ્ય વિના



નિરાધારપણે સ્વયં એકલા ગુણો કદાપિ હોતા નથી. જેમ કે ઘટદ્રવ્યમાં વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ ગુણો છે. આત્મદ્રવ્યમાં જ્ઞાન-દર્શન-ચારિત્રાદિ ગુણો છે. આ પ્રમાણે દ્રવ્યના આશ્રયે જે રહે તે ગુણ કહેવાય છે. તથા દ્રવ્યમાં જેમ ગુણો છે. તેમ ગુણમાં ગુણો વર્તતા નથી. એટલે ગુણો પોતે ગુણસ્વરૂપ અવશ્ય છે. પરંતુ ગુણોમાં ગુણો આધેય રૂપે રહેતા ન હોવાથી નિર્ગુણ કહેવાય છે. આ પ્રમાણે **દ્રવ્યાશ્રયત્વ** અને **નિર્ગુણત્વ** એ ગુણનું લક્ષણ છે. ૫-૪૦.

## तद्भावः परिणामः ५-४१
## તદ્ભાવઃ પરિણામઃ ૫-૪૧
## તદ્ભાવઃ પરિણામઃ ૫-૪૧

**સૂત્રાર્થ-તે દ્રવ્ય અને ગુણોનો જે વિકાર (જે ઉત્પાદ અને વ્યય.) તેને પર્યાય કહેવાય છે. ૫-૪૧.**

**ભાવાર્થ**-દ્રવ્યોમાં સમયે સમયે જે પરિવર્તન થાય છે. તેને પર્યાય કહેવાય છે. જેમ કે જીવદ્રવ્યમાં દેવ-નારકાદિ અવસ્થા, બાલ્ય-યુવા-વૃદ્ધાવસ્થા, અજીવમાં નવા-જુનાપણું આ સર્વે પરિવર્તનોને પર્યાય કહેવાય છે. એવી જ રીતે દ્રવ્યના આશ્રયે ગુણોમાં જે હાનિ-વૃદ્ધિ થાય છે તે પણ પર્યાય કહેવાય છે. જેમકે જીવ દ્રવ્યમાં મતિ-શ્રુતજ્ઞાનની હાનિ-વૃદ્ધિ થાય. ઘટ-પટમાં રૂપ-રસાદિની હાનિ-વૃદ્ધિ થાય તે સર્વે પર્યાયો છે. ન્યાય, વૈશેષિક અને સાંખ્યદર્શન દ્રવ્યને

એકાન્તે નિત્ય માને છે. બૌદ્ધદર્શન દ્રવ્યને એકાન્તે અનિત્ય (ક્ષણિક) માને છે. જ્યારે જૈનદર્શનકાર દ્રવ્યને નિત્યાનિત્ય કહે છે. જેમકે સોનું દ્રવ્ય પોતાનું દ્રવ્યપણું કાયમ રાખીને કડા-કુંડલ રૂપે પરિવર્તન પામે છે. માટે સર્વે દ્રવ્યો નિત્યાનિત્ય છે. એટલે કે સર્વે દ્રવ્યો પર્યાયવાળાં છે. અને પર્યાયને આશ્રયી દ્રવ્યો અનિત્ય પણ છે. ૫-૪૧.

**अनादिरादिमांश्च ५-४२**
**અનાદિરાદિમાંશ્ચ ૫-૪૨**
**અનાદિઃ આદિમાન્ ચ ૫-૪૨**

**સૂત્રાર્થ-આ પર્યાયો અનાદિ પણ હોય છે. અને આદિવાળા (સાદિ) પણ હોય છે. ૫-૪૨.**

**ભાવાર્થ :** પર્યાયો અનાદિ અને સાદિ એમ બે પ્રકારના હોય છે. જેમકે ધર્માસ્તિકાયાદિ દ્રવ્યની લોકાકાશપ્રમાણ જે આકૃતિ છે. તેવા પર્યાયો અનાદિ છે. મેરૂપર્વત. શાશ્વતચૈત્યો તથા શાશ્વત વિમાનો આદિ પર્યાયો હોવા છતાં પણ અનાદિ છે અને ઘટ, પટ આદિ પર્યાયો સાદિ છે. જીવમાં પણ જ્ઞાનાદિગુણ-વાળાપણું અસંખ્યાતપ્રદેશ-વાળાપણું તે અનાદિ છે. પરંતુ જ્ઞાનાદિગુણોમાં જે હાનિ-વૃદ્ધિ થાય છે તે સાદિ છે. જો કે પર્યાયો પરિવર્તનાત્મક હોવાથી સાદિ જ હોય છે. તો પણ વિવક્ષાવશથી અનાદિ અને સાદિ એમ બન્ને પ્રકારના કહેવાય છે. ૫-૪૨.





**रूपिष्वादिमान् ५-४३**
**રૂપિષ્વાદિમાન્ ૫-૪૩**
**રૂપિષુ આદિમાન્ ૫-૪૩**

**સૂત્રાર્થ-રૂપી એવા પુદ્ગલાસ્તિકાય દ્રવ્યોમાં આ પર્યાયો આદિવાળા છે. ૫-૪૩.**

**ભાવાર્થ**-રૂપી એવા પુદ્ગલાસ્તિકાયમાં પર્યાયો સાદિ છે. ઘટ-પટ ટેબલ-ખુરશી-ગાડી આવી સ્થૂલ પૌદ્ગલિક વસ્તુઓ ઉત્પન્ન થતી અને નાશ પામતી નજરે દેખાય છે. માટે તે સર્વે **પર્યાયો** સાદિવાળા છે. જો કે સર્વે દ્રવ્યોના સર્વેપર્યાયો પરિવર્તનાત્મક હોવાથી સાદિ જ છે. તો પણ **સ્થૂલ** વ્યવહાર-નયથી જેના પર્યાયો આવા અનુભવાતા નથી. પ્રતિસમયમાં થતું પૂરણ-ગલન દૃષ્ટિમાં આવતું નથી. તેથી તેવા પર્યાયોને અનાદિ કહ્યા છે. જેમ કે મેરૂપર્વતની આકૃતિમાં પણ પૂરણ-ગલન હોવાથી પરિવર્તન છે. તો પણ તે પરિવર્તન વ્યવહારથી અનુભવગોચર નથી માટે અનાદિ કહેવાય છે. અને જે પુદ્ગલાસ્તિકાયના સ્કંધોમાં સઘાત અને ભેદ થતો દેખાય છે. તે પર્યાયો સાદિ કહ્યા છે. ૫-૪૩.

**योगोपयोगौ जीवेषु ५-४४**
**યોગોપયોગૌ જીવેષુ ૫-૪૪**
**યોગ-ઉપયોગૌ જીવેષુ ૫-૪૪**

**સૂત્રાર્થ-જીવોમાં યોગ અને ઉપયોગને આશ્રયી જે જે પર્યાયો થાય છે. તે તે પર્યાયો આદિમાન્ છે. ૫-૪૪.**

**ભાવાર્થ**-મન-વચન અને કાયા એ પુદ્‌ગલદ્રવ્ય હોવાથી આત્માથી પરદ્રવ્ય છે. તેના નિમિત્તથી આત્મામાં પ્રદેશોનું જે હલન-ચલન થાય છે. તેને યોગ કહેવાય છે. આ યોગ પ્રતિસમયે બદલાય છે. તેથી યોગજન્ય પર્યાયો આદિમાન્ છે. અને પરદ્રવ્યાશ્રિત છે. જ્યારે જ્ઞાન-દર્શન રૂપ ચૈતન્યશક્તિનો જે વપરાશ છે. તેને ઉપયોગ કહેવાય છે. તે શક્તિની જ્ઞાનાવરણીય અને દર્શનાવરણીય કર્મના ક્ષયોપશમને અનુસારે પ્રતિસમયે જે હાનિ-વૃદ્ધિ થાય છે તે ઉપયોગજન્ય પર્યાયો છે અને તે પણ આદિમાન્ છે તથા સ્વદ્રવ્યાશ્રિત છે આ પ્રમાણે જીવદ્રવ્યમાં યોગજન્ય (પરદ્રવ્યાશ્રિત) અને ઉપયોગજન્ય (સ્વદ્રવ્યાશ્રિત) પર્યાયો આદિમાન્ છે. ૫-૪૪.

**પાંચમો અધ્યાય સમાપ્ત**



# અધ્યાય છઠ્ઠો

**काय-वाङ्-मनःकर्म योगः ६-१**

**કાય-વાઙ્-મનઃકર્મ યોગઃ ૬-૧**

**કાય-વાઙ્-મનઃકર્મ યોગઃ ૬-૧**

**સૂત્રાર્થ- કાયા, વચન, અને મનથી થનારી જે શુભાશુભ ક્રિયા છે. તે જ યોગ કહેવાય છે. ૬-૧.**

**ભાવાર્થ-** કાયાની (શરીરની), વાચાની (વચનની) અને મનની જે ક્રિયા (પ્રવૃત્તિ) તે **યોગ** કહેવાય છે. કાયાથી થતું ગમનાગમન તે કાયયોગ, વચનથી બોલાતી ભાષા તે વચનયોગ, અને મનથી થતા વિચારો તે મનોયોગ, એમ યોગ ત્રણ પ્રકારનો છે. કર્મગ્રંથાદિમાં તેના ઉત્તર ભેદો ૧૫ જણાવ્યા છે. **૬-૧.**

**स आश्रवः ६-२**

**સ આશ્રવઃ ૬-૨**

**સઃ આશ્રવઃ ૬-૨**

**शुभः पुण्यस्य ६-३**

**શુભઃ પુણ્યસ્ય ૬-૩**

**શુભઃ પુણ્યસ્ય ૬-૩**

**अशुभः पापस्य ६-४**
**અશુભઃ પાપસ્ય ૬-૪**
**અશુભઃ પાપસ્ય ૬-૪**

**સૂત્રાર્થ- શુભાશુભ એવો જે યોગ છે. તેને જ આશ્રવ કહેવાય છે શુભયોગ એ પુણ્યનો આશ્રવ છે. અને અશુભયોગ એ પાપનો આશ્રવ છે. ૬-૨,૩,૪.**

**ભાવાર્થ**- તે મન-વચન અને કાયાના યોગને જ આશ્રવ કહેવાય છે. કારણ કે તે ત્રણે પ્રકારની યોગાત્મક પ્રવૃત્તિઓથી આ જીવમાં કર્મો આવે છે. જેનાથી કર્મો આવે તે આશ્રવ કહેવાય.

મન-વચન અને કાયાનો જે શુભયોગ છે. તે પુણ્યનો આશ્રવ છે. અને જે અશુભયોગ છે. તે પાપનો આશ્રવ છે. જેમ મનથી સારા વિચારો કરવા, સ્વાધ્યાય કરવો, તત્ત્વચિંતન કરવું, સ્વ અને પરનું હિત વિચારવું તે મનનો શુભયોગ. સારૂં બોલવું, કોઈને તત્ત્વ સમજાવવું, કષાયોથી અટકાવવા હિત-શિખામણ આપવી, તે વચનનો શુભયોગ અને કાયાથી પરનું હિત કરવું, દેવ-ગુરુ-ધર્મની પૂજા-સેવા-ભક્તિ કરવી, માંદા માણસોની વૈયાવચ્ચ કરવી, તીર્થ યાત્રાદિ શુભ કાર્યો કરવાં તે કાયાનો શુભયોગ, આ ત્રણે શુભયોગોથી ૪૨ પ્રકારે પુણ્યનો આશ્રવ થાય છે.

તથા મનમાં બીજાનું અશુભ વિચારવું, વચનથી મેણાં-વ્યંગ, કટાક્ષ, અને આવેશવાળાં વચનો બોલવાં, તથા કાયાથી



મારામારી કરવી, ચોરી કરવી, દૂરાચાર સેવવા, આ ત્રણે અશુભ યોગો છે અને તેનાથી પાપનો આશ્રવ થાય છે. શુભયોગ એ પુણ્યનો અને અશુભયોગ એ પાપનો આશ્રવ છે. **૬-૨,૩,૪.**

**सकषायाकषाययोः साम्परायिकेर्यापथयोः ६-५**
**સકષાયાકષાયયોઃ સામ્પરાયિકેર્યાપથયોઃ ૬-૫**
**સકષાય-અકષાયયોઃ સામ્પરાયિક-ઈર્યાપથયોઃ ૬-૫**

**સૂત્રાર્થ-સકષાય (કષાયવાળા) જીવોનો જે આશ્રવ તે સામ્પરાયિક આશ્રવ કહેવાય છે. અને અકષાય (કષાય વિનાના) જીવોનો જે આશ્રવ તે ઈર્યાપથિક આશ્રવ કહેવાય છે. ૬-૫.**

**ભાવાર્થઃ**- ૧થી૧૦ ગુણસ્થાનકવાળા જીવોનો મન-વચન-કાયાનો જે યોગ છે તે સકષાય (કષાયવાળો) યોગ છે એટલે તેનાથી થતા આશ્રવને **સામ્પરાયિક** આશ્રવ કહેવાય છે. કારણ કે **સંપરાય** એટલે કષાય, તે વાળો જે આશ્રવ તે **સામ્પરાયિક** આશ્રવ સમજવો. સામ્પરાયિક આશ્રવમાં પ્રકૃતિ-સ્થિતિ-રસ અને પ્રદેશ એમ ચારે પ્રકારનો કર્મ બંધ થાય છે. અને ઈર્યાપથિક આશ્રવમાં માત્ર પ્રકૃતિ અને પ્રદેશ એમ બે જ પ્રકારનો કર્મ બંધ થાય છે.

તથા ૧૧-૧૨ અને ૧૩મા ગુણઠાણાવર્ત્તી જે જીવો છે. તે કષાય વિનાના છે, એટલે **અકષાયી** કહેવાય છે. તે જીવોની મન-વચન અને કાયાની જે પ્રવૃત્તિ તે અકષાયી

યોગ છે તેથી તે આશ્રવને **ઈર્યાપથિક આશ્રવ** કહેવાય છે. ઈર્યા એટલે ચાલવું, પથ એટલે માર્ગ. સંયમમાર્ગમાં ત્રિવિધ યોગ માત્ર જન્ય જે આશ્રવ થાય તે ઈર્યાપથિક આશ્રવ. એમ આશ્રવ બે જાતનો છે.

**કષાયવાળો જે આશ્રવ તે સામ્પરાયિક.**
**કષાયવિનાનો જે આશ્રવ તે ઈર્યાપથિક. ૬-૫**

**अव्रत-कषायेन्द्रिय-क्रियाः पञ्च-चतुः-**
**पञ्च-पञ्चविंशतिसंख्याः पूर्वस्य भेदाः ६-६**
**અવ્રત-કષાયેંદ્રિય-ક્રિયાઃ પંચ-ચતુઃ-**
**પંચ-પંચવિંશતિસંખ્યાઃ પૂર્વસ્ય ભેદાઃ ૬-૬**
**અવ્રત-કષાય-ઈંદ્રિય-ક્રિયાઃ પંચ-ચતુઃ-**
**પંચ-પંચવિંશતિસંખ્યાઃ પૂર્વસ્ય ભેદાઃ ૬-૬**

**સૂત્રાર્થ-અવ્રત, કષાય, ઈંદ્રિયો અને ક્રિયાઓના અનુક્રમે પાંચ, ચાર, પાંચ, અને પચ્ચીસ ભેદો છે. એમ કુલ ૩૯ ભેદો (સાંપરાયિક નામના) પ્રથમ આશ્રવના છે. ૬-૬.**

**ભાવાર્થ**-અવ્રત પાંચ, કષાયો ચાર, ઈન્દ્રિય પાંચ, અને ક્રિયાઓ ૨૫, એમ કુલ ૫+૪+૫+૨૫=૩૯ ભેદો પહેલા સામ્પરાયિક આશ્રવના છે. પાંચમા સૂત્રમાં (૧) સામ્પરાયિક અને (૨) ઈર્યાપથિક એમ બે પ્રકારના આશ્રવો બતાવ્યા છે. તેમાંથી સામ્પરાયિક નામનો જે પહેલો આશ્રવ છે તેના ૩૯ ભેદો છે.



**અવ્રત-૫,** પ્રાણાતિપાત,મૃષાવાદ,અદત્તાદાન,મૈથુન,અનેપરિગ્રહ.
**કષાયો-૪,** ક્રોધ, માન, માયા, લોભ અથવા અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાનીય, પ્રત્યાખ્યાનીય અને સંજ્વલન.
**ઈન્દ્રિયો-૫,** સ્પર્શનેન્દ્રિય, રસનેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય, ચક્ષુરિન્દ્રિય, અને શ્રોત્રેન્દ્રિય,

ક્રિયા-૨૫, છે. તે ક્રમશઃ આ પ્રમાણે છે-

(૧) **સમ્યક્‌ત્વક્રિયા**- સમ્યક્‌ત્વયુક્ત દેવ-ગુરુની સેવા-ભક્તિ-નમસ્કાર વિનય-વૈયાવચ્ચ કરવા વાળી જે ધર્મ ક્રિયા તે શુભ હોવાથી પુણ્યનો આશ્રવ છે.

(૨) **મિથ્યાત્વક્રિયા**- મિથ્યાદૃષ્ટિ જીવની ઉત્તમ દેવ-ગુરુ-ધર્મ તથા તત્ત્વની અશ્રદ્ધા અને તત્પૂર્વક ક્રિયા એ પાપનો આશ્રવ કરાવનાર છે. વિરુદ્ધ જે કોઈ પ્રવૃત્તિ તે અશુભ હોવાથી પાપનો આશ્રવ કરે છે.

(૩) **પ્રયોગક્રિયા**-મન-વચન-કાયાની કષાયયુક્ત જે શુભ અશુભ ચેષ્ટાઓ.

(૪) **સમાદાનક્રિયા**- લોકો ભેગા થાય તેવી ક્રિયા, સીનેમા, સરઘસ, નાટક ચલાવવાં, કપડાં-દાગીના દેખાડવાં, લોકો ભેગા કરવા, હાથી-ઘોડા, મોટર-લાવીને લોકોને દેખાડવાં, આ બધી વસ્તુઓ જોઈ લોકો પ્રશંસા કરે તો રાગ થાય, અને લોકો નિંદા કરે તો દ્વેષ થાય.

(૫) **ઈર્યાપથક્રિયા**-કષાય વિનાની મન-વચન-કાયાની પ્રવૃત્તિ.

(૬) **કાયિકીક્રિયા**-જીવોની હિંસા થાય, જયણા ન પળાય

તેવી રીતે કાયાનો ઉપયોગ કરવો, લડાઇ, મારામારી, તથા પથ્થરબાજી જેવી ક્રિયા કરવી તે.

(૭) **અધિકરણિકીક્રિયા**-હિંસાનાં સાધનો ચપ્પુ, છરી, ભાલા, તરવાર, બંદુક, વ.બનાવવાં, સુધારવાં, ખરીદવાં અને વેચવાં.

(૮) **પ્રાદોષિકીક્રિયા**-અણગમતી વસ્તુ આવે અથવા દેખાય ત્યારે દ્વેષ કરવો, દાઝ કરવી વગેરે.

(૯) **પારિતાપનિકીક્રિયા**- પોતાના મનને અથવા બીજાના મનને સંતાપ (ત્રાસ-ચિંતા) ઉત્પન્ન થાય તેવી પ્રવૃત્તિ કરવી.

(૧૦) **પ્રાણાતિપાતિકીક્રિયા**-પોતાનો કે પરનો વિનાશ થાય તેવી પ્રવૃત્તિ કરવી તે. જેમ કે કીડી, ઉંદર, મકોડાના દરો ઉપર ચાલવું, ઘાસ ખુંદવું, સાપ, વિંછી ઉપર પગ મૂકવો, પાણીમાં ચાલવું વગેરે.

(૧૧) **દર્શનક્રિયા**- સ્ત્રી-ઘર-કપડાં તથા અલંકારાદિને રાગથી જોવાં, બહુ સારાં-સારાં છે એમ વખાણવાં, જોઇ જોઇને અતિશય રાજી થવું તે.

(૧૨) **સ્પર્શનક્રિયા**- સ્ત્રી-ઘર-કપડાં-દાગીના-બાળકો આદિને રાગથી સ્પર્શ કરવો, રમાડવું, રમવું. તેઓને આલિંગન કરવું, પ્રેમપૂર્વક ભેટવું ઇત્યાદિ.

(૧૩) **પ્રત્યયક્રિયા**- પૂર્વે ન થયેલાં પોતાની બુદ્ધિથી નવાં નવાં શસ્ત્રો બનાવવાં જેમ કે એટમબોંબ, અણુબોંબ, દારૂગોળો વગેરે.



(૧૪) **સામન્તાનુપાતિકીક્રિયા**- જ્યાં લોકોની દૃષ્ટિ પડતી હોય, લોકોની અવર-જવર હોય તેવા માર્ગમાં મળ-મૂત્ર કરવાં, અશુચિ નાખવી, લોકોને દુર્ગંછા ઉપજે તેવું કાર્ય કરવું વગેરે.

(૧૫) **અનાભોગક્રિયા**- વસ્તુને નાખતાં નીચેની ભૂમિ ન જોવી. અને તે ભૂમિની પ્રમાર્જના ન કરવી.

(૧૬) **સ્વહસ્તક્રિયા**- અન્યનું કામ અભિમાનથી પોતાના હાથે કરવું. પોતાના હાથે બીજાનો વિનાશ, અહિત, ખોટું કરવું અને તેનું માન કરવું.

(૧૭) **નિસર્ગક્રિયા**-પાપનાં કાર્યો કરવાની બીજાને સમ્મતિ આપવી. જીવોની હિંસા થાય તેવી રીતે ઉંદરાદિના દરો ઉપર ગરમ ગરમ પાણી વગેરે પરઠવવું. તે

(૧૮) **વિદારણક્રિયા**-લાકડાં ફાડવાં, કપડાં ચીરવાં, તથા અન્યલોકનાં ગુપ્ત પાપો જાણ્યાં હોય તો તે જગતમાં પ્રકાશિત કરવાં.

(૧૯) **આનયનિકીક્રિયા**-શાસ્ત્રોમાં જે આજ્ઞા છે તેનાથી વિરૂદ્ધ પ્રરૂપણા કરવી. પોતે ન પાલી શકે એટલે પોતાના બચાવ માટે અને પોતાના દોષોને ઢાંકવા માટે ગમે તેમ બોલવું.

(૨૦) **અનવકાંક્ષક્રિયા**-જિનેશ્વર ભગવાને બતાવેલી વિધિનો પ્રમાદથી અનાદર કરવો. ઉપેક્ષા કરવી. વિધિ ન સાચવવી.

(૨૧) **આરંભિકીક્રિયા**-પૃથ્વીકાયાદિનો આરંભ-સમારંભ થાય, તેવાં કામો કરવાં.

(૨૨) **પારિગ્રહિકીક્રિયા**-લોભથી ઘણું ધન મેળવવું, ધન મેળવી તેના ઉપર ઘણી જ મૂર્છા-મમતા કરવી.

(૨૩) **માયાપ્રત્યયિકી ક્રિયા**-ધર્મક્રિયાઓ કરતાં માયા-કપટ-જૂઠ-છળ-પ્રપંચો કરવા તે.

(૨૪) **મિથ્યાદર્શનક્રિયા**-આ લોક તથા પરલોકના સુખોની ઈચ્છાથી સાંસારિક દેવ-દેવીઓની સાધના કરવી તે. મિથ્યાત્વભાવની પુષ્ટિ થાય તેવાં કાર્યો કરવાં. તથા મિથ્યાત્વવાળી ક્રિયા કરનારાની પ્રશંસા કરવી. તેમાં તેને દૃઢ કરવો. ઈત્યાદિ.

(૨૫) **અપ્રત્યાખ્યાનિકીક્રિયા**-જે પાપો જીવનમાં ન જ કરવાનાં હોય, છતાં તેનો મન-વચન અને કાયાથી જો ત્યાગ ન કર્યો હોય, તો તેના પ્રત્યેની પાપ કરવાની ભાવના અટકી નથી માટે આશ્રવ.

અહીં ઈર્યાપથ નામની પાંચમી ક્રિયા વિના શેષ ૨૪ ક્રિયાઓ કષાયયુક્ત હોવાથી સાંપરાયિકબંધના હેતુભૂત છે. ઈર્યાપથને જે આમાં લીધી છે. તે ક્રિયા માત્રપણું સમાન હોવાથી બહુલતાથી લીધી છે. તેમ જાણવું. તથા પાંચ ઈન્દ્રિયો દ્વારા વિષયોનો ઉપયોગ કરવો, તેમાં જે મોહાસક્તિ કરવી તે આશ્રવ છે. એમ જાણવું. ૬-૬.



**तीव्रमन्दज्ञाताज्ञातभाव-वीर्या-**
**धिकरणविशेषेभ्यस्तद्विशेषः ६-७**

**તીવ્રમન્દજ્ઞાતાજ્ઞાતભાવ-વીર્યા-**
**ધિકરણવિશેષેભ્યસ્તદ્વિશેષઃ ૬-૭**

**તીવ્ર-મન્દ-જ્ઞાત-અજ્ઞાતભાવ-વીર્ય-**
**અધિકરણ-વિશેષેભ્યઃ તદ્વિશેષઃ ૬-૭**

**સૂત્રાર્થ-તીવ્રભાવે અને મન્દભાવે, જાણી બુઝીને અથવા અજાણતાં, વધારે તાકાતથી કે હીન તાકાતથી, તથા તીક્ષ્ણશસ્ત્રથી અને સામાન્યશસ્ત્રથી કરાયેલાં પાપોમાં તરતમતા (હીનાધિક્તા) હોય છે. ૬-૭.**

**ભાવાર્થ**- (૧) તીવ્રભાવ, (૨) મન્દભાવ, (૩) જ્ઞાતભાવ, (૪) અજ્ઞાતભાવ, (૫) વીર્યવિશેષ અને (૬) અધિકરણ વિશેષ આ છના ભેદથી કર્મબંધમાં તફાવત થાય છે.

(૧) **તીવ્રભાવ**= જે પાપો કરતાં મનમાં તીવ્રતા હોય, જુસ્સો હોય, પાવર હોય, આવેશ ઘણો હોય, તો કર્મ ચીકણું બંધાય છે.

(૨) **મંદભાવ**=જે પાપો કરતાં મનમાં મંદભાવ હોય, ન છૂટકે કરવું પડે, દીલ દુભાતું હોય, તો કર્મ મંદ બંધાય છે.

(૩) **જ્ઞાતભાવ**= જે પાપ જાણી-બુઝીને કરીએ, પાપ થાય છે એમ જાણવા છતાં તેનો અનાદર કરીને હોંશથી રાચી-માચીને પાપ કરીએ તો તે ચીકણું કર્મ બંધાય છે.

(૪) **અજ્ઞાતભાવ=** અજાણતાં જે પાપો થઇ જાય, અણસમજમાં ભૂલથી-અજ્ઞાનથી જે પાપો થઇ જાય, તેમાં મંદકર્મ બંધાય છે.

(૫) **વીર્ય=** શારીરિક શક્તિ, જેમ જેમ શરીરમાં વધારે શક્તિ હોય, પ્રથમસંઘયણ હોય તેમ તેમ જીવ ઘણું વધારે પાપ અને ઘણું વધારે પુણ્ય કરી શકે છે. તથા શરીરમાં શક્તિ મંદ-મંદ હોય તેમ તેમ ઓછું ઓછું પાપ-પુણ્ય કરી શકે છે. છઠ્ઠા સંઘયણવાળો ઓછું પાપ-પુણ્ય કરી શકે છે તેથી નીચે ૨ નરક સુધી. અને ઉપર ૪ દેવલોક સુધી જ જાય છે. પ્રથમસંઘયણવાળો જીવ ઉપર અનુત્તર અને મોક્ષ સુધી અને નીચે સાતમી નરક સુધી એમ બધે જ જાય છે.

(૬) **અધિકરણ=** શસ્ત્ર, ભિન્ન-ભિન્ન શસ્ત્રોથી થતી હિંસા આદિની ક્રિયામાં પરિણામ જુદા-જુદા આવવાથી પાપ ઓછું-વધતું બંધાય છે. જેમ કોઇ એક માણસ બીજાને મુઠી મારે, કોઇ લાકડી મારે, કોઇ ચપ્પુ મારે, અને કોઇ તલવાર મારે, તેમાં પરિણામની તીવ્રતા વધારે વધારે હોય છે.

ઉપરોક્ત છ પ્રકારે પાપ-પુણ્યના આશ્રવો તીવ્ર-મંદાદિપણે અનેક પ્રકારે થાય છે. ૬-૭.



**अधिकरणं जीवाजीवाः ६-८**

**અધિકરણં જીવાજીવાઃ ૬-૮**

**અધિકરણં જીવ-અજીવાઃ ૬-૮**

**સૂત્રાર્થ- અધિકરણ બે પ્રકારે છે. એક જીવાધિકરણ અને બીજું અજીવાધિકરણ. ૬-૮.**

**ભાવાર્થઃ-** અધિકરણ એટલે પાપ-પુણ્યકર્મોને કરનારો જીવ અથવા તેના સાધનભૂત જીવ-અજીવાદિ પદાર્થો. જીવ અને અજીવ આ બન્ને પાપ-પુણ્યકર્મોને બાંધવામાં અધિકરણ છે. જીવ એ કર્મોનો **કર્તા** છે અને અજીવ એ કર્મો કરવામાં સહાયક તરીકે **સાધન** છે. અજીવ વિનાનો એકલો જીવ કર્મોનો કર્તા નથી અને જીવ વિનાનું એકલું અજીવ કર્મો કરવામાં સહાયક નથી. એટલે જીવ એ કર્તા અધિકરણ છે અને અજીવ એ સાધનભૂત અધિકરણ છે.

સાધન, ઉપકરણ, નિમિત્ત, શસ્ત્ર અથવા અધિકરણ તે બધા શબ્દો એકાર્થક છે. જીવ દ્રવ્ય અને અજીવ દ્રવ્ય તે દ્રવ્યાધિકરણ છે અને જીવમાં રહેલો કાષાયિકપરિણામ અને અજીવમાં રહેલી તીક્ષ્ણતા એ ભાવાધિકરણ છે. ૬-૮.

**आद्यं संरम्भ-समारम्भारम्भ-योग-कृत-कारिता-નુमतकषायविशेषैस्त्रिस्त्रिस्त्रिश्चतुश्चैकशः ६-९**

**આદ્યં સંરંભ-સમારંભારંભ-યોગ-કૃત-કારિતા-નુમતકષાય-વિશેષૈસ્ત્રિસ્ત્રિસ્ત્રિશ્ચતુશ્ચૈકશઃ ૬-૯**

**આદ્યં સંરંભ-સમારંભ-આરંભ-યોગ-કૃત-કારિત-અનુમત-કષાય-વિશેષૈઃ-ત્રિઃ-ત્રિઃ-ત્રિઃ-ચતુઃશ્ચ એકશઃ ૬-૯**

**સૂત્રાર્થ- સંરંભ, સમારંભ, અને આરંભ, એમ ૩ ભેદ, તેના ત્રણયોગ આશ્રયી ૯ ભેદ, તેના કરવું, કરાવવું અને અનુમોદવું આશ્રયી ૨૭ ભેદ, તેના ક્રોધાદિ ચારકષાયો વડે ૧૦૮ ભેદ પ્રથમ અધિકરણના થાય છે. ૬-૯.**

**ભાવાર્થઃ-** જીવ અને અજીવ એમ બે પ્રકારના અધિકરણમાં પ્રથમ જીવ અધિકરણ છે. તેના ૧૦૮ ભેદો થાય છે. (૧) **સંરંભ**=પાપાદિ કર્મો કરવાનો મનમાં સંકલ્પ કરવો. (૨) **સમારંભ**=પાપાદિ કર્મો કરવાની સાધનસામગ્રી મેળવવી, તૈયારી કરવી અને (૩) **આરંભ**=પાપાદિ કર્મો કરવાં. આ ત્રણે મનથી-વચનથી અને કાયાથી થાય છે. ૩×૩=૯ તથા કરવું, કરાવવું અને અનુમોદવું. એમ-૩ પ્રકારો હોવાથી ૯×૩=૨૭ તથા ક્રોધ-માન-માયા-લોભ એમ ચાર કષાય પ્રેરિત ચાર પ્રકાર હોવાથી ૨૭×૪=૧૦૮ ભેદો થાય છે. સંરંભાદિ ૩, મનોયોગાદિ ૩, કરવું વગેરે ૩, અને ક્રોધાદિ કષાયો ૪, પરસ્પર ગુણવાથી ૩×૩×૩×૪=૧૦૮ ભેદો છે આ ૧૦૮ ભેદો પ્રથમપણે કહેલા જીવાધિકરણના જાણવા. કારણ કે જીવમાં જ આ બધા ભાવો થાય છે. ૧. ક્રોધકૃત કાયસંરંભ, ૨. ક્રોધકૃત કાયસમારંભ ઈત્યાદિ રીતે ૧૦૮ ભેદો જાણવા. ૬-૯.



**निर्वर्तना-निक्षेप-संयोग-निसर्गा**
**द्वि-चतु-र्द्वि-त्रिभेदाः परम् ६-१०**
**નિર્વર્તના-નિક્ષેપ-સંયોગ-નિસર્ગા**
**દ્વિ-ચતુ-ર્દ્વિ-ત્રિભેદાઃ પરમ્ ૬-૧૦**
**નિર્વર્તના-નિક્ષેપ-સંયોગ-નિસર્ગાઃ**
**દ્વિ-ચતુઃ-દ્વિ-ત્રિભેદાઃ પરમ્ ૬-૧૦**

**સૂત્રાર્થ- બીજા અજીવાધિકરણના નિર્વર્તના, નિક્ષેપ, સંયોગ અને નિસર્ગ એમ ચાર ભેદ છે. તેના અનુક્રમે બે, ચાર, બે અને ત્રણ ભેદો છે. ૬-૧૦.**

**ભાવાર્થઃ-** બીજું જે અજીવ અધિકરણ છે તેના મુખ્યત્વે ચાર ભેદો છે.

(૧) **નિર્વર્તના**-એટલે રચના, બનાવટ, આકૃતિ, શરીર-હાથ-પગ-મુખ આદિ જે અજીવ છે તે આત્માની સાથે એકમેક રૂપે રચાયાં છે પાપાદિ કરવામાં તે મૂલસાધન છે. તેથી તે **અભ્યન્તર નિર્વર્તના** અને ચપ્પુ, તલવાર છરી એ **બાહ્યનિર્વર્તના** કહેવાય છે.

(૨) **નિક્ષેપ**- એટલે વસ્તુને મુકવી, સ્થાપવી, તેના ચાર ભેદો છે. નીચેની ભૂમિ જોયા વિના વસ્તુઓ મુકવી તે **અપ્રત્યવેક્ષિત** ૧, નીચેની ભૂમિ જોવા છતાં તેને પૂંજવી નહીં અથવા જેમ તેમ પૂંજવી તે **દુષ્પ્રમાર્જિત** ૨, અપ્રત્યવેક્ષિત અને દુષ્પ્રમાર્જિત ભૂમિ ઉપર ઉતાવળે ઉતાવળે

વસ્તુ મુકવી તે **સહસા** ૩, અને વિચાર્યા વિના ઉપયોગ રહિતપણે ગમે તેમ વસ્તુઓ ભૂમિ જોયા વિના મુકવી તે **અનાભોગ** ૪, એમ નિક્ષેપના ચાર ભેદ છે.

(૩) **સંયોગ**-વસ્તુઓનો સંયોગ કરવો, બે-ત્રણ વસ્તુ ભેગી કરવી તે સંયોગ. તેના ૨ ભેદ છે. (૧) ભક્તપાન અને (૨) ઉપકરણ.

(૧) **ભક્તપાન**-ભોજન અને પાણી, ભોજનને સ્વાદિષ્ટ કરવા બે વસ્તુ ભેગી કરવી, જેમ રોટલી સાથે ગોળ-મુરંબ્બો, શાક અને દાળ વગેરે, તથા ભાત સાથે દાળ-શાક-ચટણી વગેરે નાખી વધુ સ્વાદવાળું કરવું તે.

(૨) **ઉપકરણ**- વસ્ત્રો વગેરે, ઉપર-નીચેના વસ્ત્રોનું મેચીંગ કરવું તે, એક વસ્ત્ર નવું પહેર્યું હોય તો બીજું પણ નવું જ પહેરવું, એક જે કલરનું પહેર્યું હોય ત્યાં બીજું પણ તે જ કલરનું પહેરવું વગેરે.

(૪) **નિસર્ગ**-છોડવું-મુકવું-ત્યજી દેવું. તેના ૩ ભેદો છે.

(૧) **મનોનિસર્ગ**-મનમાં શાસ્ત્રથી વિરુદ્ધ વિચારો કરવા.

(૨) **વચનનિસર્ગ**-વચનદ્વારા શાસ્ત્ર વિરુદ્ધ બોલવું. ખોટી શિખામણ આપવી, કોઇ માણસને ખોટે રસ્તે ચડાવવો.

(૩) **કાયનિસર્ગ**-કાયાને દુરાચારમાં નાખવી, અગ્નિસ્નાન કરવું. જલમાં ડૂબી મરવું, ગળે ફાંસો ખાવો, આપઘાત કરવો વગેરે.

આ ૧૧ ભેદો બીજા નંબરના અજીવાધિકરણના ભેદો છે.





આ પ્રમાણે જીવ અધિકરણના ૧૦૮ અને અજીવ અધિકરણના મૂલથી ૪ ભેદો છે તેના ઉત્તરભેદો ૨+૪+૨+૩=૧૧ છે. તેના દ્વારા આ જીવ પાપકર્મો કરે છે. માટે જીવ કર્મોનો કર્તા છે અને અજીવ પાપો કરવામાં સહાયક-મદદગાર છે. એ રીતે બન્ને અધિકરણરૂપ છે. ૬-૧૦.

**तत्प्रदोष-निह्नव-मात्सर्यान्तराया-**
**सादनोपघाताज्ञानदर्शनावरणयोः ६-११**
**તત્પ્રદોષ-નિહ્નવ-માત્સર્યાન્તરાયાસાદ-**
**નોપઘાતાજ્ઞાનદર્શનાવરણયોઃ ૬-૧૧**
**તત્પ્રદોષ-નિહ્નવ-માત્સર્ય-અન્તરાય-આસાદન-**
**ઉપઘાતાઃ જ્ઞાનદર્શનાવરણયોઃ ૬-૧૧**

**સૂત્રાર્થ-તે (જ્ઞાન-જ્ઞાની અને જ્ઞાનનાં સાધનો) ઉપર (૧) અત્યન્ત દ્વેષ, (૨) નિહ્નવ, (૩) માત્સર્ય, (૪) અંતરાય, (૫) આસાદન, અને (૬) ઉપઘાત કરવો. એ જ્ઞાનાવરણીય અને દર્શનાવરણીય કર્મના આશ્રવો છે. ૬-૧૧.**

**ભાવાર્થઃ**- જ્ઞાનાવરણીય આદિ એકેક કર્મો શું શું કરવાથી બંધાય છે? તે હવે સમજાવે છે. આ સૂત્રમાં જ્ઞાનાવરણીય અને દર્શનાવરણીયકર્મના આશ્રવો સમજાવે છે. જ્ઞાન-જ્ઞાની અને જ્ઞાનનાં સાધનો ઉપર (૧) ઘણો દ્વેષ કરવાથી, (૨) તેમનું નામ છુપાવવાથી, (૩) તેમના પ્રત્યે ઈર્ષ્યા, દાઝ અને અદેખાઇ રાખવાથી, (૪) વચ્ચે વચ્ચે વિઘ્નો ઉભાં કરવાથી, (૫) તેમના પ્રત્યે અનાદરભાવ

કરવાથી, (૬) અને તેમનો વિનાશ કરવાથી, મારામારી અને ભાંગફોડ કરવાથી એમ ૬ રીતે જ્ઞાનાવરણીયકર્મ બંધાય છે. એ જ પ્રમાણે દર્શન-દર્શનગુણી આત્મા અને દર્શનનાં સાધનો પ્રત્યે પણ ઉપરોક્ત છ પ્રકારે વર્તન કરવાથી તથા આળસ, સ્વપન શીલતા, નિદ્રા અને પ્રાણાતિપાત આદિ કરવાથી દર્શનાવરણીયકર્મ બંધાય છે. ૬-૧૧.

**दुःख-शोक-तापाक्रन्दन-वधपरिदेवना-**
**न्यात्मपरोभयस्था-न्यसद्वेद्यस्य ६-१२**
**દુઃખ-શોક-તાપાક્રન્દન-વધ-પરિદેવના-**
**ન્યાત્મપરોભયસ્થા-ન્યસદ્વેદ્યસ્ય ૬-૧૨**
**દુઃખ-શોક-તાપ-આક્રન્દન-વધ-પરિદેવનાનિ-**
**આત્મ-પર-ઉભયસ્થાનિ અસદ્વેદ્યસ્ય ૬-૧૨**

**સૂત્રાર્થ-પોતાનામાં, પરમાં, અને ઉભયમાં દુઃખ, શોક, તાપ, આક્રન્દન, વધ, અને પરિદેવનનાં કાર્યો કરવાં તે અસાતાવેદનીયના આશ્રવો છે. ૬-૧૨.**

**ભાવાર્થઃ**- અસાતાવેદનીયકર્મ શાનાથી બંધાય? તે જણાવે છે.

(૧) **દુઃખ**= મનમાં વારંવાર ઈષ્ટવિયોગ અને અનિષ્ટ સંયોગાદિથી દુઃખ ધરવું, ઓછું આવવું.

(૨) **શોક**= ગ્લાનિ થવી, રડવું, શોક કરવો, મનમાં માઠા વિચારો કરવા.



(૩) **તાપ**= કઠોર વચન સાંભળવાથી, ઠપકાથી, પરાભવથી મનમાં બળ્યા કરવું.

(૪) **આક્રંદન**= હૃદયમાં અતિબળતરા, છાતી કુટવી, હાથપગ પછાડવા, માથુ પછાડવું, ઘણું જોરથી રૂદન કરવું વગેરે.

(૫) **વધ**= લાકડી અને શસ્ત્રાદિથી માર મારવો, હત્યા કરવી, આપઘાત કરવો વગેરે.

(૬) **પરિદેવન**= પતિ-પત્ની અથવા પુત્ર-ધનાદિના વિયોગમાં અતિશય લાચાર-દીન બની જવું. આકુળ-વ્યાકુળ-હાંફળા-ફાંફળા બની જવું તે.

ઉપરના છએ પ્રકારો પોતાનામાં કરવાથી, બીજામાં કરવા-કરાવવાથી, અને સ્વ-પર એમ ઉભયમાં દુઃખાદિ કરવા-કરાવવાથી આ જીવ અસાતાવેદનીયકર્મ બાંધે છે. ૬-૧૨.

**भूत-व्रत्यनुकम्पादानं सरागसंयमादियोगः**
**क्षान्तिः शौचमिति सद्वेद्यस्य ६-१३**
**ભૂત-વ્રત્યનુકંપાદાનં સરાગસંયમાદિયોગઃ**
**ક્ષાન્તિઃ શૌચમિતિ સદ્વેદ્યસ્ય ૬-૧૩**
**ભૂત-વ્રતી-અનુકંપા દાનં સરાગ-સંયમ-આદિ-યોગઃ**
**ક્ષાન્તિઃ શૌચમ્ ઈતિ સદ્વેદ્યસ્ય ૬-૧૩**

**સૂત્રાર્થ : પ્રાણીઓની દયા, વ્રતધારીઓની ભક્તિ, સરાગસંયમ, આદિ શબ્દથી સંયમાસંયમ, અકામનિર્જરા,**

**બાલતપ, શુભયોગ, ક્ષમા અને શૌચ આ સર્વે સાતાવેદનીયના બંધહેતુઓ છે. ૬-૧૩**

**ભાવાર્થ :** નીચે જણાવેલાં કારણોથી આ આત્મા સાતાવેદનીયકર્મ બાંધે છે.

(૧) **ભૂતાનુકંપા**=દીન=દુઃખી-ગરીબ માણસો ઉપર દયા કરવી. વસ્ત્રો, આપવાં. ખાવાનું-પીવાનું આપવું, રહેઠાણ આપવું વ.

(૨) **વ્રતીદાનં**=સંસારના ત્યાગી સાધુ-સંતોને વસ્ત્ર-આહાર-પાણી તથા જ્ઞાનાદિનાં સાધનો આપી ભક્તિ કરવી. સેવા કરવી. વ્રતધારી શ્રાવક-શ્રાવિકાની પણ સેવા ભક્તિ કરવી.

(૩) **સરાગસંયમ**= દેવ-ગુરુ-ધર્મ પ્રત્યે તથા સંયમાદિ ગુણ પ્રત્યે ખૂબ જ અનુરાગ રાખવાપૂર્વક સંયમ પાળવો.

(૪) **સંયમાસંયમ**= દેશવિરતિ પાળવી, શ્રાવકનાં વ્રતો પાળવા પૂર્વક ધર્મક્રિયા કરવી. તથા *આદિ* શબ્દથી.

(૫) **અકામનિર્જરા**= અનિચ્છાએ, પરવશપણે દુઃખ સહન કરવું. પીડા સહવી.

(૬) **બાલતપ**= અજ્ઞાન અવસ્થામાં રહી ઉગ્ર તપ કરવો.

(૭) **યોગ**=લોક અભિમત એવાં નિર્દોષ ધર્માનુષ્ઠાનનું સેવન.

(૭) **ક્ષમા**= ક્રોધાદિના પ્રસંગો હોય તો પણ માફ કરવું, શાન્તિ રાખવી.



(૮) **શૌચ**= શરીર સ્વચ્છ રાખવું. તથા મન પવિત્ર રાખવું. સંતોષ રાખવો.

તદુપરાંત-ધર્મરાગ, તપનું સેવન, માંદાની માવજત, દેવ-ગુરુની ભક્તિ અને માતા-પિતાદિ વડીલોની સેવાચાકરીથી પણ સાતાવેદનીય કર્મ બંધાય છે. ૬-૧૩.

**केवलि-श्रुत-सङ्घ-धर्मदेवावर्णवादो दर्शनमोहस्य ६-१४**
**કેવલિ-શ્રુત-સંઘ-ધર્મદેવાવર્ણવાદો દર્શનમોહસ્ય ૬-૧૪**
**કેવલિ-શ્રુત-સંઘ-ધર્મ-દેવ-અવર્ણવાદઃ દર્શનમોહસ્ય ૬-૧૪**

**સૂત્રાર્થ : કેવલજ્ઞાની, શ્રુતજ્ઞાન, ચતુર્વિધ સંઘ, જૈનધર્મ, વૈમાનિકાદિ દેવોની નિંદા-ટીકા એ દર્શનમોહનીયના બંધહેતુ છે. ૬-૧૪.**

**ભાવાર્થઃ-** કેવલજ્ઞાની ભગવંતો, શ્રુતજ્ઞાન, સાધુ-સાધ્વી આદિ ચતુર્વિધ સંઘ, જિનેશ્વર ભગવન્તોનો ધર્મ, વૈમાનિકાદિ ચાર નિકાયના દેવો, ઇત્યાદિની નિંદા કુથલી-ટીકા કરવી. ખોટા ખોટા દોષો કાઢવા તે દર્શનમોહના આશ્રવ છે. ૬-૧૪.

**कषायोदयात् तीव्रात्मपरिणामश्चारित्रमोहस्य ६-१५**
**કષાયોદયાત્ તીવ્રાત્મપરિણામશ્ચારિત્રમોહસ્ય ૬-૧૫**
**કષાય-ઉદયાત્ તીવ્ર-આત્મપરિણામઃ ચારિત્ર મોહસ્ય ૧૫**

**સૂત્રાર્થ : પૂર્વબદ્ધ કષાયોના ઉદયથી આત્માનો તીવ્ર**

**એવો જે કાષાયિક પરિણામ તે ચારિત્રમોહનીયના બંધનો હેતુ છે. ૬-૧૫**

**ભાવાર્થઃ-** સમ્યક્ત્વ-સંયમ-ત્યાગ આદિ ગુણોવાળા મહાત્મા પુરુષોની કષાયપૂર્વક નિંદા-ટીકા કરવાથી, ખોટા આક્ષેપો કરવાથી, તેમની સાધનામાં વિઘ્નો ઉભાં કરવાથી, સ્વયં પોતે ક્રોધ-માન-માયા-લોભાદિ કષાયો કરવાથી અને બીજાને ક્રોધાદિ થાય તેવું બોલવાથી તથા તેવા પ્રકારના હાવ-ભાવ કરવાથી, તથા મનમાં અત્યંત કઠોર પરિણામ લાવવાથી આ જીવ ચારિત્રમોહનીયકર્મ બાંધે છે. ૬-૧૫.

**बह्वारम्भ-परिग्रहत्वं च नारकस्यायुषः ६-१६**
**બહ્વારંભ-પરિગ્રહત્વં ચ નારકસ્યાયુષઃ ૬-૧૬**
**બહુ-આરંભ-પરિગ્રહત્વં ચ નારકસ્ય આયુષઃ ૬-૧૬**

**સૂત્રાર્થ : ઘણા આરંભ-સમારંભ અને અતિશય પરિગ્રહપણું આ બંન્ને નરકના આયુષ્યના બંધહેતુ છે. ૬-૧૬**

**ભાવાર્થઃ-** ઘણા મોટા આરંભ-સમારંભ એટલે કે ઘણી જ હિંસા, મોટાં જુઠાણાં, મોટી ભયંકર ચોરીઓ કરવાથી તથા ઘણી જ મમતા, મૂર્છા-ધનસંગ્રહ આદિ કરવાથી તથા અતિશય તીવ્ર કષાયના ઉદયવાળા પરિણામો કરવાથી આ જીવ નરકગતિનું આયુષ્યકર્મ બાંધે છે. ૬-૧૬.

**माया तैर्यग्योनस्य ६-१७**



**માયા તૈર્યગ્યોનસ્ય ૬-૧૭**
**માયા તૈર્યગ્યોનસ્ય ૬-૧૭**

**સૂત્રાર્થ : માયા (કપટ) એ તિર્યંચાયુષ્યના બંધનો હેતુ છે. ૬-૧૭**

**ભાવાર્થઃ-**માયા-કપટ-છળ-પ્રપંચ-છેતરપિંડી-જુઠ-હૈયામાં ઝેર અને મુખમાં મધ રાખવાથી આ જીવ તિર્યંચાયુષ્ય બાંધે છે. ૬-૧૭.

**अल्पारम्भपरिग्रहत्वं स्वभावमार्दवार्जवं च मानुषस्य१८**
**અલ્પારંભપરિગ્રહત્વં સ્વભાવમાર્દવાર્જવં ચ માનુષસ્ય ૧૮**
**અલ્પ-આરંભ-પરિગ્રહત્વં સ્વભાવ-**
**માર્દવ-આર્જવં ચ માનુષસ્ય ૬-૧૮**

**સૂત્રાર્થ : અલ્પ આરંભ, અલ્પ પરિગ્રહ, સ્વભાવની માર્દવતા (નમ્રતા) અને આર્જવતા (સરળતા) એ મનુષ્યાયુષ્યના બંધહેતુ છે. ૬-૧૮**

**ભાવાર્થઃ-**અલ્પઆરંભ-સમારંભ કરવાથી, એટલે કે બની શકે તેટલી હિંસામાં અલ્પતા કરવાથી તથા અલ્પ મમતા-મૂર્છા અને ધનસંગ્રહ કરવાથી, સ્વભાવે નમ્રતા, કોમળતા અને સરળતા રાખવાથી આ જીવ મનુષ્યનું આયુષ્ય બાંધે છે. ૬-૧૮.

**निःशील-व्रतत्वं च सर्वेषाम् ६-१९**

**નિઃશીલવ્રતત્વં ચ સર્વેષામ્ ૬-૧૯**
**નિઃશીલ-વ્રતત્વં ચ સર્વેષામ્ ૬-૧૯**

**સૂત્રાર્થ : નિઃશીલતા (વાસનાની અધિકતા) અને વ્રતરહિતતા (અવિરતિ) એ સર્વે (ત્રણે) આયુષ્યના બંધહેતુ છે. ૬-૧૯**

**ભાવાર્થઃ-** શીયલ વિનાનું અને વ્રતો વિનાનું જીવન નરક-તિર્યંચ અને મનુષ્ય એમ ત્રણે પ્રકારના આયુષ્યના બંધનું કારણ બને છે. કારણ કે **વાસના** અને **અવિરતિ** આ બન્ને દુષ્ટ પરિણામો છે. તે વધારેમાં વધારે હોય તો નરકના આયુષ્યના બંધનું કારણ બને છે અને તેનાથી ઓછી-ઓછી હોય તો તિર્યંચ તથા મનુષ્યના આયુષ્યના બંધનું કારણ બને છે. આ પ્રમાણે **વાસનાની પરવશતા** અને **અવિરત ભાવની વૃત્તિ** આ નરકાદિ ત્રણે આયુષ્યોના બંધનું કારણ બને છે. ૬-૧૯.

**सरागसंयम-संयमासंयमाकामनिर्जरा-बालतपांसि दैवस्य**
**સરાગસંયમ-સંયમાસંયમાકામનિર્જરા-બાલતપાંસિ દૈવસ્ય**
**સરાગસંયમ-સંયમાસંયમ-અકામ-**
**નિર્જરા-બાલતપાંસિ દૈવસ્ય ૬-૨૦**

**સૂત્રાર્થ : સરાગસંયમ, સંયમાસંયમ, અકામનિર્જરા અને બાલતપ આ ચાર દેવાયુષ્યના બંધહેતુ છે. ૬-૨૦**

**ભાવાર્થઃ-** દેવ-ગુરુ અને ધર્મ ઉપરના રાગવાળું સંયમ,



દેશવિરતિસંયમ, અનિચ્છાએ કરાતી નિર્જરા, અને અજ્ઞાનતપ, આ ચારે દેવભવના આયુષ્યબંધનાં કારણો છે.

(૧) **સરાગસંયમ**=દેવ-ગુરુ-ધર્મ ઉપરના અતિશય રાગપૂર્વકનો તથા ચારિત્ર અને ચારિત્રવાન્ મહાત્મા ઉપરના રાગવાળો સંયમ.

(૨) **દેશવિરતિસંયમ**=શ્રાવકપણું. અલ્પ વિરતિ અને અલ્પ અવિરતિ. આંશિક વિરતિવાળું સંયમ.

(૩) **અકામનિર્જરા**=પોતાની ઈચ્છા વિના બીજાના પરવશપણે દુઃખ સહન કરી નિર્જરા કરવી તે. સંસારના સુખોની લાલસાથી તથા અન્યના દબાણથી ધર્મનાં કાર્યો કરવાં તે.

(૪) **બાલતપ**=મિથ્યાત્વ અવસ્થામાં કરાતો તપ, સંસારસુખની ઈચ્છાવાળો તપ. અગ્નિશર્માની જેમ કષાયપૂર્વક કરાતો તપ, રીસ અને રાગથી કરાતો તપ.

અહીં સરાગસંયમ અને સંયમાસંયમ એ જ્યોતિષ્કદેવ અને વૈમાનિકદેવના આયુષ્યના બંધનાં કારણો છે. અને અકામનિર્જરા તથા બાલતપ એ ભવનપતિ અને વ્યંતર દેવના આયુષ્યના બંધનાં કારણો છે. ૬-૨૦.

**योगवक्रता विसंवादनं चाशुभस्य नाम्नः ૬-૨૧**
**યોગવક્રતા વિસંવાદનં ચાશુભસ્ય નામ્નઃ ૬-૨૧**
**યોગવક્રતા વિસંવાદનં ચ અશુભસ્ય નામ્નઃ ૬-૨૧**

**સૂત્રાર્થ : યોગોની વક્રતા અને વિસંવાદન એ અશુભનામકર્મના બંધહેતુ છે. ૬-૨૧**

**ભાવાર્થઃ-** મન-વચન અને કાયાના યોગોની જે વક્રતા-કુટિલતા-અંદર હોય જુદા ભાવ, અને બહાર દેખાડવા જુદા ભાવ તે **વક્રતા,** તથા **વિસંવાદન** એટલે સ્વીકાર કરેલા નિયમોમાં કાલાન્તરે મરજી મુજબ ફેરફારો કરવા, ઈચ્છા મુજબ છૂટ લઈ લેવી, તે બન્ને અશુભનામકર્મ બંધાવે છે. વ્યંગ વચનો, મેણાં, ટોણાં, તથા કટાક્ષ વચનો બોલવાં તે, તથા વિનયરત્નની જેમ પાપ કાર્યો કરવા માટે ધર્મનાં કાર્યોનો આશ્રય લેવો તે બધી **યોગ વક્રતા** જાણવી તથા પૂર્વાપર વિરૂદ્ધ વચન અને પૂર્વાપર વિરૂદ્ધ વર્તન તે **વિસંવાદન** કહેવાય છે. ૬-૨૧.

**तद्विपरीतं शुभस्य ६-२२**

**તદ્વિપરીતં શુભસ્ય ૬-૨૨**

**તદ્વિપરીતં શુભસ્ય ૬-૨૨**

**સૂત્રાર્થ : તેનાથી વિપરીત એટલે યોગોની અવક્રતા અને અવિસંવાદન એ શુભનામકર્મના બંધહેતુ છે. ૬-૨૨**

**ભાવાર્થઃ-** ઉપરોક્ત હકીકતથી સર્વથા વિપરીત એવું જે જીવન તે શુભનામકર્મના આશ્રવ છે. એટલે મન-વચન અને કાયાની સાચી પ્રવૃત્તિ, જ્યાં બનાવટ નથી, તથા લીધેલા નિયમોમાં ઈચ્છામુજબ ફેરફારો જ્યાં નથી એટલે કે



**યોગોની અવક્રતા** અને **અવિસંવાદન** તે શુભનામકર્મના આશ્રવો છે. ૬-૨૨.

**दर्शनविशुद्धिर्विनयसंपन्नता शीलव्रतेष्वनतिचारोऽभीक्ष्णं ज्ञानोपयोगसंवेगौ शक्तितस्त्याग-तपसी संघसाधुसमाधि-वैयावृत्य-करणमर्हदाचार्य-बहुश्रुतप्रवचनभक्तिरावश्यका-परिहाणिर्मार्ग-प्रभावना प्रवचनवत्सलत्वमिति तीर्थकृत्त्वस्य ६-२३**

**દર્શનવિશુદ્ધિર્વિનયસંપન્નતા શીલવ્રતેષ્વનતિચારોભીક્ષ્ણં જ્ઞાનોપયોગસંવેગૌ, શક્તિતસ્ત્યાગ-તપસી સંઘ-સાધુ-સમાધિ-વૈયાવૃત્ત્યકરણમર્હદાચાર્યબહુશ્રુતપ્રવચનભક્તિ રાવશ્યકાપરિહાણિ ર્માર્ગપ્રભાવના પ્રવચનવત્સલત્વમિતિ-તીર્થકૃત્ત્વસ્ય ૬-૨૩**

**દર્શનવિશુદ્ધિઃ, વિનયસંપન્નતા, શીલવ્રતેષુ અનતિચારઃ, અભીક્ષ્ણં જ્ઞાનોપયોગસંવેગૌ, શક્તિતઃ ત્યાગતપસી, સંઘ-સાધુ-સમાધિ-વૈયાવૃત્ત્ય-કરણમ્, અર્હદાચાર્ય-બહુશ્રુતપ્રવચન-ભક્તિઃ, આવશ્યક-અપરિહાણિઃ, માર્ગ-પ્રભાવના, પ્રવચન-વત્સલત્વમ્ ઈતિ તીર્થકૃત્ત્વસ્ય ૬-૨૩**

**સૂત્રાર્થ : ૧ દર્શનશુદ્ધિ, ૨ વિનયસંપન્નતા, ૩ શીલ-વ્રતોમાં નિરતિચારતા, ૪ નિરંતર જ્ઞાનોપયોગલીનતા, ૫ નિરંતર સંવેગ પરિણામ, ૬ યથાશકિત ત્યાગ, ૭ યથાશક્તિ તપ, ૮ સંઘ-સાધુને સમાધિ, ૯ સંઘ-સાધુની**

**વૈયાવચ્ચ, ૧૦ અરિહંત પ્રભુની ભક્તિ, ૧૧ આચાર્યની ભક્તિ, ૧૨ બહુશ્રુતની ભક્તિ, ૧૩ પ્રવચન ભક્તિ, ૧૪ આવશ્યકાનુષ્ઠાનનો અત્યાગ, ૧૫ મુક્તિમાર્ગની પ્રભાવના અને ૧૬. પ્રવચન પ્રત્યેની વાત્સલ્યતા, આ સોળ તીર્થંકરનામકર્મનાં બંધહેતુઓ છે. ૬-૨૩**

**ભાવાર્થઃ**- નીચેનાં ૧૬ કારણોથી આ જીવ તીર્થંકર નામકર્મ બાંધે છે.

(૧) **દર્શનવિશુદ્ધિ**= શંકા-કાંક્ષા આદિ અતિચારો વિનાનું નિર્મળ સમ્યક્ત્વ. જિનેશ્વર પરમાત્માના ધર્મ ઉપર અત્યન્ત નિર્મળ અને દૃઢ શ્રદ્ધા-વિશ્વાસ, તથા આત્મા અને દેહના ભેદજ્ઞાનની પરાકાષ્ટા.

(૨) **વિનયસંપન્નતા**= જ્ઞાની, ઉપકારી, વડીલો, ચારિત્રવાન્ મુનિઓ તથા દર્શનાદિનાં સાધનો પ્રત્યે ઘણો જ વિનય. હૃદયના ભક્તિભાવ પૂર્વક વિનમ્રવૃત્તિ.

(૩) **શીલવ્રતોમાં અનતિચાર**= શીયળમાં અને શ્રાવકનાં ૧૨ તથા સાધુનાં ૫ વ્રતો પાળવામાં પ્રમાદ-રહિતતા.

(૪) **સતત જ્ઞાનોપયોગ**= નિરંતર જ્ઞાન-ધ્યાન-સ્વાધ્યાયમાં ઓતપ્રોતતા.

(૫) **સતત સંવેગપરિણામ**= સંસારનાં સુખોને જ મહાબંધન સમજી તેના ત્યાગપૂર્વક નિરંતર મોક્ષની જ માત્ર અભિલાષા.



(૬) **શક્તિતઃ ત્યાગ**= ન્યાયપૂર્વક મેળવેલા ધનથી વસ્ત્ર-પાત્રાદિનું દાન કરવું. યથાશક્તિ ભોગોનો ત્યાગ.

(૭) **શક્તિતઃ તપ**= શરીર અને મનની શક્તિ પ્રમાણે વૈરાગ્યભાવ સાચવવાપૂર્વક તપશ્ચર્યા કરવી.

(૮) **સંઘ-સાધુ-સમાધિ**= ચતુર્વિધ સંઘ (સમાજ) તથા સાધુ સંતોમાં શાન્તિ રહે તેવું વર્તન કરવું. નિરુપદ્રવતા કરવી.

(૯) **સંઘ-સાધુ-વેયાવચ્ચ**= ચતુર્વિધ સંઘ (સમાજ) તથા સાધુસંતોની સેવાભક્તિ કરવી. વૈયાવચ્ચ કરવી.

(૧૦) **અરિહંતભક્તિ**= તીર્થંકર પરમાત્માની પૂજા-ભક્તિ-સેવા કરવી. તેમની આજ્ઞાને અનુસરવું.

(૧૧) **આચાર્યભક્તિ**= પંચાચારાદિને પાળનારા આચાર્યોની સેવા-ભક્તિ કરવી. તથા તેમની આજ્ઞાને અનુસરવું.

(૧૨) **બહુશ્રુતભક્તિ**= ઘણાં શાસ્ત્રો ભણેલા અનુભવી મહાત્માઓની તથા શાસ્ત્રોની સેવા-ભક્તિ કરવી.

(૧૩) **પ્રવચનભક્તિ**= આગમ શાસ્ત્રો ભણવાં-ભણાવવાં-લખવાં-લખાવવાં-પ્રભાવના કરવી. વાચના આપવી.

(૧૪) **આવશ્યકાપરિહાણિ**= સામાયિકાદિ છ આવશ્યકોને સદા આચરવાં. તેમાં હાનિ ન કરવી.

(૧૫) **મોક્ષમાર્ગપ્રભાવના**= બીજા જીવો રત્નત્રયી પામે તેવું વર્તન કરવું. અન્ય જીવોને મોક્ષમાર્ગ સમજાવવો.

(૧૬) **પ્રવચનવાત્સલ્ય**=જિનેશ્વરની વાણી ઉપર અનહદ પ્રેમ રાખવો. અને પ્રેમ વધે તેવાં કાર્યો કરવાં. તથા અન્યજીવોને પણ શાસનનો પ્રેમ વધે તેવા વ્યવહારો કરવા.

ઉપરોક્ત ૧૬ પ્રકારના ઉત્તમ આચરણથી આ આત્મા તીર્થંકરનામકર્મ બાંધે છે. ૬-૨૩.

**परात्मनिंदाप्रशंसेसदसद्गुणा-च्छादनोद्भावने च नीचैर्गोत्रस्य ६-२४**
**પરાત્મનિંદાપ્રશંસેસદસદ્ગુણા-ચ્છાદનોદ્ભાવને ચ નીચૈર્ગોત્રસ્ય ૬-૨૪**
**પર-આત્મ-નિંદા-પ્રશંસેસદ્-અસદ્ગુણ-આચ્છાદન-ઉદ્ભાવને ચ નીચૈર્ગોત્રસ્ય ૬-૨૪**

**સૂત્રાર્થ : પારકાની નિંદા, પોતાની પ્રશંસા, પરના છતા ગુણો ઢાંકવા, પોતાના અછતા ગુણો ગાવા, આ સર્વે નીચગોત્રના બંધહેતુ છે. ૬-૨૪**

**ભાવાર્થઃ**- નીચેનાં ૪ કારણોથી આ જીવ નીચગોત્રકર્મ બાંધે છે.

(૧) **પરનિંદા**= પારકાની નિંદા-કુથલી-ટીકા-તિરસ્કાર-અપમાન કરવાથી. અને પારકાનાં કાર્યોને વખોડવાથી.

(૨) **આત્મપ્રશંસા**= પોતાની પ્રશંસા-વખાણ-મોટાઇ-આડંબર કરવાથી. અને બડાઇ મારવાથી.



(૩) **સદ્ગુણાચ્છાદન**= બીજાના છતા ગુણોને ઢાંકવા-છુપાવવાથી. અને મોટા ગુણો નાના કરી દેખાડવાથી.

(૪) **અસદ્ગુણોદ્ભાવન**= પોતાનામાં જે ગુણો ન હોય તેને પણ છે એમ ગાવાથી. તથા નાના ગુણો હોય તેને મેરૂ જેવડા કરીને ગાવાથી.

બીજાના નાના દોષને મોટો કરવો અને મોટો ગુણ નાનો કરવો. પોતાનો નાનો ગુણ મોટો કરવો અને મોટો દોષ નાનો કરવો. તથા પોતાના છતા દોષને ઢાંકવા અને બીજાના અછતા દોષો ગાવા. આમ કરવાથી પણ આ જીવ નીચગોત્ર કર્મ બાંધ છે. ૬-૨૪.

**तद्विपर्ययो नीचैर्वृत्त्यनुत्सेकौ चोत्तरस्य ६-२५**
**તદ્વિપર્યયો નીચૈર્વૃત્ત્યનુત્સેકૌ ચોત્તરસ્ય ૬-૨૫**
**તદ્ વિપર્યયઃ નીચૈઃ વૃત્તિ-અનુત્સેકૌ ચ ઉત્તરસ્ય ૬-૨૫**

**ભાવાર્થઃ- તેનાથી વિપરીત એટલે પરપ્રશંસા, આત્મનિંદા, પોતાના છતા ગુણો ઢાંકવા, અને પરના અછતા ગુણો ગાવા, તથા નમ્ર-સ્વભાવ અને નિરભિમાનતા એ સર્વે ઉચ્ચગોત્રના બંધહેતુ છે. ૬-૨૫.**

**ભાવાર્થઃ**- ઉપરોક્ત હકીકતથી જે વિપરીત આચરણ છે તે ઉચ્ચગોત્રકર્મ બંધાવે છે. (૧) પર પ્રશંસા, (૨) આત્મનિંદા, (૩) પોતાના ગુણોનું આચ્છાદન, (૪) અને બીજાના ગુણોનું

ઉદ્ભાવન, તથા બીજાના મોટા દોષને નાનો કરવો, બીજાનો નાનો ગુણ મોટો કરવો, પોતાનો નાનો દોષ મોટો કરવો અને મોટો ગુણ નાનો કરવો, ઇત્યાદિથી આ જીવ ઉચ્ચગોત્રકર્મ બાંધે છે. તથા **નમ્રસ્વભાવ** અને **નિરભિમાનતા**થી પણ આ જીવ ઉચ્ચગોત્રકર્મ બાધે છે. ૬-૨૫.

**विघ्नकरणमन्तरायस्य ६-२६**
**વિઘ્નકરણમન્તરાયસ્ય ૬-૨૬**
**વિઘ્નકરણમન્તરાયસ્ય ૬-૨૬**

**સૂત્રાર્થ : અન્યને દાનાદિ કાર્યો કરતાં રોકવા તે અંતરાય કર્મના બંધહેતુ છે. ૬-૨૬**

**ભાવાર્થઃ-** બીજા આત્માઓ દાન આપતા હોય, અથવા તેઓને લાભ મળતો હોય, તેઓ કોઈપણ વસ્તુનો ભોગ-ઉપભોગ કરતા હોય, તેમાં વિઘ્ન કરવાથી આ જીવ અંતરાયકર્મ બાંધે છે. બીજાને આહાર-પાણી આદિનો વિરહ કરવાથી, શરીરે દુર્બળ બનાવવાથી વીર્યાન્તરાયકર્મ બંધાય છે. તથા પોતાની શરીરની શક્તિ હોવા છતાં ધર્મકાર્યમાં એ શક્તિ ન વાપરવાથી પણ અંતરાયકર્મ બંધાય છે. ૬-૨૬.

**છટ્ઠો અધ્યાય સમાપ્ત**





# અધ્યાય સાતમો

**हिंसानृतस्तेयाब्रह्मपरिग्रहेभ्यो विरतिर्व्रतम् ७-१**
**હિંસાનૃતસ્તેયાબ્રહ્મપરિગ્રહેભ્યો વિરતિર્વ્રતમ્ ૭-૧**
**હિંસા-અનૃત-સ્તેય-અબ્રહ્મ-પરિગ્રહેભ્યઃ વિરતિઃ વ્રતમ્૭-૧**

**સૂત્રાર્થ : હિંસા, અસત્ય, ચોરી, મૈથુન અને પરિગ્રહથી અટકવું-વિરામ પામવો તે વ્રત કહેવાય છે. ૭-૧**

**ભાવાર્થઃ-** (૧) હિંસાથી, (૨) અનૃત (અસત્ય)થી, (૨) સ્તેય (ચોરી)થી, (૪) અબ્રહ્મ(મૈથુન)થી, અને (૫) પરિગ્રહ (મૂર્છા-મમતા)થી અટકવું. વિરામ પામવો તેને **વ્રત** કહેવાય છે. આ પ્રમાણે હિંસાથી અટકવું તે પ્રાણાતિપાતવિરમણ, અનૃતથી અટકવું તે મૃષાવાદવિરમણ, ચોરીથી અટકવું તે અદત્તાદાન-વિરમણ, મૈથુનથી અટકવું તે મૈથુનવિરમણ, અને પરિગ્રહથી અટકવું તે પરિગ્રહવિરમણ એમ કુલ **પાંચવ્રતો** છે. જૈન-શાસનમાં આ પાંચ વ્રતો આશ્રવોને રોકનારાં કહ્યાં છે. ૭-૧.

**देशसर्वतोऽणुमहती ७-२**
**દેશસર્વતોણુમહતી ૭-૨**
**દેશસર્વતો અણુ-મહતી ૭-૨**

**સૂત્રાર્થ : દેશથી અને સર્વથી વિરતિ તે અનુક્રમે અણુવ્રત અને મહાવ્રત કહેવાય છે. ૭-૨**

આ હિંસાદિ પાંચે પાપોથી અટકવાનું કાર્ય બે પ્રકારે હોય છે. (૧) એક દેશથી-અંશથી તે અણુવ્રત કહેવાય છે. અને (૨) બીજું સર્વથા અટકવું તે મહાવ્રત કહેવાય છે. એટલે **અણુવ્રત** અને **મહાવ્રત** એમ વ્રતના બે પ્રકાર છે. ૭-૨.

અણુવ્રતધારી જીવોને શ્રાવક અને શ્રાવિકા કહેવાય છે. તથા મહાવ્રતધારી જીવોને સાધુ અને સાધ્વીજી કહેવાય છે. આવા વ્રતધારી સમ્યગ્દષ્ટિ જીવોને જ **ચતુર્વિધ સંઘ** કહેવાય છે.

**तत्स्थैर्यार्थं भावनाः पञ्च पञ्च ७-३**
**તત્સ્થૈર્યાર્થં ભાવનાઃ પંચ પંચ ૭-૩**
**તત્સ્થૈયાર્થં ભાવનાઃ પંચ પંચ ૭-૩**

**સૂત્રાર્થ : તે વ્રતોની સ્થિરતા માટે પાંચ પાંચ ભાવનાઓ ભાવવા જેવી છે. ૭-૩**

**ભાવાર્થઃ-** તે પાંચે અણુવ્રતો અને મહાવ્રતોમાં સ્થિર થવા માટે દરેક વ્રતોની પાંચ પાંચ એમ કુલ-૨૫ ભાવનાઓ હંમેશાં ભાવવી જોઈએ. આ ભાવનાઓ ભાવવાથી જીવ વ્રતોમાં સ્થિર અને વધારે સ્થિર થાય છે. વ્રતોના નિર્દોષ પાલન માટે પચીસ ભાવનાઓ હંમેશાં ભાવવી આવશ્યક છે.



પોતાને અને પરને દુઃખ અથવા ક્લેશ ન થાય તે પ્રમાણે જયણાપૂર્વક ચાલવું તે **ઈર્યાસમિતિ** ૧, મનને માઠા વિચારોથી રોકીને શુભવિચારમાં જોડવું તે **મનોગુપ્તિ** ૨, દોષો ન લાગે તે રીતે જરૂરિયાતવાળી વસ્તુઓ શોધવી, લેવી અને વાપરવી તે **એષણાસમિતિ** ૩, જરૂરિયાતવાળી વસ્તુઓને લેતાં મુક્તાં ભૂમિ આદિનું અવલોકન અને પ્રમાર્જન આદિ કરવું તે **આદાનભંડમત્ત-નિક્ષેપણાસમિતિ** ૪, આહાર પાણીની વસ્તુને બરાબર જોઇ તપાસીને જ લેવી અને પછી પણ પૂરેપૂરી ચકાસીને જ વાપરવી તે **આલોકિતપાનભોજન** ૫. આ પહેલા વ્રતની પાંચ ભાવના છે.

વિચાર કરીને ઉચિત, પરિમિત અને આવશ્યક હોય તેટલું જ બોલવું તે **અનુવીચિભાષણ** ૧, આવેશ-ગુસ્સો ત્યજીને બોલવું તે **ક્રોધપ્રત્યાખ્યાન** ૨, આસક્તિ-મૂર્છા ત્યજીને બોલવું તે **લોભપ્રત્યાખ્યાન** ૩, ભય-ડરપોક્તા ત્યજીને બોલવું તે **ભયપ્રત્યાખ્યાન** ૪, હાંસી-ઠઠ્ઠો-મશ્કરી ત્યજીને બોલવું તે **હાસ્યપ્રત્યાખ્યાન** ૫, આ બીજા વ્રતની પાંચ ભાવના છે.

વિચારી કરીને જરૂરિયાત પ્રમાણે વિનયપૂર્વક સ્થાનની માંગણી કરવી તે **અનુવીચિઅવગ્રહયાચન** ૧, રહેવા માટેનું સ્થાન માગેલું હોવા છતાં વધારે સમય માટે જરૂરિયાત હોય તો વારંવાર માગવું તે **અભિક્ષ્ણઅવગ્રહયાચન** ૨, સ્થાનનું પરિમાણ ધારવું તે **અવગ્રહાવધારણ** ૩, સમાન ધર્મવાળાએ પ્રથમ જે સ્થાન માગી લીધું હોય, અને તેની આપણને આવશ્યક્તા હોય તો તે સ્થાન તે સાધર્મિક પાસેથી આપણે

માગવું તે **સમાનસાધર્મિક અવગ્રહયાચન** ૪, વિધિપૂર્વક ગુરુની આજ્ઞાનુસાર આહાર-પાણી લાવી, તેઓને દેખાડીને તેઓની આજ્ઞા પ્રમાણે ઉપયોગ કરવો તે **અનુજ્ઞાપિત પાન ભોજન** ૫, આ ત્રીજાવ્રતની પાંચ ભાવના જાણવી.

વિજાતીય વ્યક્તિ વડે સેવાયેલાં તથા પશુ અને નપુંસક વડે સેવાયેલાં આસન-શયન અને વસતિનો ત્યાગ કરવો તે **સ્ત્રીપશુ પંડકસેવિત શયનાસનવર્જન** ૧, કામવાસના વર્ધક વાર્તાઓ ન કરવી તે **રાગયુક્તસ્ત્રી-કથાવર્જન** ૨, વિજાતીય વ્યક્તિનાં કામ-વાસના ઉત્તેજક અંગો ન જોવાં તે **મનોહરેન્દ્રિયાલોકવર્જન** ૩, ભૂતકાળમાં ભોગવેલા ભોગો ફરીથી યાદ ન કરવા તે **પૂર્વરતિક્રીડાસ્મરણવર્જન** ૪, કામવાસનાવર્ધક અને વિકાર ઉત્તેજક એવી ખાણી-પીણીનો ત્યાગ કરવો તે **પ્રણિતરસભોજન વર્જન** ૫, આ પાંચ ચોથાવ્રતની ભાવના જાણવી.

ઈષ્ટાનિષ્ટ એવા **રૂપ-રસ-ગંધ-સ્પર્શ** અને **શબ્દો**ની પ્રાપ્તિ થાય તો પણ હર્ષ-શોક, પ્રીતિ-અપ્રીતિ, તથા આનંદ અને ગુસ્સો ન કરવો તે **મનોજ્ઞામનોજ્ઞરૂપ સમભાવ** ૧, ઈત્યાદિ ક્રમશઃ રૂપના સ્થાને રસાદિના નામવાળી પાંચ ભાવના પાંચમા વ્રતની જાણવી. જેમ કે **મનોજ્ઞામનોજ્ઞ રસ સમભાવ** વિગેરે.

ઉપરોક્ત ૨૫ ભાવનાઓ ભાવવાથી હિંસા આદિ પાપોથી મન વિરામ પામે છે. અને વ્રતોમાં આ આત્મા વધારેને



વધારે સ્થિર થાય છે. વ્રત પાલનમાં આત્માની સ્થિરતા વધે તેટલા માટે આ ભાવનાઓ ભાવવી અત્યંત જરૂરી છે. ૭-૩.

**हिंसादिष्विहामुत्र चापायावद्यदर्शनम्** ७-४
**હિંસાદિષ્વિહામુત્ર ચાપાયાવદ્યદર્શનમ્** ૭-૪
**હિંસાદિષુ ઇહ અમુત્ર ચ અપાય-અવદ્યદર્શનમ્** ૭-૪

**दुःखमेव वा** ७-५
**દુઃખમેવ વા** ૭-૫
**દુઃખમ્ એવ વા** ૭-૫

**સૂત્રાર્થ : હિંસા આદિ પાંચે પાપોમાં વર્તવાથી આ ભવ અને પરભવમાં પીડાની પરંપરા, અને કડવાં ફળોની પ્રાપ્તિનું દર્શન કરવું. હિંસાદિ પાપોમાં પરિણામે દુઃખ જ આવે છે. -એમ વિચારવું. ૭-૪ ૭-૫**

**ભાવાર્થઃ**- હિંસા આદિ પાંચ પ્રકારના પાપોમાં વર્તવાથી આ લોકમાં દુઃખોની (અનર્થોની) પરંપરા વધે છે અને પરભવમાં કડવા વિપાકો ભોગવવા પડે છે. એમ વિચારવું.

અથવા આ મહાવ્રત-અણુવ્રત ન પાળવાથી અને હિંસાદિમાં રચ્યા-પચ્યા રહેવાથી આ ભવમાં તથા પરભવમાં દુઃખ જ દુઃખ હોય છે. એમ વિચારવું.

હિંસા, જુઠ, ચોરી, વ્યભિચાર અને પરિગ્રહ આ પાંચે

પાપો આચરવામાં આ ભવમાં દંડ, સજા, કારાવાસ, લોકનિંદા, પ્રતિષ્ઠાહાનિ ઇત્યાદિ અપાયો (દુઃખો) જ છે. એવું દેખવાથી, જાણવાથી, ચિંતવવાથી, આવા અપાયદર્શનથી આ જીવ હિંસાદિ પાપોથી વિરામ પામે, તથા પરભવમાં નરક-નિગોદના ભવોની પ્રાપ્તિજનક (અવદ્ય) પાપ જ બંધાય આમ વિચારવાથી પણ જીવ આવા પાપોથી વિરામ પામે. આ પ્રમાણે હિંસા-જુઠ આદિ પાપનાં કાર્યોમાં પ્રવૃત્તિ કરવાથી આ ભવમાં અને પરભવમાં દુઃખ જ આવે છે એમ વિચારવું. તેવી વિચારણાઓથી આ જીવ વ્રતોમાં વધારે સ્થિર થાય છે. ૭-૪,૫.

**मैत्री-प्रमोद-कारुण्य-माध्यस्थ्यानि**
**सत्त्व-गुणाधिक-क्लिश्यमानाविनेयेषु ७-६**
**મૈત્રી-પ્રમોદ-કારુણ્ય-માધ્યસ્થ્યાનિ**
**સત્ત્વ-ગુણાધિક-ક્લિશ્યમાનાવિનેયેષુ ૭-૬**
**મૈત્રી-પ્રમોદ-કારુણ્ય-માધ્યસ્થ્યાનિ**
**સત્ત્વ-ગુણ-અધિક-ક્લિશ્યમાન-અવિનેયેષુ ૭-૬**

**સૂત્રાર્થ : સર્વ જીવો ઉપર મૈત્રી, ગુણાધિક ઉપર પ્રમોદ, પીડિત જીવો ઉપર કરુણા અને અવિનીત (પાપી) જીવો ઉપર મધ્યસ્થતા આવા પ્રકારની ચાર ભાવના ભાવવી જોઈએ. ૭-૬**

**ભાવાર્થઃ-** સર્વે જીવોની સાથે મૈત્રી, ગુણાધિક ઉપર



પ્રમોદ, ક્લિશ્યમાન જીવો ઉપર કરુણા, અને અવિનીત જીવો ઉપર માધ્યસ્થ્યભાવના ભાવવી. એટલે કે સર્વે જીવો ઉપર મિત્રતા રાખવી, કોઇ પણ જીવ ઉપર વૈર-દ્વેષભાવ ન રાખવો. આપણાથી જે જે ગુણાધિક હોય, વડીલ હોય, ઉપકારી હોય તેના ઉપર પ્રમોદભાવ-હર્ષ રાખવો, દુઃખી જીવો ઉપર કરુણા દયા લાગણી કરવી. અને પાપી જીવો ઉપર મધ્યસ્થતા-ઉદાસીનતા રાખવી. કારણ કે પાપી જીવો ઉપર ક્રોધ, આવેશ, તિરસ્કાર કે નિંદા કરવાથી તે જીવો કંઇ પાપ છોડી દેવાના નથી. અને આપણા જીવને નિરર્થક સંક્લેશ માત્ર જ થાય છે. માટે મધ્યસ્થતા રાખવી એ જ ઉપકારક છે.

આ ચારે ભાવનાઓ પણ ગ્રહણ કરેલા વ્રતોને ટકાવવાના શ્રેષ્ઠ ઉપાયો જ છે. ૭-૬.

**जगत्कायस्वभावौ च संवेगवैराग्यार्थम् ७-७**
**જગત્કાયસ્વભાવૌ ચ સંવેગવૈરાગ્યાર્થમ્ ૭-૭**
**જગત્કાયસ્વભાવૌ ચ સંવેગ-વૈરાગ્યાર્થમ્ ૭-૭**

**સૂત્રાર્થ : સંવેગ અને વૈરાગ્ય માટે જગતનો સ્વભાવ અને કાયાનો સ્વભાવ વિચારવો. ૭-૭**

**ભાવાર્થઃ-** આત્મામાં સંવેગ (મોક્ષની અભિલાષા)ના પરિણામ તથા વૈરાગ્યના પરિણામ વૃદ્ધિ પામે એટલા માટે **જગત્નો સ્વભાવ** અને **કાયાનો સ્વભાવ** હંમેશાં વિચારવો.

જન્મે તે અવશ્ય મરે જ છે. સંયોગ હોય ત્યાં અવશ્ય કાળાન્તરે વિયોગ થાય જ છે. જે ઉગે છે તે આથમે જ છે. જે ચઢે છે. તે લગભગ પડે જ છે. એવી રીતે સુખ-દુઃખ, ચડતી-પડતી થવી એ આ સંસારનો સહજ સ્વભાવ જ છે. એમાં કંઇ આશ્ચર્ય પામવા જેવું નથી. આ પ્રમાણે **જગત્સ્વભાવ** વિચારવો, જેથી હર્ષ-શોક અને રાગ-દ્વેષ ન થાય. તથા શરીરના પ્રત્યેક છિદ્રોમાંથી અશુચિ જ બહાર આવે છે. ગમે તેવું શણગારેલું શરીર પણ મળ-મૂત્રથી ભરેલો કોથળો જ છે. જેના સ્પર્શમાત્રથી પણ સુગંધી વસ્તુ (વસ્ત્રાદિ) દુર્ગંધવાળાં બને છે. ખાવા લાયક મોદકાદિ પણ સુગ ચડે તેવા થઇ જાય છે. આવો **શરીર-સ્વભાવ** છે. માટે હે આત્મા! તું એમાં મોહ ન કર. આવું પ્રતિદિન વિચારવું કે જેથી સંવેગ અને વૈરાગ્યની વૃદ્ધિ થાય. આ પણ વ્રતોની સ્થિરતાના ઉત્તમ ઉપાયો જ છે. ૭-૭.

**प्रमत्तयोगात् प्राणव्यपरोपणं हिंसा ७-८**

**પ્રમત્તયોગાત્ પ્રાણવ્યપરોપણં હિંસા ૭-૮**

**પ્રમત્તયોગાત્ પ્રાણ-વ્યપરોપણં હિંસા ૭-૮**

**સૂત્રાર્થ : પ્રમાદયોગથી પ્રાણોનો વધ કરવો તે હિંસા. ૭-૮**

**ભાવાર્થઃ-** પ્રમાદના કારણે બીજા આત્માના પ્રાણોનો વિયોગ કરવો (કરાવવો) તે હિંસા કહેવાય છે. જીવોની રક્ષાનો પરિણામ ન રાખીએ અને પ્રાણોનો વિનાશ કરીએ તો હિંસા કહેવાય છે. મનથી હિંસા, વચનથી હિંસા તથા કાયાથી હિંસા, દ્રવ્ય-હિંસા



અને ભાવહિંસા એમ હિંસાના અનેક પ્રકારો શાસ્ત્રાન્તરથી જાણવા, વ્યંગવચન, કટાક્ષ વચન, મેણાં, ટોણાં કોઇનું પણ મન દુભાવવું. વગેરે પણ હિંસાના જ પ્રકારો જાણવા. ૭-૮.

**असदभिधानमनृतम् ७ -९**

**અસદભિધાનમનૃતમ્ ૭ -૯**

**અસદભિધાનમનૃતમ્ ૭-૯**

**સૂત્રાર્થ : જૂઠું બોલવું તે અનૃત. ૭-૯**

**ભાવાર્થઃ-** જુઠું બોલવું. ખોટા આક્ષેપ કરવા, દોષારોપણ કરવું તે અનૃત છે. ખોટી વકીલાત કરવી. કોઇપણ વ્યક્તિનો ખોટો પક્ષ લેવો. કોઇના ઉપર આક્ષેપ કરવો. કલંક આપવાં. ખોટી વાતને મારી મચડીને સાચી કરવી તે બધુ અનૃત સમજવું. ૭-૯.

**अदत्तादानं स्तेयम् ७-१०**

**અદત્તાદાનં સ્તેયમ્ ૭-૧૦**

**અદત્ત-આદાનં સ્તેયમ્ ૭-૧૦**

**સૂત્રાર્થ : ન આપેલું લેવું તે સ્તેય. ૭-૧૦**

**ભાવાર્થઃ-** કોઇનું પણ **ન આપેલું લેવું** તે ચોરી કહેવાય છે. જે વસ્તુ જે માલીકની હોય તેની રજા વિના તે વસ્તુ લેવી. માલિક ન હોય તો પણ પારકી વસ્તુ ઉઠાવવી જોઇએ નહીં અને જો ઉઠાવીએ તો તે ચોરી અર્થાત્ સ્તેય કહેવાય છે. ૭-૧૦.

**मैथुनमब्रह्म ७-११**
**મૈથુનમબ્રહ્મ ૭-૧૧**
**મૈથુનં અબ્રહ્મ ૭-૧૧**

**સૂત્રાર્થ : મિથુનની (યુગલની) જે સાંસારિક ક્રિયા તે મૈથુન. ૭-૧૧**

**ભાવાર્થ:-** સ્ત્રી-પુરુષનું જે જોડકું તે મિથુન કહેવાય છે. તે બન્નેની જે સાંસારિક ક્રિયા તે મૈથુન, મૈથુનને અબ્રહ્મ કહેવાય છે. એવી જ રીતે આલિંગન, કામવર્ધક ઈસારા, કામોત્તેજક વાક્યો તથા વાસના વર્ધક ચિત્રદર્શન વગેરે પણ મૈથુનનું કારણ હોવાથી મૈથુન કહેવાય છે. ૭-૧૧.

**मूर्च्छा परिग्रहः ७-१२**
**મૂર્ચ્છા પરિગ્રહઃ ૭-૧૨**
**મૂર્ચ્છા પરિગ્રહઃ ૭-૧૨**

**સૂત્રાર્થ : મૂર્ચ્છા-મમતા તે પરિગ્રહ કહેવાય છે. ૭-૧૨**

**ભાવાર્થ:-** મૂર્છા-મમતા-વાઞ્છા, સ્પૃહા-ઝંખના-આસક્તિ-આ મારું છે. મારું છે એવો જે પરિણામ તે મૂર્છા કહેવાય છે. વસ્તુના સંગ્રહને જેમ પરિગ્રહ કહેવાય છે તેમ વસ્તુઓ વિના તેની મમતાને પણ પરિગ્રહ કહેવાય છે. નિશ્ચયનયથી તો વસ્તુઓ હોય કે ન હોય. પરંતુ તે વસ્તુઓની મમતા એ જ પરિગ્રહ છે. તેથી જ ભિખારી લોકો વસ્તુ



વિનાના હોવા છતાં પણ સપરિગ્રહી છે. અને તીર્થંકર પરમાત્માઓ ૩૪ અતિશયોની સમૃદ્ધિવાળા હોવા છતાં પણ અપરિગ્રહી છે. પરંતુ વ્યવહારનયથી વિભૂતિ (સંપત્તિ) એ મમતાનું કારણ હોવાથી સંપત્તિને પરિગ્રહ કહેવાય છે. સંપત્તિવાળો સપરિગ્રહી અને સંપત્તિ વિનાનો અપરિગ્રહી કહેવાય છે. ૭-૧૨.

**निःशल्यो व्रती ७-१३**
**નિઃશલ્યો વ્રતી ૭-૧૩**
**નિઃશલ્યઃ વ્રતી ૭-૧૩**

**સૂત્રાર્થ : માયાદિ શલ્ય વિનાનો વ્રતધારી તે જ સાચો વ્રતી છે. ૭-૧૩**

**ભાવાર્થ:-** જેના જીવનમાં શલ્ય નથી, કપટ નથી, માયા નથી અને હિંસાવિરમણ આદિ વ્રતો છે. તે જ આત્મા સાચો **વ્રતી** છે. શલ્ય ત્રણ પ્રકારનાં છે. (૧) **માયાશલ્ય,** (૨) **નિયાણા શલ્ય,** (૩) **મિથ્યાત્વશલ્ય.** જુઠ, કપટ એ **માયાશલ્ય,** ધર્મના બદલામાં સંસાર સુખની માગણી કરવી તે **નિયાણા શલ્ય,** અને ધર્મ પ્રત્યેની અરુચિ અને અધર્મ પ્રત્યેની રુચિ તે **મિથ્યાત્વશલ્ય** કહેવાય છે. શલ્ય હોય તો વ્રત એ (ફળદાયક ન હોવાથી) વ્રત કહેવાતું નથી. ૭-૧૩.

**अगार्यणगारश्च ७-१४**

**અગાર્યણગારશ્ચ ૭-૧૪**
**અગારી-અણગારઃ ચ ૭-૧૪**

**સૂત્રાર્થ : અગારી અને અણગાર એમ બે પ્રકારના વ્રતી છે. ૭-૧૪**

**ભાવાર્થઃ-** વ્રતવાળા આત્માઓ બે પ્રકારના હોય છે. (૧) અગારી અને (૨) અણગાર, અહીં **अगार** શબ્દનો અર્થ ઘર થાય છે. એટલે ઘરવાળા, અણુવ્રતવાળા તે અગારી, અને ઘર વિનાના મહાવ્રતવાળા જે મુનિઓ તે અણગાર કહેવાય છે. **अगार** શબ્દથી મતુબર્થમાં **इन्** પ્રત્યય લાગવાથી **अगारी** શબ્દ બને છે. અને **अणगार** શબ્દમાં તે જ મતુબ્ પ્રત્યયનો અર્થ બહુવ્રીહિસમાસથી આવી જાય છે. માટે **इन्** પ્રત્યય લાગતો નથી. **नास्ति अगारं यस्य सः अणगारः** ૭-૧૪.

**अणुव्रतोऽगारी ૭-૧૫**
**અણુવ્રતોઽગારી ૭-૧૫**
**અણુવ્રતઃ અગારી ૭-૧૫**

**સૂત્રાર્થ :અણુવ્રતધારી જીવો અગારી કહેવાય છે. ૭-૧૫**

**ભાવાર્થઃ-** અણુવ્રતવાળા શ્રાવક-શ્રાવિકા કે જેઓ ઘરવાળા છે તેઓ **અગારી** કહેવાય છે. તેમને પાંચ અણુવ્રત ઉપરાંત ૩ ગુણવ્રત તથા ૪ શિક્ષાવ્રત એમ ૭ વ્રત બીજાં પણ હોય છે. શ્રાવક-શ્રાવિકાના મૂલગુણભૂત પાંચ અણુવ્રતોને જે ગુણ કરે,



લાભ કરે, ફાયદો કરે તે ગુણવ્રત, અને સાધુના જીવન જેવી શિક્ષા-શિક્ષણ-અનુકરણ જેમાં મળે તે શિક્ષાવ્રત. આ ૩+૪=૭ વ્રતો પાંચ અણુવ્રતની પુષ્ટિ કરનારાં છે. રક્ષા કરનારાં છે. વૃદ્ધિ કરનારાં છે. તેથી પાંચ અણુવ્રત એ ધાન્યની જેમ મૂડીરૂપ છે. અને આ ૭ વ્રતો તેની રક્ષારૂપ કાંટાની વાડ તુલ્ય છે. **अगार** એટલે ઘર, **अगारमस्ति यस्य**=ઘર છે જેને તે. આવો ભાવ હોવાથી મતુબર્થમાં **इन्** પ્રત્યય થવાથી **अगारी** શબ્દ બને છે. અને **''नास्ति अगारमस्य''** અહીં બહુવ્રીહિ સમાસ બનવાથી જ મતુબર્થ આવી જ જાય છે. તેથી **इन्** પ્રત્યય લાગતો નથી. માટે **अणगार** શબ્દ બને છે. **अणगारी** શબ્દ બનતો નથી. ૭-૧૫.

**दिग्देशानर्थदण्डविरति-सामायिक-पौषधोपवासोपभोग-परिभोगपरिमाणातिथिसंविभागव्रतसंपन्नश्च ૭-૧૬**
**દિગ્દેશાનર્થદંડવિરતિ-સામાયિક-પૌષધોપવાસોપભોગ-પરિભોગપરિમાણાતિથિસંવિભાગવ્રતસંપન્નશ્ચ ૭-૧૬**
**દિગ્દેશ-અનર્થદંડવિરતિ-સામાયિક-પૌષધોપવાસ-ઉપભોગ-પરિભોગ-પરિમાણ-અતિથિસંવિભાગ-વ્રતસંપન્નઃ ચ ૭-૧૬**

**સૂત્રાર્થ : ૧ દિશાની વિરતિ, ૨ દેશની વિરતિ, ૩ અનર્થદંડની વિરતિ, ૪ સામાયિક, ૫ પૌષધોપવાસ, ૬ ઉપભોગ પરિભોગ પરિમાણ અને ૭ અતિથિસંભિાગ વ્રત. એમ બીજાં સાત વ્રતોથી યુક્ત અગારી જીવ હોય છે. ૭-૧૬**

**ભાવાર્થઃ-** પાંચ અણુવ્રતો ઉપરાંત તે અણુવ્રતોની રક્ષા કરનારાં નીચે મુજબ શ્રાવકનાં બીજાં ૭ વ્રતો પણ છે.

(૧) **દિગ્‌વિરતિ=**જીવન પર્યંત ચારે દિશા-વિદિશામાં તથા ઉપર-નીચે એમ દસે દિશાઓમાં જવા-આવવાની કરેલ મર્યાદાથી વધારે દૂર જવું આવવું નહીં. આવા પ્રકારનો દિશાઓમાં જવા-આવવાના પ્રમાણનો નિયમ કરવો તે.

(૨) **દેશવિરતિ=**(દેશાવકાશિક) તે તે દિશામાં પણ અત્યંત સંક્ષેપ કરવો, ધારેલી દિશાના માપથી બહાર વસ્તુ લાવવી-મોકલવી નહીં. ધારેલી દિશાથી બહારની દિશામાં રહેલી કોઈપણ સજીવ-નિર્જીવ વસ્તુનો વ્યવહાર ન કરવો તે.

(૩) **અનર્થદંડવિરતિ=** જરૂરીયાત વિનાનાં પાપોથી અટકવું, બીનજરૂરી નિરર્થક પાપોનું આચરણ ન કરવું તે.

(૪) **સામાયિકવ્રત=** સમતાભાવની પ્રાપ્તિ. કષાયોનો ત્યાગ તે **સામાયિક**-વર્ષમાં અમુક સામાયિક અવશ્ય કરવાં.

(૫) **પૌષધોપવાસવ્રત=** એક દિવસ પણ ઘરના સર્વ વ્યવસાયો ત્યજીને ત્યાગી બની સાધુ જેવું જીવન જીવવું તે **પૌષધ,** તેમાં ઉપવાસ કરવો. તે **પૌષધોપવાસ,** વર્ષમાં અમુક પૌષધ તો અવશ્ય કરવા જ એવો નિયમ કરવો તે.

(૬) **ઉપભોગ-પરિભોગ પરિમાણવ્રત=** એકવાર વપરાય તેવી વસ્તુઓ તે **ઉપભોગ** અને વારંવાર વપરાય એવી



વસ્તુઓ તે **પરિભોગ,** જીવન પર્યન્ત અમુક-અમુક સંખ્યામાં જ વસ્તુઓનો ઉપભોગ-પરિભોગ કરવો તેનાથી વધારે વસ્તુઓનો ઉપભોગ પરિભોગ ન કરવાનો જે નિયમ તે.

(૭) **અતિથિસંવિભાગ વ્રત=**પૌષધ કરવા પૂર્વક ઉપવાસ કરીને પારણામાં સાધુ મહાત્માની અથવા વિશિષ્ટ અતિથિની ભક્તિ કરીને પછી જ જમવું તે અતિથિસંવિભાગ વ્રત. (સંવિભાગ=ભક્તિ). જે વસ્તુથી અતિથિની ભક્તિ થઇ હોય તે જ વસ્તુનો ઉપયોગ કરવો. પરંતુ જે વસ્તુથી અતિથિની ભક્તિનો લાભ ન મળ્યો હોય, તે વસ્તુનો વ્યવહાર ન કરવો તે.

અહીં દેશાવકાશિકમાં વર્તમાનકાળે ૮/૧૦ સામાયિક કરવાનો વ્યવહાર છે. પરંતુ પરમાર્થથી લીધેલા નિયમોનો અતિશય સંક્ષેપ કરી અતિશય ત્યાગી થઇ સાધુ જેવું જીવન જીવવું તે દેશાવકાશિક છે. આ જ અધ્યાયના ૨૬મા સૂત્રમાં કહેલા આનયનપ્રયોગાદિ અતિચારો જોતાં આ વાત સમજાય તેવી છે. આ અતિશય સંક્ષેપવાળા દિશાના નિયમને પાળવા માટે અર્થાત્ આ નિયમને સાચવવા માટે વર્તમાન કાળે વ્યવહારથી વાડની જેમ ૮/૧૦ સામાયિકનું આચરણ કરાય છે.

આ પ્રમાણે શ્રાવકનાં કુલ ૫+૭=૧૨ વ્રતો છે. ૭-૧૬.

**मारणान्तिकीं संलेखनां जोषिता ७-१७**
**મારણાન્તિકીં સંલેખનાં જોષિતા ૭-૧૭**
**મારણ-અન્તિકીં સંલેખનાં જોષિતા ૭-૧૭**

**સૂત્રાર્થ : મરણના અન્તકાલે અગારીએ અને અણગારે સંલેખના કરવી જોઈએ. (એટલે કે વ્રતોમાંની) છુટોનો સંક્ષેપ કરવો અથવા અનશન કરવું તે. ૭-૧૭**

**ભાવાર્થઃ**- સાધુએ અથવા ગૃહસ્થે મરણ નજીક આવે ત્યારે બની શકે ત્યાં સુધી અવશ્ય અનશન કરવું. ઈચ્છાપૂર્વક આહારનો ત્યાગ કરીને શરીરને વોસિરાવવું તે **અનશન** કહેવાય છે. અનશન એ જ સંલેખના કહેવાય છે. અથવા ઈચ્છાઓને રોકવી તે સંલેખના-આ ભવ અને પરભવના સુખની ઈચ્છાઓ રોકવી. ઈચ્છાઓને ટૂંકાવવાથી રાગ-દ્વેષ અને ક્લેશ ઓછા થાય છે. આર્ત-રૌદ્રધ્યાન પણ હીન થાય છે. માટે મૃત્યુ નજીક આવે ત્યારે અવશ્ય સંલેખના કરવી જોઈએ.

મૃત્યુના અંત્યકાળે સંલેખનાને સેવનારો આત્મા ઉત્તમાર્થનો આરાધક બને છે. ૭-૧૭.

**शङ्का-काङ्क्षा-विचिकित्साऽन्यद्दष्टिप्रशंसा-**
**संस्तवाः सम्यग्द्दष्टेरतिचाराः ७-१८**
**શંકા-કાંક્ષા-વિચિકિત્સા-અન્યદૃષ્ટિપ્રશંસા-**
**સંસ્તવાઃ સમ્યગ્દૃષ્ટેરતિચારાઃ ૭-૧૮**





**શંકા-કાંક્ષા-વિચિકિત્સા-અન્યદૃષ્ટિપ્રશંસા-**
**સંસ્તવાઃ સમ્યગ્દૃષ્ટેઃ અતિચારાઃ ૭-૧૮**

**સૂત્રાર્થ : શંકા, આકાંક્ષા, વિચિકિત્સા, અન્ય દૃષ્ટિની પ્રશંસા અને અન્ય દૃષ્ટિનો પરિચય આ સમ્યક્ત્વવ્રતના પાંચ અતિચારો છે. ૭-૧૮**

**ભાવાર્થઃ**-હવે સમ્યક્ત્વના તથા ૧૨ વ્રતોના અતિચારો જણાવે છે :- **વીતરાગ** અને **સર્વજ્ઞ** એવા જે પરમાત્મા તે જ સાચા જિનેશ્વર પ્રભુ છે. તેમનાં વચનો સંપૂર્ણપણે સત્ય છે એમ જે માનવું તે સમ્યક્ત્વ. આવા સમ્યક્ત્વવાળા જીવને **"સમ્યગ્દૃષ્ટિ"**-સાચી દૃષ્ટિવાળો જીવ કહેવાય છે. આવા પ્રકારનું મુક્તિના બીજભૂત સમ્યક્ત્વ પામ્યા પછી નીચે મુજબના પાંચ દોષો સેવવા જોઈએ નહી, તે દોષો સમ્યક્ત્વને મલીન કરે છે. સમ્યક્ત્વથી પતન થવા તરફ લઈ જાય છે. માટે **અતિચાર** કહેવાય છે. આવા અતિચારો સેવવા યોગ્ય નથી. ત્યજવા યોગ્ય છે.

(૧) **શંકા**=જિનેશ્વર પ્રભુના વચનોમાં શંકા કરવી તે.

(૨) **કાંક્ષા**= ચમત્કારાદિ દેખીને બીજા ધર્મોની ઈચ્છા કરવી તે.

(૩) **વિચિકિત્સા**= તત્ત્વાતત્ત્વના વિચાર શૂન્ય આ પણ ઠીક છે અને આ પણ ઠીક છે એવા અસ્થિરબુદ્ધિ અથવા સાધુ-સાધ્વીનાં મલીન શરીર-વસ્ત્રાદિ દેખી ઘૃણા કરવી તે.

(૪) **અન્યદૃષ્ટિપ્રશંસા=** અન્યધર્મીઓમાં કદાચ કોઇ ગુણ દેખાય તો પણ તેની સભા સમક્ષ પ્રશંસા ન કરવી જોઇએ. કારણ કે તેના ખોટા મતને ટેકો મળે. તેથી પ્રશંસા કરવી તે અતિચાર.

(૫) **અન્યદૃષ્ટિસંસ્તવ=** સંસ્તવ એટલે પરિચય, અન્યધર્મીઓનો પરિચય કરવો, તેની સોબત કરવી. તેઓની સાથે સવિશેષ સંબંધ કરવો તે અતિચાર.

ઉપરોક્ત પાંચે દોષો સમ્યક્ત્વને કલુષિત કરનારા છે. માટે અતિચારો છે. તેથી તેને જીવનમાંથી ત્યજવા જેવા છે. ૭-૧૮.

**व्रत-शीलेषु पञ्च पञ्च यथाक्रमम् ७-१९**
**વ્રત-શીલેષુ પંચ પંચ યથાક્રમમ્ ૭-૧૯**
**વ્રત-શીલેષુ પંચ પંચ યથાક્રમમ્ ૭-૧૯**

**સૂત્રાર્થ : પાંચ અણુવ્રતોમાં અને સાત શીલવ્રતોમાં અનુક્રમે પાંચ પાંચ અતિચારો છે. ૭-૧૯**

**ભાવાર્થઃ-** પાંચ અણુવ્રતો અને સાત શીલવ્રતોમાં એમ કુલ ૧૨ વ્રતોમાં પાંચ પાંચ અતિચારો છે કુલ ૧૨×૫=૬૦ અતિચારો છે. ૫+૩+૪=૧૨ પાંચ અણુવ્રત, ત્રણ ગુણવ્રત અને ચાર શિક્ષાવ્રત એમ બારે વ્રતના સાઠ અતિચારો અનુક્રમે આ પ્રમાણે છે. ૭-૧૯.



**बन्ध-वध-छविच्छेदातिभारारोपणान्नपाननिरोधाः ७-२०**
**બન્ધ-વધ-છવિચ્છેદાતિભારારોપણાન્નપાનનિરોધાઃ ૭-૨૦**
**બન્ધ-વધ-છવિચ્છેદ-અતિભારારોપણ-અન્નપાનનિરોધાઃ**

**સૂત્રાર્થ : બંધ, વધ, ચામડીનો છેદ, અતિશય ભારનું આરોપણ અને અન્ન-પાનનો નિરોધ (અટકાવવું). આ પાંચ સ્થૂલ પ્રાણાતિપાત વિરમણવ્રતના અતિચારો છે. ૭-૨૦**

**ભાવાર્થઃ- સ્થૂલ પ્રાણાતિપાત વિરમણવ્રત** નામના પ્રથમ વ્રત (હાલતા-ચાલતા નિરપરાધી ત્રસજીવોની મારે હિંસા કરવી નહીં એવા પ્રથમ વ્રત)ના ૫ અતિચારો આ પ્રમાણે છે.

(૧) **બંધ=** પશુઓને, અને અવિનયવાળા પુત્ર-પૌત્ર-નોકરાદિને દોરડાથી અથવા સાંકળથી બાંધવા, પંખીઓને પાંજરામાં પૂરવા, કોઇ માણસોને રૂમમાં પૂરી રાખવા. ઇત્યાદિ.

(૨) **વધ=** એટલે પશુને, પંખીને અને અવિનયવાળા જીવોને માર માર્યો હોય, લાકડી-ચાબુક-કે પત્થર માર્યા હોય, કદાચ કોઇ સંજોગોમાં મારવું જ પડે તો પણ હૃદયની અંદરના આવેશ પૂર્વક ન મારવું જોઇએ, તેને બદલે તેવા આવેશવાળો માર મારવો તે અતિચાર.

(૩) **છવિચ્છેદ=** છવિ એટલે ચામડી, તેનો છેદ કરવો, કોઇ પશુ-પંખી કે માણસના હાથ-પગ-પીંછાં વગેરે કાપવાં, કાન-નાક-વિંધવા, ડામ દેવા, ચામડી ખેંચવી. ઇત્યાદિ.

(૪) **અતિભાર આરોપણ=** બળદ-પાડા તથા મજુરાદિ માણસો સામાન્યથી સુખે સુખે જેટલો ભાર ઉંચકી શકે તેમ હોય, તેનાથી લોભને વશ વધારે ભાર ઉંચકાવવો. માણસો પાસે વગર પગારે કામ લેવું. ઓછો પગાર આપી વધુ કામ કરાવવું.

(૫) **અન્નપાનનિરોધ=** નોકર-ચાકર-પશુ-પક્ષી આદિ આપણા આશ્રિતોને અનાજ-પાણી ન આપ્યું હોય, કોઇ આપતું હોય તેને આપણે રોક્યા હોય, તેને ભૂખ્યા રાખી આપણે જમવું તે અન્નપાનનિરોધ અતિચાર.

પહેલા વ્રતના આ પાંચ અતિચારો પ્રથમવ્રતને દોષિત કરનાર છે. તેથી સેવવા જોઇએ નહીં. આ અતિચારોનો ત્યાગ કરવો જોઇએ. ૭-૨૦.

**मिथ्योपदेश-रहस्याभ्याख्यान-कूटलेख-**
**क्रिया-न्यासापहार-साकारमन्त्रभेदाः ७-२१**
**મિથ્યોપદેશ-રહસ્યાભ્યાખ્યાન-કૂટલેખ-**
**ક્રિયા-ન્યાસાપહાર-સાકારમન્ત્રભેદાઃ ૭-૨૧**
**મિથ્યા-ઉપદેશ-રહસ્ય-અભ્યાખ્યાન-કૂટલેખ-**
**ક્રિયા-ન્યાસ-અપહાર-સાકાર મન્ત્ર ભેદાઃ ૭-૨૧**

**સૂત્રાર્થ : મિથ્યા ઉપદેશ, રહસ્યાભ્યાખ્યાન, કુટલેખક્રિયા, ન્યાસાપહાર અને સાકારમંત્ર ભેદ આ પાંચ સ્થૂલમૃષાવાદવિરમણ વ્રતના પાંચ અતિચારો છે. ૭-૨૧**



**ભાવાર્થઃ- સ્થૂલમૃષાવાદ વિરમણ વ્રત** નામના (**"મોટું જુઠું બોલવું નહીં"**) એવા શ્રાવકના બીજા વ્રતના પણ પાંચ અતિચારો છે.

(૧) **મિથ્યોપદેશ=** ખોટો ઉપદેશ આપવો, ખોટી શિખામણ આપવી, ખોટી સલાહ આપવી.

(૨) **રહસ્યાભ્યાખ્યાન=** એકાન્તમાં થયેલી વાતો જાહેર કરવી, મિત્ર-મિત્ર વચ્ચે, પતિ-પત્ની વચ્ચે, કુટુંબની અંદર, થયેલી વાતો જાહેર કરવી. ગુપ્ત વાત પ્રગટ કરવી.

(૩) **કૂટલેખક્રિયા=** કૂડા લેખ લખવા, ખોટાં કાગળીયાં કરવાં, ખોટી વકીલાત કરવી. ખોટી સહી કરવી. બીજાના લખેલાનો ઉતારો કરી પોતાના નામે છપાવવું.

(૪) **ન્યાસાપહાર=** કોઈની જમા થાપણ (રકમ) પચાવી પાડવી.

(૫) **સાકારમન્ત્રભેદ=**બીજાની ગુપ્ત વાતો તેના આકારોથી-હાવભાવથી જાણીને બીજાને કહેવી. રાજ્યની ગુપ્ત વાતો તથા પતિ-પત્ની વચ્ચેની ગુપ્ત વાત જાહેર કરવી ઈત્યાદિ.

આ બીજા વ્રતના પાંચ અતિચારો છે તે સેવવા જોઇએ નહીં. ૭-૨૧.

**स्तेनप्रयोग-तदाहृतादान-विरुद्धराज्यातिक्रम-**
**हीनाधिकमानोन्मान-प्रतिरूपकव्यवहाराः ७-२२**

**સ્તેનપ્રયોગ-તદાહૃતાદાન-વિરુદ્ધરાજ્યાતિક્રમ-**
**હીનાધિકમાનોન્માન-પ્રતિરૂપકવ્યવહારાઃ ૭-૨૨**
**સ્તેનપ્રયોગ-તદાહૃત-આદાન-વિરુદ્ધ રાજ્ય-અતિક્રમ-**
**હીન-અધિક-માન-ઉન્માન-પ્રતિરૂપકવ્યવહારાઃ ૭-૨૨**

**સૂત્રાર્થ : સ્તેનપ્રયોગ, સ્તેનાહૃતાદાન, વિરુદ્ધ રાજ્યાતિક્રમ, હીનાધિક માનોન્માન અને પ્રતિરૂપકવ્યવહાર આ પાંચ સ્થૂલઅદત્તાદાનવિરમણ વ્રતના અતિચારો છે. ૭-૨૨**

**ભાવાર્થઃ- સ્થૂલ અદત્તાદાન વિરમણવ્રત** નામના (**"મોટી ચોરી કરવી નહી"**) આવા પ્રકારના ત્રીજા વ્રતના પાંચ અતિચારો છે.

(૧) **સ્તેનપ્રયોગ**= ચોરને ચોરી કરવામાં સહાય કરવી. પરંપરાએ મદદ આપવી. ચોરીનું કાર્ય કરવામાં અનુકૂળતા કરી આપવી.
(૨) **તદાહૃતાદાન**= તેણે લાવેલો માલ ખરીદવો.
(૩) **વિરુદ્ધરાજ્યાતિક્રમ** = રાજ્યવિરુદ્ધ વર્તન કરવું. તેના નિયમો ન પાળવા.
(૪) **હીનાધિકમાનોન્માન** = લેવા-દેવાનાં બાટ (કાટલાં) જુદાં રાખવાં.
(૫) **પ્રતિરૂપકવ્યવહાર**= સારી-ખોટી વસ્તુની ભેળસેળ કરવી. સારી વસ્તુ દેખાડી, ગ્રાહકનો ઓર્ડર લઇ ખોટી વસ્તુ ભેળવીને આપવી.



જેનાથી સંસારમાં આપણે ચોર કહેવાઇએ, ફોજદારી ગુન્હો લાગુ પડે, એવી ચોરી તે મોટી ચોરી કહેવાય છે. તેનો ત્યાગ તે ત્રીજું વ્રત છે. તે ત્રીજા વ્રતના આ પાંચ અતિચારો સેવવા જોઇએ નહીં. ૭-૨૨.

**परविवाहकरणेत्वरपरिगृहीतापरिगृहीतागमना-**
**नङ्गक्रीडा-तीव्रकामाभिनिवेशाः ૭-૨૩**
**પરવિવાહકરણેત્વરપરિગૃહીતાપરિગૃહીતાગમના-**
**નંગક્રીડા-તીવ્રકામાભિનિવેશાઃ ૭-૨૩**
**પરવિવાહકરણ-ઇત્વરપરિગૃહીત-અપરિગૃહીતાગમન-**
**અનંગક્રીડા-તીવ્રકામાભિનિવેશાઃ ૭-૨૩**

**સૂત્રાર્થ : પરવિવાહકરણ, ઇત્વરપરિગૃહીતાગમન, અપરિગૃહીતાગમન, અનંગક્રીડા અને તીવ્રકામાભિનિવેશ આ પાંચ ચોથાવ્રતના અતિચારો છે. ૭-૨૩**

**ભાવાર્થઃ- સ્વદારાસંતોષ** અથવા **પરાદારાવિરમણ વ્રત.** પુરુષે પોતાની પત્નીની સાથે અને પત્નીએ પોતાના પતિની સાથે વિષયસુખમાં સંતોષ માનવો, અન્યની ઇચ્છા ન કરવી, તે ચોથું સ્વદારાસંતોષવ્રત છે. -તેના પાંચ અતિચારો છોડવા જેવા છે.

(૧) **પરવિવાહકરણ**= પ્રયોજન વિના પારકાના છોકરા-છોકરીઓના વિવાહો કરવા-કરાવવામાં ભાગ લેવો, અતિશય રસ ધરાવવો. તેઓનાં સગપણો અને લગ્નો જોડવામાં જ રસ ધરાવવો.

C:/BG/BHARAT/TATVA-N. PM5 Dt. 10-3-2002 109 7-PROOF



(૨) **ઈત્વરપરિગૃહીતાગમન=** અલ્પકાળ માટે કોઈ અન્ય વ્યક્તિ વડે ભાડાથી રખાયેલી, અથવા મિત્રપણે બીજાએ રાખેલી સ્ત્રીની સાથે આ **પરની વિવાહિત સ્ત્રી નથી** એમ સમજીને સંસાર વ્યવહાર કરવો.

(૩) **અપરિગૃહીતાગમન=** ન પરણેલી એવી વેશ્યા અથવા કુમારિકા સાથે સંસાર વ્યવહાર કરવો.

(૪) **અનંગક્રીડા=** જે અંગો કામક્રીડાનાં નથી, તેવાં અંગોથી કામક્રીડા કરવી.

(૫) **તીવ્રકામાભિનિવેશ=** અતિશય તીવ્ર કામવાસનાનો આવેશ-આસક્તિ રાખવી.

આ ચોથા વ્રતના પાંચ અતિચારો સેવવા જોઈએ નહીં. પરદારા વિરમણવ્રત-વાળાને આ પાંચ અતિચારો કહેવાય છે. અને સ્વદારાસંતોષવ્રતવાળાને પહેલો ચોથો અને પાંચમો એમ ત્રણ જ અતિચાર છે બાકીના બે અનાચાર કહેવાય છે. પોતાની વિવાહિત પત્નીમાં જ સંતોષ તે સ્વદારાસંતોષ. અને અન્યની સાથે વિવાહિત થયેલી પરપત્નીનો ત્યાગ તે પરદારાવિરમણ. કન્યા અને વેશ્યા જેવી પરની સાથે વિવાહિત ન થયેલી સ્ત્રીઓનો વ્યવહાર કરવાથી પરદારાવિરમણવ્રતવાળાને અતિચાર લાગે છે. પરંતુ વ્રતભંગ થતો નથી. અને સ્વદારાસંતોષવાળાને વ્રતભંગ જ થાય છે. ૭-૨૩.



**क्षेत्रवास्तु-हिरण्यसुवर्ण-धनधान्य-**
**दासीदास-कुप्यप्रमाणातिक्रमाः ७-२४**

**ક્ષેત્રવાસ્તુ-હિરણ્યસુવર્ણ-ધનધાન્ય-**
**દાસીદાસ-કુપ્યપ્રમાણાતિક્રમાઃ ૭-૨૪**

**ક્ષેત્રવાસ્તુ-હિરણ્યસુવર્ણ-ધનધાન્ય-**
**દાસીદાસ-કુપ્યપ્રમાણાતિક્રમાઃ ૭-૨૪**

**સૂત્રાર્થ : ક્ષેત્ર-વાસ્તુ, હિરણ્ય-સુવર્ણ, ધન-ધાન્ય, દાસી-દાસ અને કુપ્યના પ્રમાણનું ઉલ્લંઘન કરવું તે પરિગ્રહપરિમાણ વ્રતના અતિચારો છે. ૭-૨૪**

**ભાવાર્થઃ- પરિગ્રહ પરિમાણ વ્રત=** ધન-ધાન્યાદિનું માપ ધારવું તે પાંચમું વ્રત, તેના પાંચ અતિચારો છે.

(૧) **ક્ષેત્ર વાસ્તુ પ્રમાણાતિક્રમ=** ખુલ્લી જગ્યા, પ્લૉટ, ખેતર તે ક્ષેત્ર, અને બાંધેલાં મકાન-દુકાનો તે વાસ્તુ, તેનું માપ ધારવું, માપ ધાર્યા પછી તેનાથી વધારે રાખવું તે અતિચાર.

(૨) **હિરણ્યસુવર્ણ પ્રમાણાતિક્રમ=** હીરા-માણેક-મોતી, તથા સોનું રૂપું. તેનું માપ ધારવું, તેનાથી જો વધારે રાખીએ તો અતિચાર.

(૩) **ધન-ધાન્ય પ્રમાણાતિક્રમ=** રોકડ નાણું, બેંકબેલેન્સ, શેરો, ડીપોઝીટો એ સઘળું ધન, અને જુદી જુદી જાતનાં અનાજો

તે ધાન્ય. તેનું માપ ધાર્યા પછી વધારે રાખવું તે અતિચાર.

(૪) **દાસીદાસપ્રમાણાતિક્રમ=** ઘરમાં કે દુકાનમાં નોકર-ચાકર રાખવાનું માપ ધારવું, તેનાથી વધારે જો રાખીએ તો અતિચાર.

(૫) **કુપ્યપ્રમાણાતિક્રમ=** ઘરનું ફરનીચર, રાચરચીલું, તમામ ઘરવખરી રાખવાનું માપ ધારવું, તેનાથી વધારે જો રાખીએ તો અતિચાર.

પાંચમા વ્રતના આ પાંચ અતિચારો ત્યજી દેવા જોઈએ. ૭-૨૪.

**ऊर्ध्वाधस्तिर्यग्व्यतिक्रम-क्षेत्रवृद्धि-स्मृत्यन्तर्धानानि७-२५**
**ઊર્ધ્વાધસ્તિર્યગ્વ્યતિક્રમ-ક્ષેત્રવૃદ્ધિ-સ્મૃત્યન્તર્ધાનાનિ ૭-૨૫**
**ઊર્ધ્વ-અધઃ-તિર્યગ્-વ્યતિક્રમ-ક્ષેત્રવૃદ્ધિ-સ્મૃતિ-અન્તર્ધાનાનિ**

**સૂત્રાર્થ : ઊર્ધ્વદિશા, અધોદિશા, તિર્યગ્દિશાના માપનું ઉલ્લંઘન કરવું, ક્ષેત્રવૃદ્ધિ કરવી, ધારેલું માપ ભૂલી જવું આ સર્વે દિશાવિરમણવ્રતના અતિચારો છે. ૭-૨૫**

**ભાવાર્થઃ- દિક્પરિમાણ વ્રતઃ-** ચાર દિશા ચાર વિદિશા અને ઉપર-નીચે એમ દશે દિશાઓમાં અમુક જ માઈલ જવું એવો નિયમ ધારવો તે છઠ્ઠું દિશાપરિમાણવ્રત. તેના પાંચ અતિચારો છે.

(૧) **ઊર્ધ્વદિશાવ્યતિક્રમ=** ઉપરની દિશામાં ધારેલા માપ કરતાં વધારે જવું.



(૨) **અધોદિશાવ્યતિક્રમ=** નીચેની દિશામાં ધારેલા માપ કરતાં વધારે જવું.

(૩) **તિર્યગ્દિશાવ્યતિક્રમ=** ઉપર અને નીચેની દિશા વિના બાકીની ચારે દિશામાં તથા ચારે વિદિશામાં ધારેલા માપ કરતાં વધુ જવું તે.

(૪) **ક્ષેત્રવૃદ્ધિ=** એક દિશાનું ધારેલું માપ બીજી દિશામાં ઉમેરવું. અને તેથી અધિક જવું.

(૫) **સ્મૃતિ અન્તર્ધાન**=કઈ દિશામાં કેટલું જવું ? તેનું ધારેલું માપ ભૂલી જવું. ભૂલકણો આ સ્વભાવ ધારેલા દિશાના માપનું ઉલ્લંઘન કરાવે છે. તેથી અતિચાર કહેવાય છે.

દિશાપરિમાણ નામના છઠ્ઠા વ્રતના આ પાંચ અતિચારો વર્જી દેવા જોઈએ. ૭-૨૫.

**आनयन-प्रेष्यप्रयोग-शब्द-रूपानुपात-पुद्गलक्षेपाः ७-२६**
**આનયન-પ્રેષ્યપ્રયોગ-શબ્દ-રૂપાનુપાત-પુદ્ગલક્ષેપાઃ૭-૨૬**
**આનયન-પ્રેષ્યપ્રયોગ-શબ્દ-રૂપ-અનુપાત-પુદ્ગલક્ષેપાઃ ૨૬**

**સૂત્રાર્થ : આનયન, પ્રેષ્યપ્રયોગ, શબ્દાનુપાત, રૂપાનુપાત, અને પુદ્ગલપ્રક્ષેપ આ પાંચ દેશાવગાસિકવ્રતના અતિચારો છે. ૭-૨૬**

**ભાવાર્થઃ- દેશાવકાશિક વ્રત :- ધારેલા ક્ષેત્રના પ્રમાણથી બહાર જવું નહીં''** આવું જે વ્રત તે દેશાવકાશિકવ્રત, દિશાના માપને અત્યન્ત સંક્ષેપવું તે દેશાવકાશિક. જેમ કે આજનો દિવસ

ઘરની ભૂમિ બહાર જવું નહીં. અથવા પોળ (ગલી-શેરી) બહાર જવું નહીં. આવા દિશાના અત્યન્તસંક્ષેપને આ વ્રત કહેવાય છે. તેથી જ નીચેના પાંચ અતિચારો તેમાં સંભવે છે. આ નિયમ લીધા પછી તેને પાળવા માટે ૮/૧૦ સામાયિક કરાય છે. પરંતુ સામાયિક માત્ર કરવાં તે આ વ્રત નથી. સામાયિક કરવાનો વ્યવહાર આ નિયમના પાલનનો ઉપાય માત્ર છે. તેવું વ્રત લીધા પછી નીચેના પાંચ અતિચારો લગાડવા જોઈએ નહીં.

(૧) **આનયનપ્રયોગ**= ધારેલા ક્ષેત્રના પ્રમાણની બહારથી કંઈપણ મંગાવવું.

(૨) **પ્રેષ્યપ્રયોગ**= ધારેલા ક્ષેત્રના પ્રમાણથી બહાર કોઈપણ ચીજ મોકલવી.

(૩) **શબ્દાનુપાત**=ખોંખારો, ઉધરસ, છીંક ખાઈને અથવા કોઈપણ પ્રકારનો શબ્દ કરીને પોતાના તરફ બહારનાનું ધ્યાન દોરવું.

(૪) **રૂપાનુપાત**= બારીમાંથી, અગાસીમાંથી મોઢું દેખાડી પોતાના તરફ બહારનાનું ધ્યાન દોરવું.

(૫) **પુદ્ગલપ્રક્ષેપ**= બહાર ઉભેલી વ્યક્તિ ઉપર કાંકરો, પત્થરાદિ કોઈ વસ્તુ નાખી પોતાના તરફ તેનું ધ્યાન દોરવું, કાચવડે સૂર્યનો પ્રકાશ નાખવો વગેરે.

આ દેશાવકાસિક નામના સાતમા વ્રતના પાંચ અતિચારો વર્જવા. ૭-૨૬.



**कन्दर्प-कौकुच्य-मौखर्यासमीक्ष्या-**
**धिकरणोपभोगाधिकत्वानि ७-२७**
**કન્દર્પ-કૌકુચ્ય-મૌખર્યાસમીક્ષ્યા-**
**ધિકરણોપભોગાધિકત્વાનિ**
**કન્દર્પ-કૌકુચ્ય-મૌખર્ય-અસમીક્ષ્ય**
**અધિકરણ ઉપભોગ-અધિકત્વાનિ ૭-૨૭**

**સૂત્રાર્થ : કન્દર્પ, કૌકુચ્ય, મૌખર્ય, અસમીક્ષ્યાધિકરણ અને ઉપભોગાધિકત્વ આ પાંચ અનર્થદંડવિરમણવ્રતના અતિચારો છે. ૭-૨૭**

ભાવાર્થઃ- **અનર્થ દંડ વિરમણ વ્રત એટલે "જરૂર વિનાનાં પાપો કરવાં નહીં"** એ અનર્થ દંડ વિરમણવ્રત, તેના પણ પાંચ અતિચારો વર્જી દેવા જોઈએ આ આઠમું વ્રત છે.

(૧) **કન્દર્પ**= કામવાસના ઉત્તેજક વચનો બોલવાં, વાસનાવાળી મશ્કરી કરવી.

(૨) **કૌત્કુચ્ય**= કામવાસના ઉત્તેજક આંખ-મુખ અને શરીરના હાવભાવ કરવા. આંખ મેળવવી, ચુંબન કરવું, ટીકી-ટીકીને મુખ અને અંગો જોવાં.

(૩) **મૌખર્ય**= વાચાળપણે ઘણું ઘણું બેફામ બોલવું. કોઈની પટ્ટી પાડવી. બોલવામાં વિવેક વિનાના બનવું.

(૪) **અસમીક્ષ્યાધિકરણ**= વગર વિચારે છરી, ચપ્પુ, ખાંડણીયો

વગેરે દળવા, ખાંડવા અને મારવાનાં શસ્ત્રો ભેગાં કરવાં. આવશ્યક્તા કરતાં અધિક રાખવાં.

(૫) **ઉપભોગાધિકત્વ**=શરીરની ટાપટીપ-શણગારનાં ઘણાં સાધનો રાખવાં. બાથરૂમમાં શણગાર માટે ઘણી જાતની ચીજો રાખવી વગેરે.

આ આઠમા અનર્થદંડ વિરમણ વ્રતના પાંચ અતિચારો વર્જવા. ૭-૨૭.

**योगदुष्प्रणिधानानादरस्मृत्यनुपस्थापनानि ७-२८**

**યોગદુષ્પ્રણિધાનાનાદરસ્મૃત્યનુપસ્થાપનાનિ ૭-૨૮**

**યોગ-દુષ્પ્રણિધાન-અનાદર-સ્મૃતિ-અનુપસ્થાપનાનિ ૭-૨૮**

**સૂત્રાર્થ : મન, વચન અને કાયાના યોગોનો દુરુપયોગ તથા અનાદર અને સ્મૃત્યનુપસ્થાપન આ પાંચ સામાયિકવ્રતના અતિચારો છે. ૭-૨૮**

**ભાવાર્થ :- સામાયિક વ્રત એટલે ''મહીનામાં અમુક સામાયિક કરવાં''** એવું નવમું સામાયિકવ્રત. તેના નીચે મુજબ પાંચ અતિચારો વર્જવા જોઈએ.

(૧-૨-૩) **યોગદુષ્પ્રણિધાન**= મન-વચન-અને કાયા એમ ત્રણે પ્રકારના યોગોમાં ખોટા વિચારો કરવા, અસભ્યભાષણ કરવું, કાયાનું કલુષિતપણું રાખવું વગેરે. આ રીતે મન, વચન અને કાયાના યોગોનો દુરુપયોગ કરવો તે.



(૪) **અનાદર**= સામાયિકમાં ગુરુ આદિનો અનાદર કરવો, ઉંચા આસને બેસવું, લાંબા પગ રાખવા, પગ ઉપર પગ ચડાવવા, અપ્રીતિ રાખવી વગેરે.

(૫) **સ્મૃત્યનુપસ્થાપન**= સામાયિકનો ટાઈમ યાદ ન રાખવો, ભૂલી જવો.

નવમા સામાયિકવ્રતના આ પાંચ અતિચારો વર્જવા જોઈએ. ૭-૨૮.

**अप्रत्यवेक्षिताप्रमार्जितोत्सर्गादान-निक्षेप-संस्तारोपक्रमणानादरस्मृत्यनुपस्थापनानि ७-२९**

**અપ્રત્યવેક્ષિતાપ્રમાર્જિતોત્સર્ગાદાન-નિક્ષેપ-સંસ્તારોપક્રમણાનાદરસ્મૃત્યનુપસ્થાપનાનિ ૭-૨૯**

**અપ્રત્યવેક્ષિત-અપ્રમાર્જિત-ઉત્સર્ગ-આદાન-નિક્ષેપ-સંસ્તાર-ઉપક્રમણ-અનાદર-સ્મૃતિ-અનુપસ્થાપનાનિ ૭-૨૯**

**સૂત્રાર્થઃ અપ્રત્યવેક્ષિતાપ્રમાર્જિત ઉત્સર્ગ, અપ્રત્યવેક્ષિતા પ્રમાર્જિત આદાનનિક્ષેપ, અપ્રત્યવેક્ષિતાપ્રમાર્જિત સંસ્થારોપ-ક્રમણ, અનાદર, તથા સ્મૃત્યનુપસ્થાપન આ પાંચ પૌષધોપવાસ વ્રતના અતિચારો છે. ૭-૨૯**

**ભાવાર્થઃ-પૌષધવ્રત** એટલે **''આખો દિવસ સંસાર છોડીને સાધુ જેવું જ જીવન જીવવું''** તે પૌષધવ્રત દસમું છે. તેના પાંચ અતિચારો વર્જવા જોઈએ.

(૧) **અપ્રત્યવેક્ષિતાપ્રમાર્જિત-ઉત્સર્ગ=** વસતિ (ભૂમિ) જોયા વિના, તથા પૂંજ્યા વિના સંડાસ-બાથરૂમ કરવાં, (જીવાત હોય તે મરી જાય.) લઘુનીતિ, વડીનીતિ કરવી.

(૨) **અપ્રત્યવેક્ષિતાપ્રમાર્જિત-આદાનનિક્ષેપ**-જોયા વિના અને પૂંજ્યાવિનાગમેત્યાંવસ્તુઓ(વાસણો-વસ્ત્રો)લેવાંઅનેમૂકવાં.

(૩) **અપ્રત્યવેક્ષિતાપ્રમાર્જિત-સંસ્તાર-ઉપક્રમણ=**ભૂમિ બરાબર જોયા વિના અને પૂંજ્યા વિના સંથારો પાથરવો, આસન-શયન-બેઠક જમાવવી.

(૪) **અનાદર=** પૌષધમાં દેવ-ગુરુ આદિનો અનાદર કરવો. આદર બહુમાન ન કરવાં તે.

(૫) **સ્મૃત્યનુપસ્થાપન=** પૌષધ મોડો લેવો, વહેલો પાળવો, પૌષધ લીધો હોય તેનો સમય ભૂલી જવો.

દસમા પૌષધવ્રતના આ પાંચ અતિચારો જાણવા. ૭-૨૯.

**सचित्त-सम्बद्ध-संमिश्राभिषव-दुष्पक्वाहाराः ७-३०**
**સચિત્ત-સંબદ્ધ-સંમિશ્રાભિષવ-દુષ્પક્વાહારાઃ ૭-૩૦**
**સચિત્ત-સંબદ્ધ-સંમિશ્ર-અભિષવ-દુષ્પક્વ-આહારાઃ ૭-૩૦**

**સૂત્રાર્થ : સચિત્તાહાર, સચિત્તસંબદ્ધાહાર, સચિત્તસંમિશ્રાહાર, અભિષવાહાર, દુષ્પક્વાહાર આ પાંચ ઉપભોગપરિભોગ વ્રતના અતિચારો છે. ૭-૩૦**





**ભાવાર્થઃ- ઉપભોગ પરિભોગ પરિમાણ વ્રત :-** એકવાર વપરાય તે ઉપભોગ, અને વારંવાર વપરાય તે પરિભોગ, તેનું માપ ધારવું તે અગિયારમું વ્રત. તેના પણ પાંચ અતિચારો વર્જવા.

(૧) **સચિત્ત આહાર=** જીવવાળી જે વસ્તુ તેને સચિત્ત કહેવાય. તેનો આહાર કરવો. જેમકે દાડમ, લીંબુ, કેરી, કાચું મીઠું, પપૈયું, કાચું પાણી વગેરે.

(૨) **સચિત્ત સંબદ્ધ આહાર=** સચિત્તની સાથે સંબંધવાળું ખાવું. જેમ બોર વગેરે.

(૩) **સચિત્ત સંમિશ્ર આહાર=** સચિત્ત વસ્તુથી મિશ્ર થયેલ આહાર વાપરવો જેમ લીંબુના રસવાળું શાક વાપરવું વગેરે.

(૪) **અભિષવ આહાર=** વાસી આહાર ખાવો, બોળ, અથાણું ખાવું, અથવા મદિરા આદિ માદક આહાર લેવો.

(૫) **દુષ્પક્વ આહાર=** બરાબર નહીં રંધાયેલો કાચો-પાકો જે આહાર હોય તે ખાવો.

ઉપભોગ પરિભોગ પરિમાણ નામના અગિયારમા વ્રતના આ પાંચ અતિચારો વર્જનીય છે. ૭-૩૦.

**सचित्तनिक्षेप-पिधान-परव्यपदेश-मात्सर्य-कालातिक्रमाः**
**સચિત્તનિક્ષેપ-પિધાન-પરવ્યપદેશ-માત્સર્ય-કાલાતિક્રમાઃ ૩૧**
**સચિત્તનિક્ષેપ-પિધાન-પરવ્યપદેશ-માત્સર્ય-કાલ-અતિક્રમાઃ**

**સૂત્રાર્થ : સચિત્તનિક્ષેપ, સચિત્તપિધાન, પરવ્યપદેશ, માત્સર્ય અને કાલાતિક્રમ આ પાંચ અતિથિસંવિભાગ વ્રતના અતિચારો છે. ૭-૩૧**

**ભાવાર્થઃ- અતિથિ સંવિભાગવ્રત :-** એક રાત્રિ-દિવસનો પૌષધ કરીને પારણામાં એકાસણું કરવું. તેમાં અતિથિને વહોરાવીને અથવા કોઇ મહાત્મા પુરુષને જમાડીને તે જ વસ્તુથી પછી જમવું. તે અતિથિસંવિભાગ નામનું બારમું વ્રત છે. વહોરાવતી વખતે અને જમાડતી વખતે પાંચ અતિચારો વર્જવા જોઇએ.

(૧) **સચિત્તનિક્ષેપ=** વહોરાવવા યોગ્ય અચિત્ત વસ્તુ ન આપવાની બુદ્ધિથી સચિત્ત વસ્તુ ઉપર મૂકી દેવી. જેમ કે દૂધની તપેલી સગડી ઉપર કે ચાલુ ગેસના ચૂલા ઉપર મુકવી.

(૨) **સચિત્તપિધાન=**વહોરાવવા યોગ્ય વસ્તુને સચિત્તવસ્તુથી ઢાંકી દેવી. જેમ કે દૂધની તપેલી ઉપર લીંબુ વિગેરે મૂકવું.

(૩) **પરવ્યપદેશ=** પોતાની વસ્તુને પારકી કહી ન વહોરાવવી, અને પારકી વસ્તુને વહોરાવવા માટે પોતાની કહીને આપી દેવી, આવો પરવ્યપદેશ કરવો.

(૪) **માત્સર્ય=**ઈર્ષ્યા, મનમાં દાઝ, અન્તર્દ્વેષ રાખીને દુઃખાતા મને આપવું.

(૫) **કાલાતિક્રમ=** વહોરાવવાનો કાળ વીતિ ગયા પછી બોલાવવા જવું વગેરે.

બારમા અતિથિ સંવિભાગ વ્રતના આ પાંચ અતિચારો ટાળવા. ૭-૩૧.



**जीवित-मरणाशंसा-मित्रानुराग-**
**सुखानुबंध-निदानकरणानि ७-३२**

**જીવિત-મરણાશંસા-મિત્રાનુરાગ-**
**સુખાનુબંધ-નિદાનકરણાનિ ૭-૩૨**

**જીવિત-મરણ-આશંસા-મિત્ર-અનુરાગ-**
**સુખ-અનુબંધ-નિદાનકરણાનિ ૭-૩૨**

**સૂત્રાર્થ : જીવિતાશંસા, મરણાશંસા, મિત્રાનુરાગ, સુખાનુબંધ અને નિદાનકરણ આ પાંચ સંલેખના વ્રતના અતિચારો છે. ૭-૩૨**

**ભાવાર્થઃ- સંલેષણાવ્રતઃ-** ઇચ્છાઓને ટૂંકાવવી, રોકવી તે સંલેખના, બારવ્રત ઉપરાંત આ સંલેખના પણ કરવી જોઇએ, તેના પાંચ અતિચાર વર્જવા જોઇએ.

(૧) **જીવિતઆશંસા=** સાંસારિક સુખ હોય ત્યારે લાંબું લાંબું જીવવાની ઇચ્છા કરવી.

(૨) **મરણાશંસા=** પ્રતિકૂળતાઓ આવે ત્યારે આપઘાતની કે મૃત્યુની ઇચ્છા કરવી.

(૩) **મિત્રાનુરાગ=** સ્નેહી, સ્વજનો, મિત્રો અને કુટુંબ ઉપર ઘણું મમત્વ રાખવું.

(૪) **સુખાનુબંધ=** પૂર્વે અનુભવેલાં સુખો યાદ કરવાં.

(૫) **નિદાનકરણ=**કરેલા ધર્મના બદલામાં સાંસારિક સુખ ઇચ્છવું. પરભવમાં રાજા-ચક્રવર્તી-ઇન્દ્ર થવાની માગણી કરવી તે. સંલેખનાવ્રતના આ પાંચ અતિચારો વર્જવા જોઇએ. ૭-૩૨.

**अनुग्रहार्थं स्वस्यातिसर्गो दानम्  ७-३३**
**અનુગ્રહાર્થં સ્વસ્યાતિસર્ગો દાનમ્  ૭-૩૩**
**અનુગ્રહાર્થં સ્વસ્ય-અતિસર્ગઃ દાનમ્  ૭-૩૩**

**સૂત્રાર્થ : પરના ઉપકાર માટે પોતાની વસ્તુનો ત્યાગ કરવો તે દાન કહેવાય. ૭-૩૩**

**ભાવાર્થઃ**-બીજાના ઉપકાર માટે પોતાની વસ્તુનો ત્યાગ કરવો તે દાન કહેવાય છે.

આ દાન આપતી વખતે **"પરના અનુગ્રહની"** (પરના ઉપકારની) બુદ્ધિ અવશ્ય હોવી જોઈએ. તો જ આ દાન તે દાનગુણ કહેવાય છે. તથા પોતાની માલિકીની જે વસ્તુ હોય તેનો ત્યાગ કરવો તેને જ દાન કહેવાય છે. એટલે પારકાની પાસેથી લાવીને પારકાને આપવામાં દાન કહેવાતું નથી. તેથી પોતાની વસ્તુનો પરના ઉપકાર માટે ત્યાગ કરવો તે જ દાન છે. ૭-૩૩.

**विधिद्रव्यदातृपात्रविशेषाच्च तद्विशेषः  ७-३४**
**વિધિદ્રવ્યદાતૃપાત્રવિશેષાચ્ચ તદ્વિશેષઃ  ૭-૩૪**
**વિધિ-દ્રવ્ય-દાતૃ-પાત્રવિશેષાત્ ચ તદ્ વિશેષઃ  ૭-૩૪**

**સૂત્રાર્થ : વિધિપૂર્વકતા, વિશિષ્ટદ્રવ્ય, વિશિષ્ટદાતા અને વિશિષ્ટ લેનાર પાત્રના ભેદથી દાનના ફળમાં વિશેષતા હોય છે. ૭-૩૪**

**ભાવાર્થ**:- કોઈપણ પ્રકારના દાનમાં નીચેના ૪ કારણોથી ફળમાં તરતમતા થાય છે.



(૧) વિધિપૂર્વકનું દાન, અને વિધિવિનાનું દાન (૨) ઉત્તમદ્રવ્ય આપવું અને તુચ્છદ્રવ્ય આપવું, (૩) આપનાર દાતાના સારા-નરસા પરિણામો અને (૪) લેનાર ભિક્ષુક હોય, સાધુ હોય કે તીર્થંકર પ્રભુ હોય એમ પાત્ર વિશેષ આ પ્રમાણે ઉપરના ચાર કારણોથી ફળમાં તફાવત છે.

(૧) વિધિપૂર્વક (યોગ્ય કાળે અપાય, બહુમાનીય વ્યક્તિ ઉપર બહુમાનપૂર્વક, અનુકંપ્ય વ્યક્તિ ઉપર અનુકંપાપૂર્વક, તથા જેને યોગ્ય જે હોય તે વ્યક્તિને તે વસ્તુ ઈત્યાદિ વિવેકપૂર્વક) દાન આપવામાં આવે તો અધિક ફળ, અને આવી વિધિ વિના જેમ તેમ દાન આપવામાં આવે તો સામાન્ય ફળ જાણવું.

(૨) મેવા-મીઠાઈ અને પાક જેવું ઉત્તમદ્રવ્ય દાનમાં અપાય તો શ્રેષ્ઠ ફળ જાણવું અને વધેલું, એઠું જુઠું અથવા ખીચડા-ખીચડી જેવું સામાન્ય દ્રવ્ય અપાય તો સામાન્ય ફળ જાણવું.

(૩) દાન આપનાર દાતાના પરિણામ જીર્ણશેઠની જેમ ચઢતા હોય તો ઉત્તમફળ સમજવું. અને કપિલા દાસીના જેવા પરિણામ હોય તો સામાન્યફળ જાણવું.

(૪) દાન લેનાર પાત્ર ભિક્ષુકાદિ અનુકંપ્ય હોય, સાધર્મિક શ્રાવકાદિ હોય, સર્વવિરતિધર સાધુ આદિ હોય, અથવા ગણધર ભગવંત કે તીર્થંકર ભગવંત હોય તો ક્રમશઃ અધિક અધિક ફળ જાણવું. ૭-૩૪.

**સાતમો અધ્યાય સમાપ્ત**

# અધ્યાય આઠમો

**मिथ्यादर्शनाविरति-प्रमाद-कषाय-योगा बन्धहेतवः ८-१**

**મિથ્યાદર્શનાવિરતિ-પ્રમાદ-કષાય-યોગા બન્ધહેતવઃ ૮-૧**

**મિથ્યાદર્શન-અવિરતિ-પ્રમાદ-કષાય-યોગાઃ બન્ધહેતવઃ૮-૧**

**સૂત્રાર્થ : મિથ્યાદર્શન, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગ આ પાંચ કર્મબંધના હેતુઓ છે. ૮-૧**

**ભાવાર્થઃ-** મિથ્યાદર્શન, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગ એ પાંચ કર્મબંધના હેતુઓ છે. આ પાંચ કારણોથી આ જીવને કર્મ બંધાય છે. કર્મગ્રંથોમાં પ્રમાદને કષાયની અંતર્ગત ગણીને ચાર કારણો કહ્યાં છે.

(૧) **મિથ્યાદર્શન=** સુદેવ-સુગુરુ-અને સુધર્મ ઉપર અરુચિ કરવી. અને કુદેવાદિ ઉપર રુચિ કરવી. ઉલ્ટા માર્ગની પ્રીતિ કરવી. હેય ને ઉપાદેય જાણવું અને ઉપાદેયને હેય જાણવું. આત્મતત્ત્વાદિને ન જાણવું. અથવા જેવું સ્વરૂપ છે, તેનાથી વિપરીત જાણવું.

(૨) **અવિરતિ=** ભોગોનો ત્યાગ ન કરવો.

(૩) **પ્રમાદ=** ભૂલો કરવી, ધર્મનાં અનુષ્ઠાનોમાં આળસ કરવી. મદિરા પાન કરવું. વિષયોમાં ડુબી જવું. નિંદા-વિકથા કરવી.



(૪) **કષાય=** ક્રોધ-માન-માયા અને લોભને વશ થવું. સંક્લેશ કરવો. રાગાદિને વશ થવું. આવેશમાં આવવું.

(૫) **યોગ=** મન-વચન-કાયાની શુભ-અશુભ પ્રવૃત્તિ. આ પાંચ કારણોથી (બંધહેતુઓથી) જીવ કર્મ બાંધે છે.

આ પાંચ કારણોમાં મિથ્યાદર્શન પહેલા ગુણઠાણા સુધી, અવિરતિ ચોથા ગુણઠાણા સુધી, પ્રમાદ છઠ્ઠા ગુણઠાણા સુધી, કષાય દશમા ગુણઠાણા સુધી, અને યોગ તેરમા ગુણઠાણા સુધી બંધહેતુ હોય છે. ક્રમશઃ અધિક અધિક ગુણસ્થાનક સુધી છે. તેથી જ સૂત્રમાં આ ક્રમ જણાવ્યો છે. ૮-૧.

**सकषायत्वाज्जीवः कर्मणो योग्यान् पुद्गलानादत्ते ८-२**

**સકષાયત્વાજ્જીવઃ કર્મણો યોગ્યાન્ પુદ્ગલાનાદત્તે ૮-૨**

**સકષાયત્વાત્ જીવઃ કર્મણઃ યોગ્યાન્ પુદ્ગલાન્ આદત્તે ૮-૨**

**સૂત્રાર્થ : સંસારી જીવ કષાયવાળો હોવાથી કર્મને યોગ્ય પુદ્ગલોને ગ્રહણ કરે છે. ૮-૨**

**ભાવાર્થઃ-** આ જીવ કષાયવાળો હોવાથી કર્મોને યોગ્ય પુદ્ગલોને ગ્રહણ કરે છે. કષાય એ જ કર્મબંધનું મુખ્ય કારણ છે. તેનાથી આ જીવ કાર્મણવર્ગણાને યોગ્ય પુદ્ગલોને ગ્રહણ કરી તેને જ કર્મરૂપે પરિણમાવે છે. અને કષાયને અનુસારે તેમાં સ્થિતિ તથા રસનો અનુબંધ કરે છે. તેથી કષાય એ બંધનો મુખ્ય હેતુ છે. ૮-૨.

**स बन्धः ८-३ स बन्धः ८-३ સઃ બન્ધઃ ૮-૩**

**સૂત્રાર્થ : તેને જ બંધ કહેવાય છે. ૮-૩**

**ભાવાર્થ:-** તે જ કર્મબંધ કહેવાય છે. કષાયોની તીવ્રતા અને મંદતાના આધારે આ જીવ કર્મોમાં તીવ્ર અને મંદ સ્થિતિ-રસનો બંધ કરે છે.

કર્મબંધનો મુખ્યહેતુ **સંક્લેશ** જ છે. તેની તીવ્રતા અને મંદતા પ્રમાણે આ જીવ કર્મને યોગ્ય કાર્મણવર્ગણા ગ્રહણ કરીને તેમાં તીવ્ર-મંદપણે સ્થિતિરસનો બંધ કરે છે. ૮-૩.

**प्रकृति-स्थित्यनुभाव-प्रदेशास्तद्विधयः ८-४**
**પ્રકૃતિ-સ્થિત્યનુભાવ-પ્રદેશાસ્તદ્‌વિધયઃ ૮-૪**
**પ્રકૃતિ-સ્થિતિ-અનુભાવ-પ્રદેશાઃ તદ્‌વિધયઃ ૮-૪**

**સૂત્રાર્થ : પ્રકૃતિબંધ, સ્થિતિબંધ, અનુભાવબંધ અને પ્રદેશબંધ એમ બંધના ચાર પ્રકારો છે. ૮-૪**

**ભાવાર્થ:-** આ કર્મબંધના મુખ્યત્વે ચાર ભેદો છે. એક જ સમયમાં બંધાતા કર્મોમાં આ જીવ એક સાથે ચારે પ્રકારનો બંધ કરે છે.

(૧) **પ્રકૃતિબંધ=** બંધાતા કર્મોમાં ફળ આપવાનો સ્વભાવ નક્કી થવો તે. જેમકે જ્ઞાનને ઢાંકે તે જ્ઞાનાવરણીય, દર્શનને ઢાંકે તે દર્શનાવરણીય ઇત્યાદિ.



(૨) **સ્થિતિબંધ=** બંધાતું આ કર્મ આત્મા સાથે કયાં સુધી રહેશે? તેવા કાલ-માનનું નક્કી થવું તે. જઘન્યથી અંત-ર્મુહૂર્ત, ઉત્કૃષ્ટથી કોડાકોડી સાગરોપમ. વગેરે.

(૩) **અનુભાવબંધ=** રસબંધ, બંધાતા કર્મની તીવ્રતા અને મંદતા, કર્મોનો જુસ્સો-પાવર કેટલો? એવું નક્કી થવું તે. એક ઠાણીયો રસ, બે ઠાણીયો રસ વગેરે.

(૪) **પ્રદેશબંધ=** કર્મોમાં કાર્મણવર્ગણાના અંશોનું-દલિકોનું નક્કી થવું તે. મોદક (લાડવા)ના દૃષ્ટાન્તે કર્મનો બંધ ચાર પ્રકારનો છે. બંધાતા એવા કર્મમાં તે જ સમયે ઉપરોક્ત એવા ચારે પ્રકારના ભાવો એકી સાથે જ નક્કી થાય છે. ૮-૪.

**आद्यो ज्ञान-दर्शनावरण-वेदनीय-**
**मोहनीयायुष्क-नाम-गोत्रान्तरायाः ८-५**
**આદ્યો જ્ઞાન-દર્શનાવરણ-વેદનીય-**
**મોહનીયાયુષ્ક-નામ-ગોત્રાન્તરાયાઃ ૮-૫**
**આદ્યો જ્ઞાન-દર્શનાવરણ-વેદનીય-**
**મોહનીય-આયુષ્ક-નામ-ગોત્ર-અન્તરાયાઃ ૮-૫**

**સૂત્રાર્થ : પ્રથમ એવો પ્રકૃતિબંધ આઠ પ્રકારે છે. ૧ જ્ઞાનાવરણીય, ૨ દર્શનાવરણીય, ૩ વેદનીય, ૪ મોહનીય, ૫ આયુષ્ય, ૬ નામકર્મ, ૭ ગોત્રકર્મ અને ૮ અંતરાયકર્મ. ૮-૫**

**ભાવાર્થ:-** તે ચાર પ્રકારના બંધમાંથી *આદ્ય*=પ્રથમબંધ જે **પ્રકૃતિબંધ** છે તે ૮ પ્રકારનો છે. તે આઠ પ્રકારો હવે સમજાવે છે.

(૧) **જ્ઞાનાવરણીય=** આત્માના જ્ઞાનગુણને ઢાંકનારૂં કર્મ.

(૨) **દર્શનાવરણીય=** આત્માના દર્શનગુણને ઢાંકનારૂં કર્મ.

(૩) **વેદનીયકર્મ=** આત્મા વડે સુખ-દુઃખ રૂપે જે વેદાય-ભોગવાય તે. આત્માને સુખ-દુઃખ આપનારૂં કર્મ.

(૪) **મોહનીયકર્મ=** આત્માને સંસારમાં જે મુંઝવે. હિતકારી વસ્તુઓ પ્રત્યે ઉપેક્ષા કરાવે અને અહિતકારી ભાવો પ્રત્યે પ્રેમ કરાવે. ઉલટી બુદ્ધિ અને ઉલટું આચરણ કરાવનારૂં જે કર્મ તે.

(૫) **આયુષ્કકર્મ=** જીવને એકભવમાં જીવાડે, પકડી રાખે, નીકળવા ન દે તે.

(૬) **નામકર્મ=** જીવને સાંસારિક જીવન જીવવામાં સહાયક થાય એવાં શરીર-અંગ-ઉપાંગ- ઇત્યાદિ રૂપ પૌદ્ગલિક સામગ્રી આપે તે.

(૭) **ગોત્રકર્મ** = જીવને ઉંચા-સંસ્કારી, અને નીચા-હલકા કુળોમાં જન્મ અપાવે તે.

(૮) **અંતરાયકર્મ=** દાન-લાભાદિ કરતા આત્માને વિઘ્નરૂપે આડું આવે તે.



આ આઠે કર્મ અનુક્રમે (૧) આંખના પાટા જેવું, (૨) દ્વારપાલ જેવું, (૩) મધથી લેપાયેલી તલવારની ધાર ચાટવા જેવું, (૪) મદિરા જેવું, (૫) બેડી જેવું, (૬) ચિતારા જેવું, (૭) કુંભાર જેવું અને (૮) ભંડારી જેવું છે. તે આઠે કર્મોના પેટાભેદો નીચે મુજબ છે. ૮-૫.

**पञ्च-नव-द्व्यष्टाविंशति-चतुर्द्विचत्वारिंशद्-**
**द्वि-पञ्चभेदा यथाक्रमम्** ८-६
**પંચ-નવ-દ્વયષ્ટાવિંશતિ-ચતુર્દ્વિચત્વારિંશદ્**
**દ્વિપંચભેદા યથાક્રમમ્** ૮-૬
**પંચ-નવ-દ્વિ-અષ્ટાવિંશતિ-ચતુઃ-દ્વિચત્વારિંશદ્-**
**દ્વિ-પંચ-ભેદાઃ યથાક્રમમ્** ૮-૬

**સૂત્રાર્થ : ઉપરોક્ત આઠે કર્મોના અનુક્રમે પાંચ, નવ, બે, અઠ્ઠાવીસ, ચાર, બેંતાલીસ, બે અને પાંચ ભેદો છે. ૮-૬**

**ભાવાર્થ:-** જ્ઞાનાવરણીયના ૫, દર્શનાવરણીયના ૯, વેદનીયના ૨, મોહનીયના ૨૮ આયુષ્યના ૪, નામકર્મના ૪૨, ગોત્રકર્મના ૨, અને અંતરાય કર્મના ૫ ભેદો છે. તે સર્વે ભેદોનું વર્ણન ક્રમશઃ આવે જ છે. નામકર્મના જે ૪૨ ભેદ કહ્યા, તેના પ્રતિભેદો ૬૭-૯૩ અને ૧૦૩ પણ થાય છે. ૮-૬.

**मत्यादीनाम्** ८-७
**મત્યાદીનામ્** ૮-૭

## મત્યાદીનામ્ ૮-૭

**સૂત્રાર્થ : મતિ આદિ પાંચ જ્ઞાનોનાં જે આવરણ તે પાંચ પ્રકારનું જ્ઞાનાવરણીય કર્મ જાણવું. ૮-૭**

**ભાવાર્થઃ-** મતિજ્ઞાન આદિ જ્ઞાનો પાંચ પ્રકારનાં છે. તેથી તેઓનું આવરણ-આચ્છાદન કરનાર કર્મ પણ પાંચ પ્રકારનું છે. (૧) મતિજ્ઞાનાવરણ, (૨) શ્રુતજ્ઞાનાવરણ, (૩) અવધિજ્ઞાનાવરણ, (૪) મનઃપર્યવજ્ઞાનાવરણ, (૫) કેવલજ્ઞાનાવરણ.

(૧) **મતિજ્ઞાનાવરણ**-ઇન્દ્રિયો અને મન દ્વારા પ્રતિનિયત ક્ષેત્રમાં પ્રગટ થતું જે જ્ઞાન તે મતિજ્ઞાન. તેનું આચ્છાદન કરનારૂં જે કર્મ તે.

(૨) **શ્રુતજ્ઞાનાવરણ-** ગુરુ ગમ દ્વારા અથવા આગમો અને શાસ્ત્રો દ્વારા જે જ્ઞાન થાય તે શ્રુતજ્ઞાન, તેને આચ્છાદન કરનારૂં જે કર્મ તે.

(૩) **અવધિજ્ઞાનાવરણ-** મર્યાદામાં રહેલા રૂપી દ્રવ્યોનું ઇન્દ્રિયોની સહાય વિના આત્મસાક્ષીએ જે જ્ઞાન થાય તે અવધિજ્ઞાન, તેને આચ્છાદન કરનારૂં જે કર્મ તે.

(૪) **મનઃપર્યવજ્ઞાનાવરણ-** અઢીદ્વીપમાં રહેલા સંજ્ઞી પંચેન્દ્રિય જીવોના મનોગતભાવોને જાણવાની આત્માની જે શક્તિ તે મનઃપર્યવજ્ઞાન, અને તેને આચ્છાદન કરનારૂં જે કર્મ તે મનઃપર્યવજ્ઞાનાવરણ.



(૫) **કેવલજ્ઞાનાવરણ-** ત્રણે લોકમાં રહેલા સર્વે દ્રવ્યોના ત્રણે કાળના સર્વ પર્યાયોને જાણવા તે કેવળજ્ઞાન, તેને આચ્છાદન કરનારૂં જે કર્મ તે કેવલજ્ઞાનાવરણ.

આ પ્રમાણે પાંચ પ્રકારનું જ્ઞાનાવરણીય કર્મ જાણવું. ૮-૭.

**चक्षुरचक्षुरवधिकेवलानां निद्रा-निद्रानिद्रा-**
**प्रचला-प्रचलाप्रचला-स्त्यानर्द्धिवेदनीयानि च ८-८**

**ચક્ષુરચક્ષુરવધિકેવલાનાં નિદ્રા-નિદ્રાનિદ્રા-**
**પ્રચલા-પ્રચલાપ્રચલા-સ્ત્યાનર્દ્ધિવેદનીયાનિ ચ ૮-૮**

**ચક્ષુઃ-અચક્ષુઃ-અવધિ-કેવલાનાં નિદ્રા-નિદ્રાનિદ્રા-**
**પ્રચલા-પ્રચલાપ્રચલા-સ્ત્યાનર્દ્ધિવેદનીયાનિ ચ ૮-૮**

**સૂત્રાર્થ : ચક્ષુદર્શન, અચક્ષુદર્શન, અવધિદર્શન, કેવલદર્શન, નિદ્રા, નિદ્રાનિદ્રા, પ્રચલા, પ્રચલાપ્રચલા, સ્ત્યાનર્ધિ, એમ નવ પ્રકારનું દર્શનાવરણીય કર્મ છે. ૮-૮**

**ભાવાર્થઃ-** દર્શનાવરણીયકર્મના ૯ ભેદો છે.

(૧) **ચક્ષુદર્શનાવરણીય**-ચક્ષુદ્વારા સામાન્ય જોવાની શક્તિને ઢાંકનારૂં જે કર્મ તે.

(૨) **અચક્ષુદર્શનાવરણીય**-ચક્ષુ વિનાની બીજી ઇન્દ્રિયો અને મનથી સામાન્ય જાણવાની જે શક્તિ છે. તેને આવરનારૂં

જે કર્મ તે.

(૩) **અવધિદર્શનાવરણીય**=અવધિદર્શન દ્વારા જગતના રૂપી ભાવોને સામાન્યથી જાણવાની આત્માની જે શક્તિ છે તેને આવરનારૂં જે કર્મ.

(૪) **કેવલદર્શનાવરણીય**= લોકાલોકના ત્રણે કાળના સર્વે ભાવોને સામાન્યથી જાણવાની આત્માની જે શક્તિ છે. તેને આવરનારૂં કર્મ.

(૫) **નિદ્રા**= અલ્પ ઉંઘ, ચપટી વગાડવા માત્રથી જાગી જવાય તેવી. (શ્વાનનિદ્રાતુલ્ય), સુખે જાગૃત થવાય તેવી નિદ્રા.

(૬) **નિદ્રાનિદ્રા**= ભારે ઉંઘ, ઢંઢોળવા છતાં જે જાગે નહીં, ઉઠાડવાના ઉપાયો કરવા પડે તે.

(૭) **પ્રચલા**= બેઠાં બેઠાં, અને ઉભાં ઉભાં ઉંઘ આવે તે.

(૮) **પ્રચલાપ્રચલા**= ચાલતાં ચાલતાં ઉંઘ આવે તે.

(૯) **સ્ત્યાનગૃદ્ધિ**= થિણદ્ધિ-દિવસે વિચારી રાખેલું આવેશવાળું કામકાજ ઉંઘમાં ઉઠીને કરે, પરંતુ ખબર ન પડે તેવી ગાઢ ઊંઘ તે સ્ત્યાનર્દ્ધિ આ નિદ્રાને સ્ત્યાનગૃદ્ધિ પણ કહેવાય છે. આ નવ પ્રકારનું દર્શનાવરણીયકર્મ જાણવું. ૮-૮.

**सदसद्वेद्ये** ૮-૯

**સદસદ્વેદ્યે** ૮-૯

**સદ્-અસદ્-વેદ્યે** ૮-૯



**સૂત્રાર્થ : સાતા-અસાતા એ બે વેદનીયના ભેદ છે. ૮-૯**

**ભાવાર્થઃ**- સાનુકૂળતા-સુખનો અનુભવ તે સાતાવેદનીય, અને પ્રતિકૂળતા-દુઃખનો અનુભવ તે અસાતાવેદનીય એમ વેદનીયકર્મ બે પ્રકારે જાણવું. સુખ અને દુઃખની સામગ્રી મળવી, તથા સાધનોનો યોગ થવો અને તેના દ્વારા સુખ તથા પીડાનો જે અનુભવ થવો તે સાતા-અસાતા વેદનીયકર્મ છે પરંતુ તેમાં સુખબુદ્ધિ થવી કે દુઃખબુદ્ધિ થવી તે મોહનીયકર્મ છે. ૮-૯.

**दर्शन-चारित्रमोहनीय-कषाय-नोकषाय-वेद-नीयाख्यास्त्रिद्विषोडशनवभेदाः, सम्यक्त्वमिथ्यात्वतदु-भयानि, कषायनोकषायावनन्तानुबन्ध्यप्रत्याख्यान-प्रत्याख्यानावरण-संज्वलनविकल्पाश्चैकशः, क्रोध-मान-माया-लोभा, हास्यरत्यरतिशोकभयजुगुप्सास्त्रीपुंन-पुंसकवेदाः ८-१०**

**દર્શન-ચારિત્રમોહનીય-કષાય-નોકષાય-વેદનીયાખ્યાસ્ત્રિદ્વિષોડશ-નવભેદાઃ સમ્યક્ત્વ-મિથ્યાત્વ-તદુભયાનિ, કષાય-નોકષાયાવનન્તાનુબન્ધ્યપ્રત્યાખ્યાન-પ્રત્યાખ્યાનાવરણ-સંજ્વલનવિકલ્પાશ્ચૈકશઃ ક્રોધ-માન-માયા-લોભા હાસ્યરત્યરતિ-શોક-ભય-જુગુપ્સા-સ્ત્રી-પું-નપુંસકવેદાઃ ૮-૧૦**

**દર્શન-ચારિત્રમોહનીય-કષાય-નોકષાયવેદનીયાખ્યાઃ**

**ત્રિ-દ્વિ-ષોડશ-નવભેદાઃ, સમ્યક્ત્વ-મિથ્યાત્વ-તદુભયાનિ, કષાયનોકષાયૌ અનન્તાનુબંધી-અપ્રત્યાખ્યાન-પ્રત્યાખ્યાનાવરણ-સંજ્વલન-વિકલ્પાઃ ચ એકશઃ ક્રોધ-માન-માયા-લોભાઃ, હાસ્ય-રતિ-અરતિ-શોક-ભય-જુગુપ્સા-સ્ત્રી-પું-નપુંસકવેદાઃ ૮-૧૦**

**સૂત્રાર્થ : દર્શનમોહનીય, ચારિત્રમોહનીય, કષાયમોહનીય અને નોકષાય મોહનીયના અનુક્રમે ૩, ૨, ૧૬, ૯ ભેદો છે. સમ્યક્ત્વ, મિશ્ર અને મિથ્યાત્વ આ ત્રણ દર્શનમોહનીયના ભેદ છે. કષાય અને નોકષાય એ બે ચારિત્ર મોહનીયના ભેદ છે. અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાન, પ્રત્યાખ્યાનાવરણ અને સંજ્વલન આ ચારના ક્રોધ, માન, માયા અને લોભ એમ ૧૬ ભેદો કષાયમોહનીયના છે. તથા હાસ્ય, રતિ, અરતિ, શોક, ભય, જુગુપ્સા, સ્ત્રીવેદ, પુરુષવેદ અને નપુંસકવેદ આ નવ નોકષાયમોહનીયના ભેદ છે. ૮-૧૦**

**ભાવાર્થ:-** હવે આ સૂત્રમાં મોહનીયકર્મના ભેદ-પ્રતિભેદ જણાવે છે. મોહનીયકર્મના દર્શનમોહનીય, અને ચારિત્રમોહનીય, એમ પ્રથમ ૨ ભેદ છે. બીજા ચારિત્ર મોહનીયના કષાય અને નોકષાયમોહનીય એમ ૨ ભેદ છે. તે ચારેના અનુક્રમે ૩-૨-૧૬ અને ૯ ભેદો છે.








(૧) **દર્શનમોહનીયના ૩ ભેદો છે.** (૧) સમ્યક્ત્વમોહનીય, (૨) મિશ્રમોહનીય અને (૩) મિથ્યાત્વમોહનીય.

(૨) **ચારિત્રમોહનીયના ૨ ભેદો છે.** (૧) કષાયમોહનીય અને (૨) નોકષાય મોહનીય.

(૩) **કષાયમોહનીયના ૧૬ ભેદો છે.** અનંતાનુબંધી-અપ્રત્યાખ્યાનીય-પ્રત્યાખ્યાનાવરણ અને સંજ્વલન એમ ચારના ક્રોધાદિ ચાર કુલ ૪×૪=૧૬.

(૪) **નોકષાયમોહનીયના ૯ ભેદો છે.** (૧) હાસ્ય, (૨) રતિ, (૩) અરતિ, (૪) શોક, (૫) ભય, (૬) જુગુપ્સા, (૭) સ્ત્રીવેદ, (૮) પુરુષવેદ, (૯) નપુંસકવેદ.

સમ્યક્ત્વમાં મુંઝવે તે દર્શનમોહનીય, આચરણમાં મલીનતા-કલુષિતતા લાવે તે ચારિત્રમોહનીય, ક્રોધાદિના

આવેશો તે કષાયમોહનીય, અને ક્રોધાદિના પ્રેરક એવા હાસ્યાદિના આવેશો તે નોકષાયમોહનીય.

જૈનધર્મમાં કહેલા યથાર્થ તત્ત્વો ઉપર અરુચિ તે મિથ્યાત્વ, યથાર્થતત્ત્વ ઉપર ન રુચિ અને ન અરુચિ તે મિશ્રમોહનીય, અને યથાર્થતત્ત્વ ઉપર રુચિ હોવા છતાં પણ ડામાડોળ સ્થિતિ તે સમ્યક્ત્વમોહનીય.

અનંતા સંસારને વધારે એવો તીવ્ર કષાય તે અનંતાનુબંધી, સંસારના ભોગોની અલ્પ પણ વિરમણવૃત્તિ ન થવા દે તેવો કષાય તે અપ્રત્યાખ્યાનીય. સંસારના ભોગોની સર્વથા વિરમણવૃત્તિ ન થવા દે તેવો કષાય તે પ્રત્યાખ્યાનાવરણ. અને ચારિત્ર આવવા છતાં આત્માને કંઈક કલુષિત કરે તે સંજ્વલનકષાય. હાસ્યાદિ નવ નોકષાયો સુપ્રસિદ્ધ છે.

આ પ્રમાણે મોહનીયકર્મના કુલ ૩+૧૬+૯=૨૮ ભેદો થાય છે. ૮-૧૦.

**नारक-तैर्यग्योन-मानुष-दैवानि ८-११**

**નારક-તૈર્યગ્યોન-માનુષ-દૈવાનિ ૮-૧૧**

**નારક-તૈર્યગ્યોન-માનુષ-દૈવાનિ ૮-૧૧**

**સૂત્રાર્થ : નારક, તિર્યંચ, મનુષ્ય અને દેવાયુષ્ય આ ચાર આયુષ્યકર્મના ભેદ છે. ૮-૧૧**

ભાવાર્થઃ- આયુષ્યકર્મના ૪ ભેદો છે. (૧) નરકાયુષ્ય,



(૨) તિર્યંચાયુષ્ય, (૩) મનુષ્યનું આયુષ્ય અને (૪) દેવનું આયુષ્ય. તે તે ભવોમાં આ આયુષ્યકર્મ જીવાડે છે. નીકળવાની ઈચ્છા હોવા છતાં નીકળવા દેતું નથી. આ આયુષ્ય કર્મ બેડી જેવું છે. બાંધ્યા પછી તે ભવમાં જવું જ પડે છે. અને અલ્પ પણ આયુષ્ય બાકી હોતે છતે મૃત્યુ થતું નથી. ૮-૧૧.

**गति-जाति-शरीराङ्गोपाङ्ग-निर्माण-बन्धन-संघात-संस्थान-संहनन-स्पर्श-रस-गन्ध-वर्णानुपूर्व्यगुरुलघूपघात-पराघातातपोद्योतोच्छ्वासविहायोगतयः प्रत्येकशरीर-त्रस-सुभग-सुस्वर-शुभ-सूक्ष्म-पर्याप्त-स्थिरादेय-यशांसि सेतराणि-तीर्थकृत्त्वं च ८-१२**

**ગતિ-જાતિ-શરીરાંગોપાંગ-નિર્માણ-બંધન-સંઘાત-સંસ્થાન-સંહનન-સ્પર્શ-રસ-ગંધ-વર્ણાનુપૂર્વ્યગુરુલઘૂપઘાત-પરાઘાતાતપોદ્યોતોચ્છ્વાસ-વિહાયોગતયઃ પ્રત્યેકશરીર-ત્રસસુભગસુસ્વર-શુભ-સૂક્ષ્મ-પર્યાપ્તસ્થિરાદેય-યશાંસિ સેતરાણિ તીર્થકૃત્ત્વં ચ ૮-૧૨**

**ગતિ-જાતિ-શરીર-અંગોપાંગ-નિર્માણ-બંધન-સંઘાત-સંસ્થાન-સંહનન-સ્પર્શ-રસ-ગંધ-વર્ણ-આનુપૂર્વી-અગુરુલઘુ-ઉપઘાત-પરાઘાત-આતપ-ઉદ્યોત-ઉચ્છ્વાસ-વિહાયોગતયઃ, પ્રત્યેકશરીર-ત્રસ-સુભગ-સુસ્વર-શુભ-સૂક્ષ્મ-પર્યાપ્ત-સ્થિર-આદેય-યશાંસિ સેતરાણિ તીર્થકૃત્ત્વં ચ ૮-૧૨**

**સૂત્રાર્થ : ગતિ, જાતિ, શરીર, અંગોપાંગ, નિર્માણ, બંધન, સંઘાતન, સંસ્થાન, સંઘયણ, સ્પર્શ, રસ, ગંધ, વર્ણ, આનુપૂર્વી, અગુરુલઘુ, ઉપઘાત, પરાઘાત, આતપ, ઉદ્યોત, ઉચ્છ્વાસ, વિહાયોગતિ, પ્રત્યેકશરીર, ત્રસ, સુભગ, સુસ્વર, શુભ, સૂક્ષ્મ, પર્યાપ્ત, સ્થિર, આદેય, યશ, તથા આ દશ પ્રકૃતિોની પ્રતિપક્ષી સ્થાવરાદિ દશ પ્રકૃતિઓ અને તીર્થંકરનામકર્મ એમ કુલ ૪૨ નામકર્મના ભેદ છે. ૮-૧૨**

**ભાવાર્થઃ-** આ સૂત્રમાં નામકર્મના ૪૨ ભેદો છે, તેમાં ૧૪ પિંડપ્રકૃતિ છે અને ૮+૨૦=૨૮ પ્રત્યેક પ્રકૃતિ છે. જેના ૨-૩-૪ આદિ પેટાભેદો હોય તે પિંડપ્રકૃતિ કહેવાય છે. અને જેના પેટાભેદો ન હોય, એકેક જ ભેદ હોય તે પ્રત્યેક પ્રકૃતિઓ કહેવાય છે. પિંડપ્રકૃતિ ૧૪ છે. તે આ પ્રમાણે-

(૧) **ગતિ=** તે તે ભવમાં જવું, તે તે ભવની પ્રાપ્તિ થવી, તેને ગતિ કહેવાય છે. તે ચાર પ્રકારે છે. (૧) દેવ, (૨) નરક, (૩) તિર્યંચ, (૪) મનુષ્ય.

(૨) **જાતિ=** એક, બે, ત્રણ આદિ ઇન્દ્રિયોવાળા ભવની પ્રાપ્તિ થવી તે જાતિ. તે પાંચ પ્રકારે છે. (૧) એકેન્દ્રિય, (૨) બેઇન્દ્રિય, (૩) તેઇન્દ્રિય, (૪) ચઉરિન્દ્રિય અને (૫) પંચેન્દ્રિય.

(૩) **શરીર=** નાશ પામે તે શરીર, પાંચ પ્રકારે છે. (૧) ઔદારિક, (૨) વૈક્રિય, (૩) આહારક તૈજસ કાર્મણ.



(૪) **અંગોપાંગ=** શરીરમાં અંગ અને પેટા અંગોની પ્રાપ્તિ થવી તે. તેના ત્રણ પ્રકાર છે. ઔદારિકાંગોપાંગ, વૈક્રિયાંગોપાંગ, આહારકાંગોપાંગ.

(૫) **બંધન=** શરીરમાં જુના અને નવા પુદ્ગલોનું જોડાવું. એકમેક થવું તે. તેના પાંચ અથવા પંદર પ્રકારો છે. શરીર પ્રમાણે પાંચ, અને બે-ત્રણ શરીરોના મિશ્રણથી પંદર.

(૬) **સંઘાતન=** શરીરને યોગ્ય પુદ્ગલોની રાશિ કરવી તે. તે પાંચ પ્રકારે છે. ઔદારિક, વૈક્રિય, આહારક વગેરે શરીરની જેમ.

(૭) **સંસ્થાન=** આકાર, ૬ પ્રકારે છે. સમચતુરસ્ર, ન્યગ્રોધપરિમંડળ સાદિ, વામન, કુબ્જ અને હુંડક.

(૮) **સંહનન=** સંઘયણ, હાડકાંની રચના, ૬ પ્રકારે છે. વજ્રઋષભનારાચ, વગેરે.

(૯) **સ્પર્શ=** ૮ પ્રકારે છે. શીત, ઉષ્ણ, સ્નિગ્ધ, રુક્ષ, ગુરુ, લઘુ, મૃદુ, કર્કશ.

(૧૦) **રસ=** પાંચ પ્રકારે છે. કડવો, તીખો, તુરો, ખાટો, મીઠો, (તિક્ત, કટુ, કષાય, આમ્લ, મધુર).

(૧૧) **ગંધ=** ૨ પ્રકારે છે. સુરભિગંધ અને દુરભિગંધ.

(૧૨) **વર્ણ=** પાંચ પ્રકારે છે. કાળો, નીલો, લાલ, પીળો ધોળો. (કૃષ્ણ-નીલ-રક્ત-પીત-શ્વેત).

(૧૩) **આનુપૂર્વી=** એકભવથી બીજાભવમાં જતા જીવને વક્રા કરવાના કાળે વક્રા કરાવવા દ્વારા યોગ્ય સ્થાને લઇ જાય તેવું કર્મ, ગતિની માફક ૪ પ્રકારે છે. દેવાનુપૂર્વી, નરકાનુપૂર્વી, તિર્યંચાનુપૂર્વી, મનુષ્યાનુપૂર્વી.

(૧૪) **વિહાયોગતિ=** પગની ચાલ, બે પ્રકારે છે. શુભ-અશુભ. હંસ અને હાથી જેવી ચાલ તે શુભ અને ગધેડા તથા ઊંટના જેવી ચાલ તે અશુભ. આ ચૌદે પિંડ પ્રકૃતિમાં ૨-૩-૪ આદિ પેટાભેદો છે. માટે જ તે પિંડ-સમૂહ કહેવાય છે. તે ૧૪ પિંડપ્રકૃતિના પેટાભેદો અનુક્રમે ૪, ૫, ૫, ૩, ૫,
(૧૫) ૫, ૬, ૬, ૮, ૫, ૨, ૫, ૪, ૨ છે. તેથી કુલ ૬૫
(૭૫) ભેદો થાય છે.

હવે જેના પેટાભેદ નથી એવી ૮+૨૦=૨૮ પ્રકૃતિઓ સમજાવાય છે.

(૧) **નિર્માણ=** શરીરના અવયવોને પોત-પોતાના સ્થાને ગોઠવે તે.

(૨) **અગુરુલઘુ=** પોતાનું શરીર પોતાને ન ભારે લાગે. અને ન હલકું લાગે તે.

(૩) **ઉપઘાત=** પોતાના અવયવોથી જ પોતે દુઃખી થાય તે, જેમ રસોળી, ખુંધ વગેરે.

(૪) **પરાઘાત=** સામે બળવાન્ માણસ હોય તો પણ જેને જોઇને દબાઇ જાય તે.



(૫) **આતપ=** પોતે શીત હોય છતાં પોતાનો પ્રકાશ ગરમ આપે તે, આ સૂર્યના વિમાનના રત્નોને હોય છે.

(૬) **ઉદ્યોત=** પોતાનો પ્રકાશ ઠંડો હોય તે, આ ચંદ્રના વિમાનના રત્નો આદિને હોય છે.

(૭) **ઉચ્છ્વાસ=** શ્વાસ-ઉચ્છ્વાસ સારી રીતે લઇ-મૂકી શકે તે.

(૮) **તીર્થંકરનામકર્મ=** ત્રણે જગતને પૂજનીય થાય, ચતુર્વિધ સંઘની સ્થાપના કરે તે.

હવે ૧૦ પ્રકૃતિ શુભ અને ૧૦ પ્રકૃતિ અશુભ-એમ વીશ પ્રકૃતિ સામસામી જોડકારૂપે છે. તે સમજાવે છે.

(૧-૨) **પ્રત્યેક-સાધારણ=** જુદું જુદું શરીર હોય તે પ્રત્યેક, અનંત જીવો વચ્ચે એકજ શરીર મળે તે સાધારણ.

(૩-૪) **ત્રસ-સ્થાવર=**હાલે ચાલે તે ત્રસ, અને સ્થિર રહે તે સ્થાવર.

(૫-૬) **સુભગ-દુર્ભગ=** લોકો વ્હાલ કરે તે સૌભાગ્ય, લોકો વ્હાલ ન કરે પણ અપ્રીતિ દર્શાવે તે દૌર્ભાગ્ય.

(૭-૮) **સુસ્વર-દુઃસ્વર=** કોયલ જેવો મધુરસ્વર તે સુસ્વર અને કાગડા-ગધેડા જેવો ખરાબ સ્વર તે દુઃસ્વર.

(૯-૧૦) **શુભ-અશુભ=** નાભિથી ઉપરના અવયવો શુભ, નીચેના અવયવો અશુભ છે. હાથ વિગેરે ઉપરના અવયવોના સ્પર્શથી જીવ રાજી થાય, અને પગ

વગેરે નીચેના અવયવોના સ્પર્શથી જીવ નારાજ થાય, તે અનુક્રમે શુભ અને અશુભ.

(૧૧-૧૨) **બાદર-સૂક્ષ્મ=** સ્થૂલ એવું શરીર તે બાદર, ન દેખી શકાય તેવું શરીર તે સૂક્ષ્મ.

(૧૩-૧૪) **પર્યાપ્ત-અપર્યાપ્ત=** આહારાદિ પર્યાપ્તિઓ પૂર્ણ કરી શકે તે પર્યાપ્ત, અને અપૂર્ણ રાખે તે અપર્યાપ્ત.

(૧૫-૧૬) **સ્થિર-અસ્થિર=** હાડકાં-દાંત સ્વસ્થાને સ્થિર છે તે સ્થિરનામકર્મ. અને જીભ વગેરે અસ્થિર છે તે અસ્થિરનામકર્મ.

(૧૭-૧૮) **આદેય-અનાદેય=** લોકો વચન માન્ય રાખે તે આદેય, લોકો વચન માન્ય ન રાખે તે અનાદેય.

(૧૯-૨૦) **યશ-અપયશ=** પ્રશંસા-કીર્તિ તે યશ અને નિંદા-અપકીર્તિ તે અપયશ.

આ પ્રમાણે ૧૪+૮+૨૦=કુલ ૪૨ નામકર્મના ભેદો છે. અને ૧૪ પિંડપ્રકૃતિના પેટાભેદો જો ગણીએ તો ૧૪ના પેટાભેદો ૬૫ થાય છે. તેમાં ઉપરોક્ત ૮+૨૦=૨૮ ઉમેરીએ તો ૯૩ થાય છે. બંધન પાંચને બદલે પંદર પણ ગણાય છે. તેમ કરીએ તો ૧૦૩ થાય છે. અને બંધન-સંઘાતન શરીરમાં ગણીએ અને વર્ણ-ગંધ-રસ-સ્પર્શ સામાન્યથી ગણીએ તો ૬૭ ભેદ પણ થાય છે. એમ નામકર્મના પેટા ભેદો ૪૨-૯૩-૧૦૩ અને ૬૭ એમ ચાર પ્રકારે છે.



| | | | | |
|---|---|---|---|---|
| પિંડપ્રકૃતિ- | ૧૪ | - ૬૫ | ૭૫ | ૩૯ |
| પ્રત્યેકપ્રકૃતિ | + ૮ | + ૮ | + ૮ | +૮ |
| ત્રસ-સ્થાવરદશક | + ૨૦ | + ૨૦ | +૨૦ | +૨૦ |
| | ૪૨ | ૯૩ | ૧૦૩ | ૬૭ |

પંદર બંધન જાણવાનો ઉપાય આ પ્રમાણે છે.

(૧) ઔદારિકની સાથે ૪= (૧) ઔદારિક ઔદારિક,
(૨) ઔદારિક તૈજસ,
(૩) ઔદારિક કાર્મણ,
(૪) ઔદારિકતૈજસકાર્મણ.

(૨) વૈક્રિયની સાથે પણ ૪= (૧) વૈક્રિય વૈક્રિય, (૨) વૈ. તૈ.
(૩) વૈ. કા. (૪) વૈ. તૈ. કા.

(૩) આહારકની સાથે પણ ૪= (૧) આહા. આહા. (૨) આ. તૈ.
(૩) આ. કા. (૪) આ. તૈ. કા.

(૪) તૈજસની સાથે ૨= (૧) તૈજસ તૈજસ, (૨) તૈજસ કાર્મણ.

(૫) કાર્મણની સાથે ૧= (૧) કાર્મણ કાર્મણ.
કુલ ૧૫

આ પ્રમાણે નામકર્મના જુદી જુદી રીતે વિવિધ ભેદો થાય છે. મૂળ સૂત્રમાં પિંડપ્રકૃતિઓની વચ્ચે **નિર્માણ** જે લખ્યું છે, તે શરીરની સાથે સંબંધવાળી આ પ્રકૃતિ હોવાથી આવી રચના કરેલ છે. તથા વિહાયોગતિ એ પિંડપ્રકૃતિ હોવા છતાં અંતે જે લખેલ છે. તેનું કારણ દ્વન્દ્વસમાસમાં અલ્પસ્વરી શબ્દો આગળ આવે છે. અને બહુસ્વરી શબ્દો પાછળ આવે છે તે છે. આ પ્રમાણે નામકર્મના ભેદો સમજાવ્યા. ૮-૧૨.

**उच्चैर्नीचैश्च ८-१३**
**ઉચ્ચૈર્નીચૈશ્ચ ૮-૧૩**
**ઉચ્ચૈઃ નીચૈઃ ચ ૮-૧૩**

**સૂત્રાર્થ : ઉચ્ચગોત્ર અને નીચગોત્ર એમ ગોત્રકર્મના બે ભેદ છે. ૮-૧૩**

**ભાવાર્થઃ**-ગોત્રકર્મના ફક્ત ૨ જ ભેદો છે. સારા-સંસ્કારી-ઉંચા ઘરોમાં જન્મ થવો તે ઉચ્ચગોત્ર, અને તુચ્છ-અસંસ્કારી ઘરોમાં જન્મ થવો તે નીચગોત્ર. ૮-૧૩.

**दानादीनाम् ८-१४**
**દાનાદીનામ્ ૮-૧૪**
**દાનાદીનામ્ ૮-૧૪**

**સૂત્રાર્થ : દાનાદિ પાંચ લબ્ધિઓનો અંતરાય તે અંતરાયકર્મ પાંચ પ્રકારે છે. ૮-૧૪**

**ભાવાર્થ :** દાન-લાભ-ભોગ-ઉપભોગ અને વીર્ય એમ પાંચ પ્રકારની લબ્ધિઓ છે. તેને જે રોકે-વિઘ્ન કરે તે અંતરાયકર્મ પણ પાંચ પ્રકારે છે. ૮-૧૪.

આ પ્રમાણે જ્ઞાનાવરણીય આદિ આઠે મૂલ કર્મોના પ્રકૃતિભેદો સમજાવ્યા એટલે સૂત્ર ૮-૪માં જણાવેલા ચાર પ્રકારના બંધમાંથી પ્રકૃતિબંધ પૂર્ણ થયો. હવે સ્થિતિબંધ સમજાવે છે. બાંધેલું કર્મ આત્મા સાથે વધુમાં વધુ કેટલો કાલ રહે તે ઉત્કૃષ્ટસ્થિતિબંધ, અને ઓછામાં ઓછું કેટલો કાળ રહે તે જઘન્યસ્થિતિબંધ.



**आदितस्तिसृणामन्तरायस्य च त्रिंशत्सागरोपमकोटीकोट्यः परा स्थितिः ८-१५**
**આદિતસ્તિસૃણામન્તરાયસ્ય ચ ત્રિંશત્સાગરોપમકોટીકોટ્યઃ પરા સ્થિતિઃ ૮-૧૫**
**આદિતઃ તિસૃણામ્-અન્તરાયસ્ય ચ ત્રિંશત્સાગરોપમકોટીકોટ્યઃ પરા સ્થિતિઃ ૮-૧૫**

**सप्ततिर्मोहनीयस्य ८-१६**
**સપ્તતિર્મોહનીયસ્ય ૮-૧૬**
**સપ્તતિઃ મોહનીયસ્ય ૮-૧૬**

**नामगोत्रयोर्विंशतिः ८-१७**
**નામગોત્રયોર્વિંશતિઃ ૮-૧૭**
**નામગોત્રયોઃ વિંશતિઃ ૮-૧૭**

**त्रयस्त्रिंशत्सागरोपमाण्यायुष्कस्य ८-१८**
**ત્રયસ્ત્રિંશત્સાગરોપમાણ્યા આયુષ્કસ્ય ૮-૧૮**
**ત્રયસ્ત્રિંશત્સાગરોપમાણિઆયુષ્કસ્ય ૮-૧૮**

**સૂત્રાર્થ : પ્રથમની ત્રણ કર્મપ્રકૃતિઓની તથા અંતરાયકર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ ૩૦ કોડાકોડી સાગરોપમ પ્રમાણ છે. ૮-૧૫**

**સૂત્રાર્થ : મોહનીયકર્મની ઉત્કૃષ્ટસ્થિતિ ૭૦ કોડાકોડી સાગરોપમ પ્રમાણ છે. ૮-૧૬**

**સૂત્રાર્થ : નામકર્મ અને ગોત્રકર્મની ઉ.સ્થિતિ ૨૦ કોડાકોડી સાગરોપમ પ્રમાણ છે. ૮-૧૭**

**સૂત્રાર્થ : આયુષ્યકર્મની ઉ. સ્થિતિ ૩૩ સાગરોપમ છે. ૮-૧૮**

**ભાવાર્થ**:- આદિનાં ત્રણ કર્મો (જ્ઞાનાવરણીય-દર્શનાવરણીય, અને વેદનીય) તથા અંતરાયકર્મ એમ કુલ-૪ કર્મોની ઉત્કૃષ્ટસ્થિતિ ૩૦ કોડાકોડી સાગરોપમ છે. ક્રોડને ક્રોડે ગુણવાથી જે આવે તે કોડાકોડી કહેવાય છે. મોહનીયકર્મની ૭૦ કોડાકોડી સાગરોપમ પ્રમાણ, નામ-ગોત્રકર્મની ૨૦ કોડાકોડી સાગરોપમપ્રમાણ ઉત્કૃષ્ટસ્થિતિ છે. અને આયુષ્યકર્મની વધુમાં વધુ ૩૩ સાગરોપમની સ્થિતિ છે.

આ ઉત્કૃષ્ટસ્થિતિ જે કહી છે. તે અબાધાકાળ અને ભોગ્યકાળ એમ બન્ને સાથે મળીને કહી છે. જે કર્મની જેટલા કોડાકોડી સાગરોપમની સ્થિતિ બંધાય છે. તેટલા સો વર્ષનો અબાધાકાળ તે કર્મનો જાણવો. અને શેષ ભોગ્યકાળ જાણવો.

જ્ઞાનાવરણીયાદિનો ઉત્કૃષ્ટ અબાધાકાળ ૩૦૦૦ વર્ષનો, મોહનીયનો ૭૦૦૦ વર્ષનો નામ-ગોત્ર કર્મનો ૨૦૦૦ વર્ષનો ઉ૦અબાધાકાળ હોય છે. આ સાતે કર્મોનો જઘન્ય અબાધાકાળ



અંતર્મુહૂર્ત હોય છે. આયુષ્યકર્મમાં વર્તમાન ભવનું જેટલું આયુષ્ય શેષ હોય તેટલો અબાધાકાળ જાણવો.

બંધાતા કર્મની જ્યાં દલિક રચના ન હોય તે અબાધા કાળ અને જ્યાં દલિક રચના હોય તે ભોગ્યકાળ. બાંધેલું કર્મ પોતાનો ફળવિપાક ન બતાવે તે અબાધાકાળ અને પોતાનો ફળવિપાક બતાવે તે ભોગ્યકાળ. ૮-૧૫,૧૬,૧૭,૧૮.

**अपरा द्वादश मुहूर्ता वेदनीयस्य ૮-૧૯**
**અપરા દ્વાદશ મુહૂર્તા વેદનીયસ્ય ૮-૧૯**
**અપરા દ્વાદશ મુહૂર્તા વેદનીયસ્ય ૮-૧૯**

**नामगोत्रयोरष्टौ ૮-૨૦**
**નામગોત્રયોરષ્ટૌ ૮-૨૦**
**નામગોત્રયોઃ અષ્ટૌ ૮-૨૦**

**शेषाणामन्तर्मुहूर्तम् ૮-૨૧**
**શેષાણામન્તર્મુહૂર્તમ્ ૮-૨૧**
**શેષાણામ્-અન્તર્મુહૂર્તમ્ ૮-૨૧**

**સૂત્રાર્થ : વેદનીયકર્મની જઘન્યસ્થિતિ ૧૨ મુહૂર્ત છે. ૮-૧૯**

**સૂત્રાર્થ : નામ અને ગોત્ર કર્મની જઘન્યસ્થિતિ ૮ મુહૂર્ત છે. ૮-૨૦**

**સૂત્રાર્થ : બાકીનાં પાંચ કર્મોની જઘન્યસ્થિતિ અંતર્મુહૂર્તની છે. ૮-૨૧**

**ભાવાર્થ:-** હવે જઘન્યસ્થિતિ સમજાવે છે. વેદનીયકર્મની ૧૨ મુહૂર્ત છે. નામ અને ગોત્રકર્મની ૮ મુહૂર્ત છે. અને બાકીનાં કર્મોની અંતર્મુહૂર્ત છે. જઘન્ય એટલે ઓછામાં ઓછી સ્થિતિ. તેનું ચિત્ર આ પ્રમાણે છે. ૮-૧૯-૨૦-૨૧.

જઘન્ય અબાધાકાળ સર્વત્ર અંતર્મુહૂર્ત જાણવો. સર્વે કર્મોમાં ઉ૦સ્થિતિ બંધાય ત્યારે ઉત્કૃષ્ટ અબાધા હોય, અને જઘન્યસ્થિતિ બંધાય ત્યારે જઘન્ય અબાધા હોય. પરંતુ આયુષ્યકર્મમાં તેમ નથી. આયુષ્યકર્મમાં ચાલુભવની જેટલી શેષસ્થિતિ હોય છે. તે જ પરભવના આયુષ્યનો અબાધાકાળ જાણવો. ઉત્કૃષ્ટથી પૂર્વક્રોડનો ત્રીજોભાગ અને જઘન્યથી અંતર્મુહૂર્ત અબાધાકાળ આયુષ્યકર્મનો જાણવો.

| નં. | કર્મનું નામ | ઉત્કૃષ્ટસ્થિતિ | જઘન્યસ્થિતિ |
|---|---|---|---|
| ૧ | જ્ઞાનાવરણીયકર્મ | ૩૦ કોડાકોડી સાગરો. | અંતર્મુહૂર્ત |
| ૨ | દર્શનાવરણીયકર્મ | ૩૦ કોડાકોડી સાગરો. | ” |
| ૩ | વેદનીયકર્મ | ૩૦ કોડાકોડી સાગરો. | ૧૨ મુહૂર્ત |
| ૪ | મોહનીયકર્મ | ૭૦ કોડાકોડી સાગરો. | અંતર્મુહૂર્ત |
| ૫ | આયુષ્યકર્મ | ૩૩ સાગરોપમ માત્ર | અંતર્મુહૂર્ત |
| ૬ | નામકર્મ | ૨૦ કોડાકોડી સાગરો. | ૮ મુહૂર્ત |
| ૭ | ગોત્રકર્મ | ૨૦ કોડાકોડી સાગરો. | ૮ મુહૂર્ત |
| ૮ | અંતરાયકર્મ | ૩૦ કોડાકોડી સાગરો. | અંતર્મુહૂર્ત |



**विपाकोनुभावः ८-२२**
**વિપાકોનુભાવઃ ૮-૨૨**
**વિપાકઃ અનુભાવઃ ૮-૨૨**

**સૂત્રાર્થ : કર્મોનો જે વિપાક (ફળપ્રદાન) તે અનુભાવબંધ કહેવાય છે. (તેને જ રસબંધ અથવા અનુભાગબંધ પણ કહેવાય છે.) ૮-૨૨**

**ભાવાર્થ:-** સ્થિતિબંધ સમજાવીને હવે રસબંધ સમજાવે છે. બાંધેલા કર્મોનો જે વિપાક એટલે ફળપ્રાપ્તિ છે. તેને જ અનુભાવ અથવા રસબંધ કહેવાય છે. જે જે કર્મો બાંધેલાં છે તે તે કર્મો પોતપોતાનું નક્કી કરેલું ફળ આત્માને જે બતાવે, જણાવે, આપે તે અનુભાવબંધ અથવા રસબંધ જાણવો.

બાંધેલાં કર્મો જે જુસ્સાથી પોતાનો ફળ વિપાક જણાવે તે રસબંધ જાણવો. ૮-૨૨.

**स यथानाम ८-२३**
**સ યથાનામ ૮-૨૩**
**સ યથાનામ ૮-૨૩**

**સૂત્રાર્થ : જે કર્મોનું જેવું નામ છે તેવો વિપાક હોય છે. ૮-૨૩**

**ભાવાર્થ:-** જે કર્મનું જેવું જેવું નામ છે તેવું તેવું

વિપાક=ફળ આપવું એવા સ્વભાવવાળો તે રસબંધ છે. જેમકે જ્ઞાનાવરણીયકર્મનો વિપાક જ્ઞાનને ઢાંકવાનો છે. વેદનીયકર્મનો વિપાક સાતા-અસાતા રૂપે વેદાવાનો છે. એમ જે કર્મનું જેવું નામ છે. તેવું તેનું ફળ છે. આ રસની તરતમતા (ઓછા-વધતાપણું) જણાવવા માટે તેના ચાર પ્રકારો શાસ્ત્રોમાં પાડ્યા છે. (૧) એક ઠાણીયો રસ, (૨) બેઠાણીયો રસ, (૩) ત્રણ ઠાણીયો રસ, (૪) ચાર ઠાણીયો રસ.

પુણ્યપ્રકૃતિઓનો રસ શુભ છે શેરડીના રસ જેવો છે. અને પાપ પ્રકૃતિઓનો રસ અશુભ છે લીંબડાના રસ જેવો છે. તેને ઉકાળવાથી જેમ મીઠાશ અને કડવાશ વધે છે તેમ શુભ અને અશુભ કર્મપ્રકૃતિઓના આ ઠાણીયા રસોમાં પણ સમજવું. ૮-૨૩.

**ततश्च निर्जरा ८-२४**
**તતશ્ચ નિર્જરા ૮-૨૪**
**તતઃ ચ નિર્જરા ૮-૨૪**

**સૂત્રાર્થ : તે વિપાકાનુભાવથી પૂર્વબદ્ધકર્મોની નિર્જરા થાય છે. ૮-૨૪**

**ભાવાર્થ**-તે તે કર્મોના વિપાકને (ફળને) ભોગવી લેવાથી પૂર્વે બાંધેલાં તે તે કર્મો આત્માથી વિખુટાં પડે છે અર્થાત્ નિર્જરા થાય છે. કારણ કે જે કર્મ જે ફળ આપવા માટે બંધાયું હતું તે કર્મ પોતાનું તે ફળ આપી રહે એટલે પુનઃ કાર્મણ વર્ગણા રૂપે જ બની જાય છે. આત્માથી છૂટું થઇ મૂળ વર્ગણા રૂપે થઇ જાય





છે. તેથી તેને નિર્જરા કહેવાય છે. આ વિપાકોદયજન્ય નિર્જરા કહેવાય છે. કર્મો ભોગવ્યા વિના અપવર્તના આદિ દ્વારા પણ નિર્જરા થાય છે. તે વિપાકોદય વિના ગુણજન્યનિર્જરા કહેવાય છે. અને તે જ નિર્જરા શ્રેષ્ઠ છે. મુક્તિ હેતુ છે. ૮-૨૪.

**नामप्रत्ययाः सर्वतो योगविशेषात् सूक्ष्मैकक्षेत्राव-गाढस्थिताः सर्वात्मप्रदेशेष्वनन्तानन्तप्रदेशाः ८-२५**
**નામપ્રત્યયાઃ સર્વતો યોગવિશેષાત્ સૂક્ષ્મૈકક્ષેત્રાવ-ગાઢસ્થિતાઃ સર્વાત્મપ્રદેશેષ્વનન્તાનન્તપ્રદેશાઃ ૮-૨૫**
**નામપ્રત્યયાઃ સર્વતઃ યોગવિશેષાત્ સૂક્ષ્મ-એકક્ષેત્ર-અવગાઢ-સ્થિતાઃ સર્વ-આત્મપ્રદેશેષુ અનન્ત-અનન્તપ્રદેશાઃ ૮-૨૫**

**સૂત્રાર્થ : સૂક્ષ્મ એવાં, આત્માની સાથે એક ક્ષેત્રમાં અવગાહીને રહેલાં, આત્માના સર્વ પ્રદેશોમાં રહેલાં અને અનન્તાનંત પ્રદેશોવાળાં કાર્મણવર્ગણાનાં પુદ્ગલોને આ જીવ પોતાના સર્વ આત્મપ્રદેશોથી મન-વચન-કાયાના યોગને અનુસારે તે તે કર્મોના નામ પ્રમાણે ગ્રહણ કરે છે. ૮-૨૫**

**ભાવાર્થઃ**- આ સૂત્રમાં હવે પ્રદેશબંધ સમજાવે છે. જે સમયે આપણો આત્મા કર્મ બાંધે છે તે બંધાતા કર્મના પ્રદેશો (અણુઓ) કેવા કેવા અને કેવી રીતે બંધાય છે ? તે સમજાવવા માટે આ સૂત્રમાં ૮ ઉત્તરો આપેલા છે. પ્રકૃતિ, સ્થિતિ અને રસબંધ સમજાવ્યા પછી હવે પ્રદેશબંધ સમજાવવાનો અવસર છે. ગ્રંથકારશ્રી આઠ પ્રશ્નોત્તરથી તે સમજ આપે છે.

(૧) **નામપ્રત્યયાઃ** = બંધાતા કર્મ પરમાણુઓ પોતપોતાના નામનું કારણ બને છે.

જ્ઞાનાવરણીયકર્મ જેનું નામ છે. તે પ્રદેશો જ્ઞાનને ઢાંકવાનું કાર્ય કરે છે.

દર્શનાવરણીયકર્મ જેનું નામ છે. તે પ્રદેશો દર્શનને ઢાંકવાનું કાર્ય કરે છે.

આ પ્રમાણે જે જે કર્મનું જે જે નામ છે. તે તે કર્મ તે તે કાર્ય કરવાનું કારણ બને છે.

(૨) **સર્વતો**= આ આત્મા જ્યારે જ્યારે કર્મ બાંધે છે. ત્યારે ત્યારે ચારે દિશા, ચારે વિદિશા અને ઊર્ધ્વ-અધો એમ દશે દિશાઓમાંથી કર્મગ્રહણ કરે છે. કોઇ માણસને હાથથી તમાચો માર્યો હોય તો હાથવાળા ક્ષેત્રમાંથી જ કાર્મણવર્ગણા બંધાય છે, એમ નહીં, પરંતુ ઘીમાં તળાતા માલપુઆની જેમ તથા તેલમાં તળાતા પુડલાની જેમ સર્વ બાજુથી આત્માની અવગાહનાવાળા સમસ્ત ક્ષેત્રમાં રહેલી કાર્મણ વર્ગણા આ જીવ ગ્રહણ કરે છે.

(૩) **યોગવિશેષાત્**= મન-વચન અને કાયાના યોગો વધારે હોય ત્યારે વધારે, અને ઓછા હોય ત્યારે ઓછા કર્મપ્રદેશો આ જીવ ગ્રહણ કરે છે. યોગ પ્રમાણે જઘન્ય-મધ્યમ અને ઉત્કૃષ્ટ પ્રદેશો ગ્રહણ થાય છે.

(૪) **સૂક્ષ્મ**= આંખોથી ન દેખી શકાય તેવા અતિશય બારીક, અને કર્મને યોગ્ય એવા જ પ્રદેશો આ જીવ કર્મ માટે



ગ્રહણ કરે છે, પરંતુ બાદર કે સ્થૂલ પ્રદેશો કર્મબંધ માટે ગ્રહણ કરતો નથી. આ પ્રદેશોને કાર્મણવર્ગણા કહેવાય છે.

(૫) **એકક્ષેત્રાવગાઢ**= આત્મા જે ક્ષેત્રમાં અવગાહીને રહેલો છે, તે જ ક્ષેત્રમાં જે કાર્મણવર્ગણા રહેલી છે. તેને જ આ આત્મા કર્મરૂપે ગ્રહણ કરે છે. દૂર-દૂર રહેલી કાર્મણવર્ગણાને આ જીવ કર્મરૂપે બાંધતો નથી.

(૬) **સ્થિતાઃ** = રહેલા, સ્થિર રહેલા, આત્માની સાથે અવગાહનામાં સાથે રહેલા કાર્મણવર્ગણાનાં પુદ્ગલો આ જીવ ગ્રહણ કરે છે. પરંતુ ચલિત થઈને દૂર ગયેલા કાર્મણવર્ગણાના પુદ્ગલોને આ જીવ બાંધતો નથી.

(૭) **સર્વાત્મપ્રદેશેષુ**= આ આત્મા જ્યારે જ્યારે કર્મ બાંધે છે ત્યારે ત્યારે પોતાના સર્વ આત્મપ્રદેશોમાં બાંધે છે. કોઈ એક ભાગમાં બાંધતો નથી. તમાચો મારે ત્યારે પણ માત્ર હાથવાળા ભાગમાં કર્મ બાંધતો નથી પરંતુ સર્વ આત્મપ્રદેશોમાં બાંધે છે. કારણ કે તમાચો મારવાની પાછળ આવેશ સર્વ આત્મપ્રદેશોમાં છે. કોઈપણ કર્મ પ્રદેશોને ગ્રહણ કરવામાં આત્માના સર્વપ્રદેશોનું વીર્ય વપરાય છે.

(૮) **અનન્તાનન્ત પ્રદેશા :** આ આત્મા જે કર્મ બાંધે છે. તે કર્મ સંખ્યાત-અસંખ્યાત કે અનંત કર્મ પ્રદેશોવાળું નથી. પરંતુ અનંતાનંત પ્રદેશોવાળા સ્કંધોને જ ગ્રહણ કરે છે. ઓછા પ્રદેશોવાળાને ગ્રહણ કરતો નથી.

આ પ્રમાણે પ્રકૃતિબંધ-સ્થિતિબંધ-રસબંધ અને પ્રદેશબંધ એમ ચારે પ્રકારે કર્મના બંધને સમજાવ્યો છે. ૮-૨૫.

**सद्वेद्य-सम्यक्त्व-हास्य-रति-पुरुषवेद-**
**शुभायुर्नामगोत्राणि पुण्यम्** ૮-૨૬
**સદ્વેદ્ય-સમ્યક્ત્વ-હાસ્ય-રતિ-પુરુષવેદ-**
**શુભાયુર્નામગોત્રાણિ પુણ્યમ્** ૮-૨૬
**સદ્વેદ્ય-સમ્યક્ત્વ-હાસ્ય-રતિ-પુરુષવેદ-**
**શુભાયુઃ-નામગોત્રાણિ પુણ્યમ્** ૮-૨૬

**સૂત્રાર્થ : સાતાવેદનીય, સમ્યક્ત્વમોહનીય, હાસ્ય, રતિ, પુરુષવેદ, શુભાયુષ્ય, શુભનામકર્મ અને શુભગોત્રકર્મ આ બધી પુણ્યપ્રકૃતિઓ કહેવાય છે. (બાકીની બધી પાપપ્રકૃતિઓ છે.) ૮-૨૬**

**ભાવાર્થ:-** આ કર્મોમાં કેટલાંક કર્મો જીવને સાંસારિક સુખ આપનારાં છે તેથી તેને વ્યવહારથી શુભકર્મો કહેવાય છે. અને કેટલાંક કર્મો જીવને દુઃખ આપનારાં છે તેથી તેને વ્યવહારથી અશુભકર્મો કહેવાય છે. નિશ્ચયનયથી તો સર્વે કર્મો અશુભ છે.

(૧) સાતાવેદનીય, (૨) સમ્યક્ત્વમોહનીય, (૩) હાસ્ય, (૪) રતિમોહનીય, (૫) પુરુષવેદ, (૬) દેવ-મનુષ્યાદિ શુભ આયુષ્ય, (૭) નામકર્મમાં સૌભાગ્ય-આદેય-સુસ્વર વગેરે. અને ઉચ્ચગોત્ર આ પુણ્યપ્રકૃતિઓ છે. બાકીની બધી પાપ પ્રકૃતિઓ છે. આ વ્યવહારનયથી સમજવું.



નવતત્ત્વ તથા કર્મગ્રંથાદિમાં જે ૪૨ પુણ્યપ્રકૃતિઓ આવે છે તે જ ૪૨ પુણ્યપ્રકૃતિઓ અહીં મૂળસૂત્રમાં કહી છે. પરંતુ ૪ પ્રકૃતિઓ વધારે કહી છે. તે આ પ્રમાણે-

| | | |
|---|---|---|
| **સદ્વેદ્ય-** | સાતાવેદનીય | ૧ |
| **સમ્યક્ત્વ-** | સમ્યક્ત્વમોહનીય | ૧ |
| **હાસ્ય-રતિ-** | હાસ્ય અને રતિ | ૨ |
| **પુરુષવેદ-** | પુરુષવેદ | ૧ |
| **શુભાયુ-** | દેવ-મનુષ્ય અને તિર્યંચાયુષ્ય | ૩ |
| **શુભનામ-** | દેવગતિ-મનુષ્યગતિ આદિ | ૩૭ |
| **શુભગોત્ર-** | ઉચ્ચગોત્ર | ૧ |
| | | ૪૨ + ૪ = ૪૬ |

અહીં ૧ સમ્યક્ત્વમોહનીય, ૨ હાસ્ય, ૩ રતિ, અને ૪ પુરુષવેદ આ ચાર કર્મો મોહનીયનાં હોવાથી પાપપ્રકૃતિ છે તો પણ તેના કરતાં વધુ તીવ્રભાવવાળી બીજી પાપ પ્રકૃતિઓની અપેક્ષાએ આ સુખ આપનારી છે એવી વિવક્ષા કરીને પુણ્યમાં ગણ્યાં છે. જેમ કે મિથ્યાત્વમોહનીય અને મિશ્રમોહનીય કરતાં સમ્યક્ત્વમોહનીય સારી છે. એવી જ રીતે અરતિ-શોક કરતાં હાસ્ય રતિ સારાં છે. તથા સ્ત્રીવેદ અને નપુંસકવેદ કરતાં પુરુષવેદ સારો છે. એમ નવતત્ત્વાદિ ગ્રંથોથી ભિન્ન કથન કરવામાં વિવક્ષા ભેદ માત્ર કારણ છે. એમ જાણવું. ૮-૨૬.

**અષ્ટમ અધ્યાય સમાપ્ત**

# અધ્યાય નવમો

**आश्रवनिरोधः संवरः ૯-૧**
**આશ્રવનિરોધઃ સંવરઃ ૯-૧**
**આશ્રવ-નિરોધઃ સંવરઃ ૯-૧**

**સૂત્રાર્થ : આશ્રવનો જે નિરોધ તે સંવર કહેવાય છે. ૯-૧**

**ભાવાર્થઃ-** આશ્રવને અટકાવવો તે સંવર, જેનાથી આત્મામાં કર્મો આવે છે તે આશ્રવ છે. તે આશ્રવ જેનાથી રોકાય તે સંવર કહેવાય છે. છઠ્ઠા અધ્યાયના પહેલા અને છઠ્ઠાસૂત્રમાં ત્રણ પ્રકારે અને ઓગણચાલીસ પ્રકારે આશ્રવ કહેલો છે. તેનો નિરોધ કરવો તે સંવર કહેવાય છે. ૯-૧.

**स गुप्ति-समिति-धर्मानुप्रेक्षा-परीषहजय-चारित्रैः ૯-૨**
**સ ગુપ્તિ-સમિતિ-ધર્માનુપ્રેક્ષા-પરીષહજય-ચારિત્રૈઃ ૯-૨**
**સઃ ગુપ્તિ-સમિતિ-ધર્મ-અનુપ્રેક્ષા-પરીષહજય-ચારિત્રૈઃ ૯-૨**

**સૂત્રાર્થ : તે સંવર ગુપ્તિ-સમિતિ-યતિધર્મ-અનુપ્રેક્ષા (ભાવના) પરીષહજય અને ચારિત્ર વડે ૫૭ ભેદવાળો છે. ૯-૨**



**ભાવાર્થઃ-** તે સંવરના ગુપ્તિ-સમિતિ-યતિધર્મ-અનુપ્રેક્ષા અને પરીષહોનો વિજય તથા ચારિત્ર એમ છ જાતના ભેદો છે. ગુપ્તિ-સમિતિ વગેરે શબ્દોના અર્થો આગળ મૂળ સૂત્રમાં જ સમજાવવામાં આવશે. તે છએના અનુક્રમે ૩-૫-૧૦-૧૨-૨૨ અને ૫ એમ કુલ સત્તાવન ભેદો સંવરના થાય છે. ૯-૨.

**तपसा निर्जरा च ૯-૩**
**તપસા નિર્જરા ચ ૯-૩**
**તપસા નિર્જરા ચ ૯-૩**

**સૂત્રાર્થ : તપ વડે સંવર અને નિર્જરા બન્ને થાય છે. ૯-૩**

તપ કરવાથી પૂર્વે બાંધેલા કર્મોની નિર્જરા પણ થાય છે અને નવાં આવતાં કર્મો વિરામ પણ પામે છે. એટલે કે સંવર અને નિર્જરા એમ બન્ને પણ થાય છે. આ ગુણજન્ય નિર્જરા છે. તે ગુણજન્ય નિર્જરા જ કેવલજ્ઞાનાદિ ભાવોની પ્રાપ્તિનું કારણ બને છે. ૯-૩.

**सम्यग्योगनिग्रहो गुप्तिः ૯-૪**
**સમ્યગ્યોગનિગ્રહો ગુપ્તિઃ ૯-૪**
**સમ્યગ્યોગનિગ્રહઃ ગુપ્તિઃ ૯-૪**

**સૂત્રાર્થ : સમ્યક્પ્રકારે મન-વચન અને કાયાના યોગનો નિગ્રહ કરવો તે ગુપ્તિ કહેવાય છે. ૯-૪**

**ભાવાર્થઃ**- મન-વચન અને કાયાની પ્રવૃતિ તે **યોગ** કહેવાય છે. સમ્યગ્ જ્ઞાન અને સમ્યગ્દર્શનપૂર્વક (મન-વચન-કાયાની શુભમાં પ્રવૃત્તિ થવી અને) અશુભથી નિવૃત્તિ થવી તે **યોગનિગ્રહ** કહેવાય છે. તે જ ગુપ્તિ છે. આત્માના હિતની અપેક્ષા વિના લાંઘણ, પાણી ઉપર બગલાની સ્થિરતા તથા તાપસની પંચાગ્નિ તપની ક્રિયા એ યોગનિગ્રહ કહેવાતો નથી. કારણ કે કષાયોને જીતવા માટે જ જે શુભમાં પ્રવૃત્તિ અને અશુભથી નિવૃત્તિ કરવા સ્વરૂપ યોગ નિગ્રહ છે. તે જ ગુપ્તિ કહેવાય છે. ૯-૪.

**ईर्या-भाषैषणादाननिक्षेपोत्सर्गाः समितयः ૯-૫**
**ઈર્યા-ભાષૈષણાદાનનિક્ષેપોત્સર્ગાઃ સમિતયઃ ૯-૫**
**ઈર્યા-ભાષા-એષણા-આદાનનિક્ષેપ-ઉત્સર્ગાઃસમિતયઃ ૯-૫**

**સૂત્રાર્થ : ઈર્યાસમિતિ, ભાષાસમિતિ, એષણાસમિતિ, આદાનનિક્ષેપસમિતિ અને ઉત્સર્ગસમિતિ એમ પાંચ સમિતિ જાણવી. ૯-૫**

**ભાવાર્થઃ**- સમિતિ એટલે આત્માના હિતને કરનારાં કાર્યોમાં પ્રવૃત્તિ કરવી. ગુપ્તિમાં અહિતથી નિવૃત્તિ મુખ્ય છે. અને સમિતિમાં હિતની પ્રવૃત્તિ મુખ્ય છે. તેના પાંચ ભેદો છે.

(૧) **ઈર્યાસમિતિ**= જયણા પાળવાના આશયથી નીચે જોઇને ચાલવું. જેથી સ્વ-પરની હિંસા ન થાય. પોતાના શરીરની લંબાઇ જેટલી ભૂમિ જોતાં જોતાં ચાલવું તે.



(૨) **ભાષાસમિતિ**= પ્રિય, હિતકારી, સત્ય અને પરિમિત વચન બોલવું.

(૩) **એષણાસમિતિ**= દોષરહિત આહાર લાવવો. અને દોષરહિતપણે વાપરવો.

(૪) **આદાનનિક્ષેપસમિતિ**= વસ્ત્રો-પાત્રો જોઇ-પુંજી-પ્રમાર્જીને લેવાં-મૂકવાં અને વાપરવાં.

(૫) **ઉત્સર્ગસમિતિ**=ભૂમિ જોઇ-પૂંજીને મળ-મૂત્ર પરઠવવાં.૯-૫.

**उत्तमः क्षमा-मार्दवार्जव-शौच-सत्य-संयम-**
**तपस्त्यागाकिञ्चन्य-ब्रह्मचर्याणि धर्मः ૯-૬**
**ઉત્તમઃ ક્ષમા-માર્દવાર્જવ-શૌચ-સત્ય-સંયમ-**
**તપસ્ત્યાગાકિંચન્ય-બ્રહ્મચર્યાણિ ધર્મઃ ૯-૬**
**ઉત્તમઃ ક્ષમા-માર્દવ-આર્જવ-શૌચ-સત્ય-સંયમ-**
**તપઃ-ત્યાગ-આકિંચન્ય-બ્રહ્મચર્યાણિ ધર્મઃ ૯-૬**

**સૂત્રાર્થ : ક્ષમા, માર્દવતા, આર્જવતા, શૌચ સત્ય, સંયમ, તપ, ત્યાગ, આકિંચન્ય અને બ્રહ્મચર્ય એમ ૧૦ પ્રકારના યતિધર્મ છે. ૯-૬**

**ભાવાર્થઃ**- નીચે જણાવાતા દશ યતિધર્મો પાળવા જેવા છે. જે પાળવાથી નવાં બંધાતાં અનેકવિધ કર્મો રોકી શકાય છે. અને તે ઉત્તમ ધર્મો છે. આત્માના ગુણો છે. કર્મોને રોકવાના પરમ ઉપાયો છે. દિગંબરામ્નાયમાં આ દશગુણોને જ દશલક્ષણા કહેવાય છે.

(૧) **ક્ષમા**= ક્રોધ ન કરવો, અપરાધ ગળી જવો, સમતા રાખવી ગુસ્સે ન થવું.

(૨) **માર્દવ**= નમ્રતા, નિરભિમાનતા, નિરહંકારતા.

(૩) **આર્જવ**= સરળતા, નિષ્કપટતા, માયારહિત ચિત્ત.

(૪) **શૌચ**= મનની પવિત્રતા, તથા કાયાની સ્વચ્છતા.

(૫) **સંયમ**= મન-વચન અને કાયાની અશુભચેષ્ટાથી નિવૃત્તિ તથા શુભમાં પ્રવૃત્તિ કરવી તે, આ સંયમ સત્તર પ્રકારે છે.

(૬) **સત્ય**=જીવન સત્ય રાખવું. પ્રામાણિકપણું સાચવવું તે. સાચી નીતિમત્તાવાળું જીવન.

(૭) **તપ**= તપશ્ચર્યા કરવી, છ બાહ્ય અને છ અભ્યંતર તપ કરવો. આહારાદિ પરદ્રવ્યનો ત્યાગ, તથા તે પ્રત્યેની મૂર્છાનો પણ ત્યાગ કરવો તે.

(૮) **ત્યાગ**=વિગઈનો ત્યાગ તથા બાહ્ય ઉપધિનો જે ત્યાગ તે બાહ્યત્યાગ અને શરીર ઉપર મમતાનો ત્યાગ, કષાયોનો ત્યાગ, તે અભ્યંતરત્યાગ કહેવાય છે. બીનજરૂરી વસ્તુઓનો પણ ત્યાગ.

(૯) **આકિંચન્ય**= અનિવાર્ય વસ્તુઓ જે વસ્ત્ર-પાત્રાદિ રાખ્યાં હોય તેના ઉપર તથા જ્ઞાન-દર્શન અને ચારિત્રનાં ઉપકરણો ઉપર પણ મમતાનો ત્યાગ.



(૧૦) **બ્રહ્મચર્ય**= મન-વચન-કાયાથી મૈથુન ક્રીડાનો ત્યાગ કરવો તથા ગુરુકુલવાસમાં જ રહેવું. ગુરુની નિશ્રાએ જ વર્તવું. સ્વાધ્યાયમાં જ લીન થવું તે.

આ દશ પ્રકારના યતિધર્મોનું જીવનમાં યથાર્થ પાલન કરવું. તે સંવર છે. ૯-૬.

**अनित्याशरण-संसारैकत्वान्यत्वा-**
**शुचित्वाश्रव-संवर-निर्जरा-लोक-बोधिदुर्लभ-**
**धर्मस्वाख्याततत्त्वानु-चिन्तनमनुप्रेक्षाः ९-७**

**અનિત્યાશરણ-સંસારૈકત્વાન્યત્વા-**
**શુચિત્વાશ્રવ- સંવર-નિર્જરા-લોક-બોધિદુર્લભ-**
**ધર્મસ્વાખ્યાતત્ત્વાનુ-ચિન્તનમનુપ્રેક્ષાઃ ૯-૭**

**અનિત્ય-અશરણ-સંસાર-એકત્વ-અન્યત્વ-અશુચિત્વ-**
**આશ્રવ-સંવર-નિર્જરા-લોક-બોધિદુર્લભ-**
**ધર્મસ્વાખ્યાતત્ત્વ-અનુચિંતનમ્ અનુપ્રેક્ષાઃ ૯-૭**

**સૂત્રાર્થ : ૧ અનિત્ય, ૨ અશરણ ૩ સંસાર, ૪ એકત્વ, ૫ અન્યત્વ, ૬ અશુચિત્વ, ૭ આશ્રવ, ૮ સંવર, ૯ નિર્જરા, ૧૦ લોકસ્વભાવ, ૧૧ બોધિદુર્લભ, ૧૨ ધર્મસ્વાખ્યાતત્ત્વનું અનુચિંતન કરવું ધર્મ એમ ૧૨ ભાવના જાણવી. ૯-૭**

**ભાવાર્થઃ-** પ્રતિદિન નીચે મુજબ ૧૨ ભાવનાઓ અવશ્ય ભાવવી. આ ભાવનાઓથી સંસારનો રાગ ઘટે છે.

(૧) **અનિત્યભાવના=** શરીર-ધન-યશ-પ્રતિષ્ઠા-બધું નાશવંત છે. સદા રહેનાર નથી, કાળાન્તરે અવશ્ય વિનાશી જ છે. એમ વિચારવું તે.

(૨) **અશરણભાવના=** દુઃખ વખતે માતા-પિતા, પતિ-પત્ની કે પુત્રાદિ કોઈનું શરણ નથી. કોઈ દુઃખ લઈ શકતા નથી. ધર્મ જ શરણ છે.

(૩) **સંસારભાવના=** આ સંસાર અસાર છે. માતા મરીને પત્ની બને છે. શત્રુ મરીને પુત્ર બને છે. મિત્ર મરીને શત્રુ બને છે. તથા અનેક ઉપાધિઓ અને દુઃખોની ખાણ છે. માટે અસાર છે.

(૪) **એકત્વભાવના=** આ જીવ એકલો જ આવ્યો છે. એકલો જ જવાનો છે. કર્મોનો કર્તા એકલો જ છે. ભોક્તા પણ એકલો જ છે.

(૫) **અન્યત્વભાવના=**આ આત્મા દેહથી અન્ય છે. દેહ જડ છે. આત્મા ચેતન છે. શરીર વિનાશી છે. આત્મા અવિનાશી છે. દેહ અહીં જ રહેવાનો છે. આત્મા ભવાન્તરગામી છે. ઈત્યાદિ

(૬) **અશુચિત્વ ભાવના=** શરીર અપવિત્ર છે. અશુચિઓથી ભરેલું છે. શરીરના એકેક છિદ્રથી અશુચિ જ નીકળ્યા કરે છે. મળ-મૂત્ર અને વિષ્ટાદિનો ભરેલો કોથળો જ છે.

(૭) **આશ્રવભાવના=**આ આત્મામાં પ્રતિસમયે કર્મોનું આગમન ચાલુ જ રહે છે. જો આ રીતે કર્મો આવ્યા જ કરશે તો તારી નાવ ડૂબી જશે માટે હે આત્મા ! તું કંઈક સમજ.



(૮) **સંવરભાવના=** સંવરના સત્તાવન ભેદોથી હે આત્મા ! તું કર્મોને રોક. સત્તાવને ભેદોનો વિચાર કરવો તે.

(૯) **નિર્જરાભાવના=** છ બાહ્ય અને છ અભ્યંતર તપનું તું સેવન કર. જેથી કર્મોની નિર્જરા થાય.

(૧૦) **લોકસ્વભાવ ભાવના=** ચૌદ રાજલોક, નારકી-દેવો તથા જંબૂદ્વીપાદિના સ્વરૂપનું વર્ણન વિચારવું.

(૧૧) **બોધિદુર્લભભાવના=** આ અસાર સંસારમાં સમ્યક્ત્વ પ્રાપ્તિ અતિદુર્લભ છે. તેની વિચારણા કરવી.

(૧૨) **ધર્મસ્વાખ્યાતત્ત્વ ભાવના=** ધર્મ સમજાવનારા અરિહંત પ્રભુ તથા સાધુ સંતો અને સાચા ધર્મગુરુઓ મળવા અતિશય દુષ્કર છે. એમ વિચારવું તે.

ઉપરોક્ત ૧૨ ભાવનાઓ દરરોજ વિચારવી. ૯-૭

**मार्गाच्यवननिर्जरार्थं परिषोढव्याः परीषहाः ९-८**

**માર્ગાચ્યવનનિર્જરાર્થં પરિષોઢવ્યાઃ પરીષહાઃ ૯-૮**

**માર્ગ-અચ્યવન-નિર્જરાર્થં પરિષોઢવ્યાઃ પરીષહાઃ ૯-૮**

**સૂત્રાર્થ : જૈનશાસનની પ્રાપ્તિરૂપ માર્ગથી પતિત ન થઈ જવાય તેટલા માટે તથા પૂર્વબદ્ધકર્મોની નિર્જરા માટે પરીષહો સહન કરવા યોગ્ય છે. ૯-૮**

**ભાવાર્થઃ-** પ્રાપ્ત થયેલા જૈનશાસનના માર્ગથી પતિત ન થઈ જવાય તેટલા માટે તથા પૂર્વબદ્ધ કર્મોના ક્ષય માટે નીચે મુજબ

૨૨ પરિષહો સહન કરવા જોઈએ. આ ૨૨ પરિષહો સહન કરવાથી અને તેમાં રાખેલી સમતાના કારણે પૂર્વબદ્ધ કર્મો ક્ષય પામે છે. આ બાવીસ પ્રકારના પરિષહોના કાળે જે દુઃખની સહનશીલતા છે. એ ઉપચારે નિર્જરાનું કારણ છે. પરંતુ તેમાં રાખેલો ‘‘શમભાવ’’ એ વાસ્તવિકપણે નિર્જરાનું કારણ છે. ૯-૮.

**क्षुत्-पिपासा-शीतोष्ण-दंशमशक-नाग्न्यारति-स्त्री-चर्या-निषद्या-शय्याक्रोश-वध-याचनालाभ-रोग-तृणस्पर्श-मल-सत्कारपुरस्कार-प्रज्ञाज्ञानादर्शनानि ९-९**

**ક્ષુત્-પિપાસા-શીતોષ્ણ-દંશમશક-નાગ્ન્યારતિ-સ્ત્રી-ચર્યા-નિષદ્યા-શય્યાક્રોશ-વધ-યાચનાલાભ-રોગ-તૃણસ્પર્શ-મલ-સત્કારપુરસ્કાર-પ્રજ્ઞાજ્ઞાનાદર્શનાનિ ૯-૯**

**ક્ષુત્-પિપાસા-શીત-ઉષ્ણ-દંશમશક-નાગ્ન્ય-અરતિ-સ્ત્રી-ચર્યા-નિષદ્યા-શય્યા-આક્રોશ-વધ-યાચના-અલાભ-રોગ-તૃણસ્પર્શ-મલ-સત્કારપુરસ્કાર-પ્રજ્ઞા-અજ્ઞાન-અદર્શનાનિ ૯-૯**

**સૂત્રાર્થ : ૧ ક્ષુધા, ૨પિપાસા, ૩ શીત, ૪ ઉષ્ણ, ૫ દંશમશક, ૬ નાગ્ન્ય, ૭ અરતિ, ૮ સ્ત્રી, ૯ ચર્યા, ૧૦ નિષદ્યા, ૧૧ શય્યા, ૧૨ આક્રોશ, ૧૩ વધ, ૧૪ યાચના, ૧૫ અલાભ, ૧૬ રોગ, ૧૭ તૃણસ્પર્શ, ૧૮ મલ, ૧૯ સત્કાર પુરસ્કાર, ૨૦ પ્રજ્ઞા, ૨૧ અજ્ઞાન અને ૨૨ અદર્શન પરીષહ એમ કુલ ૨૨ પરીષહો છે. ૯-૯**



**ભાવાર્થઃ-** કુદરતી આપત્તિઓ આવે ત્યારે સહનશીલ થવું તે **પરિષહ.** અને દેવ-માનવ તથા તિર્યંચો તરફથી આવેલી આપત્તિઓના કાળે સહનશીલ થવું તે **ઉપસર્ગ** કહેવાય છે. પરિષહ અને ઉપસર્ગમાં આટલો તફાવત છે.

(૧) **ક્ષુધા=** ક્ષુધા લાગી હોય, યોગ્ય આહાર ન મળે. તો ક્ષુધા સહન કરવી. પરંતુ દોષિત આહાર ન લેવો તે.

(૨) **પિપાસાપરિષહ=**તૃષા લાગી હોય, યોગ્ય નિર્દોષ પાણી ન મળતું હોય તો તૃષા સહન કરવી. પરંતુ દોષિત પાણી ન પીવું.

(૩) **શીતપરીષહ=** ઠંડી સહન કરવી. પરંતુ અયોગ્ય અને અનુચિત સાધનોની ઈચ્છા ન કરવી.

(૪) **ઉષ્ણપરીષહ=** ગરમી સહન કરવી. પરંતુ અયોગ્ય અને અનુચિત સાધનોની ઈચ્છા ન કરવી.

(૫) **દંશમશક=** ડાંસ-મચ્છર-માંકડના ઉપદ્રવો હોય તો સહન કરવા, પરંતુ તેનો વિનાશ ન કરવો.

(૬) **નાગ્ન્યપરીષહ=** શાસ્ત્રોક્ત વિધિ મુજબ જીર્ણ-અલ્પ મૂલ્યવાળાં વસ્ત્રો પહેરવાં, પરંતુ રંગીન કે ભપકાવાળાં વસ્ત્રો ન પહેરવાં તથા જિનકલ્પ સ્વીકારતાં નગ્નતા રાખવી. પરંતુ લજ્જા ન રાખવી તે.

(૭) **અરતિપરીષહ=** સંયમમાં ઉદ્વેગ (કંટાળો) આવે તેવા પ્રસંગો આવે તો પણ કંટાળવું નહીં. પરંતુ સ્થિર રહેવું.

(૮) **સ્ત્રીપરીષહ** = સ્ત્રી સંયમમાં બાધક છે. (સ્ત્રીને આશ્રયી પુરુષ એ સંયમમાં બાધક છે.) તેથી તેના હાવભાવ તથા શરીરના અંગો તરફ નજર ન નાખવી. તેની સાથે ભોગાદિની પ્રાર્થના ન કરવી અને ન સ્વીકારવી. ભોગબુદ્ધિનો ત્યાગ કરવો.

(૯) **ચર્યાપરીષહ**= વિહાર કરતાં કરતાં કાંટા-કાંકરા આવે તે સહન કરવા, પરંતુ કંટાળવું નહીં. વિહારમાં તકલીફો પણ આવે. છતાં પણ સુખશીલતા ઇચ્છવી નહીં. તથા સંયમમાં ઉદ્વેગ કરવો નહીં.

(૧૦) **નિષદ્યાપરિષહ**= ઉપાશ્રય આદિમાં ધર્મસાધના કરતાં ઠંડી-ગરમી, હવા-અંધકારની અનુકૂળતા-પ્રતિકૂળતા આવે તો પણ સહન કરવી.

(૧૧) **શય્યાપરિષહ**= અનુકૂળ-પ્રતિકૂળ શય્યા-સંથારો મળે તો પણ ચલાવી લેવું. ઉંચી-નીચી ભૂમિ હોય તો પણ મનમાં દુઃખ ન કરવું. તૃણના સંથારામાં તૃણની અણીઓનાં ડંખ સહન કરવા, પરંતુ ઉદ્વેગ ખેદ ન ધરવો.

(૧૨) **આક્રોશપરિષહ**= કોઇ અજ્ઞાની આત્મા આપણી ઉપર ગુસ્સો કરે, માર મારે, તો પણ શમભાવે સહન કરવો તે.

(૧૩) **વધપરિષહ**= કોઇ અજ્ઞાની આત્મા આપણા ઉપર પ્રહાર કરી હત્યા કરે, વધ કરે, મારી નાખે તો પણ શમભાવ રાખવો તે.





(૧૪) **યાચનાપરિષહ**= સાધુ થયા પછી ગોચરી ચર્યા ફરવામાં તથા અનિવાર્ય વસ્તુની યાચનામાં જરા પણ લજ્જા ન પામવી કે શરમ ન રાખવી તે.

(૧૫) **અલાભપરિષહ**= નિર્દોષ આહાર ન મળે તો પણ શમભાવ રાખવો, પરંતુ ઉદ્વેગ કરવો નહીં. કંટાળવું નહીં. કે નારાજ થવું નહીં.

(૧૬) **રોગપરિષહ**= શરીરમાં રોગો આવે તો નિર્દોષ ચિકિત્સા કરાવવી, પરંતુ શમભાવ રાખવો, આકુળ-વ્યાકુળતા ન કરવી. રોગ મટે તો હર્ષ નહીં. અને ન મટે તો શોક નહીં તે.

(૧૭) **તૃણસ્પર્શપરિષહ**= ઘાસ ઉપર સંથારો કરતાં ઘાસની અણીઓ શરીરને વાગે તો પણ શમભાવ રાખવો.

(૧૮) **મલપરિષહ**= શરીર ઉપર મેલ જામ્યા હોય તો પણ સ્નાનની કે શરીરના શણગારની ઇચ્છા ન કરવી તે.

(૧૯) **સત્કારપુરસ્કારપરિષહ**= જગતમાં વધારે સત્કાર-સન્માન હોય તો પણ તેમાં હર્ષ ન કરવો. આનંદ-અભિમાન ન કરવું.

(૨૦) **અજ્ઞાનપરિષહ**= જ્ઞાન આવડે નહિ, ત્યારે લોકો અપમાન કરે, માનહાનિ થાય, તો પણ શમભાવે સહન કરવું.

(૨૧) **પ્રજ્ઞાપરિષહ**= વિશિષ્ટ બુદ્ધિ હોય તો પણ ગર્વ ન કરવો.

(૨૨) **અદર્શનપરિષહ=** શાસ્ત્રોના ભાવાર્થો ન સમજાય, પરદર્શનમાં ચમત્કારો દેખાય તો પણ જૈનશાસનથી ચલિત ન થવું. તથા અન્યધર્મની ઈચ્છા ન કરવી તે.

આ બાવીસ પરિષહોમાંથી કયા ગુણઠાણે કેટલા કેટલા પરિષહો હોય? અને કયા કયા હોય? તે સમજાવે છે. ૯-૯.

**सूक्ष्मसंपराय-छद्मस्थवीतरागयोश्चतुर्दश ९-१०**
**સૂક્ષ્મસંપરાય-છદ્મસ્થવીતરાગયોશ્ચતુર્દશ ૯-૧૦**
**સૂક્ષ્મસંપરાય-છદ્મસ્થવીતરાગયોઃ ચતુર્દશ ૯-૧૦**

**एकादश जिने ९-११**
**એકાદશ જિને ૯-૧૧**
**એકાદશ જિને ૯-૧૧**

**बादरसंपराये सर्वे ९-१२**
**બાદરસંપરાયે સર્વે ૯-૧૨**
**બાદરસંપરાયે સર્વે ૯-૧૨**

**સૂત્રાર્થ : સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનકે તથા છદ્મસ્થ વીતરાગ (૧૧-૧૨મા ગુણસ્થાનકવાળા) જીવોને ૧૪ પરીષહો હોય છે. ૯-૧૦**

**સૂત્રાર્થ : જિનેશ્વર ભગવાનને (૧૩-૧૪ ગુણસ્થાનકવાળા જીવોને) ૧૧ પરીષહો હોય છે. ૯-૧૧.**



**સૂત્રાર્થ : બાદર સંપરાય કષાયવાળાને સર્વે (૨૨) પરીષહો હોય છે. ૯-૧૨**

**ભાવાર્થઃ**-સૂક્ષ્મ સંપરાયગુણસ્થાનકે તથા ઉપશાન્તમોહ અને ક્ષીણમોહ ગુણસ્થાનકે ૧૪ પરિષહો હોય છે. દશમા ગુણસ્થાનકનું નામ સૂક્ષ્મસંપરાય, અગિયારમાનું નામ ઉપશાન્ત-મોહ, અને બારમાનું નામ ક્ષીણમોહ, આ ત્રણે ગુણસ્થાનકોમાં મોહનીયકર્મના ઉદયવાળા ૮ પરિષહો વિના બાકીના ૧૪ પરિષહો હોય છે. આ ત્રણ ગુણસ્થાનકોમાં મોહનીય કર્મનો ઉદય હોતો નથી તેથી તજજન્ય ૮ પરિષહો સંભવતા નથી. છદ્મસ્થ વીતરાગ એટલે ઉપશાન્તમોહ અને ક્ષીણમોહ ગુણસ્થાનક સમજવાં.

(૧) અદર્શન, (૨) નાગ્ન્ય, (૩) અરતિ, (૪) સ્ત્રી, (૫) નિષદ્યા, (૬) આક્રોશ, (૭) યાચના, અને (૮) સત્કાર-પુરસ્કાર એ આઠ પરિષહો મોહનીયના ઉદયથી આવે છે.

૧૩-૧૪ આ બે ગુણસ્થાનકોમાં ૧૧ પરિષહો હોય છે મોહનીયકર્મના ઉદયવાળા ઉપર કહેલા ૮ તથા જ્ઞાનાવરણીય-કર્મના ઉદયથી ૧ અજ્ઞાનપરિષહ, જ્ઞાનાવરણીયના ક્ષયોપશમથી પ્રજ્ઞાપરિષહ ૧ અને અંતરાયના ઉદયથી ૧ અલાભપરિષહ એમ કુલ ૧૧ વર્જીને બાકીના ૧૧ પરિષહો હોય છે. કે જે વેદનીયકર્મના ઉદયજન્ય છે તે ૧૧ પરિષહો ૧૩-૧૪મા ગુણઠાણે કેવલી ભગવાનને હોય છે.

બાદર કષાયના ઉદયવાળાં એટલે કે **૧ થી ૯** ગુણસ્થાનકોમાં બાવીસે બાવીસ પરિષહો હોય છે. કારણ કે ત્યાં સર્વે કર્મોનો ઉદય છે. ૯-૧૦-૧૧-૧૨.

**ज्ञानावरणे प्रज्ञाज्ञाने ९-१३**
**જ્ઞાનાવરણે પ્રજ્ઞાજ્ઞાને ૯-૧૩**
**જ્ઞાનાવરણે પ્રજ્ઞા-અજ્ઞાને ૯-૧૩**

**दर्शनमोहान्तराययोरदर्शनालाभौ ९-१४**
**દર્શનમોહાન્તરાયયોરદર્શનાલાભૌ ૯-૧૪**
**દર્શનમોહ-અન્તરાયયોઃ અદર્શન-અલાભૌ ૯-૧૪**

**चारित्रमोहे नाग्न्यारति-स्त्री-निषद्या-**
**क्रोश-याचना-सत्कारपुरस्काराः ९-१५**
**ચારિત્રમોહે નાગ્ન્યારતિ-સ્ત્રી-નિષદ્યા-**
**ક્રોશ-યાચના-સત્કારપુરસ્કારાઃ ૯-૧૫**
**ચારિત્રમોહે નાગ્ન્ય-અરતિ-સ્ત્રી-નિષદ્યા-**
**આક્રોશ-યાચના-સત્કારપુરસ્કારાઃ ૯-૧૫**

**वेदनीये शेषाः ९-१६**
**વેદનીયે શેષાઃ ૯-૧૬**
**વેદનીયે શેષાઃ ૯-૧૬**



**સૂત્રાર્થ : પ્રજ્ઞા અને અજ્ઞાન પરીષહ જ્ઞાનાવરણીય કર્મ હોતે છતે આવે છે. (એટલે કે જ્ઞાનાવરણીય કર્મના અનુક્રમે ક્ષયોપશમથી અને ઉદયથી આવે છે.) ૯-૧૩**

**સૂત્રાર્થ : દર્શનમોહનીયના ઉદયથી અદર્શન પરીષહ અને અંતરાયકર્મના ઉદયથી અલાભપરીષહ આવે છે. ૯-૧૪**

**સૂત્રાર્થ : ચારિત્રમોહનીયના ઉદયથી નાગ્ન્ય, અરતિ, સ્ત્રી, નિષદ્યા, આક્રોશ, યાચના અને સત્કાર પુરસ્કાર એમ કુલ ૭ પરીષહો આવે છે. ૯-૧૫**

**સૂત્રાર્થ : બાકીના ૧૧ પરીષહો વેદનીયકર્મના ઉદયથી આવે છે. ૯-૧૬**

આ ૨૨ પરિષહો કયા કયા કર્મના ઉદયથી આવે છે તે સમજાવે છે.

(૧) **પ્રજ્ઞાપરિષહ=** જ્ઞાનાવરણીયકર્મના ક્ષયોપશમથી આવે છે.
(૨) **અજ્ઞાનપરિષહ=** જ્ઞાનાવરણીયકર્મના ઉદયથી આવે છે.
(૩) **અદર્શનપરિષહ=** દર્શનમોહનીયના ઉદયથી આવે છે.
(૪) **અલાભપરિષહ=** અન્તરાયકર્મના ઉદયથી આવે છે.
(૫થી૧૧) **નાગ્ન્યપરિષહથી સત્કારપુરસ્કાર=** સુધીના ૭ પરિષહો ચારિત્રમોહનીયકર્મના ઉદયથી આવે છે.
(૧૨થી૨૨)**બાકીના ૧૧ પરિષહ=** વેદનીયકર્મના ઉદયથી આવે છે. ૯-૧૩-૧૪-૧૫-૧૬.

બાવીસે પરિષહોમાં કયા કયા પરિષહો કયા કયા ગુણસ્થાનકે હોય અને કયા કયા કર્મના ઉદયથી હોય તે આ સૂત્ર-૧૦થી૧૬માં સમજાવ્યું. હવે એકીસાથે એક જીવને કેટલા પરિષહો હોય ? તે સમજાવે છે.

**एकादयो भाज्या युगपदेकोनविंशतेः ९-१७**
**એકાદયો ભાજ્યા યુગપદેકોનવિંશતેઃ ૯-૧૭**
**એકાદયઃ ભાજ્યાઃ યુગપદ્ એકોનવિંશતેઃ ૯-૧૭**

**સૂત્રાર્થ : એક જીવને એક કાલમાં એકી સાથે એકથી પ્રારંભીને વધારેમાં વધારે ૧૯ સુધીના પરીષહો હોય છે. ૯-૧૭**

**ભાવાર્થઃ**- એક જીવને ૧-૨-૩ એમ વધુમાં વધુ ૧૯ પરિષહો એકી સાથે હોઈ શકે છે.

શીત અને ઉષ્ણ આ બે પરિષહો પરસ્પર અતિશય વિરોધી હોવાથી એકી સાથે હોતા નથી તેથી આ બેમાંથી એક જ પરિષહ હોય છે. અને બીજો હોતો નથી. કારણ કે શીત પરિષહ શીતળતાને સહન કરવા રૂપ છે. અને ઉષ્ણપરિષહ ઉષ્ણતા સહન કરવા રૂપ છે.

તથા શય્યા-નિષદ્યા-અને ચર્યા આ ત્રણ પરિષહો પણ પરસ્પર વિરોધી હોવાથી આ ત્રણમાંથી એક જ હોય છે. પરંતુ બાકીના બે હોતા નથી એટલે કુલ ૧૯ પરિષહો જ એકી સાથે હોય છે. શય્યા=ઉંઘવું, નિષદ્યા=બેસવું, અને ચર્યા=ચાલવું આ ત્રણે ક્રિયા પરસ્પરવિરોધી છે. જેથી એકકાલે એક હોય છે. બાકીની બે સંભવતી નથી. ૯-૧૭.



**सामायिक-छेदोपस्थाप्य-परिहारविशुद्धि-**
**सूक्ष्मसंपराय-यथाख्यातानि चारित्रम् ९-१८**
**સામાયિક-છેદોપસ્થાપ્ય-પરિહારવિશુદ્ધિ-**
**સૂક્ષ્મસંપરાય-યથાખ્યાતાનિ ચારિત્રમ્ ૯-૧૮**
**સામાયિક-ચ્છેદોપસ્થાપ્ય-પરિહારવિશુદ્ધિ-**
**સૂક્ષ્મસંપરાય-યથાખ્યાતાનિ ચારિત્રમ્ ૯-૧૮**

**સૂત્રાર્થ : સામાયિક, છેદોપસ્થાપ્ય, પરિહારવિશુદ્ધિ, સૂક્ષ્મસંપરાય અને યથાખ્યાત એમ કુલ પાંચ ચારિત્ર છે. ૯-૧૮**

**ભાવાર્થઃ**- સંવરના ૫૭ ભેદોમાં હવે છેલ્લા ચારિત્ર ગુણના ૫ ભેદો સમજાવે છે.

(૧) **સામાયિકચારિત્ર=** સમતાભાવની પ્રાપ્તિ. અનુકૂળ-પ્રતિકૂળ સંજોગો આવે તો પણ કષાય કરવો નહીં. ક્ષમા રાખવી તે. સંસારના સર્વ સંજોગોનો ત્યાગ કરવો. સાધુ જીવન જીવવું. પ્રથમ અને ચરમ તીર્થંકર પ્રભુના શાસનમાં જે લઘુ દીક્ષા અપાય છે. તે ઈત્વરકથિત સામાયિક. તથા શેષ તીર્થંકરોના શાસનમાં પ્રથમથી જ જીવનપર્યન્તનું જે ચારિત્ર અપાય છે તે યાવત્કથિત સામાયિક.

(૨) **છેદોપસ્થાપ્યચારિત્ર=** એકવાર ચારિત્ર આપ્યા પછી નવું ચારિત્ર આરોપણ કરાય તે, ઋષભદેવપ્રભુ અને મહાવીરસ્વામી પ્રભુના શાસનમાં (અર્થાત્ પહેલા-છેલ્લા તીર્થંકર પ્રભુના શાસનમાં) આ ચારિત્ર હોય છે. તે કાલે

જીવો ઋજુ અને જડ, તથા વક્ર અને જડ હોવાથી પ્રાથમિક દીક્ષા આપ્યા પછી યોગ્યતા જણાય તો જ વડીદીક્ષા અપાય છે. તેથી વડીદીક્ષા આપ્યા પછીનું જે ચારિત્ર તે છેદોપસ્થાપનીય.

(૩) **પરિહારવિશુદ્ધિચારિત્ર**=પરિહાર એટલે તપવિશેષ, તેનાથી થનારી જે શુદ્ધિવિશેષ તે પરિહાર વિશુદ્ધિ, આ ચારિત્ર ૯ વ્યક્તિઓ એક સાથે સ્વીકારે છે. જેમાં ૧ ગુરુ બને છે. ૪ તપવિશેષ કરે છે અને ૪ વ્યક્તિઓ તપસ્વિઓની સેવાભક્તિ કરે છે. છ મહીને વારો બદલે છે. તપ કરનાર સેવા કરે છે અને સેવા કરનાર તપ કરે છે. ત્રીજા છ મહીને ફરીથી વારો બદલે છે. ગુરુ પોતે તપ કરે છે અને શેષ ૮માંથી ૧ ગુરુ બને છે. અને ૭ સેવા કરે છે. કુલ ૧૮ મહીને આ ચારિત્ર પૂર્ણ થાય છે.

(૪) **સૂક્ષ્મસંપરાયચારિત્ર**= ઝીણો-ઝીણો કષાય જ જ્યાં માત્ર બાકી છે. બીજા કષાયો ઉપશમાવ્યા છે, અથવા વિનાશ કર્યો છે. પરંતુ માત્ર સૂક્ષ્મ લોભ જેને બાકી છે. તે અવસ્થાનું જે ચારિત્ર તે.

(૫) **યથાખ્યાતચારિત્ર**= સંપૂર્ણપણે કષાય વિનાનું વીતરાગ અવસ્થાવાળું જે ચારિત્ર. જેવું ભગવાને કહ્યું છે તેવું જે ચારિત્ર તે. ઉપરોક્ત સંવરતત્ત્વના ૫૭ ભેદોથી આ આત્મા નવાં બંધાતાં કર્મોને રોકી શકે છે. તેથી તેને સંવર કહેવાય છે.



આ પ્રમાણે ૫ સમિતિ, ૩ ગુપ્તિ, ૧૦ યતિધર્મો, ૧૨ ભાવના, ૨૨ પરિષહો અને ૫ ચારિત્રો એમ ૫૭ ભેદો સમજાવ્યા સંવરતત્ત્વ સમજાવ્યું. હવે નિર્જરાતત્ત્વ સમજાવે છે. ૯-૧૮.

**अनशनावमौदर्य-वृत्तिपरिसंख्यान-रसपरित्याग-**
**विविक्तशय्यासन-कायक्लेशा बाह्यं तपः ९-१९**
**અનશનાવમૌદર્ય-વૃત્તિપરિસંખ્યાન-રસપરિત્યાગ-**
**વિવિક્તશય્યાસન-કાયક્લેશા બાહ્યં તપઃ ૯-૧૯**
**અનશન-અવમૌદર્ય-વૃત્તિપરિસંખ્યાન-રસપરિત્યાગ-**
**વિવિક્તશય્યા-આસન-કાયક્લેશાઃબાહ્યં તપઃ ૯-૧૯**

**સૂત્રાર્થ : અનશન, અવમૌદર્ય, વૃત્તિપરિસંખ્યાન, રસપરિત્યાગ, વિવિક્તશય્યાસન, કાયક્લેશ એમ છ પ્રકારનો બાહ્યતપ છે. ૯-૧૯**

**ભાવાર્થઃ**- પૂર્વે બાંધેલાં કર્મો જેનાથી ધીમે ધીમે નાશ પામે તે નિર્જરા, તેના ૧૨ ભેદો છે. છ બાહ્યતપ અને છ અભ્યંતરતપ.

જેનાથી શરીર તપે, જે તપ લોકો સમજી શકે, જે તપનાં લોકો માન-બહુમાન કરે, જે તપ બહારથી જણાઈ આવે તે બાહ્યતપ. આ બાહ્યતપમાં **પુદ્ગલદ્રવ્યના ત્યાગ**ની પ્રધાનતા છે. અને અભ્યંતરતપમાં **કષાયોના ત્યાગ**ની પ્રધાનતા છે. આ બાહ્યતપના છ ભેદો છે. તે એકેક ભેદો આ પ્રમાણે છે.

(૧) **અનશન**=આહારનો ત્યાગ. ઉપવાસ-એકાસણું, આયંબીલ-છઠ્ઠ, અઠ્ઠમ-અઠ્ઠાઇ આદિ તપ વિશેષ કરવો તે. અશન એટલે આહાર, તેનો ત્યાગ તે અનશન. આહારના ૪ પ્રકારો છે. અશન-પાન-ખાદિમ-સ્વાદિમ.

(૨) **ઉણોદરી**=ઓછા કોળીયા ભોજન કરવું. ભૂખ કરતાં ઓછું ખાવું. તેનાથી આળસ ન આવે, ઉંઘ ન આવે, પ્રમાદ ન વધે. તે અવમૌદર્ય એટલે ઉણોદરી.

(૩) **વૃત્તિપરિસંખ્યાન**= વૃત્તિ એટલે ઇચ્છાઓ, તેને રોકવી, કંટ્રોલ કરવો, ભોગ-પરિભોગ ઓછા કરવા તે. ઓછાં દ્રવ્યોનો ઉપયોગ કરવો, ઇચ્છાઓને અટકાવવી અથવા પરિમિત કરવી તે.

(૪) **રસપરિત્યાગ**= રસવાળી વસ્તુનો (વિગઇ વિગેરેનો) ત્યાગ કરવો. મીઠાઇ-કેરી, શીખંડ-દૂધપાક જેવી માદક વસ્તુઓનો ત્યાગ કરવો તે. જે જે વસ્તુઓ વધારે વિકારક હોય તેનો ત્યાગ કરવો તે.

(૫) **વિવિક્તશય્યાસન**=વિવિક્ત એટલે એકાન્ત, નિર્જનાવસ્થા, જ્યાં લોકોની અવર-જવર ન હોય, ત્યાં શય્યા-આસન-બેઠક રાખવી. જેથી જ્ઞાન-ધ્યાનની આરાધનામાં સ્ખલના ન થાય તે.

(૬) **કાયક્લેશ**= કાયાને થોડીક કષ્ટમાં રાખવી. અતિશય સુખશૈલ સ્વભાવવાળી ન બનાવવી. અવસરે તકલીફો પણ વેઠી લેવી. યથાશક્તિ ઉપસર્ગો અને પરીષહો સહન કરવા.



ઉપરોક્ત છ પ્રકારનો તપ શરીરને તપાવે છે. શોષે છે. અભ્યંતર તપનું કારણ બને છે. તેનાથી **શમભાવ** દ્વારા જુનાં કર્મો નાશ પામે છે. આહાર આદિનાં પુદ્ગલો ઉપર રાગ-દ્વેષ ત્યજી **શમભાવ** કરવા દ્વારા આ તપ નિર્જરાહેતુ બને છે. ૯-૧૯.

**प्रायश्चित्त-विनय-वैयावृत्त्य-स्वाध्याय-**
**व्युत्सर्ग-ध्यानान्युत्तरम् ९-२०**
**પ્રાયશ્ચિત્ત-વિનય-વૈયાવૃત્ત્ય-સ્વાધ્યાય-**
**વ્યુત્સર્ગ-ધ્યાનાન્યુત્તરમ્ ૯-૨૦**
**પ્રાયશ્ચિત્ત-વિનય-વૈયાવૃત્ત્ય-સ્વાધ્યાય-**
**વ્યુત્સર્ગ-ધ્યાનાનિ-ઉત્તરમ્ ૯-૨૦**

**સૂત્રાર્થ : પ્રાયશ્ચિત્ત, વિનય, વૈયાવચ્ચ, સ્વાધ્યાય, વ્યુત્સર્ગ અને ધ્યાન એમ ૬ પ્રકારનો (બીજો તપ) એટલે અભ્યંતરતપ જાણવો. ૯-૨૦**

**ભાવાર્થ :** જે તપ લોકો દેખી ન શકે, જેનાં માન-બહુમાન ન હોય, જે તપ શરીરને અસર ન કરે, આત્માને તપાવે તે અભ્યન્તર તપ. આ તપ અંદરના **કષાયોના ત્યાગસ્વરૂપ** છે. તેથી લોકગ્રાહ્ય નથી. માટે અભ્યન્તર તપ કહેવાય છે.

(૧) **પ્રાયશ્ચિત્ત**= કરેલી ભૂલ કબૂલ કરવી, ફરીથી આવી ભૂલ ન થાય તેના માટે સજાગ રહેવું. કરેલી ભૂલ બદલ શિક્ષા સ્વીકારવી. હૃદયમાં પશ્ચાત્તાપ કરવો, આલોચના લેવી. માફી માગવી. દંડ સ્વીકારી શુદ્ધ થવું તે.

(૨) **વિનય**= વડીલોની સેવા કરવી. નમ્ર સ્વભાવ રાખવો, પ્રેમપૂર્વક બોલવું. મોટાઓને માન આપવું. મોટાનાં કામકાજ કરવાં.

(૩) **વૈયાવૃત્ત્ય**= તપસ્વીઓની સેવા કરવી. માંદાની માવજત કરવી. સેવા-ભક્તિમાં ઉપેક્ષા ન કરવી. મહાત્માઓના કામકાજમાં ઉદાસીન ન બનવું. શારીરિક પરિશ્રમને ગૌણ કરીને પણ ગુણવન્તોની સેવા-ભક્તિ કરવી.

(૪) **સ્વાધ્યાય**= આત્મચિંતન કરવું, જ્ઞાન ભણવું. અધ્યાત્મશાસ્ત્રો વાંચવાં-વંચાવવાં. વૈરાગ્યવાહી પુસ્તકોનું દોહન કરવું. આત્મતત્ત્વનો ઉઘાડ થાય તેવું અધ્યયન કરવું.

(૫) **વ્યુત્સર્ગ**= ત્યાગ, આત્મસાધનામાં બીનજરૂરી વસ્તુઓનો ત્યાગ કરવો, વધારાની ઉપધિ, અને કષાયોનો ત્યાગ કરવો.

(૬) **ધ્યાન**= વિવિધ વિષયમાં ભટકતા ચિત્તને આત્મ સાધનાના કોઈપણ એક વિષયમાં સ્થિર કરવું. લીન કરવું. તે વિષયમાં ઓતપ્રોત બની જવું. હિતકારી ભાવોમાં લીન થઈએ તે ધર્મધ્યાન અને શુક્લધ્યાન. તથા અહિતકારીભાવોમાં લીન થઈએ તે આર્તધ્યાન અને રૌદ્રધ્યાન કહેવાય છે. આર્તધ્યાન અને રૌદ્રધ્યાનને છોડીને બાકીના ઉપરોક્ત છ પ્રકારના અભ્યંતર તપો કર્મોની નિર્જરા કરાવે છે. ૯-૨૦.



**नव-चतुर्दश-पञ्च-द्विभेदं यथाक्रमं प्राग्ध्यानात् ९-२१**

**નવ-ચતુર્દશ-પંચ-દ્વિભેદં યથાક્રમં પ્રાગ્ધ્યાનાત્ ૯-૨૧**

**નવ-ચતુર્દશ-પંચ-દ્વિભેદં યથાક્રમં પ્રાગ્-ધ્યાનાત્ ૯-૨૧**

**સૂત્રાર્થ : તેઓના અનુક્રમે ૯, ૪, ૧૦, ૫ અને ૨ ભેદો છે. આ ભેદો ધ્યાન નામના અન્તિમ તપને મૂકીને પૂર્વના પાંચના ભેદ જાણવા. ૯-૨૧**

**ભાવાર્થઃ**- અભ્યંતર-તપના ઉપરોક્ત જે છ ભેદો છે. તેમાંથી છેલ્લા એક ધ્યાન-ભેદને છોડીને બાકીના પૂર્વોક્ત પાંચે ભેદોના પેટાભેદો અનુક્રમે આ પ્રમાણે છે.

**(૧) પ્રાયશ્ચિત્તના-૯ (૨) વિનયના-૪**
**(૩) વૈયાવચ્ચના-૧૦ (૪) સ્વાધ્યાયના-૫**
**(૫) વ્યુત્સર્ગના-૨ (૬) ધ્યાનના ભેદો (સૂત્ર ૯-૨૯માં કહેવાશે.)**

આ સર્વે પેટાભેદોનાં નામો તથા તેના અર્થો આગળ મૂલ સૂત્રોમાં ગ્રંથકારશ્રી પોતે જ આપે છે. ૯-૨૧.

**आलोचन-प्रतिक्रमण-तदुभय-विवेक-**
**व्युत्सर्गतपश्छेद-परिहारोपस्थापनानि ९-२२**

**આલોચન-પ્રતિક્રમણ-તદુભય-વિવેક-**
**વ્યુત્સર્ગતપશ્છેદ-પરિહારોપસ્થાપનાનિ ૯-૨૨**

**આલોચન-પ્રતિક્રમણ-તદુભય-વિવેક-વ્યુત્સર્ગ-તપશ્છેદ-પરિહાર-ઉપસ્થાપનાનિ ૯-૨૨**

**સૂત્રાર્થ : આલોચના, પ્રતિક્રમણ, તદુભય, વિવેક, વ્યુત્સર્ગ, તપ, છેદ, પરિહાર અને ઉપસ્થાપન એમ કુલ ૯ ભેદો પ્રાયશ્ચિત્ત તપના જાણવા. ૯-૨૨**

**ભાવાર્થઃ**- છ પ્રકારના અભ્યન્તર તપનો પ્રથમભેદ જે પ્રાયશ્ચિત્ત છે તે પ્રાયશ્ચિત્તના ૯ ભેદો આ સૂત્રમાં સમજાવે છે.

(૧) **આલોચન**= લાગેલા દોષો ગુરુ સમક્ષ માયા વગર કહેવા.

(૨) **પ્રતિક્રમણ**= લાગેલા દોષોનું મિચ્છામિ દુક્કડં કહેવું. અને ફરીથી આવી ભૂલ નહી થાય એમ નિર્ણય કરવો.

(૩) **તદુભય**= લાગેલા દોષો ગુરુ સમક્ષ કહેવા, અને મિચ્છામિ દુક્કડં પણ આપવું. બન્ને પ્રક્રિયા સાથે.

(૪) **વિવેક**= અકલ્પનીય આહાર આવી જાય તો તેનો વિવેકપૂર્વક ત્યાગ કરવો, પરઠવવું.

(૫) **વ્યુત્સર્ગ**= વિવેકપૂર્વક મન-વચન-કાયાની ચેષ્ટા રોકવી. કાઉસ્સગ્ગ કરવો.

(૬) **તપ**= કરેલી ભૂલથી થયેલા દોષના નાશ માટે તપ કરવો.

(૭) **છેદ**= કરેલી ભૂલોની શુદ્ધિ માટે ચારિત્રપર્યાય છેદવો.

(૮) **પરિહાર**=ગુરુએ આપેલું પ્રાયશ્ચિત્ત ન થાય ત્યાં સુધી તે દોષિત મુનિની સાથે વંદન વ્યવહાર તથા આહારગ્રહણનો ત્યાગ કરવો.



(૯) **ઉપસ્થાપન**=દોષોના ત્યાગ માટે ફરીથી દીક્ષા આપવી તે. ૯-૨૨.

**ज्ञान-दर्शन-चारित्रोपचाराः ૯-૨૩**

**જ્ઞાન-દર્શન-ચારિત્રોપચારાઃ ૯-૨૩**

**જ્ઞાન-દર્શન-ચારિત્ર-ઉપચારાઃ ૯-૨૩**

**સૂત્રાર્થ : જ્ઞાન, દર્શન, ચારિત્ર અને ઉપચાર એમ વિનયના ચાર પ્રકાર છે. ૯-૨૩**

**ભાવાર્થઃ**- આ સૂત્રમાં વિનય નામના બીજા અભ્યંતર-તપના ૪ પ્રકારો સમજાવ્યા છે.

(૧) જ્ઞાન-જ્ઞાની અને જ્ઞાનનાં સાધનોનો વિનય કરવો, ભક્તિ-બહુમાન કરવું. ઉંચા આસને સ્થાપવું. તેની સાર-સંભાળ કરવી તે **જ્ઞાનવિનય.**

(૨) સમ્યગ્દર્શન, સમ્યગ્દૃષ્ટિ, અને સમ્યગ્દર્શનનાં સાધનો- જે પ્રભુની મૂર્તિ-મંદિર-ઉપાશ્રયાદિ સાધનોની સેવા-ભક્તિ-બહુમાન કરવું. તેમના પ્રત્યે પૂજ્યભાવ-અહોભાવ રાખવો તે **દર્શનવિનય.**

(૩) ચારિત્રગુણ, ચારિત્રવાન્ સાધુ-સંતો અને ચારિત્રનાં સાધનો ઓઘો-મુહપત્તિ, પાત્રાં-સાધુવેશ આદિની ભક્તિ-સેવા-બહુમાન કરવું. અવર્ણવાદ ન બોલવા. પ્રશંસા કરવી. આહાર-ઔષધાદિ આપવાં તે **ચારિત્રવિનય.**

(૪) કોઈપણ વડીલ-ઉપકારી અથવા માનનીય વ્યક્તિ આવે ત્યારે ઉભા થવું. સામા જવું. તેમનું આસન પાથરવું. તે બેઠા પછી બેસવું. તે જાય ત્યારે વોળાવવા જવું. બેઠા હોય ત્યારે શરીર સેવા કરવી. ઈત્યાદિ કાર્ય કરવું તે **ઉપચારવિનય** છે. ૯-૨૩.

**आचार्योपाध्याय-तपस्वि-शैक्षक-ग्लान-**
**गण-कुल-संघ-साधु-समनोज्ञानाम्** ૯-૨૪

**આચાર્યોપાધ્યાય-તપસ્વિ-શૈક્ષક-ગ્લાન-**
**ગણ-કુલ-સંઘ-સાધુ-સમનોજ્ઞાનામ્** ૯-૨૪

**આચાર્ય-ઉપાધ્યાય-તપસ્વિ-શૈક્ષક-ગ્લાન-**
**ગણ-કુલ-સંઘ-સાધુ-સમનોજ્ઞાનામ્** ૯-૨૪

**સૂત્રાર્થ : આચાર્ય, ઉપાધ્યાય, તપસ્વી, શૈક્ષક, ગ્લાન, ગણ, કુલ, સંઘ, સાધુ અને સમનોજ્ઞ જીવોની વૈયાવચ્ચ એમ કુલ ૧૦ ભેદો વૈયાવચ્ચના જાણવા. ૯-૨૪**

**ભાવાર્થઃ**- નીચેના દશપ્રકારના મહાત્મા પુરુષોની સેવા-ભક્તિ વૈયાવચ્ચ કરવી. ખબર-અંતર રાખવી. આહાર-ઔષધ લાવી આપવાં તે ૧૦ પ્રકારની વૈયાવચ્ચ જાણવી.

(૧) **આચાર્ય**= સાધુ સમુદાયના નાયક, પાંચ આચાર પાલનાર અને પળાવનાર. ચતુર્વિધ સંઘના નાયક. સૂરિમંત્રના આરાધક.





(૨) **ઉપાધ્યાય**= સાધુ સમુદાયને ભણાવે-શ્રુતજ્ઞાનનું દાન કરે તે.

(૩) **તપસ્વી**= વિશિષ્ટ તપશ્ચર્યા કરનારા, શરીરની મમતા જીતનારા.

(૪) **શૈક્ષક**= જેને ગ્રહણ શિક્ષા અને આસેવન શિક્ષા આપવાની છે તે અર્થાત્ નવદીક્ષિત આત્માઓ.

(૫) **ગ્લાન**=માંદા સાધુ, રોગી સાધુ, તાવ આદિથી પીડાતા સાધુ.

(૬) **ગણ**= એક આચાર્યનો પરિવાર.

(૭) **કુલ**= અનેક ગચ્છોનો (ગણોનો) સમુદાય.

(૮) **સંઘ**= સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકા એમ ચતુર્વિધ સંઘ.

(૯) **સાધુ**= મોક્ષની સાધના કરનારા, પંચમહાવ્રતધારી સંસારના ત્યાગી સંવેગનિર્વેદ-પરિણામી મુનિમહાત્માઓ.

(૧૦) **સમનોજ્ઞ**= જેમને આહાર-પાણી સાથે કરવાનો પરસ્પર વ્યવહાર હોય તે.

આ દશ પ્રકારના મહાત્મા પુરુષોની સેવા-ભક્તિ અને વૈયાવચ્ચ કરવી તે વૈયાવચ્ચ તપના ૧૦ પ્રકારો છે. ૯-૨૪.

**वाचना-पृच्छना-नुप्रेक्षाम्नाय-धर्मोपदेशाः** ૯-૨૫

**વાચના-પૃચ્છનાનુપ્રેક્ષામ્નાય-ધર્મોપદેશાઃ** ૯-૨૫

**વાચના-પૃચ્છના-અનુપ્રેક્ષા-આમ્નાય-ધર્મોપદેશાઃ** ૯-૨૫

**સૂત્રાર્થ : વાચના, પૃચ્છના, અનુપ્રેક્ષા, આમ્નાય, અને ધર્મોપદેશ એમ ૫ પ્રકારનો સ્વાધ્યાય જાણવો. ૯-૨૫**

**ભાવાર્થઃ-** સ્વાધ્યાય નામના ત્રીજા અભ્યંતર તપના પાંચ પ્રકારો છે.

(૧) **વાચના=** ગુરુજી પાસે વિનયપર્વક આગમો ભણવાં. તથા શાસ્ત્રો ભણવાં-અધ્યયન કરવું.

(૨) **પૃચ્છના=** સૂત્ર અને અર્થ સંબંધી ન સમજાતા પ્રશ્નો પૂછવા.

(૩) **અનુપ્રેક્ષા=** ભણેલા વિષયનું મનમાં મનન-ચિંતન કરવું. સૂક્ષ્મ વિચારણા કરવી. સૂત્ર અને અર્થ કંઠસ્થ કરવાં.

(૪) **આમ્નાય=** કંઠસ્થ કરેલું શ્રુત વારંવાર બોલી જવું. અથવા પૂર્વે ભણેલા શ્રુતનો નવા શ્રુતની સાથે સમન્વય કરવો.

(૫) **ધર્મોપદેશ=** ભણેલું શ્રુત બીજાને ભણાવવું. તથા પોતાની શક્તિ અનુસાર પરને ધર્મનો ઉપદેશ આપવો. ૯-૨૫.

**बाह्याभ्यन्तरोपध्योः ९-२६**
**બાહ્યાભ્યન્તરોપધ્યોઃ ૯-૨૬**
**બાહ્ય-અભ્યન્તર-ઉપધ્યોઃ ૯-૨૬**

**સૂત્રાર્થ : બાહ્ય અને અભ્યન્તર ઉપધિનો ત્યાગ કરવો એમ બે પ્રકારનો વ્યુત્સર્ગ જાણવો. ૯-૨૬**

**ભાવાર્થઃ-** વ્યુત્સર્ગ નામના ચોથા અભ્યંતર તપના ૨ પ્રકાર સમજાવે છે.

(૧) **બાહ્યોપધિઉત્સર્ગ=** સાધુજીવનમાં બાધા ઉપજાવે તેવી



અકલ્પ્ય ઉપધિનો તથા આહાર-વસ્ત્ર-પાત્રનો ત્યાગ કરવો તે. અનાવશ્યક વસ્તુઓનો ત્યાગ કરવો તે.

(૨) **અભ્યન્તરોપધિઉત્સર્ગ=** રોગાદિના કારણે સંયમ ઘણા દોષયુક્ત બને તેમ હોય ત્યારે અથવા મરણકાલ નજીક આવે ત્યારે, વિધિપૂર્વક કાયાનો ત્યાગ કરવો. તથા અંદરના કષાયોનો ત્યાગ કરવો તે. ૯-૨૬.

**उत्तमसंहननस्यैकाग्रचिन्तानिरोधो ध्यानम् ९-२७**
**ઉત્તમસંહનનસ્યૈકાગ્રચિન્તાનિરોધો ધ્યાનમ્ ૯-૨૭**
**ઉત્તમસંહનનસ્ય એકાગ્રચિન્તા-નિરોધો ધ્યાનમ્ ૯-૨૭**

**સૂત્રાર્થ : ઉત્તમ સંઘયણવાળાને કોઈપણ એક આલંબનના વિષયમાં જે એકાગ્રતા તે ધ્યાન, તથા ચિંતાનો (મનના વ્યાપારનો) નિરોધ તે પણ ધ્યાન કહેવાય છે. ૯-૨૭.**

**ભાવાર્થઃ-** ચંચળચિત્તને કોઈપણ એકવિષયમાં સ્થિર કરવું તે ધ્યાન-આ ધ્યાન ઉત્તમ સંઘયણવાળાને હોય છે. સ્વોપજ્ઞ ભાષ્યમાં પ્રથમનાં ચાર સંઘયણને ઉત્તમ સંઘયણ ગણેલ છે. કોઈપણ એક વિષયમાં ચિત્તને સ્થિર કરવા માટે માનસિક બળ જરૂરી છે. અને માનસિક બળ માટે શારીરિક બળ પણ જરૂરી છે. તેથી ઉત્તમસંઘયણવાળાને જ એટલે પ્રથમનાં ચાર સંઘયણ વાળાને જ **ચિત્તની એકાગ્રતા** રૂપ ધ્યાન સંભવી શકે છે. પાંચમા છઠ્ઠા સંઘયણવાળાને ચિત્તની સ્થિરતા અર્થવાળું ધ્યાન અલ્પમાત્રાએ હોય છે પરંતુ તેની માત્રા અત્યંત અલ્પ હોવાથી *निर्जनं नगरं जातम्*ની જેમ ધ્યાન નથી એમ શાસ્ત્રકારો કહે છે.

આ વ્યાખ્યા ધર્મધ્યાન અને શુક્લધ્યાનને આશ્રયી છે. આર્તધ્યાન અને રૌદ્રધ્યાન એ અશુભધ્યાન હોવાથી ધ્યાન હોવા છતાં પણ નિર્જરાના કારણભૂત ધ્યાન ગણાય નહીં તથા આત્મપ્રદેશોની અસ્થિરતાનો **નિરોધ** કરવો તે પણ ધ્યાન કહેવાય છે. આ વ્યાખ્યા શુક્લધ્યાનના છેલ્લા બે પાયાને આશ્રયી છે. ૯-૨૭.

**आमुहूर्तात्  ૯-૨૮**
**આમુહૂર્તાત્  ૯-૨૮**
**આમુહૂર્તાત્  ૯-૨૮**

**સૂત્રાર્થ : આ ધ્યાન અંતર્મુહૂર્ત માત્ર રહે છે. ૯-૨૮**

સૂક્ષ્મદૃષ્ટિએ ચંચલચિત્તની સ્થિરતા ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત જ હોય છે. જો કે સ્થૂલદૃષ્ટિએ કલાકો અને વર્ષો સુધી એક સરખું ધ્યાન રહે એમ કહી શકાય. જેમકે બાહુબલીજી. પરંતુ તેમાં પણ સૂક્ષ્મદૃષ્ટિએ આલંબનીય વિષયોના અનુસારે અંતર્મુહૂર્તે અંતર્મુહૂર્તે પરાવર્તન થાય છે. તેથી કોઈપણ એકવિષયના આલંબનવાળા ધ્યાનનો કાળ ઉત્કૃષ્ટથી માત્ર અંતર્મુહૂર્ત જ હોઈ શકે છે. ૯-૨૮.

**आर्त-रौद्र-धर्म-शुक्लानि  ૯-૨૯**
**આર્ત-રૌદ્ર-ધર્મ-શુક્લાનિ  ૯-૨૯**
**આર્ત-રૌદ્ર-ધર્મ-શુક્લાનિ  ૯-૨૯**



**સૂત્રાર્થ : ધ્યાનના ચાર ભેદો છે. આર્ત, રૌદ્ર, ધર્મ અને શુક્લ. ૯-૨૯**

ધ્યાનના ચાર પ્રકારો છે. (૧) આર્તધ્યાન, (૨) રૌદ્રધ્યાન, (૩) ધર્મધ્યાન અને (૪) શુક્લધ્યાન. આ ચાર પ્રકારના ધ્યાનોમાં પ્રથમનાં ૨ ધ્યાનો અશુભ ધ્યાન છે અને પછીનાં ૨ ધ્યાનો શુભધ્યાન છે. પ્રથમનાં બે ધ્યાન આશ્રવનાં કારણ છે, અને પાછળનાં બે ધ્યાન નિર્જરાનાં કારણ છે. ૯-૨૯.

**परे मोक्षहेतू  ૯-૩૦**
**પરે મોક્ષહેતૂ  ૯-૩૦**
**પરે મોક્ષહેતુ  ૯-૩૦**

**સૂત્રાર્થ : પાછલાં બે ધ્યાનો (ધર્મ અને શુક્લ) મોક્ષનો હેતુ છે. ૯-૩૦**

**ભાવાર્થઃ-** *परे* શબ્દ દ્વિવચનવાળો હોવાથી પરે એટલે પાછળનાં બે ધ્યાનો મોક્ષનું કારણ છે. એટલે પ્રથમનાં બે ધ્યાનો સંસારનું કારણ છે, એમ સ્વયં સમજી લેવું. આર્તધ્યાન આદિ ચારે ધ્યાનોના ચાર-ચાર એમ કુલ ૪×૪=૧૬ ભેદો છે. તેમાં પ્રથમ આર્તધ્યાનના ચાર ભેદો સમજાવે છે. ૯-૩૦.

**आर्तममनोज्ञानां सम्प्रयोगे**
**तद्विप्रयोगाय स्मृतिसमन्वाहारः  ૯-૩૧**

**આર્તમમનોજ્ઞાનાં સંપ્રયોગે**
**તદ્વિપ્રયોગાય સ્મૃતિસમન્વાહારઃ ૯-૩૧**
**આર્તમ્ અમનોજ્ઞાનાં સમ્પ્રયોગે**
**તદ્-વિપ્રયોગાય સ્મૃતિસમન્વાહારઃ ૯-૩૧**

**સૂત્રાર્થ : અનિષ્ટ વસ્તુઓનો સંયોગ થયે છતે તેના વિયોગ માટે કરાતી વિચારણા તે પ્રથમ આર્તધ્યાન. ૯-૩૧**

**ભાવાર્થઃ-** અમનોજ્ઞ (અણગમતી) વસ્તુઓનો સંયોગ થયે છતે તેનો વિયોગ કેમ થાય? તે માટેની ચિંતા-વિચારણા-કરવી તે એટલે કે મનને ન ગમે તેવા કૌટુંબિક, સમાજિક, રાજકીય કે સગાં વહાલાંના પ્રસંગો આવે ત્યારે તથા અણગમતી જડ વસ્તુઓની પ્રાપ્તિ થાય ત્યારે તેને દૂર કરવા માટેની જે ચિંતા-વિચારણા થાય તે પ્રથમ આર્તધ્યાન. ૯-૩૧.

**वेदनायाश्च ९-३२**
**વેદનાયાશ્ચ ૯-૩૨**
**વેદનાયાઃ ચ ૯-૩૨**

**સૂત્રાર્થ : શારીરિક વેદના થયે છતે તેના વિયોગ માટેની જે વિચારણા કરવી તે બીજું આર્તધ્યાન,. ૯-૩૨**

**ભાવાર્થઃ-** શારીરિક રોગોથી થતી પીડા કેમ દૂર થાય? તેની વિચારણા કરવી એ આર્તધ્યાનનો બીજો પ્રકાર છે. જો કે આ બીજો પ્રકાર પ્રથમ ભેદમાં અંતર્ગત આવી



જાય છે. તો પણ બીજી પ્રતિકૂળતાઓ કરતાં શરીરની વેદના વધારે પ્રતિકૂળ અને દુઃસહ હોય છે. તેથી શરીરની પીડાનો પ્રકાર જુદો કરેલ છે. ૯-૩૨.

**विपरीतं मनोज्ञानाम् ९-३३**
**વિપરીતં મનોજ્ઞાનામ્ ૯-૩૩**
**વિપરીતં મનોજ્ઞાનાં ૯-૩૩**

**સૂત્રાર્થ : મનોજ્ઞભાવોમાં વિપરીત સમજવું. એટલે કે ઈષ્ટ ભાવોનો વિયોગ થયે છતે તેના સંયોગ માટે જે વિચારણા કરવી તે તથા પ્રાપ્ત ઈષ્ટ સંજોગો સદા રહે તેવી વિચારણા કરવી તે ત્રીજું આર્તધ્યાન. ૯-૩૩**

**ભાવાર્થઃ-** મનગમતી વસ્તુઓનો વિયોગ થયો હોય ત્યારે તેનો સંયોગ કેમ થાય? તે સંબંધી વિચારણા કરવી તે એટલે કે વિયોગ પામેલી મનગમતી વસ્તુઓનો સંયોગ કેમ થાય? થયેલો સંયોગ લાંબો સમય કેમ રહે? વિયોગ કેમ જલ્દી દૂર થાય. ઈત્યાદિ વિચારણા કરવી તે આર્તધ્યાનનો ત્રીજો પ્રકાર છે. ૯-૩૩.

**निदानं च ९-३४**
**નિદાનં ચ ૯-૩૪**
**નિદાનં ચ ૯-૩૪**

**સૂત્રાર્થ : નિયાણું કરવું તે ચોથું આર્તધ્યાન. ૯-૩૪**

**ભાવાર્થઃ-** નિયાણું કરવું તે આર્તધ્યાનનો ચોથો પ્રકાર છે. આ મનુષ્ય જીવનમાં જે કંઇ ધર્મારાધન કર્યું હોય તેના ફળસ્વરૂપે પરભવમાં સંસારસુખની માગણી કરવી તે નિયાણું કહેવાય છે. આ પ્રમાણે સૂત્ર ૩૧/૩૨/૩૩/૩૪માં જણાવેલા ચારે પ્રકારો આર્તધ્યાનના ચારભેદ છે. અને આર્તધ્યાનના તે જ ચાર ભેદો છે. ૯-૩૪.

**तदविरत-देशविरत-प्रमत्तसंयतानाम् ९-३५**

**તદવિરત-દેશવિરત-પ્રમત્તસંયતાનામ્ ૯-૩૫**

**તદ્-અવિરત-દેશવિરત-પ્રમત્તસંયતાનામ્ ૯-૩૫**

**સૂત્રાર્થ : તે આર્તધ્યાન અવિરતવાળા, દેશવિરતિવાળા અને પ્રમત્તસંયત મુનિઓને હોય છે. ૯-૩૫**

**ભાવાર્થઃ-** તે આર્તધ્યાન અવિરતજીવોને, દેશવિરત જીવોને અને પ્રમત્તસાધુને હોય છે. અવિરતજીવો એટલે ૧થી૪ ગુણસ્થાનકવર્તી, દેશવિરત એટલે પંચમગુણસ્થાનકવર્તી, અને પ્રમત્તસાધુ એટલે છઠ્ઠા ગુણસ્થાનકવર્તી-તેથી ૧થી૬ ગુણસ્થાનકમાં આ આર્તધ્યાન હોય છે. સાતમા ગુણસ્થાનકથી અપ્રમાદ દશા હોવાથી આર્તધ્યાન હોતું નથી. ૯-૩૫.

**हिंसानृतस्तेयविषयसंरक्षणेभ्यो**
**रौद्रमविरतदेशविरतयोः ९-३६**





**હિંસાનૃતસ્તેયવિષયસંરક્ષણેભ્યો**
**રૌદ્રમવિરતદેશવિરતયોઃ ૯-૩૬**

**હિંસા-અનૃત-સ્તેય-વિષયસંરક્ષણેભ્યઃ**
**રૌદ્રમ્ અવિરતદેશવિરતયોઃ ૯-૩૬**

**સૂત્રાર્થ : હિંસા-જુઠ-ચોરી અને વિષયસંરક્ષણ આ ચાર માટે જે વિચારો કરાય તે રૌદ્રધ્યાન ચાર પ્રકારે છે અને અવિરતિવાળા તથા દેશવિરતિવાળા જીવોને હોય છે. ૯-૩૬**

**ભાવાર્થઃ-** હિંસાસંબંધી, જુઠસંબંધી, ચોરીસંબંધી, અને ધન-ધાન્યાદિ ઈષ્ટવિષયોના સંરક્ષણ સંબંધી જે વિચારો તે અનુક્રમે ચાર પ્રકારનું **રૌદ્રધ્યાન** છે. ચિત્તને હિંસાદિ ચારે પાપોની વિચારણામાં એકલીન કરવું તે **રૌદ્રધ્યાન.**

આ ધ્યાન અવિરત અને દેશવિરત જીવોને હોય છે. અર્થાત્ ૧થી૫ ગુણસ્થાનક સુધી જ હોય છે. સાધુ મહાત્માઓને આ ધ્યાન હોતું નથી. હિંસા-જુઠ-ચોરી અને ઈષ્ટવિષયોની સુરક્ષાના સતત વિચારોમાં વર્તતાં પાપો તરફનો ભય ચાલ્યો જાય છે. પાપો કરવામાં હૃદય વધારે કઠણ અને ક્રૂર બને છે. અને અધિક અધિક પાપો કરવા પ્રેરાય છે. તથા આ જીવ નિર્ભયપણે ક્રૂરતાથી પાપો કરે છે. તેથી આ ચારે પ્રકારના વિચારોને રૌદ્રધ્યાન (ભયંકર વિચારોવાળું ધ્યાન) કહેવાય છે. તે ચારેનાં શાસ્ત્રાનુસાર નામો હિંસાનુબંધી, અનૃતાનુબંધી (મૃષાનુબંધી) સ્તેયાનુબંધી અને વિષયસંરક્ષણાનુબંધી રોદ્રધ્યાન કહેવાય છે. ચારે પ્રકારનું આ

રૌદ્રધ્યાન અવિરત જીવોને અને દેશવિરત જીવોને (એટલે કે ૧ થી ૫ ગુણસ્થાનકવર્તી જીવોને) હોય છે. સાધુ મહાત્માને હિંસાદિ પાપોની આવી તીવ્રતા સંભવતી નથી. ૯-૩૬.

**आज्ञापायविपाकसंस्थानविचयाय धर्ममप्रमत्तसंयतस्य** ૩૭

**आज्ञापायविपाकसंस्थानविचयाय धर्ममप्रमत्तसंयतस्य** ૩૭

**આજ્ઞા-અપાય-વિપાક-સંસ્થાનવિચયાય**
**ધર્મમ્ અપ્રમત્તસંયતસ્ય** ૯-૩૭

**સૂત્રાર્થ : આજ્ઞાવિચય, અપાયવિચય, વિપાકવિચય અને સંસ્થાનવિચય એમ ચાર પ્રકારે ધર્મધ્યાન છે. આ ધ્યાન અપ્રમત્ત મુનિને હોય છે. ૯-૩૭**

**ભાવાર્થઃ-** ધર્મધ્યાનના ચાર ભેદો છે અને આ ધ્યાન અપ્રમત્તમુનિને હોય છે. જો કે ચોથા ગુણસ્થાનકથી ધર્મધ્યાન અંશતઃ સંભવી શકે છે તથાપિ ૪-૫ અને ૬ આ ત્રણ ગુણસ્થાનકોમાં તે ધર્મધ્યાનની માત્રા અતિશય અલ્પ હોવાથી વ્યવહારને ગોચર (વ્યવહારનો વિષય બને) એવું શ્રેષ્ઠ આ ધર્મધ્યાન નથી. તેથી પારમાર્થિક પણે ધર્મધ્યાન ફક્ત સાતમાથી બારમા ગુણસ્થાનક સુધીના અપ્રમત્ત મુનિઓને જ હોય છે. દિગંબરસંપ્રદાય આ ધ્યાન ૪થી૭માં પણ માને છે.

**उपशान्त-क्षीणकषाययोश्च** ૯-૩૮

**ઉપશાન્ત-ક્ષીણકષાયયોશ્ચ** ૯-૩૮



**ઉપશાન્ત-ક્ષીણકષાયયોઃ ચ** ૯-૩૮

**સૂત્રાર્થ : તથા આ ધર્મધ્યાન ઉપશાન્તમોહ અને ક્ષીણમોહવાળા જીવને પણ હોય છે. ૯-૩૮**

**ભાવાર્થઃ-** વળી આ ધર્મધ્યાન ઉપશાન્તમોહ અને ક્ષીણમોહગુણઠાણે પણ હોય છે. અહીં ઉપશાન્તમોહ લખવાથી ફક્ત અગિયારમું ગુણસ્થાનક ન સમજતાં આખી ઉપશમશ્રેણી સમજવી. તેવી જ રીતે ક્ષીણમોહ શબ્દથી ફક્ત ૧૨મું ગુણસ્થાનક ન સમજતાં ક્ષપકશ્રેણી સમજવી તેથી પૂર્વસૂત્રમાં અપ્રમત્તમુનિ-અને આ સૂત્રમાં બે શ્રેણી લખવાથી **૭ થી૧૨** ગુણસ્થાનકો સુધી ધર્મધ્યાન હોય છે.

**પ્રશ્ન :-** ધર્મધ્યાનના સ્વામી કહેવામાં અપ્રમત્તસંયત સાડત્રીસમા સૂત્રમાં અને ઉપશાન્તમોહ તથા ક્ષીણમોહ આડત્રીસમા સૂત્રમાં એમ જુદા શા માટે કહ્યા ? બન્નેને એક જ સૂત્રમાં કેમ ન કહ્યા ?

**ઉત્તર :-** ઉપશાન્તમોહ અને ક્ષીણમોહ શબ્દની અનુવૃત્તિ ૩૯ સૂત્રમાં લઈ જવી છે માટે બે સૂત્રોમાં સ્વામી જુદા કહ્યા છે. ધર્મધ્યાનના ચારભેદો છે. તેનો અર્થ આ પ્રમાણે છે

(૧) **આજ્ઞાવિચય**= જિનેશ્વર ભગવાનની **આજ્ઞા** સર્વજીવોનું કલ્યાણ કરનારી છે. તેથી તેનો જ સતત વિચાર કરવો તે.

(૨) **અપાયવિચય**= આ સંસાર જન્મ-જરા-મૃત્યુ-રોગ-શોક આદિ **દુઃખોથી** ભરેલો છે, દુઃખ જ દુઃખ છે એમ વિચારવું તે.

(૩) **વિપાકવિચય** = પૂર્વે બાંધેલા કર્મોના **વિપાકો** અતિશય ભયંકર છે. દુઃખદાયી છે. નરક-નિગોદમાં રખડાવનારા છે. સંસારમાં ફરી મનુષ્ય જન્મની પ્રાપ્તિ અતિશય દુષ્કર છે ઈત્યાદિ વિચારવું તે.

(૪) **સંસ્થાનવિચય**= ચૌદ રાજલોકાત્મક સમસ્ત **જગત્નું** સ્વરૂપ વિચારવું. ધર્માસ્તિકાયાદિ છ દ્રવ્યોનું અને નવ તત્ત્વોનું સ્વરૂપ વિચારવું તે. ૯-૩૮.

**[1]शुक्ले चाद्ये पूर्वविदः ९-३९**
**શુક્લે ચાદ્યે પૂર્વવિદઃ ૯-૩૯**
**શુક્લે ચ આદ્યે પૂર્વવિદઃ ૯-૩૯**

**સૂત્રાર્થ : શુક્લધ્યાનના પ્રથમના બે ભેદો પૂર્વધર એવા ઉપશાન્તમોહ અને ક્ષીણમોહને હોય છે. ૯-૩૯**

**ભાવાર્થ**:- શુક્લધ્યાનના કુલ ૪ ભેદો છે. તેમાંના પ્રથમના બે ભેદો પૂર્વધરને જ હોય છે. સામાન્ય મુનિઓને આ ભેદ હોતા નથી. ઉપશાન્તમોહ અને ક્ષીણમોહ એમ બે ગુણસ્થાનકોમાં વર્તતા મુનિમહાત્મા જો પૂર્વધર હોય તો શુક્લધ્યાનના પ્રથમના બે ભેદ અને અપૂર્વધર હોય તો ધર્મધ્યાન હોય છે. સારાંશ કે શુક્લધ્યાન પૂર્વધરને જ હોય છે.

૧. સ્વોપજ્ઞભાષ્યમાં **पूर्वविदः** સૂત્ર ૯-૪૦ પૃથક્ કર્યું છે. અને **अविचाई द्वितीयम्** સૂત્ર ૯-૪૪ કર્યું નથી અને તેનો ૯-૪૩ની ટીકામાં જ ઉલ્લેખ કર્યો છે, જેથી સૂત્ર સંખ્યા સરખી છે.



**परे केवलिनः ९-४०**
**પરે કેવલિનઃ ૯-૪૦**
**પરે કેવલિનઃ ૯-૪૦**

**સૂત્રાર્થ : શુક્લધ્યાનના પાછલા બે ભેદો કેવલીને હોય છે. ૯-૪૦**

**ભાવાર્થ**:- શુક્લધ્યાનના પાછળના બે ભેદો કેવલી પરમાત્માને જ હોય છે. છદ્મસ્થજીવોને ૧થી૧૨ ગુણસ્થાનકોમાં હોતા નથી. તેમાં પણ શુક્લધ્યાનનો ત્રીજો ભેદ તેરમા ગુણસ્થાનકના અંતે કાયયોગનો નિરોધ કરતી વખતે જ હોય છે અને ચોથો ભેદ ચૌદમે હોય છે. તે શુક્લધ્યાનના ચારે ભેદોનું વર્ણન આ પ્રમાણે છે. ૯-૪૦.

**पृथक्त्वैकत्ववितर्क-सूक्ष्मक्रिया-**
**प्रतिपातिव्युपरतक्रियानिवृत्तीनि ९-४१**

**પૃથક્ત્વૈકત્વવિતર્ક-સૂક્ષ્મક્રિયા-**
**પ્રતિપાતિ-વ્યુપરતક્રિયાનિવૃત્તીનિ ૯-૪૧**

**પૃથક્ત્વ એકત્વ વિતર્ક-સૂક્ષ્મ ક્રિયા**
**અપ્રતિપાતિ-વ્યુપરત ક્રિયા અનિવૃત્તીનિ ૯-૪૧**

**સૂત્રાર્થ : પૃથક્ત્વવિતર્કસવિચાર, એકત્વવિતર્કઅવિચાર, સૂક્ષ્મક્રિયા અપ્રતિપાતિ અને વ્યુપરતક્રિયા નિવૃત્તિ એમ શુક્લધ્યાનના ચાર ભેદો છે. ૯-૪૧**

**ભાવાર્થ**:- (૧) **પૃથક્ત્વવિતર્કસવિચાર**, (૨) **એકત્વવિતર્કઅવિચાર**, (૩) **સૂક્ષ્મક્રિયા અપ્રતિપાતી**, અને (૪) વ્યુપરતક્રિયાનિવૃત્તિ. એમ શુક્લધ્યાનના કુલ ચાર ભેદો છે. આ ચાર ભેદોના અર્થો સમજતાં પહેલાં તેમાં આવતા પારિભાષિક શબ્દોના અર્થો વિચારી લઈએ.

**પૃથક્ત્વ**= દ્રવ્ય-ગુણ અને પર્યાયના ભેદની પ્રધાનતા-વાળી વિચારણા.

**એકત્વ**= દ્રવ્ય-ગુણ અને પર્યાયના અભેદની પ્રધાનતાવાળી વિચારણા.

**વિતર્ક**= ચૌદ પૂર્વોમાં રહેલા વિષયો સંબંધી શ્રુતજ્ઞાનના આધારે વિચારણા કરવી તે.

**સવિચાર**= દ્રવ્ય-ગુણ-પર્યાયનું પરિવર્તન. દ્રવ્ય-ગુણ અને પર્યાયના વિષયવાળા અર્થ સંબંધી તથા શબ્દસંબંધી પરિવર્તન યુક્ત વિચારો કરવા તે અને એકયોગમાંથી બીજા યોગમાં પરાવર્તન થવું તે સવિચાર.

એકેક શબ્દોના અર્થો જાણીને હવે આપણે ચારે ભેદોના અર્થ વિચારીએ.

(૧) **પૃથક્ત્વવિતર્કસવિચાર**= જે ધ્યાનમાં (વિતર્ક=) ચૌદ પૂર્વમાં જણાવેલા શ્રુતજ્ઞાનના આધારે (સવિચાર=) આત્માદિ દ્રવ્યોના ઉત્પાદ-વ્યય અને ધ્રૂવ ઈત્યાદિ પર્યાયોની પરાવૃત્તિ-યુક્ત (પૃથક્ત્વ=) ભેદની પ્રધાનતાવાળું એકાગ્રતાપૂર્વક ચિંતન-મનન કરાય તેને પ્રથમ શુક્લધ્યાન કહેવાય છે.



(૨) **એકત્વવિતર્કઅવિચાર**= જે ધ્યાનમાં (વિતર્ક=) પૂર્વોમાં કહેલા શ્રુતજ્ઞાનના આધારે (અવિચાર=) આત્માદિ દ્રવ્યોના ઉત્પાદાદિ પર્યાયોમાંથી અન્ય કોઈપણ વિષયમાં પરાવૃત્તિ પામ્યા વિના વિવક્ષિત એવા એક જ વિષયમાં (એકત્વ=) અભેદની પ્રધાનતાવાળું એકાગ્રતાપૂર્વક ચિંતન-મનન કરાય તે. શુક્લધ્યાનનો બીજો પાયો કહેવાય છે. આ બે ધ્યાન પૂર્વધરને જ હોય છે.

(૩) **સૂક્ષ્મક્રિયા અપ્રતિપાતી**=કેવળજ્ઞાની મહાપુરુષો તેરમા ગુણઠાણાના અંતે યોગનિરોધ કરતી વખતે મનયોગ-વચનયોગનો નિરોધ કરી બાદરકાયયોગનો પણ નિરોધ કરી કેવળ સૂક્ષ્મકાયયોગનો જ્યારે નિરોધ કરતા હોય ત્યારે તે સૂક્ષ્મકાયનો જે નિરોધ તે આ ત્રીજું શુક્લધ્યાન છે.

અહીં ધ્યાન શબ્દનો અર્થ ચિંતન-મનન નથી. પરંતુ ધ્યાનનો અર્થ આત્માની સ્થિરતા, આત્મપ્રદેશોમાંથી યોગને અટકાવવો અને આત્મપ્રદેશોની યોગ રહિત સ્થિરાઅવસ્થા તે અર્થ છે.

(૪) **વ્યુપરતક્રિયા અનિવૃત્તિ**= આ ધ્યાન ચૌદમા ગુણઠાણે જ હોય છે. જ્યાં મન-વચન અને કાયાના સમસ્ત (ક્રિયા=) યોગો (વ્યુપરત=) વિરામ પામ્યા છે. અને જ્યાંથી હવે કદાપિ (અનિવૃત્તિ=) પતન થવાનું નથી જ. તે આ ધ્યાન છે. યોગનો સર્વથા નિરોધ. સંપૂર્ણ સ્થિરતા. ૯-૪૧.

**तत्त्र्येककाययोगायोगानाम् ९-४२**
**તત્ ત્ર્યેકકાયયોગાયોગાનામ્ ૯-૪૨**
**તત્ ત્રિ-એક-કાયયોગ-અયોગાનામ્ ૯-૪૨**

**સૂત્રાર્થ : તે શુક્લધ્યાનના ચારે ભેદો અનુક્રમે ૧. ત્રણ યોગવાળાને, ૨. એક યોગવાળાને, ૩. કાયયોગવાળાને અને ૪. અયોગી આત્માઓને હોય છે. ૯-૪૨**

**ભાવાર્થઃ-** શુક્લધ્યાનના ઉપર કહેલા આ ચારે ભેદોમાંથી અનુક્રમે પહેલો પાયો ત્રણ યોગવાળા પૂર્વધરને, બીજો પાયો એકયોગવાળા પૂર્વધરને, ત્રીજો પાયો કાયયોગ-વાળા કેવલી મહાત્માને, અને ચોથો પાયો અયોગી કેવલી મહાત્માને હોય છે. ૯-૪૨.

**एकाश्रये सवितर्के पूर्वे ९-४३**
**એકાશ્રયે સવિતર્કે પૂવે ૯-૪૩**
**એક-આશ્રયે સવિતર્કે પૂવે ૯-૪૩**

**સૂત્રાર્થ : શુક્લધ્યાનના પ્રથમના બે ભેદો એકદ્રવ્યના આલંબનવાળા છે અને વિતર્ક સહિત છે. ૯-૪૩**

**ભાવાર્થઃ-** શુક્લધ્યાનના પ્રથમના જે બે ભેદો છે તે બે ભેદો એકાશ્રય છે એટલે કોઈપણ એક દ્રવ્ય-ગુણ-પર્યાયના આલંબનવાળા છે. અને તે જ બે ભેદો સવિતર્ક છે એટલે કે





પૂર્વોમાં લખેલા શ્રુતના આલંબનવાળા છે. કારણ કે આ બે ભેદોના સ્વામી પૂર્વધર જ હોવાથી પૂર્વ સંબંધી શ્રુતજ્ઞાનના આલંબનયુક્ત આ બે ભેદો હોય છે. તથા તે બે ભેદોમાં પ્રથમ ભેદ સવિચાર (પરિવર્તન યુક્ત) છે. અને બીજો ભેદ અવિચાર (પરિવર્તન રહિત) છે. અર્થની, વ્યંજનની અને યોગની સંક્રાન્તિને પરિવર્તન (વિચાર) કહેવાય છે. ૯-૪૩.

**अविचारं द्वितीयम् ९-४४**
**અવિચારં દ્વિતીયમ્ ૯-૪૪**
**અવિચારં દ્વિતીયમ્ ૯-૪૪**

**સૂત્રાર્થ : શુક્લધ્યાનનો બીજો ભેદ વિચાર રહિત છે. ૯-૪૪**

**ભાવાર્થઃ-** શુક્લધ્યાનનો બીજો પાયો વિચાર વિનાનો છે. તેથી સમજી લેવું કે પહેલો પાયો વિચારવાળો છે. અહીં **વિચારનો** અર્થ શું લેવો તે આગળ ૪૬મા સૂત્રમાં સમજાવાશે. પહેલો ભેદ સવિચાર અને બીજો ભેદ અવિચાર છે. એટલે કે પ્રથમભેદમાં અર્થની વ્યંજનની અને યોગની સંક્રાન્તિ છે. બીજામાં આવી સંક્રાન્તિ નથી. ૯-૪૪.

**वितर्कः श्रुतम् ९-४५**
**વિતર્કઃ શ્રુતમ્ ૯-૪૫**
**વિતર્કઃ શ્રુતમ્ ૯-૪૫**

**સૂત્રાર્થ : વિતર્ક એટલે શ્રુતજ્ઞાન, શાસ્ત્રાનુસારી જ્ઞાન. ૯-૪૫**

**ભાવાર્થ :** અહીં **વિતર્ક** શબ્દનો અર્થ શ્રુતજ્ઞાન લેવું અને તે પણ ચૌદપૂર્વમાં રહેલું જે શ્રુતજ્ઞાન છે. તે જાણવું. જો કે વિતર્કનો અર્થ વિકલ્પ પણ થાય છે તો પણ અહીં આવો વિશિષ્ટ અર્થ સમજવો. એટલે ચૌદપૂર્વમાં રહેલા શ્રુતજ્ઞાનના આધારે થતી જે વિચારણા તે **વિતર્ક** કહેવાય છે. ૯-૪૫.

**विचारोर्थ-व्यञ्जन-योगसंक्रान्तिः ९-४६**

**વિચારોર્થવ્યંજનયોગસંક્રાન્તિઃ ૯-૪૬**

**વિચારઃ અર્થ-વ્યંજન-યોગસંક્રાન્તિઃ ૯-૪૬**

**સૂત્રાર્થ : અર્થનો સંક્રમ, વ્યંજનનો સંક્રમ અને યોગનો સંક્રમ=અદલો-બદલો થવો તેને વિચાર કહેવાય છે. ૯-૪૬**

**ભાવાર્થ :** વિચાર શબ્દનો અર્થ એ છે કે એક અર્થમાંથી બીજા અર્થમાં, એક વ્યંજન એટલે સૂત્રમાંથી (શબ્દમાંથી) બીજા સૂત્રમાં, (શબ્દમાં) અને મન-વચન-કાયાના એકયોગમાંથી બીજાયોગમાં આત્માનો જે સંક્રમ થવો, પરિવર્તન થવું, આત્માનું વિષયાન્તર થવું તે **વિચાર** કહેવાય છે. અર્થસંબંધી સંક્રમ, સૂત્ર સંબંધી સંક્રમ અને યોગ સંબંધી સંક્રમ એમ ત્રણ પ્રકારે સંક્રમ થવો એટલે કે પરાવૃત્તિ થવી તે વિચાર. અર્થાત્ સંક્રમ થવો-વિષયાન્તર થવું. તે વિચાર કહેવાય છે અને તે ત્રણ પ્રકારે હોય છે. ૯-૪૬.



**सम्यग्दृष्टि-श्रावक-विरतानन्तवियोजक-दर्शनमोह-क्षपकोपशमकोपशान्तमोहक्षपक-क्षीणमोह-जिनाः क्रमशोऽसंख्येयगुणनिर्जराः ९-४७**

**સમ્યગ્દૃષ્ટિ-શ્રાવક-વિરતાનન્તવિયોજક-દર્શનમોહ-ક્ષપકોપશમકોપશાન્તમોહક્ષપક-ક્ષીણમોહ-જિનાઃ ક્રમશોસંખ્યેયગુણનિર્જરાઃ ૯-૪૭**

**સમ્યગ્દૃષ્ટિ-શ્રાવક-વિરત-અનન્તવિયોજક-દર્શનમોહક્ષપક-ઉપશમક-ઉપશાન્તમોહ-ક્ષપક-ક્ષીણમોહ-જિનાઃ ક્રમશઃ અસંખ્યેયગુણનિર્જરાઃ ૯-૪૭**

**સૂત્રાર્થ : કર્મ ખપાવવા માટેની ૧૦ ગુણશ્રેણીઓ છે. ૧. સમ્યગ્દૃષ્ટિ, ૨. શ્રાવક (દેશવિરતિ), ૩. વિરત (સર્વવિરતિધર), ૪. અનંતાનુબંધીના વિયોજક, ૫. દર્શનમોહના ક્ષપક, ૬. ચારિત્રમોહના ઉપશમક, ૭. ઉપશાન્તમોહ, ૮. ચારિત્રમોહનો ક્ષપક, ૯. ક્ષીણમોહ અને ૧૦. સયોગી જિન તથા અયોગી જિન. આ ગુણવાળા જીવો અનુક્રમે અસંખ્યગુણી નિર્જરાવાળા હોય છે. ૯-૪૭**

**ભાવાર્થઃ-** આ સૂત્રમાં કર્મોને ખપાવવા માટેની **૧૦** ગુણશ્રેણીઓ બતાવી છે. આ દશે આત્માના ગુણો છે. તેમાં અસંખ્યાતગુણાં કર્મો તૂટે છે. પહેલી ગુણશ્રેણી કરતાં બીજી ગુણશ્રેણીમાં કાળ ઓછો લાગે છે. અને કર્મો વધારે તૂટે છે. દશે ગુણશ્રેણીઓનો કાળ અંતર્મુહૂર્ત છે. પરંતુ એક

પછી એક ગુણશ્રેણીનો કાળ નાનું નાનું અંતર્મુહૂર્ત છે. અને વધારે વધારે કર્મોની નિર્જરા થાય છે.

(૧) **સમ્યગ્દૃષ્ટિ=** દેશવિરતિ કે સર્વવિરતિ વિના માત્ર સમ્યક્ત્વની જે પ્રાપ્તિ થાય તે. અર્થાત્ ચોથા ગુણસ્થાનકની પ્રાપ્તિ. આ પ્રથમ ગુણશ્રેણી છે. અને તે ગુણશ્રેણી સમ્યક્ત્વ પ્રાપ્ત કરતી વેળાએ પ્રથમગુણસ્થાનકે થાય છે.

(૨) **શ્રાવક=** સમ્યક્ત્વ સહિત દેશવિરતિ ધર્મની પ્રાપ્તિ જ્યારે થાય ત્યારે તે બીજી ગુણશ્રેણી.

(૩) **વિરત=** સમ્યક્ત્વ સહિત મહાવ્રતોવાળી સર્વવિરતિની પ્રાપ્તિ તે ત્રીજી ગુણશ્રેણી

(૪) **અનન્તવિયોજક=** અનંતાનુબંધી ચાર કષાયોની વિસંયોજના કરવી. એટલે ત્રણ દર્શનમોહનીય સત્તામાં બાકી રહે અને પ્રથમ ચાર અનંતાનુબંધી માત્રનો નાશ કરીને અટકી જવું તે ચોથી ગુણશ્રેણી.

(૫) **દર્શનમોહક્ષપક=** ચાર અનંતાનુબંધી નાશ કર્યા પછી અટકવું નહીં, પરંતુ ત્રણદર્શન મોહનીયકર્મનો પણ નાશ કરી ક્ષાયિક પામવું તે પાંચમી ગુણશ્રેણી.

(૬) **મોહોપશમક=** ચારિત્ર મોહનીયની ૨૧ પ્રકૃતિનો જીવ ઉપશમ કરતો હોય તે કાળે અર્થાત્ ઉપશમશ્રેણીમાં ૮થી૧૦ ગુણસ્થાનકોના કાળે જે શ્રેણી તે છઠ્ઠી ગુણશ્રેણી.



(૭) **ઉપશાન્તમોહ=** મોહનીયકર્મની ૭+૨૧=૨૮ પ્રકૃતિઓ સર્વથા ઉપશમી ગઇ હોય એવી અવસ્થા. અગિયારમા ગુણસ્થાનકની પ્રાપ્તિ કાળે જે ગુણશ્રેણી તે સાતમી ગુણશ્રેણી.

(૮) **મોહક્ષપક=** ચારિત્રમોહનીયની ૨૧ પ્રકૃતિઓનો જીવ જ્યારે ક્ષય કરતો હોય ત્યારે જે અવસ્થા છે. તે ક્ષપકશ્રેણીમાં ૮થી૧૦ ગુણસ્થાનકોની પ્રાપ્તિ કાળે જે ગુણશ્રેણી તે આઠમી ગુણશ્રેણી.

(૯) **ક્ષીણમોહ=** સર્વથા મોહનીયકર્મ જેમણે વિનષ્ટ કર્યું છે તે ૧૨મું ગુણસ્થાનક. તે કાળે જે ગુણશ્રેણી તે નવમી ગુણશ્રેણી.

(૧૦) **જિન=**તેરમા-ચૌદમા ગુણસ્થાનકવાળા કેવલી ભગવાન્. અઘાતીકર્મો ખપાવવાની જે ગુણશ્રેણી રચે, તે દસમી ગુણશ્રેણી.

ઉપરોક્ત દશે ગુણશ્રેણીઓમાં સયોગી-અયોગી એમ બે ગુણશ્રેણીઓને સાથે ગણીને **જિન** તરીકેની એક ગુણશ્રેણી કલ્પીને સૂત્રમાં ૧૦ ગુણશ્રેણી જણાવી છે. કર્મગ્રંથોમાં ૧૧ ગુણશ્રેણી વર્ણવેલી છે. ૯-૪૭.

**पुलाक-बकुश-कुशील-निर्ग्रन्थ-स्नातका-निर्ग्रन्थाः ४८**

**પુલાક-બકુશ-કુશીલ-નિર્ગ્રન્થ-સ્નાતકા નિર્ગ્રન્થાઃ ૯-૪૮**

**પુલાક-બકુશ-કુશીલ-નિર્ગ્રન્થ-સ્નાતકાઃ નિર્ગ્રન્થાઃ ૯-૪૮**

**સૂત્રાર્થ : પુલાક-બકુશ, કુશીલ-નિર્ગ્રન્થ અને સ્નાતક એમ મુનિઓ પાંચ પ્રકારના હોય છે. ૯-૪૮**

**ભાવાર્થ :** નિર્ગ્રન્થ એટલે સાધુ. તેના પાંચ પ્રકાર છે. તે આ પ્રમાણે-

(૧) **પુલાક=** જે સાધુ શિથિલ હોય. ચારિત્રમાં ઢીલા હોય, જ્ઞાન-દર્શન અને ચારિત્રનાં સાધનો પાસે રાખે, પરંતુ સેવે નહીં. કેવળ આડંબર માત્ર રાખે. જ્ઞાનાદિ ગુણોની પ્રાપ્તિમાં પ્રસાદી હોય તે.

(૨) **બકુશ=** ચિત્ર-વિચિત્ર, અર્થાત્ બ્રહ્મચર્ય આદિ પાળે, પરંતુ હાથ-પગ ધોવે, શરીર ઉપરથી મેલ ઉતારે, મોઢું ધોવે, દાંત સાફ કરે. વાળ ઓળે, શરીરની ટાપટીપ કરે ઇત્યાદિ. તથા વસ્ત્ર ઉજળાં રાખે, દાંડો-પાત્રાં વગેરે ઉપકરણો રંગવામાં અને ચમકવાળાં રાખવામાં જેનું ચિત્ત ઓતપ્રોત હોય તે.

(૩) **કુશીલ=** શય્યાતરપિંડ, રાજ્યપિંડ, નિત્યપિંડ, અને અગ્રપિંડ ઇત્યાદિ દોષો સેવે, ચારિત્રમાં હોવા છતાં કંઇક બહાનું મેળવીને કષાયો વધારે કરે. જ્ઞાનાદિ ગુણોને કલંકિત કરે, અતિચારો સેવે તે. કુશીલના બે ભેદો છે એક કષાયકુશલ અને બીજા પ્રતિસેવનાકુશીલ.

કષાયો, આવેશ અને આસક્તિવાળો સ્વભાવ હોય તે કષાય કુશીલ અને અપવાદો વધારે સેવવાની પ્રકૃતિ હોય તે પ્રતિસેવના કુશીલ જાણવા.



(૪) **નિર્ગ્રન્થ=** ગ્રંથ એટલે રાગ અને દ્વેષની ગાંઠ, આ ગાંઠ જેઓની ચાલી ગઈ છે. તેવા ૧૧-૧૨મા ગુણઠાણાવાળા મુનિઓ. જેઓએ મોહ સર્વથા દબાવ્યો છે અથવા ખપાવ્યો છે તેવા મુનિઓ. તે નિર્ગ્રન્થ.

(૫) **સ્નાતક=**આત્માના રાગાદિ જે મલો છે તેને પોતાનામાંથી જેણે સર્વથા દૂર કરી નાખ્યા છે અને બીજાના દૂર કરે છે તેવા જ્ઞાની મહાત્માઓ ૧૩-૧૪મા ગુણસ્થાનકવર્તી આત્માઓ. આ પ્રમાણે પાંચ પ્રકારના સાધુઓ (નિર્ગ્રન્થો) હોય છે. અર્થાત્ નિર્ગ્રન્થ (મુનિઓ)ના આ પાંચ પ્રકાર છે. ૯-૪૮.

**संयम-श्रुत-प्रतिसेवना-तीर्थ-लिङ्ग-**
**लेश्योपपात-स्थानविकल्पतः साध्याः ९-४९**
**સંયમ-શ્રુત-પ્રતિસેવના-તીર્થ-લિંગ-**
**લેશ્યોપપાત-સ્થાનવિકલ્પતઃ સાધ્યાઃ ૯-૪૯**
**સંયમ-શ્રુત-પ્રતિસેવના-તીર્થ-લિંગ-**
**લેશ્યા-ઉપપાત-સ્થાનવિકલ્પતઃ સાધ્યાઃ ૯-૪૯**

**સૂત્રાર્થ : સંયમ, શ્રુત, પ્રતિસેવના, તીર્થ, લિંગ, લેશ્યા, ઉપપાત, અને સ્થાન એમ આઠ દ્વારોની વિચારણાથી તે મુનિઓ જાણવા જેવા છે. ૯-૪૯**

**ભાવાર્થ :** ઉપર જણાવેલા પાંચે મુનિઓમાં નીચેનાં

આઠ દ્વારો ખાસ વિચારવા જેવાં છે. કયા કયા મુનિઓને શું શું હોય છે? અને શું શું નથી સંભવતું?

(૧) **સંયમદ્વાર=** કયા કયા મુનિઓને કયું કયું સંયમ હોય? તે. પુલાક-બકુશ-અને પ્રતિસેવના કુશીલ એમ ત્રણ જાતના મુનિઓને સામાયિક અને છેદોપસ્થાપનીય એમ બે ચારિત્ર હોય છે. કષાયકુશીલને સામાયિક, છેદો-પસ્થાપનીય, પરિહારવિશુદ્ધિ અને સૂક્ષ્મસંપરાય એમ કુલ ચાર ચારિત્રો હોય છે. અને નિર્ગ્રંથ તથા સ્નાતક-મુનિઓને માત્ર એક યથાખ્યાત ચારિત્ર જ હોય છે.

(૨) **શ્રુત=** કયા મુનિઓને કેટલું કેટલું શ્રુતજ્ઞાન હોય તે. પુલાક-બકુશ-અને પ્રતિસેવના કુશીલને વધુમાં વધુ સંપૂર્ણ ૧૦ પૂર્વનું. કષાય કુશીલને ચૌદપૂર્વનું, નિર્ગ્રંથને પણ ચૌદપૂર્વનું અને સ્નાતક કેવલી હોવાથી શ્રુતજ્ઞાનથી રહિત હોય છે.

(૩) **પ્રતિસેવના=** કયા મુનિઓ કેવા કેવા અપવાદો સેવે? પુલાક મુનિઓ બીજાના દબાણથી અહિંસાદિવ્રતોનું ખંડન કરે, પરંતુ પોતાની ઇચ્છાથી નહીં. બકુશ મુનિઓ શરીર અને ઉપકરણોની સરભરામાં જ રચ્યા-પચ્યા રહે, કષાયકુશીલ-ચારિત્રનો મૂળગુણ ન ભાંગે. પરંતુ ઉત્તરગુણોમાં દૂષણ લગાડે. નિર્ગ્રંથ અને સ્નાતક વીતરાગ હોવાથી દોષ વિનાના હોય છે.





(૪) **તીર્થ=** તીર્થંકર ભગવાન્ તીર્થની સ્થાપના કરે ત્યારથી તે તીર્થ જ્યાં સુધી રહે ત્યાં સુધીના કાળમાં જે થાય તે તીર્થમાં થયેલા કહેવાય. અને તીર્થ વિના પણ એટલે કે તીર્થની સ્થાપના પૂર્વે પણ થાય તે અતીર્થ કહેવાય છે. પાંચે પ્રકારના મુનિઓ તીર્થમાં જ થાય છે. પરંતુ અપવાદે મરુદેવી માતાની જેમ નિર્ગ્રંથ અને સ્નાતક મુનિઓ અતીર્થમાં પણ થાય છે.

(૫) **લિંગ=** રજોહરણ-મુહપત્તી-વસ્ત્રાદિ સાધુનો જે બાહ્યવેશ છે. તે દ્રવ્યલિંગ, અને જ્ઞાનાદિ રત્નત્રયીની પ્રાપ્તિ તે ભાવલિંગ. પાંચે પ્રકારના મુનિઓને ભાવલિંગ હોય છે. પરંતુ દ્રવ્યલિંગ કોઈને હોય અને કોઈને ન પણ હોય જેમ કે જિનકલ્પાદિમાં રહેલા મુનિઓને ન પણ હોય. અને શેષ મુનિઓને સામાન્યથી હોય. તથા દિગંબરામ્નાયમાં વસ્ત્ર પાત્રાદિ ન ભલે હોય પરંતુ મોર પીછી અને કમંડળ હોય. એટલે દ્રવ્યલિંગ હોય છે.

(૬) **લેશ્યા=** કયા કયા મુનિઓને કઇ કઇ લેશ્યા હોય તે.
(૧) પુલાક મુનિને પાછલી (શુભ) ત્રણ લેશ્યા હોય છે.
(૨) બકુશ મુનિને છએ લેશ્યા હોય છે.
(૩) કષાયકુશીલને પાછલી (શુભ) ત્રણ લેશ્યા હોય છે. પરંતુ પ્રતિસેવના કુશીલને છએ લેશ્યા હોય છે.
(૪) નિર્ગ્રંથ મુનિઓને માત્ર શુક્લલેશ્યા હોય છે.
(૫) સ્નાતક-સયોગીકેવલીને શુક્લલેશ્યા, અને અયોગી કેવલીભગવાન્ અલેશી હોય છે.

(૭) **ઉપપાત=** આ પાંચે પ્રકારના મુનિઓ મૃત્યુ પામી ક્યાં ઉત્પન્ન થાય ?

(૧) પુલાકમુનિઓ-૮મા સહસ્રાર દેવલોક સુધી જન્મે છે.

(૨) બકુશમુનિઓ-૧૨મા અચ્યુત દેવલોક સુધી જન્મે છે.

(૩) પ્રતિસેવનાકુશીલ-૧૨મા અચ્યુત દેવલોક સુધી જન્મે છે. કષાયકુશીલ-સર્વાર્થસિદ્ધ સુધી ઉત્પન્ન થાય છે.

(૪) નિર્ગ્રંથમુનિઓ-(૧૧મા વાળા) સર્વાર્થસિદ્ધ સુધી ઉત્પન્ન થાય છે. (૧૨મા વાળા મૃત્યુ પામતા નથી).

(૫) સ્નાતકમુનિઓ-કેવલજ્ઞાની નિર્વાણ પામીને મોક્ષે જાય છે. સ્નાતક સિવાયના શેષ ચારે પ્રકારના મુનિઓ જઘન્યથી પણ પલ્યોપમ પૃથક્ત્વની સ્થિતિવાળા સૌધર્મમાં જાય છે.

(૮) **સ્થાન=** અધ્યવસાયસ્થાનો, તે તે મુનિઓમાં પરિણામની તરતમતા. પુલાક-બકુશ કષાયકુશીલ અને પ્રતિસેવના કુશીલ એમ આ ચાર પ્રકારના મુનિઓમાં કષાય-નિમિત્તક અને યોગનિમિત્તક એમ બન્ને રીતે અસંખ્ય-અસંખ્ય પ્રકારનાં અધ્યવસાય-સ્થાનો (સંયમસ્થાનો) હોય છે. અને નિર્ગ્રન્થ મુનિઓમાં માત્ર યોગનિમિત્તક જ અસંખ્ય સંયમસ્થાનો હોય છે. પરંતુ સ્નાતકમુનિઓ કેવલી હોવાથી એક જ સંયમસ્થાન હોય છે. (જુઓ ભાષ્ય ઉપરની ટીકા)

**નવમો અધ્યાય પૂર્ણ**



# અધ્યાય દશમો

**मोहक्षयाद् ज्ञान-दर्शनावरणान्तरायक्षयाच्च केवलम् १**

**મોહક્ષયાદ્ જ્ઞાન-દર્શનાવરણાન્તરાયક્ષયાચ્ચ કેવલમ્ ૧**

**મોહક્ષયાદ્ જ્ઞાન-દર્શનાવરણ-અન્તરાયક્ષયાચ્ચ કેવલમ્ ૧**

**સૂત્રાર્થ : મોહનીયકર્મના ક્ષયથી અને ત્યારબાદ જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય તથા અંતરાયના ક્ષયથી જીવને કેવલજ્ઞાન થાય છે. ૧૦-૧**

**ભાવાર્થ:-** ૮-૯-૧૦ આ ત્રણ ગુણસ્થાનકોમાં ક્ષપકશ્રેણીની અંદર સૌથી પ્રથમ મોહનીયકર્મનો ક્ષય થાય છે. ત્યારબાદ બારમા ગુણઠાણે જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને અંતરાયકર્મનો નાશ થવાથી આ આત્માને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય છે. જે મોક્ષનું અસાધારણ કારણ છે. મોહનો ક્ષય થવાથી શેષ ત્રણ કર્મોનો નાશ થાય છે. અને ત્યારબાદ તુરત જ કેવળજ્ઞાન પ્રાપ્ત થાય છે. ૧૦-૧.

**बन्धहेत्वभाव-निर्जराभ्याम् १०-२**

**બન્ધહેત્વભાવ-નિર્જરાભ્યામ્ ૧૦-૨**

**બન્ધહેતુ-અભાવ-નિર્જરાભ્યામ્ ૧૦-૨**

**સૂત્રાર્થ : બંધના હેતુઓનો અભાવ થવાથી અને જુના કર્મોની નિર્જરા થવાથી કર્મોનો ક્ષય થાય છે. ૧૦-૨**

**ભાવાર્થઃ-** કર્મબંધના હેતુભૂત મિથ્યાત્વ-અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગ રૂપ જે પાંચ બંધ હેતુઓ છે, તેઓનો અભાવ થવાથી હવે નવાં કર્મો બંધાતાં નથી. એટલે કે ક્રમશઃ સર્વ સંવરભાવ આવે છે. તથા જુનાં બાંધેલાં આ ચારે ઘાતીકર્મોનો ક્ષય થયેલ હોવાથી નિર્જરા થઇ કહેવાય છે. ત્યારબાદ તે કેવલીભગવાન્ આયુષ્યકર્મના સંસ્કારના વશથી શેષ અઘાતી કર્મોની પણ નિર્જરા કરતા છતા વિચરે છે. અન્તે બંધના હેતુભૂત યોગદશાનો પણ નિરોધ કરવા સ્વરૂપ સર્વ સંવરભાવ વડે અને ચાર અઘાતીકર્મોનો સર્વથા અભાવ કરવા સ્વરૂપ પૂર્વબદ્ધ કર્મોની સર્વથા નિર્જરા કરવા વડે કરીને આ જીવ મુક્તિ પદને પ્રાપ્ત થાય છે. અને તે અનંતકાળ સુધી રહે છે. ૧૦-૨

**कृत्स्नकर्मक्षयो मोक्षः ૧૦-૩**
**કૃત્સ્નકર્મક્ષયો મોક્ષઃ ૧૦-૩**
**કૃત્સ્ન-કર્મ-ક્ષયઃ મોક્ષઃ ૧૦-૩**

**સૂત્રાર્થ : સર્વ કર્મોનો ક્ષય તે મોક્ષ કહેવાય છે. ૧૦-૩**

**ભાવાર્થઃ-** કૃત્સ્ન એટલે સર્વ, બધાં જ કર્મોનો સંપૂર્ણપણે જે ક્ષય તે જ મોક્ષ કહેવાય છે. સર્વ કર્મોનો ક્ષય થવાથી આ



આત્મા શુદ્ધ-બુદ્ધ-નિરંજન-નિરાકાર એવો અને સ્ફટિક જેવો અતિશય નિર્મળ બને છે. કર્મો નાશ થવાથી ફરીથી જન્મ-મરણ રૂપ સંસાર આવતો નથી. જેમ બીજ બળી જવાથી અંકુરા ઉગતા નથી. તેમ બંધહેતુ ન હોવાથી બંધ થતો નથી અને પૂર્વબદ્ધ સર્વ કર્મોની નિર્જરા થયેલી હોવાથી સર્વથા કર્મરહિત થયેલ આ આત્માને ફરી સંસાર આવતો નથી. ૧૦-૩.

**औपशमिकादि-भव्यत्वाभावाच्चान्यत्र**
**केवलसम्यक्त्व-ज्ञान-दर्शनसिद्धत्वेभ्यः ૧૦-૪**
**ઔપશમિકાદિ-ભવ્યત્વાભાવાચ્ચાન્યત્ર**
**કેવલસમ્યક્ત્વ-જ્ઞાન-દર્શન-સિદ્ધત્વેભ્યઃ ૧૦-૪**
**ઔપશમિક-આદિ-ભવ્યત્વ-અભાવાત્ ચ**
**અન્યત્ર કેવલ-સમ્યક્ત્વ-જ્ઞાન-દર્શન-સિદ્ધત્વેભ્યઃ ૧૦-૪**

**સૂત્રાર્થ : ઔપશમિકાદિ ભાવોનો (ઔપશમિક, ક્ષાયોપશમિક, ઔદયિક ભાવોનો તથા ભવ્યત્વનો અભાવ થવાથી, અને ફક્ત ક્ષાયિકસમ્યક્ત્વ કેવલજ્ઞાન, કેવલદર્શન તથા સિદ્ધત્વ સિવાયના ક્ષાયિકભાવોનો પણ અભાવ થવાથી મોક્ષ થાય છે. ૧૦-૪**

**ભાવાર્થઃ-** આ આત્મા જ્યારે મોક્ષે જાય છે ત્યારે ઔપશમિક-ક્ષાયિક-ક્ષાયોપશમિક-ઔદયિક અને પારિણામિક આ પાંચ ભાવોમાંથી કેટલા ભાવો રહે અને કેટલા ભાવોનો અભાવ થાય તે આ સૂત્રમાં જણાવે છે-

(૧) ઔપશમિકભાવ, (૨) ક્ષાયોપશમિકભાવ, અને (૩) ઔદયિકભાવ આ ત્રણ ભાવો કર્મોની અપેક્ષાવાળા હોવાથી અને આ મહાત્માને સર્વથા કર્મો ન હોવાથી આ ત્રણ ભાવો બીલકુલ હોતા જ નથી. આ ત્રણ ભાવોના સર્વે પેટા ભેદો (૨-૧૮-૨૧) પણ હોતા નથી.

બાકી રહેલા પારિણામિક અને ક્ષાયિક એ બે જ ભાવો હોય છે. તે બેમાંથી પ્રથમ પારિણામિકભાવ વિચારીએ. પારિણામિકભાવના ભવ્યત્વ-અભવ્યત્વ અને જીવત્વ એમ ત્રણ ભેદો છે. તેમાંથી મોક્ષે જતા આ જીવમાં અભવ્યત્વ તો હોતું જ નથી. ફક્ત ભવ્યત્વ અને જીવત્વ એમ બે ભેદોનો સંભવ હોઈ શકે છે. પરંતુ તેમાંથી ભવ્યત્વનો પણ હવે અભાવ થાય છે. ફક્ત જીવત્વ રહે છે. એટલે સંપૂર્ણપણે પારિણામિકભાવ ચાલ્યો જતો નથી. અંશથી રહે છે. માટે મૂલસૂત્રમાં **"ઔપશમિકાદિ"**માં *આદિ* શબ્દ લખીને ત્રણભાવોનો અભાવ લખીને ભવ્યત્વનો અભાવ જુદો લખ્યો છે. તથા ભવ્યત્વનો અભાવ લખીને પારિણામિક ભાવના ભવ્યત્વ, અભવ્યત્વ અને જીવત્વ એમ ત્રણ જ ભેદ છે. એમ નહીં પરંતુ અસ્તિત્વ, ગુણવત્વ, અનાદિત્વ, અસંખ્યપ્રદેશિત્વ અને નિત્યત્વ વિગેરે ઘણા ભેદો છે. તેમાંથી ફક્ત ભવ્યત્વનો જ અભાવ હોય છે. (અભવ્યત્વ તો છે જ નહીં. શેષ પારિણામિક ભાવો હોય છે.) એમ જાણવું.

**પ્રશ્ન** :- મોક્ષગત જીવોમાં જો ભવ્યત્વ ન હોય તો શું તે અભવ્ય બની જાય ?



**ઉત્તર** :- ના, ભવ્યત્વ એટલે યોગ્યતા, અને અભવ્યત્વ એટલે અયોગ્યતા, જ્યાં સુધી વસ્તુની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી જ યોગ્યતા અને અયોગ્યતાનો વ્યવહાર થાય. વસ્તુની પ્રાપ્તિ પછી યોગ્યતા-અયોગ્યતા કહેવાતી નથી. જેમ દીક્ષા ગ્રહણ ન કરેલી હોય તે જ જીવ દીક્ષાને માટે યોગ્ય અથવા અયોગ્ય કહેવાય છે. પરંતુ દીક્ષા લીધા પછી યોગ્ય કે અયોગ્ય કહેવાતા નથી. તેમ સિદ્ધના આત્માઓ નોભવ્ય અને નોઅભવ્ય કહેવાય છે.

હવે ક્ષાયિકભાવના ચાર ભેદો તેઓમાં હોય છે. (૧) કેવળજ્ઞાન (૨) કેવળદર્શન અને (૩) ક્ષાયિકસમ્યક્ત્વ. તથા (૪) સિદ્ધત્વ. આ ચાર ભેદો ક્ષાયિકભાવના સિદ્ધાવસ્થામાં વિદ્યમાન છે. કારણ કે તે આત્માના ગુણ રૂપ છે. દાનાન્તરાયાદિ પાંચ અંતરાયનો ક્ષય થયેલ છે. તેથી તે દાનાદિ પાંચ લબ્ધિ પણ તેઓને છે જ. પરંતુ પુદ્ગલોનું આદાન-પ્રદાન નથી. માટે આ પાંચ લબ્ધિઓનો ઉલ્લેખ અહીં કરેલ નથી. ૧૦-૪.

**तदनन्तरमूर्ध्वं गच्छत्यालोकान्तात् ૧૦-૫**

**તદનન્તરમૂર્ધ્વં ગચ્છત્યાલોકાન્તાત્ ૧૦-૫**

**તદ્ અનન્તરમ્ ઊર્ધ્વં ગચ્છતિ આલોકાન્તાત્ ૧૦-૫**

**સૂત્રાર્થ : ત્યારબાદ તે જીવ લોકના છેડા સુધી ઉપર જાય છે. ૧૦-૫**

ત્યારબાદ એટલે કે સર્વકર્મોનો ક્ષય થયા પછી ૧૪ રાજ પ્રમાણ જે આ લોક છે. તેના અન્ત સુધી તે જીવ જાય

છે. એટલે સિદ્ધશિલા ઉપર સ્થાન ગ્રહણ કરવા સ્વરૂપે ત્યાં રહેતા નથી. પરંતુ સિદ્ધશિલાની ઉપર એક યોજનના ૨૪ ભાગ કરીએ તેવા ૨૩ ભાગ જઈને. ત્યારબાદ સિદ્ધશિલાથી ઉપર સિદ્ધો વસે છે. તે સિદ્ધશિલા લોકાન્તથી એક યોજન નીચે છે અને સિદ્ધભગવંતો લોકના અન્ત સુધી જાય છે. સિદ્ધાત્માની ઉત્કૃષ્ટ અવગાહના ૩૩૩⅓ ધનુષ્ય હોય છે. જે ગાઉનો છઠ્ઠો ભાગ અને યોજનનો ચોવીસમો ભાગ થાય છે. ૧૦-૫.

**पूर्वप्रयोगादसङ्गत्वाद् बन्धच्छेदात्**
**तथागतिपरिणामाच्च तद्गतिः ૧૦-૬**
**પૂર્વપ્રયોગાદસંગત્વાદ્ બન્ધચ્છેદાત્**
**તથાગતિપરિણામાચ્ચ તદ્ગતિઃ ૧૦-૬**
**પૂર્વપ્રયોગાદ્-અસંગત્વાદ્-બંધચ્છેદાત્-**
**તથાગતિપરિણામાત્ ચ તદ્ગતિઃ ૧૦-૬**

**સૂત્રાર્થ : પૂર્વપ્રયોગ, અસંગત્વ, બંધચ્છેદ તથા ગતિપરિણામ એમ ચાર કારણોથી મુક્તિગામી જીવોની મુક્તિ તરફ ગતિ થાય છે. ૧૦-૬**

**ભાવાર્થ:-** સર્વકર્મ રહિત થયેલા આ મહાત્માઓ મનુષ્યલોકમાંથી નિર્વાણ પામ્યા પછી સાતરાજ ઉપર જે જાય છે તે ગતિ કોના આધારે કરે છે? કારણ કે ગતિ કરાવનારૂં કર્મ તો હવે નથી. તેનો ખુલાશો ગ્રંથકારશ્રી કરે છે.



મોક્ષે જતા જીવોને મોક્ષે જવામાં-ગતિ કરવાનાં નીચે મુજબ ૪ કારણો છે.

(૧) **પૂર્વપ્રયોગ**= પૂર્વકાળમાં આ જીવ યોગદશાથી ઘણું ચાલેલો છે, તેથી અત્યારે યોગદશા ન હોવા છતાં પણ પૂર્વકાળના ચાલવાના સંસ્કારના બળે અલ્પ કાળ ચાલે છે. જેમ હિંચકો ઘણીવાર ચલાવ્યા પછી પગના પ્રયત્ન વિના પણ થોડો કાળ ચાલે છે.

(૨) **અસંગત્વ**= ઘડા ઉપર જામેલો માટીનો લેપ પાણી વડે ઓગળી જવાથી જેમ ઘટ પાણીની ઉપર આવે છે. તેવી જ રીતે આ આત્મા ઉપર લાગેલો કર્મોનો લેપ ઓગળી જવાથી કર્મોનો સંગ દૂર થવાથી આ આત્મા ઊર્ધ્વગતિ કરે છે.

(૩) **બન્ધચ્છેદ**= જેમ જેલના બંધનમાંથી છૂટતો ચોર ભાગે છે. પાંજરાના બંધનમાંથી છૂટતો વાઘ છલાંગ મારી દૂર જાય છે. કોશમાં (જીંડવામાં) રહેલું એરંડબીજ કોશ તુટતાં જ ઉડીને ઉપર જાય છે. તેમ કર્મોના બંધનોનો વિચ્છેદ થવાથી આ આત્મા સાત રાજ સુધી ઊર્ધ્વગતિ કરે છે.

(૪) **તથાગતિપરિણામ**= જેમ ઘટ-પટ આદિ અજીવદ્રવ્યોનો નીચે બેસવાનો સ્વભાવ છે. તેમ બંધન મુક્ત એવા આ જીવનો ઉપર જવાનો સ્વભાવ છે. જેમ દીપકની જ્યોત ઊર્ધ્વગામી, પવન તિર્ચ્છી ગતિવાળો સ્વભાવથી જ છે. તેમ આ આત્મા સ્વભાવથી જ ઊર્ધ્વગતિ સ્વભાવવાળો છે. ઉપરોક્ત ચાર કારણોથી આ આત્મા ઊર્ધ્વગતિ કરે છે. ૧૦-૬

**क्षेत्र-काल-गति-लिङ्ग-तीर्थ-चारित्र-प्रत्येकबुद्धबोधित-ज्ञानावगाहनान्तर-संख्याल्पबहुत्वतः साध्याः १०-७**

**ક્ષેત્ર-કાલ-ગતિ-લિંગ-તીર્થ-ચારિત્ર-પ્રત્યેકબુદ્ધબોધિત-જ્ઞાનાવગાહનાન્તર-સંખ્યાલ્પબહુત્વતઃ સાધ્યાઃ ૧૦-૭**

**ક્ષેત્ર-કાલ-ગતિ-લિંગ-તીર્થ-ચારિત્ર-પ્રત્યેકબુદ્ધબોધિત-જ્ઞાન-અવગાહના-અન્તર-સંખ્યા-અલ્પબહુત્વતઃ સાધ્યાઃ ૭**

**સૂત્રાર્થ : ક્ષેત્ર, કાલ, ગતિ, લિંગ, તીર્થ, ચારિત્ર, પ્રત્યેકબુદ્ધબોધિત, જ્ઞાન, અવગાહના, અન્તર, સંખ્યા અને અલ્પબહુત્વ એમ કુલ ૧૨ દ્વારો વડે આ સિદ્ધના જીવોનું સ્વરૂપ જાણવા જેવું છે. ૧૦-૭**

**ભાવાર્થઃ-** અઢી દ્વીપ પ્રમાણ મનુષ્યલોકમાંથી મોક્ષે જતા આત્માઓમાં નીચે મુજબ ૧૨ દ્વારો વિચારવા જેવાં છે. આવા પ્રકારનાં આ બાર દ્વારોની વિચારણા કરવાથી સિદ્ધ પરમાત્માઓ સંબંધી ઘણું સ્વરૂપ જાણવા મળે છે. બોધવિશેષ થાય છે. વિશાળ જ્ઞાન માટે આ બાર દ્વારો જાણવાં જરૂરી છે.

(૧) **ક્ષેત્રદ્વાર=** કયા કયા ક્ષેત્રોમાંથી જીવ મોક્ષે જાય છે? તેની વિચારણા. જન્મની અપેક્ષાએ ૫ ભરત, ૫ ઐરાવત, અને ૫ મહાવિદેહક્ષેત્ર એમ ૧૫ કર્મભૂમિમાં જન્મેલા હોય તે જ જીવો મોક્ષે જાય છે. સંહરણની અપેક્ષાએ ૪૫ લાખ યોજનવાળા ૨॥ દ્વીપપ્રમાણ મનુષ્યલોકમાંથી સર્વત્ર મોક્ષે જાય છે.



(૨) **કાલદ્વાર=** કયા કયા કાલે જીવ મોક્ષે જાય છે? ભરત-ઐરાવતક્ષેત્રમાં અવસર્પિણી કાળના ત્રીજા આરાના અન્તિમ ભાગમાં મોક્ષમાં જાય છે તથા ચોથા આરામાં જન્મેલા જીવો ચોથા આરામાં તથા પાંચમા આરાના પ્રારંભમાં મોક્ષે જાય છે. પરંતુ પહેલા-બીજા અને ત્રીજા આરાનો બહુભાગ જાય ત્યાં સુધીના કાળમાં જન્મેલા જીવો કોઈ મોક્ષે જતા નથી. તથા પાંચમા-છઠ્ઠા આરામાં જન્મેલા પણ કોઈ મોક્ષે જતા નથી. ઉત્સર્પિણીકાળમાં તેનાથી ઉલટું છે. પહેલા-બીજા આરામાં કોઈ મોક્ષે જતું નથી. ત્રીજા આરામાં તથા ચોથા આરાના પ્રારંભમાં મોક્ષે જવાય છે. ત્યાર પછીના ચોથા આરામાં તથા પાંચમા-છઠ્ઠા આરાના સર્વકાળમાં મોક્ષે જવાતું નથી.

મહાવિદેહક્ષેત્રમાં નોઉત્સર્પિણી-નો અવસર્પિણીકાળ હોય છે. ત્યાં સદાકાળ મોક્ષે જવાય છે. તથા અકર્મભૂમિ, હિમવંતાદિ પર્વતીય ભાગ, તથા લવણાદિ સમુદ્રવાળા સ્થાનોમાંથી સંહરણથી ગયેલા જીવો અથવા નંદીશ્વરાદિ તરફ ગમનાગમન કરતા જીવો અઢી દ્વીપ ઉપર હોય ત્યારે વિશુદ્ધ પરિણામથી મોક્ષે જાય છે.

(૩) **ગતિદ્વાર=** ચાર ગતિઓમાંથી કઇ કઇ ગતિઓમાંથી મોક્ષે જવાય છે? માત્ર મનુષ્યગતિમાંથી જ મોક્ષે જવાય છે. પરંતુ પૂર્વભવની અપેક્ષાએ ચારે ગતિમાંથી નીકળેલા જીવો મનુષ્યભવમાં આવી મોક્ષે જઇ શકે છે.

(૪) **લિંગદ્વાર=** કયા કયા લિંગે (વેદમાં અથવા વેશમાં) મોક્ષે જાય? સ્ત્રીલિંગ, પુરુષલિંગ, અને નપુંસકલિંગ, એમ ત્રણે લિંગે જીવો મોક્ષે જાય છે એમ શ્વેતાંબર સંપ્રદાય માને છે. અને સ્ત્રીલિંગ વિના શેષ ૨ લિંગે જીવો મોક્ષે જાય છે. એમ દિગંબર સંપ્રદાય માને છે. વેશને આશ્રયી દ્રવ્યથી સ્વલિંગ, અન્યલિંગ અને ગૃહસ્થલિંગ એમ ત્રણે લિંગે જીવ મોક્ષે જાય છે.

(૫) **તીર્થદ્વાર=** ભગવાનનું તીર્થ સ્થપાયું હોય ત્યારપછી મોક્ષે જવાય કે તેની પહેલાં પણ મોક્ષે જવાય? તીર્થ સ્થપાયા પછી મોક્ષે જાય એ રાજમાર્ગ છે. ઘણા જીવો આ રીતે મોક્ષે જાય છે. પરંતુ અપવાદરૂપે મરુદેવા માતાની જેમ ક્વચિત્ તીર્થ સ્થપાયા પહેલાં પણ કોઈ જીવો મોક્ષે જાય છે.

(૬) **ચારિત્રદ્વાર=** સામાયિકાદિ પાંચ પ્રકારના ચારિત્રોમાંથી કયા કયા ચારિત્રોમાંથી મોક્ષે જવાય છે?

૧૧-૧૨-૧૩-૧૪મા ગુણઠાણે નિયમા યથાખ્યાત ચારિત્ર જ હોય છે. અને ચૌદમા ગુણસ્થાનક પછી જ મોક્ષ થાય છે. તેથી ફક્ત એક યથાખ્યાત ચારિત્રમાંથી જ મોક્ષે જવાય છે. પરંતુ યથાખ્યાત પામતાં પહેલાં પૂર્વકાળને આશ્રયી સામાયિક, સૂક્ષ્મસંપરાય અને યથાખ્યાત એમ ૩, અથવા છેદોપસ્થાપનીય સાથે ૪, અથવા પરિહારવિશુદ્ધિ સાથે ૫, ચારિત્રોવાળા થઈને પણ મોક્ષે જવાય છે. પરંતુ અન્તે તો યથાખ્યાત ચારિત્રમાંથી જ મોક્ષે જવાય છે.



(૭) **પ્રત્યેકબુદ્ધબોધિતદ્વાર=** સ્વયં પોતાની મેળે બોધ પામીને મોક્ષે જાય? કે અન્યના ઉપદેશને સાંભળીને જીવો મોક્ષે જાય? તેની વિચારણા. કેટલાક જીવો સ્વયં પોતાની મેળે પ્રતિબોધ પામીને મોક્ષે જાય છે. તેઓને સ્વયંબુદ્ધ કહેવાય છે. જેમકે તીર્થંકર ભગવંતો, કેટલાક સંધ્યાના પલટાતા રંગતરંગો, મૃતકદેહ ઈત્યાદિ નિમિત્તો જોઈને સ્વયં વૈરાગ્યવાહી થઈ મોક્ષે જાય છે તે પ્રત્યેકબુદ્ધ, જેમકે કરકંડુ ઋષિ વગેરે. અને ઘણા જીવો ગુરુનો ઉપદેશ સાંભળીને વૈરાગ્યવાહી બની મોક્ષે જાય છે, તે બુદ્ધબોધિત કહેવાય છે. જેમકે ગૌતમસ્વામી આદિ. આ બુદ્ધબોધિતના પણ બે ભેદો છે. જે બીજાને ઉપદેશ આપીને મોક્ષે જાય તે પરબોધક બુદ્ધ બોધિત. અને આયુષ્ય અલ્પ હોવા આદિના કારણે બીજાને બોધ આપ્યા વિના જ મોક્ષે જાય તેઓ સ્વેષ્ટકારિ બુદ્ધબોધિત કહેવાય છે.

(૮) **જ્ઞાનદ્વાર=** મતિજ્ઞાન આદિ પાંચ જ્ઞાનોમાંથી કયા કયા જ્ઞાનોવાળા થઈને મોક્ષે જઈ શકાય છે? તો માત્ર કેવલજ્ઞાનમાંથી મોક્ષે જવાય. પરંતુ કેવળજ્ઞાનની પૂર્વે મતિ-શ્રુત એમ ૨ પણ હોય, મતિ-શ્રુત-અવધિ અથવા મતિ-શ્રુત-મનઃપર્યવ એમ ૩ પણ હોય, અથવા મતિ

આદિ ચાર પણ હોઇ શકે છે. પરંતુ અન્તે તો કેવળજ્ઞાન જ હોય છે.

(૯) **અવગાહના=** શરીરની ઉંચાઇ, કેટલી ઉંચાઇવાળા જીવો મોક્ષે જાય? ઉત્કૃષ્ટથી ૫૦૦ ધનુષ્ય ઉપર ધનુષ્ય પૃથક્ત્વ અધિક અવગાહના યુક્ત કાયાવાળા જીવો મોક્ષે જાય છે અને જઘન્યથી ૨ હાથની કાયાવાળા મોક્ષે જાય છે. અને મધ્યમથી ૨ હાથથી કંઇક અધિકથી સાધિક ૫૦૦ ધનુષ્ય સુધીની તમામ અવગાહનાવાળા જીવો મોક્ષે જઇ શકે છે. પરંતુ તીર્થંકર ભગવંતોની જઘન્ય અવગાહના સાત હાથ હોય છે. શરીરની જેટલી અવગાહના હોય તેના કરતાં બે તૃતીયાંશ ભાગની અવગાહના મોક્ષે જતાં આત્માની હોય છે.

(૧૦) **અંતરદ્વાર=** મોક્ષે જવામાં અંતર-વિરહ હોય કે ન હોય? સતત પણ મોક્ષે જાય છે. અને આંતરું (વિરહ) પણ પડે છે. જો સતત મોક્ષે જાય તો ૧થી૮ સમય સુધી મોક્ષે જવાય છે. અને જો વિરહ પડે તો જઘન્યથી ૧ સમય અને ઉત્કૃષ્ટથી છ માસનો વિરહ હોઇ શકે છે. મુક્તિમાં ગયેલા સિદ્ધોની વચ્ચે ક્ષેત્રનું અંતર હોતું નથી.

(૧૧) **સંખ્યાદ્વાર=** એક સમયમાં એકી સાથે કેટલા જીવો મોક્ષે જાય? ઓછામાં ઓછો ૧ જીવ મોક્ષે જાય છે. અને વધુમાં



વધુ ૧૦૮ જીવો મોક્ષે જાય છે. એકી સાથે પુરુષો ૧૦૮, સ્ત્રીઓ ૨૦ અને નપુંસકો ૧૦ ઉત્કૃષ્ટથી મોક્ષે જાય છે. જઘન્યથી સર્વત્ર ૧ મોક્ષે જાય છે.

(૧૨) **અલ્પબહુત્વદ્વાર=** થોડા જીવો ક્યાં મોક્ષે જાય અને વધારે જીવો ક્યાં મોક્ષે જાય? તે ક્ષેત્રાદિથી વિચારવું. જેમકે ભરત-ઐરાવતક્ષેત્રમાં થોડા મોક્ષે જાય અને મહાવિદેહક્ષેત્રમાંથી તેના કરતાં સંખ્યાતગણા મોક્ષે જાય છે. તે જ રીતે કાળથી ઉત્સર્પિણી-અવસર્પિણી કાળમાં થોડા મોક્ષે જાય છે. પરંતુ નોઉત્સર્પિણી નોઅવસર્પિણી-કાળમાં તેના કરતાં સંખ્યાત ગુણા મોક્ષે જાય છે. તથા લિંગ આશ્રયી નપુંસકલિંગે થોડા મોક્ષે જાય, તેનાથી સ્ત્રીલિંગે અને તેનાથી પુરુષલિંગે વધારે મોક્ષે જાય છે. ઇત્યાદિ વિચારવું.

આ પ્રમાણે તત્ત્વાર્થાધિગમ સૂત્રના સંક્ષેપમાં સૂત્રો અને તેના અર્થો પૂર્ણ થયા.

**દશમો અધ્યાય સમાપ્ત**

# તત્ત્વાર્થાધિગમ સૂત્ર મૂળ

## અધ્યાય પહેલો

सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः ॥१॥ तत्त्वार्थश्रद्धानं सम्यग्दर्शनम् ॥२॥ तन्निसर्गादधिगमाद् वा ॥३॥ जीवाजीवाश्रवबन्धसंवरनिर्जरामोक्षास्तत्त्वम् ॥४॥ नाम-स्थापना-द्रव्य-भावतस्तन्न्यासः ॥५॥ प्रमाणनयैरधिगमः ॥६॥ निर्देशस्वामित्वसाधनाधिकरणस्थितिविधानतः ॥७॥ सत्संख्याक्षेत्रस्पर्शनकालान्तरभावाल्पबहुत्वैश्च ॥८॥ मतिश्रुतावधिमनःपर्यायकेवलानि ज्ञानम् ॥९॥ तत्प्रमाणे ॥१०॥ आद्ये परोक्षम् ॥११॥ प्रत्यक्षमन्यत् ॥१२॥ मतिः स्मृतिः संज्ञा चिन्ताभिनिबोध इत्यनर्थान्तरम् ॥१३॥ तदिन्द्रियानिन्द्रियनिमित्तम् ॥१४॥ अवग्रहेहापायधारणाः ॥१५॥ बहुबहुविधक्षिप्रानिश्रितासंदिग्धध्रुवाणां सेतराणाम् ॥१६॥ अर्थस्य ॥१७॥ व्यञ्जनस्यावग्रहः ॥१८॥ न चक्षुरनिन्द्रियाभ्याम् ॥ १९॥ श्रुतं मतिपूर्वं द्व्यनेक-द्वादशभेदम् ॥२०॥ द्विविधोवधिः ॥२१॥ भवप्रत्ययो नारकदेवानाम् ॥२२॥ यथोक्तनिमित्तः षड्विकल्पः शेषाणाम् ॥२३॥ ऋजुविपुलमती मनःपर्यायः ॥२४॥ विशुद्ध्यप्रतिपाताभ्यां तद्विशेषः ॥२५॥ विशुद्धिक्षेत्र-



स्वामिविषयेभ्योवधिमनःपर्याययोः ॥२६॥ मतिश्रुत-योर्निबन्धः सर्वद्रव्येष्वसर्वपर्यायेषु ॥२७॥ रूपिष्ववधेः ॥२८॥ तदनन्तभागे मनःपर्यायस्य ॥२९॥ सर्वद्रव्य-पर्यायेषु केवलस्य ॥३०॥ मतिश्रुतावधयो विपर्ययश्च ॥ ३२॥ सदसतोरविशेषाद् यदृच्छोपलब्धेरुन्मत्तवत् ॥३३॥ नैगमसंग्रहव्यवहारर्जुसूत्रशब्दा नयाः ॥३४॥ आद्यशब्दौ द्वित्रिभेदौ ॥३५॥

## અધ્યાય બીજો

औपशमिकक्षायिकौ भावौ मिश्रश्च जीवस्य स्वतत्त्व-मौदयिकपारिणामिकौ च ॥१॥ द्विनवाष्टादशैकविंशति-त्रिभेदा यथाक्रमम् ॥२॥ सम्यक्त्वचारित्रे ॥३॥ ज्ञान-दर्शनदानलाभभोगोपभोगवीर्याणि च ॥४॥ ज्ञानाज्ञान-दर्शनदानादिलब्धयश्चतुस्त्रि त्रि पञ्चभेदाः सम्यक्त्व-चारित्रसंयमासंयमाश्च ॥५॥ गतिकषायलिङ्गमिथ्या-दर्शनाज्ञानासंयता सिद्धत्व लेश्याश्चतुश्चतुस्त्र्येकैकैकैक-षड्भेदाः ॥६॥ जीवभव्याभव्यत्वादीनि च ॥७॥ उपयोगो लक्षणम् ॥८॥ स द्विविधोष्टचतुर्भेदः ॥९॥ संसारिणो मुक्ताश्च ॥१०॥ समनस्कामनस्काः ॥११॥ संसारिणस्त्रसस्थावराः ॥१२॥ पृथ्व्यब्वनस्पतयः स्थावराः ॥१३॥ तेजोवायूद्वीन्द्रियादयश्च त्रसाः ॥१४॥

पञ्चेन्द्रियाणि ॥१५॥ द्विविधानि ॥१६॥ निर्वृत्त्युपकरणे द्रव्येन्द्रियम् ॥१७॥ लब्ध्युपयोगौ भावेन्द्रियम् ॥१८॥ उपयोगः स्पर्शादिषु ॥ १९ ॥ स्पर्शनरसनघ्राणचक्षुः श्रोत्राणि ॥२०॥ स्पर्शरसगन्धवर्णशब्दास्तेषामर्थाः॥२१॥ श्रुतमनिन्द्रियस्य ॥२२॥ वाय्वन्तानामेकम् ॥२३॥ कृमि-पिपीलिकाभ्रमरमनुष्यादीनामेकैकवृद्धानि ॥२४॥ संज्ञिनः समनस्काः ॥२५॥ विग्रहगतौ कर्मयोगः ॥२६॥ अनु-श्रेणिगतिः ॥२७॥ अविग्रहा जीवस्य ॥२८॥ विग्रहवती च संसारिणः प्राक् चतुर्भ्यः ॥२९॥ एकसमयोऽविग्रहः ॥ ३०॥ एकं द्वौ वानाहारकः ॥३१॥ सम्मूर्च्छन-गर्भोपपाता जन्म ॥३२॥ सचित्तशीतसंवृताः सेतरा मिश्राश्चैकशस्तद्योनयः ॥३३॥ जराय्वण्डपोतजानां गर्भः ॥३४॥ नारकदेवानामुपपातः ॥३५॥ शेषाणां सम्मूर्छनम् ॥३६॥ औदारिकवैक्रियाहारकतैजसकार्मणानि शरीराणि ॥३७॥ परं परं सूक्ष्मम् ॥३८॥ प्रदेशतोसङ्ख्येयगुणं प्राक् तैजसात् ॥३९॥ अनन्तगुणे परे ॥४०॥ अप्रतिघाते ॥४१॥ अनादिसम्बन्धे च ॥४२॥ सर्वस्य ॥४३॥ तदादीनि भाज्यानि युगपदेकस्याचतुर्भ्यः ॥४४॥ निरुपभोगमन्त्यम् ॥४५॥ गर्भसम्मूर्छनजमाद्यम् ॥४६॥ वैक्रियमौपपातिकम् ॥४७॥ लब्धिप्रत्ययं च ॥४८॥ शुभं विशुद्धमव्याघाति चाहारकं चतुर्दशपूर्वधरस्यैव ॥४९॥



नारकसम्मूर्छिनो नपुंसकानि ॥५०॥ न देवाः ॥५१॥ औपपातिकचरमदेहोत्तमपुरुषासङ्ख्येयवर्षायुषोनपवर्त्यायुषः ॥५२॥

## અધ્યાય ત્રીજો

रत्नशर्करावालुकापङ्कधूमतमोमहातमःप्रभा भूमयो घनाम्बू-वाताकाशप्रतिष्ठाः सप्ताधोधः पृथुतराः ॥१॥ तासु नरकाः ॥२॥ नित्याशुभतरलेश्यापरिणामदेहवेदनावि-क्रियाः ॥३॥ परस्परोदीरितदुःखाः ॥४॥ संक्लिष्टा-सुरोदीरितदुःखाश्च प्राक् चतुर्थ्याः ॥५॥ तेष्वेकत्रिसप्त-दशसप्तदशद्वाविंशति त्रयस्त्रिंशत्सागरोपमाः सत्त्वानां परा स्थितिः ॥६॥ जम्बूद्वीपलवणादयः शुभनामानो द्वीप-समुद्राः ॥७॥ द्विर्द्विर्विष्कम्भाः पूर्वपूर्वपरिक्षेपिणो वलया-कृतयः ॥८॥ तन्मध्ये मेरुनाभिर्वृत्तो योजनशतसहस्त्र-विष्कम्भो जम्बूद्वीपः ॥९॥ तत्र भरतहैमवतहरिविदेहरम्यक् हैरण्यवतैरावतवर्षाः क्षेत्राणि ॥१०॥ तद्विभाजिनः पूर्वापरायताहिमवन्महाहिमवन्निषधनीलरुक्मिशिखरिणो वर्षधरपर्वताः ॥११॥ द्विर्धातकीखण्डे ॥१२॥ पुष्करार्धे च ॥१३॥ प्राग्मानुषोत्तरान्मनुष्याः ॥१४॥ आर्या म्लेच्छाश्च ॥ १५॥ भरतैरावतविदेहाः कर्मभूमयोन्यत्र देवकुरूत्तर-कुरुभ्यः ॥१६॥ नृस्थिती परापरे त्रिपल्योप-मान्तर्मुहूर्ते ॥१७॥ तिर्यग्योनीनां च ॥१८॥

# અધ્યાય ચોથો

देवाश्चतुर्निकायाः ॥१ ॥ तृतीयः पीतलेश्यः ॥२ ॥ दशाष्ट-पञ्चद्वादशविकल्पाः कल्पोपपन्नपर्यन्ताः ॥३ ॥ इन्द्र-सामानिक-त्रायस्त्रिंश-पारिषद्यात्मरक्षकलोकपालानीक-प्रकीर्णकाभियोग्यकिल्बिषिकाश्चैकशः ॥४ ॥ त्रायस्त्रिंश-लोकपालवर्ज्या व्यन्तरज्योतिष्काः ॥५ ॥ पूर्वयोर्द्वीन्द्राः ॥६ ॥ पीतान्तलेश्याः ॥७ ॥ कायप्रवीचारा आ ऐशानात् ॥८ ॥ शेषाः स्पर्शरूपशब्दमनःप्रवीचारा द्वयोर्द्वयोः ॥९ ॥ परेऽप्रवीचाराः ॥१० ॥ भवनवासिनोसुरनागविद्युत्सुपर्णा-ग्निवातस्तनितोदधिद्वीपदिक्कुमाराः ॥११ ॥ व्यन्तराः किन्नरकिम्पुरुषमहोरगगन्धर्वयक्षराक्षसभूतपिशाचाः ॥१२ ॥ ज्योतिष्काः सूर्याश्चन्द्रमसो ग्रहनक्षत्रप्रकीर्णतारकाश्च ॥१३ ॥ मेरुप्रदक्षिणा नित्यगतयो नृलोके ॥१४ ॥ तत्कृतः कालविभागः ॥१५ ॥ बहिरवस्थिताः ॥१६ ॥ वैमानिकाः ॥१७ ॥ कल्पोपपन्नाः कल्पातीताश्च ॥१८ ॥ उपर्युपरि ॥१९ ॥ सौधर्मैशानसनत्कुमारमाहेन्द्रब्रह्मलोकलान्तक-महाशुक्र सहस्त्रारेष्वानतप्राणतयोरारणाच्युतयोर्नवसु ग्रैवेयकेषु विजयवैजयन्तजयन्तापराजितेषु सर्वार्थसिद्धे च ॥२० ॥ स्थितिप्रभावसुखद्युतिलेश्याविशुद्धीन्द्रियावधि-विषयतोधिकाः ॥२१ ॥ गतिशरीरपरिग्रहाभिमानतो हीनाः



॥२२ ॥ पीतपद्म-शुक्ललेश्या द्वित्रिशेषेषु ॥२३ ॥ प्राग्गैवेयकेभ्यः कल्पाः ॥२४ ॥ ब्रह्मलोकालया लोकान्तिकाः ॥२५ ॥ सारस्वतादित्यवह्न्यरुणगर्दतोय-तुषिताव्याबाधमरुतोरिष्टाश्च ॥२६ ॥ विजयादिषु द्विचरमाः ॥२७ ॥ औपपातिकमनुष्येभ्यः शेषास्तिर्यग्योनयः ॥२८ ॥ स्थितिः ॥२९ ॥ भवनेषु दक्षिणार्धाधिपतीनां पल्योपम-मध्यर्धम् ॥३० ॥ शेषाणां पादोने ॥३१ ॥ असुरेन्द्रयोः सागरोपममधिकं च ॥३२ ॥ सौधर्मादिषु यथाक्रमम् ॥३३ ॥ सागरोपमे ॥३४ ॥ अधिके च ॥३५ ॥ सप्त सनत्कुमारे ॥३६ ॥ विशेषत्रिसप्तदशैकादशत्रयोदश-पञ्चदशभिरधिकानि च ॥३७ ॥ आरणाच्युतादूर्ध्वमेकैकेन नवसु ग्रैवेयकेषु विजयादिषु सर्वार्थसिद्धे च ॥३८ ॥ अपरा पल्योपममधिकं च ॥३९ ॥ सागरोपमे ॥४० ॥ अधिके च ॥४१ ॥ परतः परतः पूर्वापूर्वानन्तरा ॥४२ ॥ नारकाणां च द्वितीयादिषु ॥४३ ॥ दशवर्षसहस्त्राणि प्रथमायाम् ॥४४ ॥ भवनेषु च ॥४५ ॥ व्यन्तराणाञ्च ॥४६ ॥ परा पल्योपमम् ॥४७ ॥ ज्योतिष्काणामधिकम् ॥४८ ॥ ग्रहाणामेकम् ॥४९ ॥ नक्षत्राणामर्धम् ॥५० ॥ तारकाणां चतुर्भागः ॥५१ ॥ जघन्या त्वष्टभागः ॥५२ ॥ चतुर्भागः शेषाणाम् ॥५३ ॥

## અધ્યાય પાંચમો

अजीवकाया धर्माधर्माकाशपुद्गलाः ॥१॥ द्रव्याणि जीवाश्च ॥२॥ नित्यावस्थितान्यरूपाणि ॥३॥ रूपिणः पुद्गलाः ॥४॥ आकाशादेकद्रव्याणि ॥५॥ निष्क्रियाणि च ॥६॥ असङ्ख्येयाः प्रदेशा धर्माधर्मयोः ॥७॥ जीवस्य च ॥८॥ आकाशस्यानन्ताः ॥९॥ सङ्ख्येयासङ्ख्येयाश्च पुद्गलानाम् ॥१०॥ नाणोः ॥११॥ लोकाकाशेऽवगाहः ॥१२॥ धर्माधर्मयोः कृत्स्ने ॥१३॥ एकप्रदेशादिषु भाज्यः पुद्गलानाम् ॥१४॥ असङ्ख्येयभागादिषु जीवानाम् ॥१५॥ प्रदेशसंहार-विसर्गाभ्यां प्रदीपवत् ॥१६॥ गतिस्थित्युपग्रहो धर्माधर्मयोरुपकारः ॥१७॥ आकाश-स्यावगाहः ॥१८॥ शरीरवाङ्मनःप्राणापानाः पुद्गलानाम् ॥१९॥ सुखदुःखजीवितमरणोपग्रहाश्च ॥२०॥ परस्परोपग्रहो जीवानाम् ॥२१॥ वर्तना परिणामः क्रिया-परत्वापरत्वे च कालस्य ॥२२॥ स्पर्शरसगन्धवर्णवन्तः पुद्गलाः ॥२३॥ शब्द-बन्ध सौक्ष्म्यस्थौल्यसंस्थानभेद-तमश्छायातपोद्योतवन्तश्च ॥२४॥ अणवः स्कन्धाश्च ॥२५॥ संघातभेदेभ्यः उत्पद्यन्ते ॥२६॥ भेदादणुः ॥२७॥ भेदसंघाताभ्यां चाक्षुषाः ॥२८॥ उत्पादव्यय-ध्रौव्ययुक्तं सत् ॥ २९ ॥ तद्भावाव्ययं नित्यम् ॥३०॥ अर्पितानर्पितसिद्धेः ॥३१॥ स्निग्धरुक्षत्वाद् बन्धः ॥३२॥



न जघन्यगुणानाम् ॥३३॥ गुणसाम्ये सदृशानाम् ॥३४॥ द्व्यधिकादिगुणानां तु ॥३५॥ बन्धे समाधिकौ पारिणामिकौ ॥३६॥ गुणपर्यायवद् द्रव्यम् ॥३७॥ कालश्चेत्येके ॥३८॥ सोनन्तसमयः ॥३९॥ द्रव्याश्रया निर्गुणा गुणाः ॥४०॥ तद्भावः परिणामः ॥४१॥ अनादिरादिमांश्च ॥ ४२ ॥ रूपिष्वादिमान् ॥ ४३ ॥ योगोपयोगौ जीवेषु ॥४४॥

## અધ્યાય છટ્ઠો

काय-वाङ्-मनःकर्म योगः ॥१॥ स आश्रवः ॥२॥ शुभः पुण्यस्य ॥३॥ अशुभः पापस्य ॥४॥ सकषायाकषाययोः साम्परायिकेर्यापथयोः ॥५॥ अव्रत-कषायेन्द्रिय-क्रियाः पञ्च-चतुः-पञ्च-पञ्चविंशतिसंख्याः पूर्वस्य भेदाः ॥६॥ तीव्रमन्दज्ञाताज्ञातभाव-वीर्या-धिकरणविशेषेभ्यस्तद्विशेषः ॥७॥ अधिकरणं जीवाजीवाः ॥८॥ आद्यं संरम्भ-समारम्भारम्भ-योग-कृत-कारितानुमतकषायविशेषैस्त्रिस्त्रिस्त्रिश्चतुश्चैकशः ॥९॥ निर्वर्तना-निक्षेप-संयोग-निसर्गा द्वि-चतु-र्द्वि-त्रिभेदाः परम् ॥१०॥ तत्प्रदोष-निह्नव-मात्सर्यान्तराया-सादनोपघाताज्ञानदर्शनावरणयोः ॥११॥ दुःख-शोक-तापाक्रन्दन-वधपरिदेवना-न्यात्मपरोभयस्था-न्यसद्वेद्यस्य

॥१२॥ भूत-व्रत्यनुकम्पादानं सरागसंयमादियोगः क्षान्तिः शौचमिति सद्वेद्यस्य ॥१३॥ केवलि-श्रुत-सङ्घ-धर्मदेवावर्णवादो दर्शनमोहस्य ॥१४॥ कषायोदयात् तीव्रात्मपरिणामश्चारित्रमोहस्य ॥१५॥ बह्वारम्भ-परिग्रहत्वं च नारकस्यायुषः ॥१६॥ माया तैर्यग्योनस्य ॥१७॥ अल्पारम्भपरिग्रहत्वं स्वभावमार्दवार्जवं च मानुषस्य ॥१८॥ निःशील-व्रतत्वं च सर्वेषाम् ॥१९॥ सराग-संयमसंयमासंयमाकामनिर्जरा-बालतपांसि दैवस्य ॥२०॥ योगवक्रता विसंवादनं चाशुभस्य नाम्नः ॥२१॥ तद्-विपरीतं शुभस्य ॥२२॥ दर्शनविशुद्धि-र्विनयसंपन्नता शीलव्रतेष्वनतिचारोभीक्ष्णं ज्ञानोपयोगसंवेगौ शक्ति-तस्त्याग-तपसी संघसाधुसमाधि-वैयावृत्यकरण -मर्हदाचार्य-बहुश्रुतप्रवचनभक्तिरावश्यकापरिहाणिर्मार्ग-प्रभावना प्रवचनवत्सलत्वमिति तीर्थकृत्त्वस्य ॥२३॥ परात्मनिंदाप्रशंसे-सदसद्गुणाच्छादनोद्भावने च नीचैर्गोत्रस्य ॥२४॥ तद्विपर्ययो नीचैर्वृत्त्यनुत्सेकौ चोत्तरस्य ॥२५॥ विघ्नकरणमन्तरायस्य ॥२६॥

## અધ્યાય સાતમો

हिंसानृतस्तेयाब्रह्मपरिग्रहेभ्यो विरतिर्व्रतम् ॥१॥ देशसर्व-तोणुमहती ॥२॥ तत्स्थैर्यार्थं भावनाः पञ्च पञ्च ॥३॥



हिंसादिष्विहामुत्र चापायावद्यदर्शनम् ॥४॥ दुःखमेव वा ॥५॥ मैत्री-प्रमोद-कारुण्य-माध्यस्थ्यानि सत्त्व-गुणाधिक-क्लिश्यमानाविनेयेषु ॥६॥ जगत्कायस्वभावौ च संवेगवैराग्यार्थम् ॥७॥ प्रमत्तयोगात् प्राणव्यपरोपणं हिंसा ॥८॥ असदभिधानमनृतम् ॥९॥ अदत्तादानं स्तेयम् ॥१०॥ मैथुनमब्रह्म ॥११॥ मूर्च्छा परिग्रहः ॥१२॥ निःशल्यो व्रती ॥१३॥ अगार्यनगारश्च ॥१४॥ अणुव्रतोगारी ॥१५॥ दिग्देशानर्थदण्डविरति-सामायिक-पौषधोपवासोपभोग-परिभोगपरिमाणातिथिसंविभागव्रत-संपन्नश्च ॥१६॥ मारणान्तिकीं संलेखनां जोषिता ॥१७॥ शङ्का-काङ्क्षा-विचिकित्साऽन्यदृष्टिप्रशंसा-संस्तवाः सम्यग्दृष्टेरतिचाराः ॥१८॥ व्रत-शीलेषु पञ्च पञ्च यथा-क्रमम् ॥१९॥ बन्ध-वध-छविच्छेदातिभारारोपणान्न-पाननिरोधाः ॥२०॥ मिथ्योपदेश-रहस्याभ्याख्यान-कूटलेख-क्रिया न्यासापहार-साकारमन्त्रभेदाः ॥२१॥ स्तेनप्रयोग-तदाहृतादान-विरुद्धराज्यातिक्रम- हीनाधिक-मानोन्मान-प्रतिरूपकव्यवहाराः ॥२२॥ परविवाह-करणेत्वरपरिगृहीतापरिगृहीतागमना-नङ्गक्रीडा-तीव्रकामा-भिनिवेशाः ॥२३॥ क्षेत्रवास्तु-हिरण्यसुवर्ण-धनधान्य-दासीदास-कुप्यप्रमाणातिक्रमाः ॥२४॥ ऊर्ध्वाध-स्तिर्यग्व्यतिक्रम-क्षेत्रवृद्धि-स्मृत्यन्तर्धानानि ॥२५॥ आनयन-प्रेष्यप्रयोग-शब्द-रूपानुपात-पुद्गलक्षेपाः ॥२६॥

कन्दर्प-कौकुच्य-मौखर्यासमीक्ष्या-धिकरणोपभोगाधि-कत्वानि ॥२७॥ योगदुष्प्रणिधानानादरस्मृत्यनुपस्थापनानि ॥२८॥ अप्रत्यवेक्षिताप्रमार्जितोत्सर्गादान-निक्षेप-संस्तारोपक्रमणानादरस्मृत्यनुपस्थापनानि ॥२९॥ सचित्त-सम्बद्ध-संमिश्राभिषव-दुष्पक्वाहाराः ॥३०॥ सचित्त-निक्षेप-पिधान-परव्यपदेश-मात्सर्य-कालातिक्रमाः ॥३१॥ जीवित-मरणाशंसा-मित्रानुराग-सुखानुबंध-निदानकरणानि ॥३२॥ अनुग्रहार्थं स्वस्यातिसर्गो दानम् ॥३३॥ विधि-द्रव्यदातृपात्रविशेषाच्च तद्विशेषः ॥३४॥

## અધ્યાય આઠમો

मिथ्यादर्शनाविरति-प्रमाद-कषाय-योगा बन्धहेतवः ॥१॥ सकषायत्वाज्जीवः कर्मणोयोग्यान् पुद्गलानादत्ते ॥२॥ स बन्धः ॥३॥ प्रकृति-स्थित्यनुभाव-प्रदेशास्तद्विधयः ॥४॥ आद्यो ज्ञान-दर्शनावरण-वेदनीय-मोहनीयायुष्क-नाम-गोत्रान्तरायाः ॥५॥ पञ्च-नव-द्व्यष्टाविंशति-चतुर्द्विचत्वारिंशद्-द्वि-पञ्चभेदा यथाक्रमम् ॥६॥ मत्यादीनाम् ॥७॥ चक्षुरचक्षुरवधिकेवलानां निद्रा-निद्रानिद्रा-प्रचला-प्रचलाप्रचला-स्त्यानर्द्धिवेदनीयानि च ॥८॥ सदसद्वेद्ये ॥९॥ दर्शन-चारित्रमोहनीय-कषाय-नोकषाय-वेदनीयाख्यास्त्रिद्विषोडशनवभेदाः, सम्यक्त्व-



मिथ्यात्वतदु-भयानि, कषायनोकषायावनन्तानुबन्ध्य-प्रत्याख्यान-प्रत्याख्यानावरण-संज्वलनविकल्पाश्चैकशः, क्रोध-मान-माया-लोभा, हास्यरत्यरतिशोकभयजुगुप्सा-स्त्रीपुंनपुंसकवेदाः ॥१०॥ नारक-तैर्यग्योन-मानुष-दैवानि ॥११॥ गति-जाति-शरीराङ्गोपाङ्ग-निर्माण-बन्धन-संघात-संस्थान-संहनन-स्पर्श-रस-गन्ध-वर्णानुपूर्व्य-गुरुलघूपघात-पराघातातपोद्योतोच्छ्वासविहायोगतयः प्रत्येकशरीर-त्रस-सुभग-सुस्वर-शुभ-सूक्ष्म-पर्याप्त-स्थिरादेय-यशांसि सेतराणि-तीर्थकृत्त्वं च ॥१२॥ उच्चैर्नीचैश्च ॥१३॥ दानादीनाम् ॥१४॥ आदितस्तिसृणा-मन्तरायस्य च त्रिंशत्सागरोपमकोटीकोट्यः परा स्थितिः ॥१५॥ सप्ततिर्मोहनीयस्य ॥१६॥ नामगोत्रयोर्विंशतिः ॥१७॥ त्रयस्त्रिंशत्सागरोपमाण्यायुष्कस्य ॥१८॥ अपरा द्वादश मुहूर्ता वेदनीयस्य ॥१९॥ नामगोत्रयोरष्टौ ॥२०॥ शेषाणामन्तर्मुहूर्तम् ॥२१॥ विपाकोनुभावः ॥२२॥ स यथानाम ॥२३॥ ततश्च निर्जरा ॥२४॥ नामप्रत्ययाः सर्वतो योगविशेषात् सूक्ष्मैकक्षेत्रावगाढस्थिताः सर्वात्म-प्रदेशेष्वनन्तानन्तप्रदेशाः ॥२५॥ सद्वेद्य-सम्यक्त्व-हास्य-रति-पुरुषवेद-शुभायुर्नामगोत्राणि पुण्यम् ॥२६॥

# અધ્યાય નવમો

आश्रवनिरोधः संवरः ॥१॥ स गुप्ति-समिति-धर्मानुप्रेक्षा-परीषहजय-चारित्रैः ॥२॥ तपसा निर्जरा च ॥३॥ सम्यग्योगनिग्रहो गुप्तिः॥४॥ ईर्याभाषैषणादाननिक्षेपोत्सर्गाः समितयः ॥५॥ उत्तमः क्षमा-मार्दवार्जव-शौच-सत्य-संयम-तपस्त्यागाकिञ्चन्य-ब्रह्मचर्याणि धर्मः ॥६॥ अनित्याशरण-संसारैकत्वान्यत्वा-शुचित्वाश्रव-संवर-निर्जरा-लोक-बोधिदुर्लभ-धर्मस्वाख्यातत्त्वानुचिन्तनमनुप्रेक्षाः ॥७॥ मार्गाच्यवननिर्जरार्थं परिषोढव्याः परीषहाः ॥८॥ क्षुत्-पिपासा-शीतोष्ण-दंशमशक-नाग्न्यारति-स्त्री-चर्या-निषद्या-शय्याक्रोश-वध-याचनालाभ-रोग-तृणस्पर्श-मल-सत्कारपुरस्कार-प्रज्ञाज्ञानादर्शनानि ॥९॥ सूक्ष्मसंपराय-छद्मस्थवीतरागयोश्चतुर्दश ॥१०॥ एकादश जिने ॥११॥ बादरसंपराये सर्वे ॥१२॥ ज्ञानावरणे प्रज्ञाज्ञाने ॥१३॥ दर्शनमोहान्तराययोरदर्शनालाभौ॥१४॥ चारित्रमोहे नाग्न्यारति-स्त्री-निषद्या-क्रोश-याचना सत्कारपुरस्काराः ॥१५॥ वेदनीये शेषाः॥१६॥ एकादयो भाज्या युगपदेकोनविंशतेः ॥१७॥ सामायिक-छेदोपस्थाप्य-परिहारविशुद्धि-सूक्ष्मसंपराय-यथाख्यातानि चारित्रम् ॥१८॥ अनशनावमौदर्य-वृत्तिपरिसंख्यान-



रसपरित्याग-विविक्तशय्यासन-कायक्लेशा बाह्यं तपः ॥१९॥ प्रायश्चित्त-विनय-वैयावृत्त्य-स्वाध्याय-व्युत्सर्ग-ध्यानान्युत्तरम् ॥२०॥ नव-चतुर्दश-पञ्च-द्विभेदं यथाक्रमं प्राग्ध्यानात् ॥२१॥ आलोचन-प्रतिक्रमण-तदुभय-विवेक-व्युत्सर्गतपश्छेद-परिहारोपस्थापनानि ॥२२॥ ज्ञान-दर्शन-चारित्रोपचाराः ॥२३॥ आचार्योपाध्याय-तपस्वि-शैक्षक-ग्लान-गण-कुल-संघ-साधु-समनोज्ञानाम् ॥२४॥ वाचना-पृच्छना-नुप्रेक्षाम्नाय-धर्मोपदेशाः ॥२५॥ बाह्याभ्यन्तरोपध्योः ॥२६॥ उत्तमसंहननस्यैकाग्रचिन्ता-निरोधो ध्यानम् ॥२७॥ आमुहूर्तात् ॥२८॥ आर्त-रौद्र-धर्म-शुक्लानि ॥२९॥ परे मोक्षहेतू॥३०॥ आर्तममनोज्ञानां सम्प्रयोगे तद्विप्रयोगाय स्मृतिसमन्वाहारः ॥३१॥ वेदनायाश्च ॥३२॥ विपरीतं मनोज्ञानाम् ॥३३॥ निदानं च ॥३४॥ तदविरत-देशविरत-प्रमत्तसंयतानाम् ॥३५॥ हिंसानृतस्तेयविषयसंरक्षणेभ्यो रौद्रमविरतदेशविरतयोः ॥३६॥ आज्ञापायविपाकसंस्थानविचयाय धर्ममप्रमत्त-संयतस्य ॥३७॥ उपशान्त-क्षीणकषाययोश्च ॥३८॥ शुक्ले चाद्ये पूर्वविदः ॥३९॥ परे केवलिनः ॥४०॥ पृथक्त्वैकत्ववितर्क-सूक्ष्मक्रिया- प्रतिपातिव्युपरतक्रिया-निवृत्तीनि ॥४१॥ तत्र्येककाययोगायोगानाम् ॥४२॥

एकाश्रये सवितर्के पूर्वे ॥४३॥ अविचारं द्वितीयम् ॥४४॥ वितर्कः श्रुतम् ॥४५॥ विचारोर्थ-व्यञ्जन-योगसंक्रान्तिः ॥४६॥ सम्यग्दृष्टि-श्रावक-विरतानन्त-वियोजक-दर्शनमोह-क्षपकोपशमकोपशान्तमोहक्षपक-क्षीणमोह-जिनाः क्रमशोसंख्येयगुणनिर्जराः ॥४७॥ पुलाक-बकुश कुशील-निर्ग्रन्थ-स्नातकाः निर्ग्रन्थाः ॥४८॥ संयम-श्रुत-प्रतिसेवना-तीर्थ-लिङ्ग-लेश्योपपात स्थानविकल्पतः साध्याः ॥४९॥

## અધ્યાય દસમો

मोहक्षयाद् ज्ञान-दर्शनावरणान्तरायक्षयाच्च केवलम् ॥१॥ बन्धहेत्वभाव-निर्जराभ्याम् ॥२॥ कृत्स्नकर्मक्षयो मोक्षः ॥३॥ औपशमिकादि-भव्यत्वाभावाच्चान्यत्र केवल-सम्यक्त्व-ज्ञान-दर्शनसिद्धत्वेभ्यः ॥४॥ तदनन्तरमूर्ध्वं गच्छत्यालोकान्तात् ॥५॥ पूर्वप्रयोगादसङ्गत्वाद् बन्ध-च्छेदात् तथागतिपरिणामाच्च तद्गतिः ॥६॥ क्षेत्र-काल-गति-लिङ्ग-तीर्थ-चारित्र-प्रत्येकबुद्धबोधित-ज्ञानावगाह-नान्तर-संख्याल्पबहुत्वतः साध्याः ॥७॥



पूर्वधरश्रीमदुमास्वातिवाचकविरचितम्-

# श्री तत्त्वार्थाधिगमशास्त्रम्

## ॥ संबन्धकारिका ॥

सम्यग्दर्शनशुद्धं, यो ज्ञानं विरतिमेव चाप्नोति ।
दुःखनिमित्तमपीदं, तेन सुलब्धं भवति जन्म ॥१॥

जन्मनि कर्मक्लेशै-रनुबद्धेऽस्मिंस्तथा प्रयतितव्यम् ।
कर्मक्लेशाभावो, यथा भवत्येष परमार्थः ॥२॥

परमार्थालाभे वा, दोषेष्वारम्भकस्वभावेषु ।
कुशलानुबन्धमेव, स्यादनवद्यं यथा कर्म॥३॥

कर्माहितमिह चामुत्र, चाधमतमो नरः समारभते ।
इह फलमेव त्वधमो, विमध्यमस्तूभयफलार्थम् ॥४॥

परलोकहितायैव प्रवर्तते, मध्यमः क्रियासु सदा ।
मोक्षायैव तु घटते, विशिष्टमतिरुत्तमपुरुषः ॥५॥

यस्तु कृतार्थोऽप्युत्तम-मवाप्य धर्मं परेभ्य उपदिशति ।
नित्यं स उत्तमेभ्यो-प्युत्तम इति पूज्यतम एव ॥६॥

तस्मादर्हति पूजा,-मर्हन्नेवोत्तमोत्तमो लोके ।
देवर्षि नरेन्द्रेभ्यः, पूज्येभ्योऽप्यन्यसत्त्वानाम् ॥७॥

अभ्यर्चनादर्हतां, मनःप्रसादस्ततः समाधिश्च ।
तस्मादपि निःश्रेयस-मतो हि तत्पूजनं न्याय्यम् ॥८॥

तीर्थप्रवर्तनफलं, यत्प्रोक्तं कर्म तीर्थकरनाम ।
तस्योदयात् कृतार्थो-ऽप्यर्हंस्तीर्थं प्रवर्तयति ॥९॥

तत्स्वाभाव्यादेव, प्रकाशयति भास्करो यथा लोकम् ।
तीर्थप्रवर्तनाय, प्रवर्तते तीर्थकर एवम् ॥१०॥

यः शुभकर्मासेवन,-भावितभावो भवेष्वनेकेषु ।
जज्ञे ज्ञातेक्ष्वाकुषु, सिद्धार्थनरेन्द्रकुलदीपकः ॥११॥

ज्ञानैः पूर्वाधिगतै,-रप्रतिपतितैर्मतिश्रुतावधिभिः ।
त्रिभिरपि शुद्धैर्युक्तः, शैत्यद्युतिकान्तिभिरिवेन्दुः ॥१२॥

शुभसारसत्त्वसंहनन,-वीर्यमाहात्म्यरूपगुणयुक्तः ।
जगति महावीर इति, त्रिदशैर्गुणतः कृताभिख्यः ॥१३॥

स्वयमेव बुद्धतत्त्वः, सत्त्वहिताभ्युद्यताचलितसत्त्वः ।
अभिनन्दितशुभसत्त्वः, सेन्द्रैर्लोकान्तिकैर्देवैः ॥१४॥

जन्मजरामरणार्त्तं, जगदशरणमभिसमीक्ष्य निःसारम् ।
स्फीतमपहाय राज्यं शमाय धीमान् प्रवव्राज ॥१५॥

प्रतिपद्याशुभशमनं, निःश्रेयससाधकं श्रमणलिङ्गम् ।
कृतसामायिककर्मा, व्रतानि विधिना समारोप्य ॥१६॥
(कुलकम्)



सम्यक्त्व-ज्ञान-चारित्र,-संवर तपः-समाधिबलयुक्तः ।
मोहादीनि निहत्या,-ऽशुभानि चत्वारि कर्माणि ॥१७॥

केवलमधिगम्य विभुः, स्वयमेव ज्ञानदर्शनमनन्तम् ।
लोकहिताय कृतार्थो,-ऽपि देशयामास तीर्थमिदम् ॥१८॥

द्विविधमनेकद्वादश,-विधमहाविषयममितगमयुक्तम् ।
संसारार्णवपारगमनाय, दुःखक्षयायालम् ॥ १९॥

ग्रन्थार्थवचनपटुभिः प्रयत्नवद्भिरपि वादिभिर्निपुणैः ।
अनभिभवनीयमन्यै,-र्भास्कर इव सर्वतेजोभिः ॥२०॥
कलापकम् ।

कृत्वा त्रिकरणशुद्धं, तस्मै परमर्षये नमस्कारम् ।
पूज्यतमाय भगवते, वीराय विलीनमोहाय ॥२१॥

तत्त्वार्थाधिगमाख्यं बह्वर्थसंग्रहं लघुग्रन्थम् ।
वक्ष्यामि शिष्यहित,-मिममर्हद्वचनैकदेशस्य ॥२२॥ युग्मम्।

महतोऽतिमहाविषयस्य, दुर्गमग्रन्थभाष्यपारस्य ।
कः शक्तः प्रत्यासं, जिनवचनमहोदधेः कर्तुम् ॥२३॥

शिरसा गिरिं बिभित्से-दुच्चिक्षिप्सेच्च स क्षितिं दोर्भ्याम् ।
प्रतितीर्षेच्च समुद्रं, मित्सेच्च पुनः कुशाग्रेण ॥२४॥

व्योम्नीन्दुं चिक्रमिषेन्मेरुगिरिं पाणिना चिकम्पयिषेत् ।
गत्यानिलं जिगमिषे-च्चरमसमुद्रं पिपासेच्च ॥२५॥

खद्योतकप्रभाभिः सो ऽभिबुभूषेच्च भास्करं मोहात् ।
योऽतिमहाग्रन्थार्थं, जिनवचनं संजिघृक्षेत् ॥२६॥विशेषकम्।

एकमपि तु जिनवचनाद्, यस्मान्निर्वाहकं पदं भवति।
श्रूयन्ते चानन्ताः, सामायिकमात्रपदसिद्धाः ॥२७॥

तस्मात् तत्प्रामाण्यात् समासतो व्यासतश्च जिनवचनम् ।
श्रेय इति निर्विचारं ग्राह्यं धार्यं च वाच्यं च ॥२८॥

न भवति धर्मः श्रोतुः, सर्वस्यैकान्ततो हितश्रवणात् ।
ब्रुवतोऽनुग्रहबुद्ध्या वक्तुस्त्वेकान्ततो भवति ॥२९॥

श्रममविचिन्त्यात्मगतं तस्माच्छ्रेयः सदोपदेष्टव्यम् ।
आत्मानं च परं च (हि), हितोपदेष्टानुगृह्णाति ॥३०॥

नर्ते च मोक्षमार्गाद्, हितोपदेशोऽस्ति जगति कृत्स्नेऽस्मिन्।
तस्मात् परमिदमेवे,-ति मोक्षमार्गं प्रवक्ष्यामि ॥३१॥

卐卐卐